❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ❖

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્‌ગુરુભ્યો નમઃ

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

# લઘુવૃત્તિ વિવરણ

## ભાગ - ૪

(અધ્યાય-૩, પાદ-૧-૨)

તથા

(સમાસના વિસ્તૃત કોષ્ટક)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

**મયૂરકલાશ્રીજી**

❖ પ્રકાશક ❖

શ્રી લાભ-કંચન-લાવણ્ય આરાધના ભુવન,
પાલડી, અમદાવાદ-૭.

❖ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ❖

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્ગુરુભ્યો નમઃ

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

# લઘુવૃત્તિ વિવરણ

ભાગ - ૪

(અધ્યાય-૩, પાદ-૧-૨)

તથા

(સમાસના વિસ્તૃત કોષ્ટક)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી **નીતિસૂરીશ્વરજી** મહારાજ સાહેબના
સમુદાયના પ.પૂ. આચાર્યદેવશ્રી **અરિહંતસિદ્ધસૂરીશ્વરજી**
મહારાજ સાહેબના આજ્ઞાવર્તિની પ.પૂ. સાધ્વી
શ્રી **કંચનશ્રીજી** મ.સા. શિષ્યા વિદૂષી સાધ્વી
શ્રી **લાવણ્યશ્રીજી** મહારાજ સાહેબના શિષ્યા
**મયૂરકળાશ્રીજી**

❖ પ્રકાશક ❖

શ્રી લાભ-કંચન - લાવણ્ય આરાધના ભુવન,
પાલડી, અમદાવાદ-૭.

# ❖ સિદ્ધહેમશબ્દાનુશાસન ❖


આવૃત્તિ - પહેલી    વિ.સં. ૨૦૫૬

નકલ - ૫૦૦    અષાડ-સુદ-૧૪

મૂલ્ય :- ૭૨ રૂપિયા

: પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી લાભકંચન લાવણ્ય
આરાધના ભુવન
૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ,
નવા શારદામંદિર રોડ,
સંજીવની હોસ્પીટલ પાસે,
પાલડી, અમદાવાદ-૭.

૨. પં. ભાવેશકુમાર રવીન્દ્રભાઈ દોશી
સૂરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાનશાળા,
ઝવેરીવાડ, પટણીની ખડકી,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૭૪૩૮૬૨૯

૩. પં. છબીલદાસ કેસરીચંદ સંઘવી
૩૦૫, શત્રુંજય એપાર્ટમેન્ટ
કાજીનું મેદાન, ગોપીપુરા
સુરત-૩૯૫૦૦૧.

: સૌજન્ય :

| રૂ. | ભાગ્યશાળીઓના નામ |
|---|---|
| ૨૯૦૦૦-૦૦ | લાભ-કંચન-લાવણ્ય આરાધના ભવન જ્ઞાન ખાતા તરફથી |
| ૫૦૦૦-૦૦ | શ્રી અશોકભાઈ લાલભાઈ વકીલ |
| ૨૦૦૦-૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી (હ. નિપૂણાબેન) |

: ટાઈપ સેટિંગ :

**શ્વેતા કમ્પ્યુટર**
સાબરમતી, અમદાવાદ.
ફોન : ૭૫૧૭૪૦૩

♦ ॐ અર્હમ્ નમઃ ♦

# પ્રાક્કથન...

ગ્રન્થ, મહાગ્રન્થ, પુસ્તક કે પુસ્તિકાઓ અંગે પ્રસ્તાવના લખવાની પરંપરા ચાલુ છે. અને તે અતિઆવશ્યક છે. કારણ કે દરેક ગ્રન્થનાં કે પુસ્તકનાં સામાન્ય કે વિશેષ રહસ્ય અને તેની રૂપરેખા વગેરે દર્શાવનાર નાનું કે મોટું પ્રાક્કથન હશે જ.

સંસ્કૃત, પ્રાકૃત, માગધી ભાષાનાં વિષયનાં ન્યાય, વ્યાકરણ કે સાહિત્યનાં વિષયનાં ઐતિહાસિક, ભૌગોલિક, વૈજ્ઞાનિક, નૈબંધિક, નૈતિક કે ધાર્મિક કોઈપણ પ્રકારનાં ગ્રન્થને વાંચવાનો પ્રારંભ કરતાં પહેલાં પ્રસ્તાવના-પ્રાક્કથનમાં નજર ફેરવી લેવાથી પુસ્તકનો સાર પ્રાપ્ત થતાં તે પુસ્તક તરફ વાંચવાની આંતરિક શ્રદ્ધા પ્રગટે છે !!!

આ પુસ્તક વ્યાકરણ વિષયક છે. વ્યાકરણ શિષ્ટ ભાષાની શુદ્ધ ભૂમિકા કરી આપે છે. વ્યાકરણ સ્પષ્ટ અને શુદ્ધ થતી ભાષામાં લાલિત્ય અને વિશિષ્ટતા પ્રાપ્ત કરી આપે છે. તેમાં પણ ખાસ કરીને સમાસ પ્રકરણનો વિષય મહત્ત્વનો છે. અને તેનો **પ.પૂ. લાવણ્યશ્રીજી મ.સા.** ના શિષ્યા-પ્રશિષ્યાઓએ અભ્યાસ કર્યો તેમાં **પ.પૂ. મયૂરકળાશ્રીજી** મ.સા.નાં શિષ્યા **પ.પૂ. કૈરવયશાશ્રીજી મ.સા.** અને **પ.પૂ. પ્રશાંતયશાશ્રીજી મ.સા.** એ અભ્યાસકાળે સતત જાગૃતિપૂર્વકની પ્રશંસનીય મહેનત કરી છે. એ મહેનતનાં કારણે તેઓશ્રીને ઘણો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ પ્રાપ્ત થતાં દિન-પ્રતિદિન આ વિષયમાં તેઓશ્રીનો સ્વયં વિકાશ થતો રહ્યો છે.

આ વિષયને લગતાં સિદ્ધહેમલઘુવૃત્તિવિવરણ **ભાગ-૧** જેમાં અધ્યાય ૧ ના ૧ થી ૩ પાદ છે તેમાં વિસ્તૃતરીતે સંજ્ઞા પ્રકરણ, સ્વરસન્ધિ અને વ્યંજનસન્ધિ આપવામાં આવી છે. ત્યાર પછી ભાગ-૨ પણ તેઓશ્રી તરફથી જ પ્રગટ થયો છે તેમાં અધ્યાય-૧ નો પાદ -૪ અને અધ્યાય-૨ નો પાદ-૧ એમ કુલ બે પાદમાં ષડ્લિંગ પ્રકરણનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે. તેમાં કારકપ્રકરણ લઈ લેવું જરુરી હતું. પણ સંજોગવશાત્ લઈ શકાયું ન હતું. અને આ સમાસના પુસ્તકમાં પણ લઈ શકાય તેમ નથી પણ તે અતિ મહત્ત્વનું હોઈ તે કારક પ્રકરણ, **णत्त्व-षत्त्व** પ્રકરણ અને સ્ત્રીલિંગ પ્રકરણનું પુસ્તક ભાગ-૩ પૂજ્યશ્રી વહેલામાં વહેલી તકે બહાર પાડે તે માટે પૂજ્યશ્રીને વિનંતિ કરું છું.

ભાગ-૪ હાલમાં મુદ્રિત થઈ રહ્યો છે. તેમાં સમાસ પ્રકરણ છે. અધ્યાય-૩-૧, ૩-૨ એમ બે પાદનું સારી એવી મહેનત કરી વિસ્તૃતિકરણ કર્યું છે. તથા દરેક સૂત્રોમાં આવતાં સમાસો તથા સમાસાન્ત પ્રકરણમાં આવતાં સમાસોને ૨૪ ખાનામાં અર્થ, વિગ્રહ વગેરે વિસ્તૃત રીતે લીધેલ છે. અને ખૂબ મહેનત પૂર્વક કોષ્ટકરૂપે તૈયાર કરેલ પણ પ્રિન્ટીંગને અનુરૂપ ન થતાં અત્યંત ઉપયોગી ૧૨ ખાનામાં સમાવેશ કરેલ છે. પ.પૂ. સાધ્વીજી મહારાજ સાહેબો આવી મહેનતે તૈયાર કરી પુસ્તકરૂપે બહાર પાડે તે અતિ અનુમોદનીય છે.

હું તો તેમાં અધ્યાપનની દૃષ્ટિએ સાક્ષિરૂપ છું. ખરી તો **પંડિત ભાવેશભાઈ** (પૂજ્યશ્રીના સંસારીભાઈ) ની જ આ પુસ્તક પ્રગટ કરવામાં સારી મહેનતને સ્મૃતિમાં લાવવી જ રહી !!!

આ પૂર્વે ઘણાં મહાપુરૂષોએ સિદ્ધહેમશબ્દાનુશાસનના ભાગો બહાર પાડ્યાં છે. તેમાં આ લઘુવૃત્તિનો વર્તમાનમાં બહાર પડતો ભાગ સમાસ વિષયકનું ઊંડાણથી જ્ઞાન થઈ શકે તેવો પ્રયત્ન પૂજ્યશ્રીઓએ કર્યો છે.

કલિકાલ સર્વજ્ઞ કેવળ વ્યાકરણના વિષયમાં જ ઊંડા ઊતર્યા છે. તેમ નથી પણ સર્વ વિષયોની ખૂબ તલસ્પર્શી ઝીણવટ પૂર્વકની રચના કરી છે. આવા અદ્વિતીય સાહિત્યને જોઈ વિદ્વાનોને મુખમાં આંગળી નાંખવી પડે તેવો તેમનો બુદ્ધિ ચમત્કાર તરી આવે છે. જો એમનું રચેલું બધુ સાહિત્ય મળતું હોત તો આનંદના અતિરેકને આંકનારું દુનિયાભરમાં કોઈ સાધન મળવું મુશ્કેલ બનત.

આમ કેટલીક અતિ આવશ્યક વિગતો આપીને લંબાણ થઈ જવાના ભયથી કેટલીક જરૂરી પણ ગૌણ કરીને વિરમું છું.

ગ્રન્થ પ્રકાશન કરવામાં છદ્મસ્થતાના કારણે અનેક અક્ષમ્ય-ક્ષમ્ય ક્ષતિઓ રહેવાની છતાં સુજ્ઞજનોને તેનું ધ્યાન ખેંચવા ખાસ વિનંતિ કે જેથી પુનર્મુદ્રણ સમયે સુધારી શકાય.

મારા આ પ્રાક્કથનમાં કેટલીક પુનરુક્તિ પણ થઈ હશે. કેટલુંક અસ્ત-વ્યસ્ત પણ લખાઈ ગયું હશે તેને સુજ્ઞજનો સુધારી ઉપયોગમાં લે તેવી ખાસ વિનંતિ !!!

છેલ્લે શાસન અને શાસ્ત્ર વિરુદ્ધ સમજ-અસમજમાં પણ લખાઈ ગયું હોય તે માટે ત્રિવિધે ત્રિવિધે **મિચ્છા મિ દુક્કડમ્** !!!

**લિ.**

**પં. છબીલદાસ કેસરીચંદ સંઘવી.**

શ્રીઅભયસાગરજી જ્ઞાનપીઠ-સૂરત.

♦ ॐ અર્હમ્ નમઃ ♦

# ❊ પ્રસ્તાવના ❊

જેઓશ્રી **'કલિકાલ સર્વજ્ઞ'**ની અનુપમ ઉપમા દ્વારા કલિયુગમાં પ્રસિદ્ધિને પામેલા છે એવા **પ.પૂ. હેમચન્દ્રાચાર્ય મહારાજ**ની આ એક અનુપમ કૃતિ જૈન-જૈનેતરોમાં આજે પણ વિખ્યાતિને પામેલી છે.

**જૈન શાસનને શ્રી હેમચન્દ્રાચાર્યજીએ અનેક ગ્રન્થોની ભેટ અર્પી છે તેમાં "સિદ્ધહેમશબ્દાનુશાસન"** પણ ચમત્કારિક અગ્રગણ્ય ગ્રન્થ છે. એને તો જે ભણે-ગણે તેજ માણી શકે. કહેવાય છે ને !!! *કે જેમ બાખરાની ખીસકોલી ષડ્રસ ભોજનનાં સ્વાદને શું જાણે ?* તેમ આ અદ્વિતીય ગ્રન્થને ફક્ત શબ્દોથી નહીં પણ ભણીને-અનુભવથી માણી શકાય છે.

આ ગ્રન્થની રચના, તેનું એક એક સૂત્ર અને ટીકાઓ વાંચતા ખરેખર આચાર્ય ભગવંતની કૃતિ ઉપર મન ઓવારી જાય છે.

આ ગ્રન્થનો અભ્યાસ વર્તમાનકાળમાં ઘણાં સાધુ-સાધ્વી ભગવંતો તેમજ ગૃહસ્થો કરી રહ્યા છે.

જૈન શાસનનાં પંડિતોમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતાં **પંડિતવર્યશ્રી છબીલદાસભાઈ** આ સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણની માસ્ટરી ધરાવે છે. તેઓશ્રીની પાસે સુરતમાં **પ.પૂ. લાવણ્યશ્રીજી મ.સા.**ના ચાર શિષ્યા-પ્રશિષ્યાઓએ વ્યાકરણનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો. અભ્યાસકાળ દરમ્યાન પંડિતજી આ ગ્રન્થનું કોઈ સરળ વિવેચન બહાર પડે તેવી ઈચ્છા ધરાવતાં અને વારંવાર તેની પ્રેરણા કરતાં હતાં. તે વાત સાધ્વીજી ભગવંતે ઝીલી લીધી.

અત્યંત સરળતાથી બોધ થાય તેવી રીતે ભાગ-૧ અને ભાગ-૨ બહાર પડ્યાં. જે ભણવામાં ઘણાં ઉપયોગી થઈ પડ્યાં છે. અભ્યાસુવર્ગ તરફથી આગળનાં ભાગો બહાર પાડવા માટે વારંવાર માંગણી આવવા લાગી.

કારક પ્રકરણ, **णत्त्व-षत्त्व** પ્રકરણ તથા સ્ત્રીલિંગ પ્રકરણને આવરી લેતાં ત્રીજા ભાગનું લખાણ ચાલુ જ છે. તે પણ થોડા સમયમાં તૈયાર થયે બહાર પડશે. બીજી બાજુ સમાસનું લખાણ ચાલુ કર્યું. તે શીઘ્ર પૂર્ણ થતાં ભાગ-૪ પ્રથમ બહાર પાડવામાં આવ્યો છે.

વાત્સલ્યહૃદયા **પ.પૂ. લાવણ્યશ્રીજી મ.સા.**ની કૃપાદષ્ટિથી અનેક કામમાં વ્યસ્ત હોવા છતાં તેમના શિષ્યા **પ.પૂ. મયૂરકળાશ્રીજી મહારાજ**ની પૂર્ણ દેખરેખ અને ઝીણવટભરી દષ્ટિથી તેમના શિષ્યા **પ.પૂ. પ્રશાંતયશાશ્રીજી મ.સા.** (મારા બેન મ.સા.) સતત પરિશ્રમ લઈને પોતાના સંયમ જીવનની આરાધના કર્યા બાદ બચતો ઘણો ખરો સમય વ્યાકરણના લખાણ માટે ફાળવી શીઘ્રાતિશીઘ્ર સમાસનું લખાણ પૂર્ણ કર્યું છે.

જેમાં અધ્યાય-૩ પાદ-૧ અને ૨ નું સરળતાથી જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રમાણે સૂત્રોનું વિસ્તૃત વિવેચન કર્યું છે. સમાસના કોષ્ટક પણ બહુ સુંદર કર્યા છે. જેમાં લગભગ ૩-૧ માં, ૩-૨ માં અને સમાસાન્ત પ્રકરણમાં આવતા બધા જ સમાસો લઈ લીધા છે. **૧૨૪૪** સમાસો તેમાં આવરી લેવામાં આવ્યા છે. જે અભ્યાંસ કરનારાઓને ખૂબ-ખૂબ ઉપયોગી બનશે, અને જેઓના હાથમાં આ અભિનવ સમાસ પ્રકરણ આવશે તેઓ પણ આનંદિત બનશે આ મારું ચોક્કસ માનવું છે.

**પ.પૂ. કૈરવયશાશ્રીજી** મ.સા. વિહારમાં હોવાથી પાછળથી પ્રુફ રીડીંગ વગેરે કાર્ય ખૂબ ઉત્સાહપૂર્વક કર્યું છે. તેથી તેઓને પણ યાદ કર્યા વગર હું રહી શકતો નથી. હજુ પણ આગળ આવા કાર્યો કરીને તમે બન્ને જગતને ખૂબ ઉપયોગી બનો એજ અભ્યર્થના...

આ પુસ્તકના છાપકામ વગેરે દરેક કાર્યો **શ્રી સુદેશભાઈએ** તેમની કુશળતાથી, તીવ્ર બુદ્ધિપૂર્વક, ખૂબ સુંદરરીતે અને અત્યંત લાગણીથી કરી આપ્યું છે. તે બદલ તેમની પણ ખૂબ ખૂબ અનુમોદના !!!.

**પં. ભાવેશભાઈ રવીન્દ્રભાઈ દોશી.**
શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાનશાળા,
(ધાર્મિક અધ્યાપકશ્રી) અમદાવાદ.

॥ अर्हम् ॥

# तृतीयोध्यायः प्रथमःपादः

## धातोः पूजार्थस्वति-गतार्थाऽधिपर्यतिक्रमार्थाऽतिवर्जः प्रादिरुपसर्गः प्राक् च । ३-१-१.

**અર્થઃ-** ધાતુ સંબંધી અને તેના અર્થને પ્રકાશ કરનારા એવા પૂજાર્થક - सु અને अति, ગતાર્થક अधि અને परि તેમજ અતિક્રમાર્થક अति શબ્દોને (અવ્યયોને) વર્જીને અન્ય प्र વગેરે (प्रादि) અવ્યયોને ઉપસર્ગસંજ્ઞા થાય છે. અને તે ધાતુની પૂર્વે મૂકાય છે. ધાતુથી પરમાં કે વ્યવહિત (વચ્ચે) મૂકાતાં નથી.

**સૂત્ર સમાસઃ-** पूजा अर्थः ययोः तौ - पूजार्थौ (બહુ.)

सुश्च अतिश्च-स्वती (ઈ.દ્વ.) पूजार्थौ च तौ स्वती च - पूजार्थस्वती. (કર્મ.)

गतः अर्थः ययोः तौ - गतार्थौ (બહુ.) अधिश्च परिश्च - अधिपरी (ઈ.દ્વ.) गतार्थौच तौ अधिपरीच - गतार्थाधिपरी. (કર્મ.)

अतिक्रमः अर्थः यस्य सः-अतिक्रमार्थः (બહુ.)

अतिक्रमार्थश्चासौ अतिश्च - अतिक्रमार्थातिः (કર્મ.)

पूजार्थस्वती च गतार्थाधिपरी च अतिक्रमार्थातिश्च-पूजार्थस्वति - गतार्थाधिपर्यतिक्रमार्थातयः (ઈ.દ્વ.) पूजार्थस्वतिगतार्थाधिपर्यतिक्रमार्थातीन् वर्जयति - पूजार्थस्वतिगतार्थाधिपर्यतिक्रमार्थातिवर्जः

प्र आदिः यस्य सः - प्रादिः (બહુ.)

**વિવેચનઃ-** प्रणयति = લઈ જાય છે.

प्र + नी + ति   तिव्तस्... ૩-૩-૬ थी तिव् प्रत्यय.

प्र + नी + अ + ति   कर्त्तर्य... ૩-૪-૭૧ थी शव् प्रत्यय.

प्र + ने + अ + ति   नामिनो... ૪-૩-૧ थी ई नो ગુણ ए.

प्र + नय् + अ + ति-प्रनयति.    एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

प्रणयति  अदुरुप.. ૨-૩-૭૭ થી न् નો ण्.

આ સૂત્રથી प्र ને ઉપસર્ગસંજ્ઞા થવાથી नी ધાતુની પૂર્વે प्र મૂકાયો છે. એ જ પ્રમાણે.   परिणयति = પરણે છે.

**धातोरिति किम्** ? वृक्षं वृक्षमभि सेकः = દરેક વૃક્ષને સિંચવું. અહીં अभि અવ્યય ધાતુના અર્થને પ્રકાશ કરનારો નથી પરંતુ वृक्ष અને सेक (સિંચન) ક્રિયાનો સાધ્ય-સાધનભાવરુપ સંબંધ જણાવે છે. તેથી अभि અવ્યયની આ સૂત્રથી ઉપસર્ગસંજ્ઞા ન થવાથી ધાતુની પૂર્વે મૂકાય તેમ ન હોવાથી પરમાં મૂકાયો છે. અને ઉપસર્ગસંજ્ઞા ન થઈ તેથી स्था-सेनि... ૨-૩-૪૦ થી सेक નામના स् નો ष् આદેશ ન થયો.

**पूजार्थस्वत्यादिवर्जनं किम्** ? सुसिक्तम्, अतिसिक्तम् भवता = આપે સારી રીતે સિંચન કર્યું. અહીં सु અને अति અવ્યય પૂજાર્થક છે તેથી આ સૂત્રથી ઉપસર્ગ સંજ્ઞા ન થવાથી स्था-सेनि... ૨-૩-૪૦ થી सिक्त ના स् નો ष् ન થયો.

- अध्यागच्छति, आगच्छत्यधि = ઉપર આવે છે.

  पर्यागच्छति, आगच्छतिपरि = બધી બાજુએથી આવે છે.

  અહીં अधि અને परि અવ્યય ગતાર્થક છે. તેથી આ સૂત્રથી ઉપસર્ગસંજ્ઞા ન થઈ. જો ઉપસર્ગસંજ્ઞા થઈ હોત તો अधि કે परि ધાતુની પૂર્વે જ મૂકાત. પણ ઉપસર્ગસંજ્ઞા નથી થઈ તેથી પૂર્વે કે પરમાં ગમે ત્યાં મૂકાય છે.

- अतिसिक्त्वा = ક્રમ વિરુદ્ધ સિંચન કરીને. અહીં अति અવ્યય અતિક્રમ (ઉલ્લંઘન) અર્થમાં છે. તેથી આ સૂત્રથી ઉપસર્ગસંજ્ઞા ન થવાથી स्था-सेनि... ૨-૩-૪૦ થી सिक्त्वा ના स् નો ष् ન થયો. ઉપસર્ગસંજ્ઞા ન થઈ તેથી ગતિસંજ્ઞા ન થઈ. ગતિસંજ્ઞા ન થઈ તેથી गति... ૩-૧-૪૨ થી સમાસ ન થયો. સમાસ ન થયો તેથી अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् આદેશ ન થયો.

પહેલાં અધ્યાયના પહેલાં પાદમાં સંજ્ઞાપ્રકરણ લીધું છે. તે સંજ્ઞા સાતેય

અધ્યાયોમાં લેવાય છે. અને બીજી સંજ્ઞાઓ તો જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં સંજ્ઞાના સૂત્રો બતાવ્યા છે.

ગતાર્થકમાં गत એટલે ગએલું એવો અર્થ નહિં. પણ ધાતુનો જે અર્થ હોય તેજ અર્થમાં ઉપસર્ગનો અર્થ સમાઈ જતો હોય તે. એટલે કે ઉપસર્ગ આવીને ધાતુને જુદા અર્થમાં ન લઈ જતાં ધાતુનો અર્થ જે હોય તેજ ઉપસર્ગવાળા ધાતુનો પણ અર્થ રહે તેને गत કહેવાય છે.

धातोः અને प्राक् च ની અનુવૃત્તિ જ્યાં સુધી ગતિસંજ્ઞક સૂત્રો છે ત્યાં સુધી ચાલશે. એટલે કે ૩-૧-૧૭ સૂત્ર સુધી અનુવૃત્તિ ચાલશે.

## ऊर्याद्यनुकरण-च्वि-डाचश्च गतिः । ३-१-२.

**અર્થ:-** ધાતુ સંબંધી અને તેના અર્થને પ્રકાશ કરનારા ऊर्यादि ગણપાઠમાંના ऊरी વગેરે નામોને, અનુકરણાર્થક નામોને, च्वि પ્રત્યયાન્ત નામોને डाच् પ્રત્યયાન્ત નામોને તેમજ ઉપસર્ગસંજ્ઞક નામોને ગતિસંજ્ઞા થાય છે. અને તે ગતિસંજ્ઞક નામો ધાતુની પૂર્વે મૂકાય છે.

**સૂત્ર સમાસ:-** ऊरी आदिः येषां ते - ऊर्यादयः (બહુ.)

ऊर्यादयश्च अनुकरणम् च च्विश्च डाच् च - ऊर्याद्यनुकरणच्विडाचः (ઇ. દ્વ.)

**વિવેચન:-** ऊर्यादिः-ऊरीकृत्य, उररीकृत्य = સ્વીકાર કરીને.

| | |
|---|---|
| ऊरी + कृत्वा, उररी + कृत्वा | આ સૂત્રથી ऊरी-उररी ગતિસંજ્ઞક. |
| ऊरी + कृत्वा, उररी + कृत्वा | गतिः ૧-૧-૩૬ થી અવ્યયસંજ્ઞા. |
| ऊरीकृत्वा, उररीकृत्वा | गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ. |
| ऊरीकृय, उररीकृय | अनञः.. ૩-૨-૧૫૪ થી त्वा નો यप्. |
| ऊरीकृत्य, उररीकृत्य | ह्रस्वस्य.. ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् નો આગમ. |

- अनुकरणम् - खाट्कृत्य = ખાટ્ એવો શબ્દ (અવાજ) કરીને.

| | |
|---|---|
| खाट्कृत्वा | આ સૂત્રથી खाट् ગતિસંજ્ઞક. |
| खाट्कृत्वा | गतिः ૧-૧-૩૬ આ સૂત્રથી અવ્યયસંજ્ઞા. |

खाट्कृत्वा गतिक्व... ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ.

खाट्कृय अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

खाट्कृत्य ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् નો આગમ.

- च्वि પ્રત્યયાન્ત - शुक्लीकृत्य = અશુક્લને શુક્લ કરીને.

अशुक्लं शुक्लं कृत्वा कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય.

शुक्लकृत्वा આ સૂત્રથી शुक्ल ગતિસંજ્ઞક.

शुक्लकृत्वा गतिः ૧-૧-૩૬ થી અવ્યયસંજ્ઞા.

शुक्लकृत्वा गतिक्व... ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ.

शुक्लकृय अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

शुक्लीकृय ईश्च्वा... ૪-૩-૧૧૧ થી अ નો ई.

शुक्लीकृत्य ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् નો આગમ.

- डाजन्तः - पटपटाकृत्य = પટપટ એવો અવાજ કરીને.

पटत् पटत् + डाच् + कृत्वा अव्यक्ता... ૭-૨-૧૪૫ થી डाच्.

पटपटत् + आ + कृत्वा डाच्यादौ... ૭-૨-૧૪૯ થી पटत् ના त् નો લોપ.

पटपटाकृत्वा डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી અંત્ય अत् નો લોપ.

पटपटाकृत्वा આ સૂત્રથી पटपटा નામને ગતિસંજ્ઞા.

ગતિસંજ્ઞા થયા પછી ઉપર પ્રમાણે કાર્ય થશે.

- उपसर्गः - प्रकृत्य = કરીને.

प्र + कृत्वा धातोः... ૩-૧-૧ થી ઉપસર્ગસંજ્ઞા.

प्र + कृत्वा આ સૂત્રથી प्र ને ઉપસર્ગસંજ્ઞા થવાથી ગતિસંજ્ઞા.

ગતિસંજ્ઞા થયા પછી ઉપર પ્રમાણે કાર્ય થશે.

## कारिका स्थित्यादौ । ३-१-३.

અર્થ:- સ્થિતિ વગેરે (સ્થિતિ-મર્યાદા અથવા વૃત્તિ (જીવિકા)) અર્થમાં कारिका નામને ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- स्थितिः आदिः यस्य सः - स्थित्यादिः, तस्मिन् (બહુ.)

**વિવેચન**:- कारिकाकृत्य = મર્યાદા અથવા જીવિકા બનાવીને.

| | |
|---|---|
| कारिकाकृत्वा | આ સૂત્રથી कारिका ગતિસંજ્ઞક |
| कारिकाकृत्वा | गतिः ૧-૧-૩૬ થી અવ્યયસંજ્ઞા. |
| कारिकाकृत्वा | गतिक्व... ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ. |
| कारिकाकृय | अनञः... ૩-૨-૧૫૪ त्वा નો यप्. |
| कारिकाकृत्य | ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् નો આગમ. |

## भूषा-ऽऽदर-क्षेपेऽलंसद-ऽसत् । ३-१-४.

**અર્થ**:- ભૂષા અર્થમાં अलं શબ્દને, આદર અર્થમાં सत् શબ્દને અને નિન્દા અર્થમાં असत् શબ્દને ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- भूषा च आदरश्च क्षेपश्च एतेषां समाहारः - भूषादरक्षेपम्, तस्मिन् (સમા. દ્વ.)

अलं च सत् च असत् च एतेषां समाहारः- अलंसदसत् (સમા. દ્વ.)

**વિવેચન**:- अलंकृत्य = ભૂષિત કરીને. આ સૂત્રથી ભૂષા અર્થમાં अलं શબ્દને ગતિસંજ્ઞા થઈ. कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

- सत्कृत्य = સત્કાર, આદર કરીને. આ સૂત્રથી આદર અર્થમાં सत् શબ્દને ગતિસંજ્ઞા થઈ. कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.
- असत्कृत्य = નિન્દિત બનાવીને. આ સૂત્રથી નિન્દાના અર્થમાં असत् શબ્દને ગતિસંજ્ઞા થઈ. कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

**भूषादिष्विति किम्** ? अलं कृत्वा = કરવું વ્યર્થ છે, કરવાથી સર્યું. અહીં अलं શબ્દ ભૂષાર્થક નથી. તેથી આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થઈ. ગતિસંજ્ઞા ન થવાથી અવ્યયસંજ્ઞા, कृत्वा નું कृत्य વગેરે કાર્ય ન થયું.

## अग्रहा-ऽनुपदेशेऽन्तरदः । ३-१-५.

**અર્થ**:- અગ્રહાર્થક अन्तर् શબ્દને અને અનુપદેશાર્થક अदस् શબ્દને ગતિસંજ્ઞા

થાય છે.

અગ્રહ = અસ્વીકાર.

અનુપદેશ = પોતે જ પદાર્થનો વિચાર કરવો. અથવા

વિશેષ વ્યાખ્યાનથી ભિન્ન સામાન્ય વ્યાખ્યાન.

**સૂત્ર સમાસ**:- न ग्रहः-अग्रहः (નઞ્. તત્પુ.) न उपदेशः-अनुपदेशः (નઞ્. તત્પુ.) अग्रहश्च अनुपदेशश्च एतयोः समाहारः- अग्रहानुपदेशम्, तस्मिन् (સમા. દ્વ.) अन्तश्च अदश्च एतयोः-समाहारः-अन्तरदः (સમા. દ્વ.)

**વિવેચન**:- अन्तर्हत्य = વચ્ચે મારીને. અહીં અસ્વીકાર અર્થમાં अन्तर् શબ્દને આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ. हत्वा નું हत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

- अदःकृत्य = પેલું કામ કરીને. (આ કામ કરીશ. એવો પોતે વિચાર કરે છે.) અહીં બીજાને કામ કરવાનું કહેવું એવો ઉપદેશ અર્થ જણાતો નથી તેથી અનુપદેશક અર્થમાં अदस् શબ્દને આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ. कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

**પ્રશ્ન**:- अग्रह અને अनुपदेश એમ બે વખત નિષેધ શા માટે કર્યો ?

**જવાબ**:- "अग्रहोपदेशे अन्तरदः" આટલું સૂત્ર બનાવ્યું હોત અને બે વખત નિષેધ ન કર્યો હોત તો "ગ્રહણના ઉપદેશને વર્જીને" આવો અર્થ પણ કોઈ કરે. તેથી નિષેધ બે વખત જુદો જુદો ગ્રહણ કર્યો છે.

## कणे-मनस् तृप्तौ । ३-१-६.

**અર્થ**:- कणे અને मनस् એ બે અવ્યયો તૃપ્તિ અર્થ ગમ્યમાન હોય તો ગતિસંજ્ઞક થાય છે.

**સૂત્ર સમાસ**:- कणे च मनस् च एतयोः समाहारः- कणेमनस् (સમા. દ્વ.)

**વિવેચન**:- कणेहत्य, मनोहत्य पयः पिबति = તૃપ્તિ થાય ત્યાં સુધી દૂધ પીએ છે. અહીં कणे અને मनस् એ બે અવ્યયો તૃપ્તિ અર્થમાં વર્તતાં હોવાથી આ સૂત્રથી ગતિસંજ્ઞક થયા. हत्वा નું हत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् થશે. અહીં कणहत्य થવું જોઈએ પણ સૂત્રમાં જ कणे

લીધું છે. તેથી સૂત્રસામર્થ્યથી જ कणेहत्य થયું છે.

• कणे શબ્દમાં મૂળ कण શબ્દ છે. પણ જ્યારે તૃપ્તિ અર્થમાં આવે ત્યારે એકાર સહિત પ્રયોગ થાય છે. માટે कणे શબ્દ થયો છે.

**तृप्ताविति किम्?** **तण्डुलावयवे कणेहत्वा** = ચોખાના કણને કૂટીને. અહીં તૃપ્તિ અર્થ ગમ્યમાન નથી. તેથી कणे સ.એ.વ. હોવાથી તેને આ સૂત્રથી ગતિસંજ્ઞા થતી નથી. જેથી हत्वा નું हत्य વગેરે કાર્ય પણ થતું નથી.

## पुरोऽस्तमव्ययम् । ३-१-७.

**અર્થઃ-** पुरस् અને अस्तम् એ બંને અવ્યયો ગતિસંજ્ઞક થાય છે.

**સૂત્ર સમાસઃ-** पुरस् च अस्तम् च एतयोः समाहारः-पुरोस्तम् (સમા. દ્વ.)

**વિવેચનઃ-** पुरस्कृत्य = આગળ કરીને.

| | |
|---|---|
| पुरस् + कृत्वा | આ સૂત્રથી पुरस् અવ્યય ગતિસંજ્ઞક. |
| पुरस् + कृत्वा | गतिः ૧-૧-૩૬ થી અવ્યયસંજ્ઞા. |
| पुरस्कृत्वा | गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુ. સમાસ. |
| पुरस्कृय | अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्. |
| पुरस्कृत्य | हृस्वस्य.. ૪-૪-૧૧૩ થી कृ ને અંતે त् નો આગમ. |
| पुरर्कृत्य | सोरुः ૨-૧-૭૨ થી स् નો र्. |
| पुरस्कृत्य | नमस् पुरसो... ૨-૩-૧ થી र् નો स्. |

• अस्तङ्गत्य = અસ્ત થઈને.

गत्वा નું गत्य વગેરે કાર્ય ઉપરના पुरस्कृत्यवत् થશે. પછી अस्तम् ના म् નો तौ मु-मौ...૧-૩-૧૪ થી ङ् થવાથી अस्तङ्गत्य થયું છે.

**अव्ययमिति किम्?** पुरः कृत्वा = નગરીઓને કરીને. અહીં पुरस् શબ્દ અવ્યય નથી. પણ નગરી અર્થમાં છે. તેથી पुरस् નામને આ સૂત્રથી ગતિસંજ્ઞા થતી નથી. ગતિસંજ્ઞા ન થવાથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય પણ થતું નથી. અહીં पुरः તે पुरस् નું દ્વિ.બ.વ.નું રૂપ છે.

## गत्यर्थ-वदोऽच्छः । ३-१-८.

**અર્થ**:- ગત્યર્થક ધાતુ સંબંધી તેમજ वद् ધાતુ સંબંધી अच्छ અવ્યયને ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- गतिः अर्थः येषां ते - गत्यर्थाः (બહુ.) गत्यर्थाश्च वद् च एतयोः समाहारः- गत्यर्थवद्, तस्य (સમા. દ્વ.)

**વિવેચન**:- अच्छगत्य = દઢતા સાથે ચાલીને. અહીં अच्छ અવ્યય આ સૂત્રથી ગતિસંજ્ઞક થયો તેથી गत्वा નું गत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

- अच्छोद्य = સારા શબ્દો બોલીને.

| | |
|---|---|
| अच्छ+वद्+त्वा | त्वा પર છતાં यजादि... ४-१-७९ वद् નો उद्. |
| अच्छ+उद्+त्वा | આ સૂત્રથી वद् ના યોગમાં अच्छ અવ્યય ગતિસંજ્ઞક. |
| अच्छ+उद्+त्वा | गतिः १-१-३६ આ સૂત્રથી અવ્યયસંજ્ઞા. |
| अच्छोद्+त्वा | अवर्ण... १-२-६ थी अ+उ = ओ. |
| अच्छोत्त्वा | गतिक्व... ३-१-४२ થી તત્પુ. સમાસ. |
| अच्छोद्य | अनञः... ३-२-१५४ થી त्वा નો यप्. |

## तिरोऽन्तर्द्धौ । ३-१-९.

**અર્થ**:- અન્તર્દ્ધિ (છુપાવવું) એ અર્થમાં तिरस् અવ્યયને ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- अन्तर्द्धानम् इति अन्तर्द्धिः, तस्मिन्.

**વિવેચન**:- तिरोभूय = છૂપાઈને. અહીં तिरस् અવ્યયને આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ. તેથી भूत्वा નું भूय વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું. તેમજ सोरुः...२-१-७२થી तिरस् ના स् નો र् થયો. ઘોષવાન એવો भ् પરમાં આવતાં घोषवति १-३-२१ થી र् નો उ થયો. અને अवर्ण...१-२-६ થી अ+उ = ओ થવાથી तिरोभूय થયું છે.

## कृगो नवा । ३-१-१०.

**અર્થ**:- અન્તર્દ્ધિ (છુપાઈ જવું) એ અર્થમાં कृग् ધાતુ સંબંધી तिरस् અવ્યયને

વિકલ્પે ગતિસંજ્ઞા થાય છે.

**વિવેચનઃ**- तिरस्कृत्य, तिरःकृत्य = છૂપાવીને.

અહીં कृ ધાતુના યોગમાં तिरस् ને વિકલ્પે ગતિસંજ્ઞા આ સૂત્રથી થાય છે. જ્યારે ગતિસંજ્ઞા થાય ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् થશે. પરંતુ सोरुः થી થયેલા र् નો कख - पफ પર છતાં **तिरसो वा ૨-૩-૨** થી स् વિકલ્પે થાય છે. તેથી स् થાય ત્યારે **तिरस्कृत्य અને स् ન થાય र् જ રહે** ત્યારે તે र् નો ः पदान्ते... ૧-**૩-૫૩થી વિસર્ગ થવાથી तिरःकृत्य થયું**. બે વિકલ્પે ત્રણ રૂપ થાય છે. તેથી જ્યારે ગતિસંજ્ઞા ન થાય ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય ન થવાથી तिरःकृत्वा થશે.

## मध्ये-पदे-निवचने-मनस्युरस्यनत्याधाने । ३-१-११.

**અર્થઃ**- અનત્યાધાન (સંયોગ ન કરવો.) એવા અર્થમાં मध्ये, पदे, निवचने, मनसि અને उरसि આ અવ્યયોને कृ ધાતુના યોગમાં વિકલ્પે ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસઃ**- मध्ये च पदेच निवचने च मनसिच उरसिच एतेषां समाहारः- मध्येपदेनिवचनेमनस्युरसि (સમા.દ્વ.)

न अत्याधानं-अनत्याधानं, तस्मिन्. (નઞ્ તત્પુ.)

આ સપ્તમી એકવચનાન્તસદૃશ અવ્યયો છે. **સૂત્ર સામર્થ્યથી** જ વિભક્તિનો લોપ થતો નથી.

**વિવેચનઃ**- मध्येकृत्य, मध्येकृत्वा = (વાણીને)મધ્યમાં કરીને.

અહીં मध्ये શબ્દ कृ ધાતુનાં યોગમાં આ સૂત્રથી વિકલ્પે ગતિસંજ્ઞક થયો. જ્યારે ગતિસંજ્ઞક થાય ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું. જ્યારે ગતિસંજ્ઞક ન થાય ત્યારે कृत्वा જ રહેશે. બધા ઉદાહરણમાં આજ રીતે જાણવું.

- पदेकृत्य, पदेकृत्वा = (વાણીને) પદમાં કરીને.
- निवचनेकृत्य, निवचनेकृत्वा = (વાણીને) સંયમમાં કરીને.

- मनसिकृत्य, मनसिकृत्वा = (निश्चे) મનમાં કરીને.
- उरसिकृत्य, उरसिकृत्वा = (निश्चे) હૃદયમાં કરીને.

मध्ये, पदे અને निवचने વાણી અર્થમાં વપરાય છે. અને मनसि, उरसि નિશ્ચય અર્થમાં વપરાય છે.

## उपाजेऽन्वाजे । ३-१-१२.

**અર્થ**:- દુર્બલ અથવા ભાંગેલાને બલાધાન કરવું એ અર્થમાં उपाजे અને अन्वाजे અવ્યયને कृ ધાતુના યોગમાં વિકલ્પે ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- उपाजे च अन्वाजे च एतयोः समाहारः-उपाजेऽन्वाजे (સમા.દ્વ.)

અહીં उपाजे, अन्वाजे માં સપ્તમી વિભક્તિ છે તે સૂત્ર સામર્થ્યથી જ છે.

**વિવેચન**:- उपाजेकृत्य-उपाजेकृत्वा, अन्वाजेकृत्य-अन्वाजेकृत्वा = દુર્બલને શક્તિમાન બનાવીને અથવા તૂટેલી વસ્તુને સાંધીને.

અહીં उपाजे અને अन्वाजे બંને અવ્યયો कृ ધાતુનાં યોગમાં આ સૂત્રથી વિકલ્પે ગતિસંજ્ઞક થયા. જ્યારે ગતિસંજ્ઞક થશે ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् થશે. અને ગતિસંજ્ઞક નહી થાય ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય નહી થાય.

## स्वाम्येऽधिः । ३-१-१३.

**અર્થ**:- સ્વામિપણું અર્થ ગમ્યમાન હોય તો अधि અવ્યયને कृ ધાતુનાં યોગમાં વિકલ્પે ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ**:- स्वामिनः भावः- स्वाम्यं, तस्मिन्.

**વિવેચન**:- चैत्रं ग्रामे अधिकृत्य, अधिकृत्वा वा गतः = ચૈત્રને ગામમાં સ્વામિ કરીને (મૈત્ર) ગયો. અહીં कृ ધાતુના યોગમાં अधि અવ્યયને આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ. તેથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् થશે. જ્યારે ગતિસંજ્ઞા નહી થાય ત્યારે कृत्वा જ રહેશે.

**स्वाम्य इति किम्** ? ग्रामं अधिकृत्य-= ગામને ઉદ્દેશીને.

અહીં સ્વામિત્વ અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થતા

ऊर्याद्यनु...૩-૧-૨ થી ગતિસંજ્ઞા થવાથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

## साक्षादादिश्च्व्यर्थे । ३-१-१४.

**અર્થ:-** च्वि પ્રત્યયના અર્થમાં વર્તતાં साक्षादादि ગણપાઠનાં साक्षाद् વગેરે નામોને कृ ધાતુનાં યોગમાં વિકલ્પે ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ:-** साक्षात् आदिः यस्य सः-साक्षादादि (બહુ.)

**च्वेः अर्थः - च्व्यर्थः, तस्मिन्.** (ષ.ત.)

**વિવેચન:-** साक्षात्कृत्य, साक्षात्कृत्वा - असाक्षाद्भूतं साक्षाद्भूतं कृत्वा = અસાક્ષાતને સાક્ષાત કરીને. मिथ्याकृत्य, मिथ्याकृत्वा - अमिथ्याभूतं मिथ्याभूतं कृत्वा = અમિથ્યાને મિથ્યા બનાવીને.

અહીં બંને ઉદાહરણમાં साक्षात् અને मिथ्या શબ્દોને कृ ધાતુનાં યોગમાં આ સૂત્રથી ગતિસંજ્ઞા વિકલ્પે થાય છે. જ્યારે ગતિસંજ્ઞા થાય ત્યારે कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् થશે. જ્યારે ગતિસંજ્ઞા ન થાય ત્યારે कृत्वा જ રહેશે.

## नित्यं हस्ते-पाणावुद्वाहे । ३-१-१५.

**અર્થ:-** ઉદ્વાહ (પરણવું) અર્થ ગમ્યમાન હોય તો कृ ધાતુનાં યોગમાં हस्ते અને पाणौ એ બન્ને અવ્યયો નિત્ય ગતિસંજ્ઞક થાય છે.

**સૂત્ર સમાસ:-** हस्ते च पाणौ च - हस्तेपाणौ (ઈ.દ્વ.)

સૂત્ર સામર્થ્યથી સપ્તમી વિભક્તિનો લોપ થયો નથી.

**વિવેચન:-** हस्तेकृत्य, पाणौकृत्य = વિવાહ કરીને.

અહી हस्ते અને पाणौ એ બંને અવ્યયો कृ ધાતુનાં યોગમાં આ સૂત્રથી ગતિસંજ્ઞક થયા. તેથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

**उद्वाह इति किम्?** हस्ते कृत्वा काण्डं गतः = હાથમાં બાણ લઈને ગયો. અહીં ઉદ્વાહ અર્થ ગમ્યમાન નથી. તેથી हस्ते શબ્દ આ સૂત્રથી ગતિસંજ્ઞક થયો નથી.

સૂત્રમાં नित्यं શબ્દ લખ્યો તેથી નવા ની નિવૃત્તિ થઈ.

## प्राध्वं बन्धे । ३-१-१६.

**અર્થ:-** બન્ધન અર્થમાં વર્તતાં प्राध्वं અવ્યયને कृ ધાતુનાં યોગમાં ગતિસંજ્ઞા થાય છે.

**વિવેચન:-** प्राध्वंकृत्य = બાંધીને. (દુષ્ટ અશ્વાદિને બંધનવડે અનુકૂળ કરીને.)

અહી બંધન અર્થમાં प्राध्वं અવ્યયને આ સૂત્રથી ગતિસંજ્ઞા થઈ. તેથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

प्राध्वं માં અનુસ્વારનો સૂત્ર સામર્થ્યથી લોપ થતો નથી. અથવા प्राध्वं म्‌કારાન્ત અવ્યય છે.

**बन्ध इति किम्** ? प्राध्वं कृत्वा शकटं गतः = ગાડાને રસ્તા પર કરીને ગયો. અહીં प्राध्वं અવ્યય બન્ધન અર્થમાં નથી. તેથી આ સૂત્રથી ગતિસંજ્ઞા ન થવાથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ન થયું.

## जीविकोपनिषदौपम्ये । ३-१-१७.

**અર્થ:-** औपम्य- ઉપમાન અર્થ ગમ્યમાન હોય તો जीविका અને उपनिषद् શબ્દને कृ ધાતુનાં યોગમાં ગતિસંજ્ઞા થાય છે.

**સૂત્ર સમાસ:-** जीविका च उपनिषद् च एतयोः समाहारः-जीविकोपनिषद्. (સમા.દ્વ.) उपमा एव-औपम्यं, तस्मिन्.

**વિવેચન:-** जीविकाकृत्य = જીવિકા જેવું કરીને.

उपनिषत्कृत्य = ઉપનિષદ્ જેવું કરીને.

અહી ઔપમ્ય અર્થમાં जीविका અને उपनिषद् શબ્દને આ સૂત્રથી कृ ધાતુનાં યોગમાં ગતિસંજ્ઞા થાય છે. તેથી कृत्वा નું कृत्य વગેરે કાર્ય ऊरीकृत्यवत् જાણવું.

## नाम नाम्नैकार्थ्ये समासो बहुलम् । ३-१-१८.

**અર્થ:-** ऐकार्थ्ये - સામર્થ્યવિશેષ - બંને પદો એક અર્થમાં સમાઈ જાય, બંને પદો ભેગા મળીને એક અર્થને કહેનાર બની જાય. એવું સામર્થ્ય

આવી જાય તે. એવું ઐકાર્થ્ય હોતે છતે નામનો નામની સાથે બહુલતાએ સમાસ થાય છે.

આ સૂત્ર લક્ષણસૂત્ર અને અધિકારસૂત્ર છે. તેથી જ્યાં બીજા સૂત્રોથી બહુવ્રીહિ વગેરે સમાસની પ્રાપ્તિ ન હોય ત્યાં આ સૂત્રથી ઐકાર્થ્યમાં સમાસ થાય છે.

**સૂત્ર સમાસઃ**- एकः अर्थः यस्य सः-एकार्थः (બહુ.)

एकार्थस्य भावः-ऐकार्थ्यम् ,तस्मिन्.

समस्यते इति समासः

**વિવેચનઃ**- विस्पष्टं पटुः - विस्पष्टपटुः = સારી પટુતાવાળો.

અહીં पटु શબ્દ ગુણવાચક છે. ગુણ ગુણિમાં રહે. ગુણ ગુણિનો અભેદ હોય. ગુણ વિશેષણનો ગુણવાચી શબ્દની સાથે સમાસ થાય. પરંતુ विस्पष्ट એ પટુત્વનું વિશેષણ હોવાથી મુખ્ય સમાનાધિકરણ ન હોવાથી કર્મધારય કે તત્પુરૂષ સમાસની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો છે.

- दारुणं अध्यायकः-दारुणाध्यायकः = ઉગ્ર ધ્યાન કરનાર.

અહીં अध्यायक શબ્દ ધ્યાન કરનારને બતાવનાર છે. અને दारुण પદ ક્રિયાર્થક છે. તેથી સમાનાધિકરણ ન હોવાથી કોઈ પણ સમાસની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો છે.

- सर्वः चर्मणा कृतः-सर्वचर्मीणः (रथः) = સંપૂર્ણ ચામડામાંથી બનાવેલો રથ.

આ તદ્ધિતના પ્રયોગમાં सर्व અને चर्मन् નામનો વિશેષણ વિશેષ્યભાવ ન હોવાથી અન્ય કોઈપણ સમાસની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો છે. सार्वचर्मीणः પણ પ્રયોગ અવચૂરીમાં છે.

| | |
|---|---|
| सर्वचर्मन्+ईन | सर्वचर्मण... ૬-૩-૧૯૫ થી ईन પ્રત્યય. |
| सर्वचर्म्+ईन - सर्वचर्मीन | नोऽपदस्य.... ૭-૪-૬૧ થી अन् નો લોપ. |
| सर्वचर्मीन+सि | स्यौजसमौ... ૧-૧-૧૮થી सि પ્રત્યય. |

सर्वचर्मीनर्          सोरुः २-१-७२ થી स् નો र्.

सर्वचर्मीनः          रः पदान्ते... १-३-५३ થી र् નો વિસર્ગ.

सर्वचर्मीणः          र-षृवर्णा... २-३-६३ થી न् નો ण्.

- कन्ये इव - कन्येइव = કન્યાઓની જેમ.
- पूर्वं श्रुतः - श्रुतपूर्वः = પહેલાં સાંભળેલું.

આ વિગ્રહોમાં પણ કોઈપણ સમાસની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો છે. **कन्येइव** સમાસને અલુપ્ સમાસ કહેવાય છે.

**नामेति किम्** ? चरन्ति गावः धनमस्य = ચરનારી ગાયો ધન છે જેનું. અહીં પૂર્વપદ નામ નથી પણ ક્રિયાપદ છે. તેથી **चरन्ति** અને **गो** શબ્દનો સમાસ થયો નથી.

**नाम्नेति किम्** ? चैत्रः पचति = ચૈત્ર રાંધે છે. અહીં પૂર્વપદ નામ છે. પણ ઉત્તરપદ એ નામ નથી, ક્રિયાપદ છે તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

ઐકાર્થ્ય જણાતો હોય તો જ સમાસ થાય.

દા.ત. राज्ञः पुरुषः - राजपुरुषः = રાજાનો પુરુષ.

ऋद्धश्चासौ राजपुरुषः - ऋद्धराजपुरुषः = સમૃદ્ધરાજપુરૂષ.

આવી રીતે સમાસ થઈ શકે પરંતુ ત્રણે પદનો સાથે સમાસ કરવો હોય તો ન થાય. કારણ કે **ऋद्ध** શબ્દનો સંબંધ રાજપુરૂષ સાથે છે. જો ત્રણે પદનો સાથે સમાસ કરો તો ઐકાર્થ્યપણું જણાતું નથી તેથી ऋद्धश्च राज्ञश्च पुरुषश्च ऋद्धराजपुरुषः આવી રીતે સમાસ ન થાય.

સૂત્રમાં **बहुलम्** લખ્યું છે તેથી ऐकार्थ्य જણાતો હોય તો અન્ય સૂત્રોથી બહુવ્રીહિ વગેરે સમાસ ન થાય ત્યારે આ સૂત્રથી સમાસ થાય. પણ **बहुलम्** હોવાથી ક્યારેક ऐकार्थ्य ન જણાતો હોય તો પણ સમાસ થાય છે.

**बहुलम्** હોવાથી ક્યારેક અનામ નામની સાથે પણ સમાસ પામે છે. દા.ત. भात्यर्कम् અહીં भाति એ નામ નથી, ક્રિયાપદ છે. અને अर्क એ નામ છે.

ક્યારેક નામ અનામની સાથે સમાસ પામે છે. દા.ત. अनुव्यचलत्.
અહીં अनु નામ છે પણ व्यचलत् નામ નથી, ક્રિયાપદ છે.

સમાસના મુખ્ય ચાર પ્રકાર છે.

**(૧) દ્વન્દ્વ, (૨) અવ્યયીભાવ, (૩) તત્પુરૂષ અને (૪) બહુવ્રીહિ.**

તેના છ ભેદ પણ થઈ શકે પરંતુ તે તત્પુરૂષ સમાસની અંતર્ગત છે. તત્પુરૂષનો ભેદ કર્મધારય છે. અને કર્મધારયનો ભેદ દ્વિગુ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આવા ભેદ શા માટે ? તો એનું પણ કારણ છે કે તત્પુરૂષ સમાસને લગતાં જે જે સૂત્રો હોય તે તત્પુરૂષ સમાસને તો લાગે. સાથે સાથે કર્મધારય અને દ્વિગુ સમાસને પણ લાગી શકે. કર્મધારયને લગતાં સૂત્રો દ્વિગુને લાગી શકે પણ તત્પુરૂષને ન લાગી શકે. જ્યારે દ્વિગુને લગતાં સૂત્રો દ્વિગુ સિવાય કોઈને પણ ન લાગે. તેથી કર્મધારય સમાસ અને દ્વિગુસમાસ તત્પુરૂષ સમાસની અંતર્ગત ગણાશે.

સમાસના ભેદોને યાદ રાખવા માટે એક શ્લોક છે.

**"द्वन्द्वश्चाहम् द्विगुश्चाहम्, मद्गेहे नित्यमव्ययीभावः ।**

**तत्पुरुष कर्मधारय, येनाऽहम् स्याम् बहुव्रीहिः ॥"**

મારે ત્યાં હંમેશા (द्वन्द्व) લડાઈ થાય છે. મારે ત્યાં (द्विगु) બે ગાયો છે. મારા ઘરમાં હંમેશા (अव्ययी) વ્યય-ખર્ચ થતો નથી. (तत्पुरुष) તો હે પુરૂષ ! (कर्मधारय) કર્મને ધારણ કર. જે કારણથી હું (बहुव्रीहिः) ઘણાં ધાન્યવાળો થાઉં.

(૧) પૂર્વપદ પ્રધાન જે સમાસમાં હોય તે અવ્યયીભાવ સમાસ.

દા.ત. उपकुम्भम्, प्रतिदिनम्.

(૨) ઉત્તરપદ પ્રધાન જે સમાસમાં હોય તે તત્પુરૂષ સમાસ.

દા.ત. राज्ञः पुरुषः - राजपुरुषः.

(૩) ઉભયપદ પ્રધાન જે સમાસમાં હોય તે દ્વન્દ્વ સમાસ.

દા.ત. मैत्रश्च चैत्रश्च - मैत्रचैत्रौ.

(૪) અન્યપદ પ્રધાન જે સમાસમાં હોય તે બહુવ્રીહિ સમાસ.

દા.ત. श्वेतम् अम्बरम् यस्य सः - श्वेताम्बरः (मुनिः).

સમાસ કરવાનું ફળ એ જ કે એકપદ થાય અને નિત્ય સંધિ થાય.

અહીંથી દરેક સૂત્રોમાં આવતાં સમાસો વિસ્તારથી ૩-૧ અને ૩-૨ નું વિવેચન પૂર્ણ થયા પછી લખેલા છે. તે સમાસોમાં આવતી વિશેષતા તે તે સૂત્રોમાંથી જોઈ લેવી.

## सुज्-वाऽर्थे संख्या संख्येये संख्यया बहुव्रीहिः । ३-१-१९.

**અર્થઃ-** सुच् - વાર અર્થમાં, वा-વિકલ્પ કે સંશય અર્થમાં વર્તતા સંખ્યાવાચી નામ સંખ્યેય અર્થમાં વર્તતાં સંખ્યાવાચી નામની સાથે ઐકાર્થ્ય જણાતો હોય તો બહુવ્રીહિ સમાસ થાય છે.

संख्येय = ગણવા લાયક પદાર્થ. ઘટ-પટ વગેરે.

**સૂત્ર સમાસઃ-** सुच् च वा च - सुज्वौ. (ઇ.દ્વ.)

सुज्वोः अर्थः - सुज्वार्थः, तस्मिन्. (ષ.ત.)

**વિવેચનઃ-** द्विः दश - द्विदशाः = બે વાર દશ (વીશ) ઘટાદિ.

सुच् પ્રત્યયાન્ત द्वि નામ વાર અર્થમાં છે તેથી સંખ્યેય અર્થમાં વર્તતાં સંખ્યાવાચી दशन् નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ થયો છે.

- [illegible] त्रा - द्वित्राः = બે અથવા ત્રણ ઘટાદિ.

द्वि નામ વિકલ્પ અર્થમાં છે તેથી સંખ્યેય અર્થમાં વર્તતાં त्रि નામની સાથે આ સૂત્રથી સમાસ થયો છે.

"आदशभ्यः संख्या संख्येये वर्तते न संख्याने" ।

(દશની અવધિ (અઢાર) સુધીની સંખ્યા સંખ્યેય અર્થમાં વર્તે છે. સંખ્યાન અર્થમાં નહીં) આ ન્યાયથી એકથી અઢાર સુધીની સંખ્યા સંખ્યેય અર્થમાં વર્તે છે. ઓગણીસ શબ્દ માટે પણ જો नवदशन् શબ્દ વાપરીએ તો સંખ્યેય અર્થમાં ગણી શકાય. અને જો एकोनविंशति

શબ્દ વાપરીએ તો તે સંખ્યેય અર્થમાં ગણાતો નથી.

એકથી ઓગણીસ સુધીના સંખ્યાવાચક શબ્દો માત્ર વિશેષણ તરીકે જ વપરાય છે. विंशति થી માંડીને બધા જ સંખ્યાવાચક શબ્દો વિશેષણ અને વિશેષ્ય બંને રીતે વપરાય છે. विंशति વગેરે શબ્દો જો તેનું વિશેષ્ય બ.વ.માં હોય તો પણ એ.વ.માં જ વપરાય છે. વિશેષ્ય ગમે તે લિંગમાં હોય તો પણ विंशति થી नवनवति સુધીના શબ્દો **સ્ત્રીલિંગમાં** જ વપરાય છે. **દા.ત.** **विंशत्यै ब्राह्मणेभ्यः.**

**જ્યાં જ્યાં પાછળ दशन् નો** પ્રયોગ થાય તે બધા સંખ્યાવાચી શબ્દો સંખ્યેય અર્થમાં વર્તે છે. અને જ્યાં જ્યાં विंशति વગેરે શબ્દનો પ્રયોગ થાય તે સંખ્યાવાચી શબ્દો ગણાય છે. તે સંખ્યેય અર્થમાં વપરાતા નથી.

**સંખ્યેય** - ગણવા લાયક પદાર્થ. એક થી ઓગણીસ સુધીના અંક ગણવા લાયક છે. વિંશતિ થી માંડીને બધા શબ્દો સંખ્યા બતાવે છે. પણ જેની સંખ્યા ગણવાની છે તે સંખ્યેય પદાર્થને બતાવે છે. **દા.ત.** ब्राह्मणानां विंशतिः = બ્રાહ્મણોની વીશની ટૂકડી.

द्विदशाः - આ સમાસ सुच् (વાર) અર્થમાં છે. તેથી બહુવ્રીહિ સમાસ હોવા છતાં અન્યપદ પ્રધાન નથી અહીં "लक्षण प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्" સામાન્ય અને વિશેષમાંથી વિશેષનું જ ગ્રહણ થાય. એ ન્યાયથી शेषाद् वा... ૭-૩-૧૭૫ એ સામાન્ય સૂત્ર હોવાથી એ સૂત્ર ન લાગતાં સંખ્યાવાચક માટે વિશેષ સૂત્ર प्रमाणी... ૭-૩-૧૨૮ હોવાથી તે સૂત્રથી ड પ્રત્યય લાગ્યો છે.

**संख्येति किम्** ? गावो वा दश वा-= ગાયો અથવા દશ ઘટાદિ. અહીં गो એ સુજર્થક સંખ્યાવાચી નામ નથી તેથી સંખ્યેય અર્થમાં વર્તતાં સંખ્યાવાચી दशन् નામની સાથે આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ થતો નથી.

**संख्ययेति किम्** ? दश वा गावो वा = દશ ઘટાદિ અથવા ગાયો. અહીં પૂર્વમાં સંખ્યાવાચી दशन् શબ્દ છે. પણ गो એ સંખ્યેય અર્થમાં વર્તતું સંખ્યાવાચી નામ નથી તેથી આ સૂત્રથી

બહુવ્રીહિ સમાસ થતો નથી.

**संख्येय इति किम्** ? द्विविंशतिर्गवाम् = ચાલીસ ગાયો. અહીં સુજર્થક द्वि નામનો સંખ્યાવાચી विंशति નામની સાથે આ સૂત્રથી સમાસ થતો નથી કેમકે विंशति શબ્દ સંખ્યાવાચી છે પણ સંખ્યેયવાચી નથી.

## आसन्ना-ऽदूरा-ऽधिका-ऽध्यर्द्धा-ऽर्द्धादिपूरणं द्वितीयाद्यन्यार्थे ।३-१-२०.

**અર્થ**:- आसन्न, अदूर, अधिक અને अध्यर्द्ध શબ્દો પૂર્વપદમાં હોય તેમજ अर्द्ध શબ્દ પૂર્વપદમાં છે જેને એવા પૂરણ પ્રત્યયાન્ત નામો સંખ્યાવાચક નામની સાથે ઐકાર્થ્ય ગમ્યમાન હોય તો બહુવ્રીહિ સમાસ પામે છે. પરંતુ સમાસ કર્યા બાદ સામાસિક પદનો અર્થ સંખ્યેયવાચી હોય, અને જે વિગ્રહ વાક્યમાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત (यत्) પદથી જણાવાએલો હોય.

**સૂત્ર સમાસ**:- अर्द्धः आदिः यस्य सः अर्द्धादिः (બહુ.)

अर्द्धादिश्चासौ पूरणश्च-अर्द्धादिपूरणः (કર્મ.)

अधिकम् अर्द्धम् यस्य सः-अध्यर्द्धः (બહુ.)

आसन्नश्च अदूरश्च अधिकश्च अध्यर्द्धश्च अर्द्धादिपूरणम् च एतेषां समाहारः- आसन्नादूराधिकाध्यर्द्धार्द्धादिपूरणम् (સમા.દ્વ.)

द्वितीया आदिः यस्य तद्-द्वितीयादि (બહુ.)

द्वितीयादि च तद् अन्यत् च-द्वितीयाद्यन्यत् (કર્મ.)

द्वितीयाद्यन्यस्य अर्थः-द्वितीयाद्यन्यार्थः, तस्मिन् (ષ.ત.)

**વિવેચન**:- આ સૂત્રમાં આવતાં દરેક સમાસોનો અન્યપદ સંખ્યેયવાચી છે. અને તે વિગ્રહ વાક્યમાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત એવા येषां, येषु વગેરેથી જણાવેલ છે. તેથી આ સૂત્રથી સમાસ થયા છે.

## अव्ययम् । ३-१-२१.

**અર્થ**:- અવ્યયનામ સંખ્યાવાચક નામની સાથે ઐકાર્થ્ય ગમ્યમાન હોય તો

બહુવ્રીહિ સમાસ પામે છે. જો અન્યપદનો અર્થ સંખ્યેયવાચી હોય અને જે વિગ્રહવાક્યમાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત પદથી જણાવેલો હોય.

**વિવેચન:- પ્રશ્ન:-** આ સૂત્રને ઉપરનાં आसन्नाऽदूरा... ૩-૧-૨૦માં ભેગું કર્યું હોત તો પણ સમાસ સિદ્ધ જ હતો તો સૂત્ર જુદુ શા માટે કર્યું ?

**જવાબ:-** નીચેના સૂત્રમાં અવ્યયની અનુવૃત્તિ લઈ જવા માટે. જો ઉપરનાં સૂત્રમાં ભેગું કરે તો સમાસ તો થઈ જાત. પણ અવ્યયની સાથે **आसन्न** વગેરે નામોની પણ અનુવૃત્તિ સાથે આવે. કારણ કે **"एकयोग प्रविष्टनाम् सहैव प्रवृत्तिः सहैव निवृत्तिः"** એક સૂત્રમાં જેનો જેનો યોગ હોય તેની સાથે જ અનુવૃત્તિ ચાલે અને સાથે જ નિવૃત્તિ થાય. માટે अव्ययम् સૂત્ર જુદુ બનાવ્યું. ૩-૧-૧૯, ૨૦, ૨૧ સૂત્રથી થતાં સમાસો સંખ્યાબહુવ્રીહિ કહેવાય છે.

## एकार्थं चाऽनेकं च । ३-१-२२.

**અર્થ:-** एकार्थं - સમાનાર્થક. એક અથવા અનેક નામ તેમજ અવ્યય નામ, નામની સાથે ઐકાર્થ્ય ગમ્યમાન હોય તો બહુવ્રીહિ સમાસ પામે છે. જો અન્યપદ દ્વિતીયાદિ વિભક્ત્યન્ત પદથી જણાવેલું હોય તો.

**સૂત્ર સમાસ:-** एकः अर्थः यस्य तद् - एकार्थम् (બહુ.)

न एकम् - अनेकम् (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** આ સૂત્રમાં ઉપરનાં બે સૂત્રોનો સમાવેશ કરી લીધો હોત તો ચાલત. કારણ કે આ અને ઉપરનાં બંને સૂત્રો ઐકાર્થ્યમાં જ થાય છે તેથી સૂત્રો જુદા કરવાની જરૂર નહોતી. છતાં સૂત્રો જુદા કર્યા છે તે लक्षण प्रतिपदोक्तयोः... એ ન્યાયથી ઉપરના સૂત્રોથી થતાં સમાસોને प्रमाणी... ૭-૩-૧૨૮ થી ड સમાસાન્ત પ્રત્યય થશે. અને આ સૂત્રથી જે સમાસો થાય તેને शेषाद् वा ૭-૩-૧૭૫ થી कच् સમાસાન્ત પ્રત્યય થશે.

બહુવ્રીહિ સમાસ માટેનું આ મુખ્ય સૂત્ર છે આ સૂત્રથી થતાં સમાસોને "સમાનાધિકરણ બહુવ્રીહિ" કહેવાય છે.

एकार्थं - એક અધિકરણ, સરખી વિભક્તિ છે જેની તે.

## उष्ट्रमुखादयः । ३-१-२३.

**અર્થઃ-** उष्ट्रमुखादि બહુવ્રીહિ સમાસો નિપાતન કરાય છે.

**સૂત્ર સમાસઃ-** उष्ट्रमुख आदिः येषां ते - उष्ट्रमुखादयः (બહુ.)

**વિવેચનઃ-** સૂત્ર બ.વ. માં છે તે આકૃતિગણનાં ગ્રહણ માટે છે.

उष्ट्रमुखः, वृषस्कन्धः:- આ સમાસમાં પૂર્વના मुख અને स्कन्ध શબ્દનો લોપ થાય છે. તે સૂત્ર સામર્થ્યથી જ થાય છે. આ સૂત્રથી થતાં સમાસોને "વ્યધિકરણ બહુવ્રીહિ" કહેવાય છે.

## सहस्तेन । ३-१-२४.

**અર્થઃ-** (તુલ્યયોગ અને વિદ્યમાનાર્થક) सह શબ્દ तेन -તૃતીયાન્ત નામની સાથે ઐકાર્થ્ય ગમ્યમાન હોય તો અન્યપદના અર્થમાં બહુવ્રીહિ સમાસ થાય છે.

**વિવેચનઃ-** ઉપરનાં ૩-૧-૨૦, ૨૧, ૨૨, અને ૨૩ સૂત્રમાં દ્વિતીયાદિ વિભક્ત્યન્ત અન્યપદ પ્રધાન એવો અર્થ હતો. જ્યારે આ સૂત્રમાં પ્રથમાવિભક્ત્યન્ત અન્યપદ પ્રધાન એવો અર્થ કરવા માટે જ આ સૂત્રનો પ્રારંભ છે

- सपुत्रः - આ સમાસમાં सह શબ્દ તુલ્યયોગનાં અર્થમાં છે. सहात् तुल्ययोगे ૭-૩-૧૭૮ થી सपुत्र સમાસને कच् સમાસાન્તનો નિષેધ છે. તેથી कच् પ્રત્યય થયો નથી.

- सकर्मकः- આ સમાસમાં सह શબ્દ વિદ્યમાનતા અર્થમાં છે. આ સૂત્રથી થતાં સમાસોને "સહાર્થ બહુવ્રીહિ" કહેવાય છે.

## दिशो रूढ्याऽन्तराले । ३-१-२५.

**અર્થઃ-** રુઢિ અર્થમાં વર્તતું દિશાવાચીનામ રુઢિ અર્થમાં વર્તતાં દિશાવાચી નામની સાથે અન્યપદનો અર્થ अन्तराल - બે દિશા વચ્ચેનું અંતર ગમ્યમાન હોય તો બહુવ્રીહિ સમાસ થાય છે.

**વિવેચનઃ-** दक्षिणपूर्वा = અગ્નિખૂણો. આ સમાસ દક્ષિણ અને પૂર્વ દિશા

વચ્ચેની દિશાને જણાવે છે. અને તે બન્ને દિશાઓ રુઢ્યર્થક છે. તેથી આ સૂત્રથી બહુવ્રીહિ સમાસ થયો.

**रूढ्येति किम् ?** ऐन्द्र्याश्च कौबेर्याश्च दिशोः यद् अन्तरालम् = પૂર્વ અને ઉત્તરદિશાની વચ્ચેની દિશા (ઇશાન). અહીં સમાસ થતો નથી. દિશાવાચી નામો છે પણ રુઢ્યર્થક દિશાવાચી નથી. તેથી આ સૂત્રથી સમાસ ન થતાં વાક્ય જ રહે છે. ऐन्द्री = પૂર્વ દિશા, कौबेरी = ઉત્તર દિશા.

रूढ्या શબ્દ "डमरूकमणि" ન્યાયથી બંને બાજુ ગ્રહણ થાય છે. अन्तराल અન્યપદ પ્રધાન છે. તે સમાસમાં ઉક્ત થઈ જાય છે. તેથી સમાસમાં अन्तराल શબ્દને જોડવો પડતો નથી. આ સૂત્રથી થતાં સમાસો "દિગ્ બહુવ્રીહિ" કહેવાય છે.

## तत्राऽऽदाय मिथस्तेन प्रहृत्येति सरूपेण युद्धेऽव्ययीभावः । ३-१-२६.

**અર્થ:-** પરસ્પર ગ્રહણ કરીને આવો અર્થ ગમ્યમાન હોય તો तत्र - સપ્તમ્યન્તનામ सरूपेण- તત્સરુપ સપ્તમ્યન્ત નામની સાથે તથા પરસ્પર પ્રહાર કરીને આવો અર્થ ગમ્યમાન હોય તો तेन- તૃતીયાન્તનામ તત્સરૂપ તૃતીયાન્તનામની સાથે અન્યપદનો અર્થ યુદ્ધ વિષય જણાતો હોય તો અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** न अव्ययम् अव्ययम् भवति - अव्ययीभावः (च्व्यन्त)

**વિવેચન:-** केशाकेशि - અહીં સપ્તમ્યન્ત નામનો સપ્તમ્યન્ત નામની સાથે સમાસ છે. "પરસ્પર વાળ ગ્રહણ કરીને કરેલું યુદ્ધ" આવો અર્થ હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

- दण्डादण्डि -અહીં તૃતીયાન્ત નામનો તૃતીયાન્ત નામની સાથે સમાસ છે. "પરસ્પર દંડનો પ્રહાર કરીને કરેલું યુદ્ધ" આવો અર્થ હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

અહીં યુદ્ધ અન્યપદ પ્રધાન છે. એટલે પરસ્પર પકડીને કરેલું યુદ્ધ આવો અર્થ સમાસમાં ઉક્ત થઈ જાય છે. તેથી સમાસમાં તેનો પ્રયોગ કરવો પડતો નથી.

**तत्रेति तेनेति च किम् ?** केशांश्च केशांश्च गृहीत्वा कृतं युद्धं - અહીં વિગ્રહમાં ગ્રહણ કરીને કરેલું યુદ્ધ એવો અર્થ છે પણ સપ્તમ્યન્ત નામને બદલે દ્વિતીયાન્તનામ દ્વિતીયાન્ત નામની સાથે પ્રયોગ કરાએલું હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નથી.

मुखं च मुखं च प्रहृत्य कृतं युद्धं - અહીં વિગ્રહમાં પરસ્પર પ્રહાર કરીને કરેલું યુદ્ધ એવો અર્થ છે. પણ તૃતીયાન્ત નામને બદલે દ્વિતીયાન્ત નામ દ્વિતીયાન્ત નામની સાથે પ્રયોગ કરાએલું હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નથી.

**आदायेति प्रहृत्येति च किम् ?** केशेषु च केशेषु च स्थित्वा कृतं युद्धं - **પરસ્પર વાળમાં** સ્થિર રહીને કરેલું યુદ્ધ. અહીં પરસ્પર ગ્રહણ કરીને અર્થ ન હોવાથી આ **સૂત્રથી** સમાસ થયો નથી.

दण्डैश्च दण्डैश्च आगत्य कृतं युद्धं - **પરસ્પર દંડોવડે** આવીને કરેલું યુદ્ધ. અહીં પરસ્પર પ્રહાર કરીને એવો અર્થ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો નથી.

**सरूपेणेति किम् ?** हस्ते च पादे च गृहीत्वा कृतं युद्धं - પરસ્પર હાથ અને પગ **ગ્રહણ** કરીને કરેલું યુદ્ધ. અહીં हस्ते શબ્દની સાથે તત્સરુપ हस्ते શબ્દનો પ્રયોગ ન હોવાથી આ સૂત્રથી સમાસ થયો નથી.

**युद्ध इति किम् ?** हस्ते च हस्ते च आदाय सख्यं कृतं - પરસ્પર હાથ ગ્રહણ કરીને મૈત્રી કરાઈ. અહીં યુદ્ધ અર્થ નીકળતો નથી તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

## नदीभिर्नाम्नि । ३-१-२७.

**અર્થ:-** અન્યપદનો અર્થ સંજ્ઞાવાચક જણાતો હોય તો કોઈપણ નામ નદીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

**વિવેચન:-** उन्मत्तगङ्गम्, तुष्णींगङ्गम् = દેશનું નામ. આ સમાસ સંજ્ઞાવાચક થતો હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો. અકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાથી બધા સ્યાદિની જગ્યાએ अमव्ययी... ૩-

૨-૨ થી अम् થાય છે.

नाम्नीति किम् ? शीघ्रगङ्गः देशः = ઉતાવળી ગંગા નદીવાળો દેશ. અહીં આ સમાસ સંજ્ઞાવાચક નથી. તેથી આ સૂત્રથી સમાસ ન થતાં एकार्थं...૩-૧-૨૨ થી સમાનાધિકરણ બહુવ્રીહિ સમાસ થયો છે.

**પ્રશ્નઃ-** नदीभिः બ.વ.માં શા માટે ?

**જવાબઃ-**જો नदी શબ્દનું તૃ.એ.વ. नद्या કર્યું હોત તો नदी શબ્દના પર્યાયવાચક નામો ગ્રહણ ન થતાં नदी એવો શબ્દ પોતે જ ગ્રહણ થાત. પણ એવો એક ન્યાય છે કે "स्वं रूपं शब्दस्याशब्दसंज्ञा" (શબ્દની સંજ્ઞા ન મળતી હોય તો જ શબ્દનું પોતાનું સ્વરૂપ ગ્રહણ થાય.) તેથી नदी શબ્દના સંજ્ઞાવાચક નામો ગ્રહણ થાય પણ સૂત્રમાં नदीभिः બ.વ. કર્યું છે તેથી नदी શબ્દ પોતે અને नदी વાચક શબ્દો બંનેનું ગ્રહણ થશે. અહીં તો नदी શબ્દનું ગ્રહણ નથી. પણ નીચેના સૂત્ર માટે બ.વ. છે.

## सङ्ख्या समाहारे । ३-१-२८.

**અર્થઃ-** સંખ્યાવાચક નામો નદીવાચક નામની સાથે સમાહાર ગમ્યમાન હોય તો અવ્યયીભાવ સમાસ થાય.

**વિવેચનઃ-** द्वियमुनम् - द्वि એ સંખ્યાવાચક નામનો यमुना એ નદીવાચક નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અને अकारान्त અવ્યયીભાવ હોવાથી अमव्ययी...૩-૨-૨ થી સ્યાદિની જગ્યાએ अम् થયો છે. અહીં નદીવાચક નામની સાથે સમાસ થયો છે.

- पञ्चनदम् - पञ्चन् એ સંખ્યાવાચક નામનો नदी નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. क्लीबे ૨-૪-૯૭ થી હ્રસ્વ इ. संख्याया... ૭-૩-૯૧ થી अ સમાસાન્ત. अवर्णे...૭-૪-૬૮ થી इ નો લોપ. હવે अकारान्त અવ્યયીભાવ સમાસ હોવાથી अमव्ययी... ૩-૨-૨ થી अम् થયો છે.

समाहार इति किम् ? एकनदी = એકનદી. અહીં एक અને नदी નામનો સમાહાર અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી

અવ્યયીભાવ સમાસ ન થતાં विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે.

અહીં संख्या समाहारे... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસની પ્રાપ્તિ હતી. તેનો નિષેધ કરીને અવ્યયીભાવ સમાસ આ સૂત્રથી કર્યો છે.

नदीभिः ઉપરના સૂત્રમાં બ.વ. હતું તેથી ગંગા-યમુના વગેરે નદીવાચક નામોની સાથે અને નદી નામની સાથે (બંને નામોની સાથે) આ સૂત્રથી સમાસ થયો છે.

## वंश्येन पूर्वार्थे । ३-१-२९.

**અર્થ**:- વિદ્યાથી અથવા જન્મથી ચાલતી શિષ્ય અથવા સંતાનની પરંપરાને વંશ કહેવાય છે. વંશમાં ઉત્પન્ન થનારને વંશ્ય કહેવાય છે.

જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો સંખ્યાવાચક નામ વંશ્યવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

एकसन्तान = એકસ્વભાવ, સંતાનસંબંધ, પરંપરા.

**સૂત્ર સમાસ**:- पूर्वस्य अर्थः - पूर्वार्थः, तस्मिन् (ષ.તત્પુ.)

**વિવેચન**:- एकमुनि व्याकरणस्य = વ્યાકરણના (આદ્ય પ્રણેતા) એકમુનિ (છે.) આ અર્થમાં પૂર્વપદ એવા एक શબ્દની પ્રધાનતા છે. તેથી આ સૂત્રથી एक અને मुनि નામનો અવ્યયીભાવ સમાસ થયો છે. આ સમાસમાં વિદ્યાનો સંબંધ છે.

જો एकःमुनिः यस्य सः = એક મુનિ છે જેને. આવો વિગ્રહ કરીએ તો અન્યપદની મુખ્યતા જણાતી હોવાથી एकार्थं....૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થાય છે.

- सप्तकाशि राज्यस्य = જે કાશીરાજાના સાત(માં) રાજા તરીકે છે. આ અર્થમાં સાત શબ્દની પ્રધાનતા છે. તેથી આ સૂત્રથી सप्त અને काशि નામનો અવ્યયીભાવ સમાસ થયો છે. આ સમાસમાં જન્મનો સંબંધ છે.

  वंश्यो अस्य व्याकरणस्य અને वंश्यो अस्य राज्यस्य એ અર્થ આ સમાસોમાં ઉક્ત થઈ જાય છે. તેથી તેનો પ્રયોગ સમાસમાં કરવાનો

રહેતો નથી.

**पूर्वार्थ इति किम्** ? द्विमुनिकं व्याकरणम् = વ્યાકરણના વંશ્ય બે મુનિ છે. (બે મુનિઓનું બનાવેલું વ્યાકરણ.) અહીં પૂર્વપદ પ્રધાન ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે તેથી शेषाद् वा ૭-૩-૧૭૫ થી कच् સમાસાન્ત થયો છે.

## पारे-मध्ये-ऽग्रे-ऽन्तः षष्ठ्या वा । ३-१-३०.

**અર્થ:-** પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો पारे मध्ये अग्रे અને अन्तर् શબ્દો ષષ્ઠયન્ત નામની સાથે વિકલ્પે અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** पारे च मध्ये च अग्रे च अन्तर् च एतेषां समाहारः- पारेमध्येऽग्रेऽन्तः (સમા.દ્વ.)

**વિવેચન:-** આ સૂત્રમાં આપેલ સમાસોનો અવ્યયીભાવ સમાસ આ સૂત્રથી થાય છે. અને વિકલ્પ પક્ષમાં षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય છે.

અવ્યયીભાવ સમાસ જ્યારે થાય ત્યારે पारे-मध्ये અને अग्रे શબ્દમાં एकार અને સમાસમાં પૂર્વનિપાત સૂત્ર સામર્થ્યથી જ થયો છે.

## यावदियत्त्वे । ३-१-३१.

**અર્થ:-** જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય, ઇયત્ત્વ (અવધારણ-નિશ્ચય) અર્થ ગમ્યમાન હોય તો यावत् નામ કોઈપણ નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** इयतः भावः - इयत्त्वम्, तस्मिन्. (તદ્ધિત વ્યુત્પત્તિ.)

**વિવેચન:-** यावदमत्रं भोजय - જેટલા વાસણ હોય તેટલાને જમાડ. અથવા જ્યાં સુધી વાસણ તૂટે નહીં ત્યાં સુધી જમાડ. અહીં વાસણની સંખ્યાથી અથવા વાસણની સ્થિતિના કાલથી અતિથીઓની સંખ્યા અથવા ભોજન કરાવવાનો સમય નિશ્ચિત જણાય છે. તેથી इयत्त्व અર્થ ગમ્યમાન છે. તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

**इयत्त्व इति किम् ?** यावद् दत्तं तावत् भुक्तम् - જેટલું આપ્યું તેટલું ખાધું. અહીં કેટલું ખાધું તેની इयत्ता જણાતી નથી. તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં વાક્ય જ રહ્યું.

## पर्यपा-ऽऽङ्-बहिरच् पञ्चम्या । ३-१-३२.

**અર્થઃ-** જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો परि, अप, आङ् (आ), बहिस् અને अञ्च् ધાતુ જેના અંતમાં છે એવા નામો, પંચમ્યન્ત નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** परिश्च अपश्च आङ्च बहिश्च अच् च एतेषां समाहारः- पर्यपाऽऽङ्बहिरच्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** परित्रिगर्तम्, अपत्रिगर्तम् = ત્રિગર્ત દેશને વર્જીને. અહીં परि અને अप નામનો त्रिगर्तेभ्यः એ પંચમ્યન્ત નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. पर्यपाभ्यां.....૨-૨-૭૧ થી પંચમી વિભક્તિ થઈ છે.

- आग्रामम् = ગામ સુધી. અહીં आङ् નામનો ग्रामात् એ પંચમ્યન્ત નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અહીં મર્યાદા અર્થમાં आङावधौ ૨-૨-૭૦ થી પંચમી વિભક્તિ થઈ છે.

- बहिर्ग्रामम्, प्राग्ग्रामम् = ગામની બહાર, ગામની પહેલાં. અહીં बहिर् અને अचन्त प्राग् નામનો ग्रामात् એ પંચમ્યન્ત નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અહીં દિગ્-દેશ-કાલ અર્થમાં प्रभृत्य... ૨-૨-૭૫ થી પંચમી વિભક્તિ થઈ છે.

**पञ्चम्येति किम् ?** परि वृक्षं विद्युत् = વૃક્ષ તરફ વિજળી જણાય છે. અહીં भागिनि... ૨-૨-૩૭ થી દ્વિતીયા વિભક્તિ થયેલી છે. પંચમી વિભક્તિ ન હોવાથી परि નામનો वृक्ष નામની સાથે આ સૂત્રથી સમાસ થયો નથી.

## लक्षणेनाऽभि-प्रत्याभिमुख्ये । ३-१-३३.

**અર્થઃ-** જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો સન્મુખ થવું એ અર્થમાં વર્તતાં अभि અને प्रति નામ लक्षण (ચિહ્ન) અર્થમાં વર્તતાં નામની સાથે

અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- अभिश्च प्रतिश्च - अभिप्रती (ઇ.દ્વ.)

अभिमुखस्य भावः-आभिमुख्यं, तस्मिन् (તદ્ધિત.)

**વિવેચનઃ**- अभ्यग्नि, प्रत्यग्नि शलभाः पतन्ति = અગ્નિ સન્મુખ પતંગિયા પડે છે. અગ્નિના કારણે પતંગિયા પડે છે તેથી અગ્નિ ચિહ્ન છે. તેથી अभि અને प्रति નામનો अग्नि નામની સાથે આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

**लक्षणेनेति किम् ?** स्रुघ्नं प्रति गतः = સ્રુઘ્ન દેશ તરફ ગયો. અહીં સ્રુઘ્ન દેશ એ ચિહ્ન બનતો નથી. તેથી प्रति અને स्रुघ्न નામનો આ સૂત્રથી સમાસ ન થતાં વાક્ય જ રહ્યું.

**पूर्वपदार्थ इत्येव** - अभ्यङ्का गावः = સન્મુખ છે ચિહ્ન જેને એવી ગાયો. અહીં અન્યપદ પ્રધાન છે. પૂર્વપદ પ્રધાન નથી તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં एकार्थं.....૩-૧-૨૨ થી अभि અને अङ्क નામનો બહુવ્રીહિ સમાસ થયો છે.

સૂત્રમાં अभिप्रती જે સમાસ થયો છે તે દ્વિવચનાન્ત છે તેથી आभिमुख्य નામની સાથે ईदूदेद्... ૧-૨-૩૪થી અસન્ધિભાવ થાય. છતાં પણ સન્ધિ થઈ છે તે સૂત્રના સામર્થ્યથી અને સૂત્ર લાઘવતાને કારણે થઈ છે.

## दैर्घ्येऽनुः । ३-१-३४.

**અર્થઃ**- જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો अनु નામ दैर्घ्य - લંબાઈ વિષયમાં જે લક્ષણ, તદ્વાચી નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- दीर्घस्य भावः-दैर्घ्यं, तस्मिन् (તદ્ધિત.)

**વિવેચનઃ**- अनुगङ्गम् वाराणसी = ગંગા નદી સુધી દીર્ઘ (લાંબી) વારાણસી નગરી. અહીં गङ्गा નામ એ લંબાઈને સૂચવનાર છે. તેથી अनु અને गङ्गा નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

**दैर्घ्य इति किम् ?** वृक्षमनु विद्युत् = વૃક્ષની પાછળ વિજળી. અહીં વૃક્ષથી વિજળી જણાય છે. પણ વૃક્ષ એ લંબાઈ સૂચવનાર નામ નથી. તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં વાક્ય જ રહ્યું.

## समीपे । ३-१-३५.

**અર્થ:-** જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો સમીપ અર્થમાં વર્તતું अनु નામ સમીપીવાચક નામની સાથે અવ્યયીભાવ સમાસ પામે છે.

**વિવેચન:-** अनुवनम् अशनिर्गता = વનની નજીકમાં વજ્રપાત થયો. અહીં अनु નામ એ સમીપ અર્થમાં છે. वन નામ સમીપીવાચક છે તેથી अनु અને वन નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે.

विभक्ति...૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ સિદ્ધ જ હતો. છતાં આ સૂત્રની રચના કરી તેથી જ જણાય છે કે विभक्ति...૩-૧-૩૯ થી નિત્ય સમાસ થાય છે. તેથી સમાસ કરવો જ પડે. વાક્ય ન જ કરાય. જ્યારે આ સૂત્રથી સમાસ કરવો હોય તો કરાય અને ન કરવો હોય, વાક્ય રાખવું હોય તો રાખી શકાય. તે કર્તાને આધીન છે.

## तिष्ठद्ग्वित्यादय । ३-१-३६.

**અર્થ:-** तिष्ठद्गु વગેરે અવ્યયીભાવ સમાસો નિપાતન થાય છે. યથાયોગ્ય પૂર્વપદ કે અન્યપદનો અર્થ પ્રધાન હોય છે.

**સૂત્ર સમાસ:-** तिष्ठद्गु इत्यादिः येषां ते - तिष्ठद्ग्वित्यादयः (બહુ.)

**વિવેચન:-** तिष्ठद्गु कालः = ગાયોને ઉભા રહેવાનો કાળ. (दोहाय, जलपानार्थं, गर्भग्रहणाय इत्यादि अर्थं वा - દોહવા માટે, જલપાન માટે, ગર્ભગ્રહણ માટે ઉભા રહેવાનો કાળ.) અહીં આ સમાસમાં અન્યપદનો અર્થ પ્રધાન છે. અનકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાથી સ્યાદિનો अनतोलुप् ૩-૨-૬ થી લોપ થયો છે.

- अधोनाभं हतः = નાભિની નીચેના ભાગમાં હણાયેલો. આ સમાસમાં પૂર્વપદનો અર્થ પ્રધાન છે. નિપાતનને કારણે नाभि નું नाभ થયેલું છે.

## नित्यं प्रतिनाऽल्पे । ३-१-३७.

**अर्थ:-** અલ્પ અર્થમાં વર્તતું प्रति નામ કોઈપણ નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

**વિવેચન:-** शाकप्रति = શાકની અલ્પતા. (થોડું શાક) અલ્પ અર્થવાળા प्रति નામનો शाक નામની સાથે આ સૂત્રથી નિત્ય અવ્યયીભાવ સમાસ થયો છે.

**अल्प इति किम् ?** वृक्षं प्रति विद्युत् = વૃક્ષ તરફ વિજળી જણાય છે. અહીં प्रति લક્ષણ અર્થમાં છે. અલ્પાર્થક નથી. તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થતાં વાક્ય જ રહ્યું.

## सङ्ख्याऽक्ष-शलाकं परिणा द्यूतेऽन्यथावृत्तौ । ३-१-३८.

**अर्थ:-** સંખ્યાવાચક નામ તેમ જ अक्ष અને शलाका નામ द्यूत - જુગારના વિષયમાં વિપરીત અર્થમાં વર્તતા परि નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** सङ्ख्याच अक्षश्च शलाका च एतेषां समाहारः- सङ्ख्याऽक्षशलाकम् (સમા.દ્વ.) अन्यथावर्तनम्-अन्यथावृत्तिः, तस्मिन्.

**વિવેચન:-** एकपरि, अक्षपरि, शलाकापरि - અહીં સંખ્યાવાચક નામ एक તેમ જ अक्ष અને शलाका નામનો परि નામની સાથે આ સૂત્રથી નિત્ય અવ્યયીભાવ સમાસ થયો છે. न तथा वृत्तं यथा पूर्वं जयः એ સમાસમાં જ ઉક્ત થઈ જાય છે તેથી સમાસમાં તેનો પ્રયોગ કરવો પડતો નથી.

**सङ्ख्यादीति किम् ?** पासकेन न तथावृत्तं यथा पूर्वं जयः = પાસો વિપરીત પડવાથી જય ન થયો કે જેમ પહેલા જય થયો હશે તેમ. અહીં સંખ્યાવાચક, अक्ष કે शलाका નામ નથી તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ ન થયો.

**द्यूत इति किम् ?** रथस्य अक्षेण न तथा वृत्तम् = રથના ચક્રની ધરી બરાબર ન રહી. (તેથી રથ બરાબર ચાલ્યો નહીં) અહીં अक्ष શબ્દનો परि શબ્દની સાથે યોગ નથી. अक्ष નામ પાસા અર્થમાં નથી

પણ પૈડા અર્થમાં છે. અને દ્યૂત વિષયક અન્યથા વૃત્તિ જણાતી ન હોવાથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નથી.

**પ્રશ્નઃ-** અન્યથા વૃત્તિ કોને કહેવાય ?

**જવાબઃ-** પાંચ अक्ष (પાસા) થી રમાતાં જુગારમાં પાંચે પાસા અવળા અથવા સવળા એક સરખા પડે તો રમનારનો જય થાય છે. પરંતુ એમાંથી એક-બે-ત્રણ કે ચાર પાસા વિપરીત પડે તો રમનારનો પરાજય થાય છે. પરાજયનાં કારણભૂત પાસાનું તેવા પ્રકારનું વિપરીત પડવાનું જે થાય તેને જુગાર સંબંધી અન્યથાવૃત્તિ કહેવાય છે.

अक्ष=યક્ષ, જુગારનો પાસો અને ગાડાની ધરી એમ ત્રણ અર્થ થાય છે.

**विभक्ति-समीप-समृद्धि-व्यृद्ध्यर्थाभावाऽत्यया-ऽसंप्रति-पश्चात्-क्रम-ख्याति-युगपत् सदृक्-सम्पत्-साकल्यान्ते-ऽव्ययम् । ३-१-३९.**

**અર્થઃ-** વિભક્તિ વગેરે અર્થવાચક અવ્યયો કોઈપણ નામની સાથે જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** विभक्तिश्च समीपश्च समृद्धिश्च व्यृद्धिश्च अर्थाभावश्च अत्ययश्च संप्रतिश्च पश्चात् च क्रमश्च ख्यातिश्च युगपत् च सदृक् च सम्पत् च साकल्यम् च अन्तश्च एतेषां समाहारः-विभक्ति.....साकल्यान्तम्, तस्मिन्. (સમા.દ્વ.)

(૧) विभजनम् - विभक्तिः = કારકવાચક.

(૨) समीप = નજીક.

(૩) सङ्गतर्द्धिः - समृद्धिः = ધનાદિ સંપત્તિવાચક.

(૪) विगतर्द्धिः - व्यृद्धिः = ધનાદિના અભાવવાચક.

(૫) अर्थग्य अभावः - अर्थाभावः = વસ્તુના અભાવવાચક.

(૬) अत्ययनम् - अत्ययः = થઈ જવું વાચક. અતીતવાચક.

(૭) न सम्प्रतिः - असम्प्रतिः = તાત્કાલિક ઉપભોગના અભાવવાચક.

(૮) पश्चाद् = પશ્ચાત્‌વાચક.

(૯) क्रम = ક્રમવાચક.

(૧૦) ख्याति = પ્રસિદ્ધિવાચક.

(૧૧) युगपद् = એકી સાથે વાચક.

(૧૨) सदृग् = સમાનવાચક.

(૧૩) सम्पद् = સિદ્ધિવાચક.

(૧૪) साकल्य = સકલવાચક.

(૧૫) अन्तः (समाप्तिः) = પૂર્ણતાવાચક.

(૧) अधिस्त्रि - અહીં "સપ્તમીના" અર્થને જણાવનાર अधि શબ્દ છે. આ સમાસનો વિગ્રહ અલૌકિક છે. अधि અને स्त्री નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અનકારાન્ત સમાસ થયો તેથી अनतोलुप् ૩-૨-૬ થી 'સ્યાદિનો લોપ થયેલો છે.

(૨) उपकुम्भम् - અહીં उप, એ "સમીપ" અર્થમાં છે. उप અને कुम्भ નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી अमव्ययी... ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૩) सुमद्रम् - અહીં सु "સમૃદ્ધિ" અર્થમાં છે. सु અને मद्र નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૪) दुर्यवनम् - અહીં दुर् "દરિદ્રતા" અર્થમાં છે. दुर् અને यवन નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૫) निर्मक्षिकम् - અહીં निर् "અત્યંત અભાવ" અર્થમાં છે. निर् અને मक्षिका નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. क्लीबे ૨-

૪-૯૭થી હ્રસ્વ થવાથી अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૬) अतिवर्षम् - અહીં अति "પૂર્ણ થવું" અર્થમાં છે. अति અને वर्षा નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. क्लीबे ૨-૪-૯૭ થી હ્રસ્વ થવાથી अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૭) अतिकम्बलम् - અહીં अति "ભોગવવાના અભાવ" અર્થમાં છે. अति અને कम्बल નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૮) अनुरथम् - અહીં अनु "પાછળ" અર્થમાં છે. अनु અને रथ નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૯) अनुज्येष्ठम् - અહીં अनु "ક્રમ (અનુક્રમ)" અર્થમાં છે. अनु અને ज्येष्ठ નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૧૦) इतिभद्रबाहु - અહીં इति "ખ્યાતિ" અર્થમાં છે. इति અને भद्रबाहु નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अनકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી अनतो.... ૩-૨-૬ થી સ્યાદિનો લોપ થયેલો છે.

(૧૧) सचक्रम् - અહીં सह "સાથે" અર્થમાં છે. सह અને चक्र નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૧૨) सव्रतम् - અહીં सह "સમાન" અર્થમાં છે. सह અને व्रत નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૧૩) सब्रह्म - અહીં सह "सम्पत्ति" અર્થમાં છે. सह અને ब्रह्मन् નામનો

આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ થવાથી सब्रह्म સમાસ થયો. नपुंसकाद् वा ૭-૩-૮૯ સૂત્ર વિકલ્પે अत् સમાસાન્ત કરે છે. જો अत् સમાસાન્ત કર્યો હોત તો अકારાન્ત નામ બનીને ૩-૨-૨ થી સ્યાદિનો अम् થઈ જાય પરંતુ વિકલ્પ હોવાથી અહીં अत् સમાસાન્ત કર્યો નથી.

(૧૪) **सतृणम्** - અહીં सह "સાકલ્ય, સંપૂર્ણ, અશેષ" અર્થમાં છે. सह અને **तृण** **નામનો** આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત **અવ્યયીભાવ સમાસ થયો તેથી સ્યાદિનો अम् થયેલો છે.**

(૧૫) सपिण्डैषणम् - અહીં सह "અન્ત, સમાપ્તિ" અર્થમાં છે. सह અને पिण्डैषणा नामनो આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. क्लीबे ૨-૪-૯૭ થી હ્રસ્વ થવાથી अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

## योग्यता-वीप्सा-ऽर्थानतिवृत्ति-सादृश्ये । ३-१-४०.

**અર્થ**:- જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો યોગ્યતા, વીપ્સા, અર્થનું અનતિક્રમણ અને **સાદૃશ્ય** અર્થવાચક નામો કોઈપણ નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- योग्यस्य भावः-योग्यता, व्याप्तुम् इच्छा - वीप्सा. अतिवर्त्तनम् - अतिवृत्तिः, न अतिवृत्तिः-अनतिवृत्तिः (નઞ્. તત્પુ.) अर्थस्य अनतिवृत्तिः-अर्थानतिवृत्तिः (ષ.તત્પુ.)

सदृशस्य भावः-सादृश्यम्.

योग्यता च वीप्सा च अर्थानतिवृत्तिश्च सादृश्यश्च एतेषां समाहारः- योग्यतावीप्सार्थानतिवृत्तिसादृश्यम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન**:- (૧) अनुरूपम् - અહીં अनु "યોગ્યતા" અર્થમાં છે. अनु અને रूप નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૨) प्रत्यर्थम् - અહીં प्रति "વીપ્સા" અર્થમાં છે. प्रति અને अर्थ નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. अકારાન્ત અવ્યયીભાવ

સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૩) यथाशक्ति - અહીં यथा "અનતિવૃત્તિ (ઓળંગ્યા વિના)" અર્થમાં છે. यथा અને शक्ति નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અનકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી अनतो...૩-૨-૬ થી સ્યાદિનો લોપ થયેલો છે.

(૪) सशीलम् - અહીં सह "સાદૃશ્ય (સમાન)" અર્થમાં છે. सह અને शील નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

**પ્રશ્નઃ**- ઉપરનાં સૂત્રમાં सदृग् (સમાન)નું ગ્રહણ કરેલું છે. તો આ સૂત્રમાં सादृश्य (સમાન)નું ફરી ગ્રહણ શા માટે કર્યું ?

**જવાબઃ**-सदृग् અને सादृश्य બંનેમાં વિશેષતા છે. सदृग् - અર્થની સાથે સંબંધ રાખે છે. (બાહ્ય દેખાવને જણાવે છે.) જેમ કે सव्रतम् - સમાન વ્રતવાળો. અને सादृश्य - તેના ગુણને જણાવે છે. (અભ્યંતર ગુણને જણાવે છે.) જેમ કે सशीलम्- શીલનું સમાનપણું.

## यथाऽथा । ३-१-४१.

**અર્થઃ**- જો પૂર્વપદનો અર્થ પ્રધાન હોય તો था પ્રત્યયાન્ત यथा અવ્યયને છોડીને અન્ય यथा અવ્યય કોઈપણ નામની સાથે નિત્ય અવ્યયીભાવ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- न विद्यते था यस्य सः-अथा (બહુ.)

**વિવેચનઃ**- (૧) यथारूपम् - અહીં यथा "યોગ્યતા" અર્થમાં છે. यथा અને रूप નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૨) यथावृद्धम् - અહીં यथा "વીપ્સા" અર્થમાં છે. यथा અને वृद्ध નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

(૩) यथासूत्रम् - અહીં यथा "अर्थानतिवृत्ति (ઓળંગવું નહીં)" અર્થમાં છે. यथा અને सूत्र નામનો આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો છે. અકારાન્ત અવ્યયીભાવ સમાસ થયો તેથી ૩-૨-૨ થી સ્યાદિનો अम् થયેલો છે.

**अथेति किम् ?** यथा चैत्रः तथा मैत्रः - અહીં प्रकारे था ૭-૨-૧૦૨ થી था પ્રત્યય લાગેલો છે. તેથી આ સૂત્રથી અવ્યયીભાવ સમાસ થયો નથી.

## गति-क्वन्यस्तत्पुरुषः । ३-१-४२.

**અર્થ:-** ગતિસંજ્ઞક નામ અને कु નામ (અવ્યય) કોઈપણ નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે. જો બહુવ્રીહિ આદિ અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો.

**સૂત્ર સમાસ:-** गतयश्च कुश्च एतयोः समाहारः-गतिकु (સમા.દ્વ.)

**વિવેચન:-** उरीकृत्य, खाट्कृत्य - उरी અને खाट् અવ્યયને उर्याद्यनु... ૩-૧-૨ થી ગતિસંજ્ઞા થવાથી આ સૂત્રથી उरी અને कृत्य નામનો તેમજ खाट् અને कृत्य નામનો તત્પુરૂષ સમાસ થયો છે.

- प्रकृत्य - प्र ને धातोः... ૩-૧-૧ થી ઉપસર્ગસંજ્ઞા થવાથી उर्याद्य... ૩-૧-૨ થી ગતિસંજ્ઞા થવાથી આ સૂત્રથી प्र અને कृत्य નામનો તત્પુરૂષ સમાસ થયો છે.

- कारिकाकृत्य - कारिका નામને ૩-૧-૩ થી ગતિસંજ્ઞા થવાથી આ સૂત્રથી कारिका અને कृत्य નામનો તત્પુરૂષ સમાસ થયો છે.

- कुब्राह्मणः, कोष्णम् - અહીં कु નામનો ब्राह्मण અને उष्ण નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**अन्य इति किम् ?** कुपुरुषः - અહીં कु અને पुरुष નામનો एकार्थं..૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયેલો હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

**પ્રશ્ન:-** સૂત્રમાં अन्य શા માટે ગ્રહણ કર્યું છે ?

**જવાબઃ-** अन्य નું ગ્રહણ કરીને જણાવ્યું કે આ સૂત્ર उर्याद्यनु..... ૩-૧-૨ સૂત્રથી પરસૂત્ર છે. તેથી ગતિસંજ્ઞક નામો અને कु નામને બીજા નામની સાથે માત્ર તત્પુરૂષ સમાસ થાય એટલું જ નહિં પણ બહુવ્રીહિ કે અવ્યયીભાવનું લક્ષણ લાગુ પડતું હોય તો આ સૂત્ર પરસૂત્ર હોવા છતાં પણ બહુવ્રીહિ અને અવ્યયીભાવ સમાસ થશે. અને એનું લક્ષણ લાગુ ન પડતું હોય ત્યારે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થશે.

## दुर्निन्दा-कृच्छ्रे । ३-१-४३.

**અર્થઃ-** બહુવ્રીહિ આદિ અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો નિન્દા અને કૃચ્છ્ર (પાપ અને કષ્ટ) અર્થમાં વર્તતું दूर् નામ કોઈપણ નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** निन्दा च कृच्छ्रम् च एतयोः समाहारः-निन्दाकृच्छ्रम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** दुष्पुरुषः - અહીં નિન્દા અર્થમાં વર્તતાં दुर् નામનો पुरुष નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- दुष्कृतम् - અહીં કષ્ટ કે પાપ અર્થમાં વર્તતાં दूर् નામનો कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**अन्य इति किम् ?** दुष्पुरुषकः - અહીં બહુવ્રીહિ સમાસ થયેલો હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસની પ્રાપ્તિ હોવા છતાં નહિં થાય.

## सुः पूजायाम् । ३-१-४४.

**અર્થઃ-** જો બહુવ્રીહિ આદિ અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો પૂજાર્થક सु નામ કોઈપણ નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ-** सुराजा - અહીં પૂજાર્થક सु નામનો राजन् નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં राजन् सखेः ૭-૩-૧૦૬ થી अट् સમાસાન્ત થઈ अवर्णे.... ૭-૪-૬૮ થી अन् નો લોપ થઈ सुराजः સમાસ બનત. પણ पूजास्वतेः.... ૭-૩-૭૨ થી સમાસાન્ત કરવાનો

નિષેધ કરેલો હોવાથી सुराजा બન્યું.

**अन्य इति किम् ?** सुमद्रम् - विभक्ति..... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

**પ્રશ્નઃ-** सु અવ્યયને ઉપસર્ગ ગણીને एकार्थं.... ૩-૧-૨૨ થી સમાસ થઈ જ જાત તો આ સૂત્ર જુદુ શા માટે કર્યું ?

**જવાબઃ-** धातोः... ૩-૧-૧ સૂત્રમાં પૂજાર્થક सु અવ્યયને ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ કરેલો છે. અને સમાસ કરવો છે તેથી સૂત્ર જુદુ બનાવ્યું.

જો सु અવ્યયને ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ ન કર્યો હોત તો स्था सेनि... ૨-૩-૪૦ થી सुसिक्तम् ના स् નો ष् થઈને सुषिक्तम् એવું અનિષ્ટ રૂપ થઈ જાત. આવું ન થાય અને सुसिक्तम् રૂપ સિદ્ધ થઈ શકે માટે सु ને ઉપસર્ગસંજ્ઞાનો નિષેધ કર્યો છે.

## अतिरतिक्रमे च । ३-१-४५.

**અર્થઃ-** બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો અતિક્રમ અને પૂજા અર્થમાં વર્તતું अति અવ્યય કોઈપણ નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ-** अतिस्तुत्यः- અહીં अति "અતિક્રમ" અર્થમાં છે તેથી अति અને स्तुत्य નામનો આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- अतिराजा - અહીં अति "પૂજા" અર્થમાં છે. તેથી अति અને राजन् નામનો આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. राजन्... ૭-૩-૧૦૬ થી अट् સમાસાન્ત થતો હતો તેનો पूजास्वतेः...૭-૩-૭૨ થી નિષેધ થયો છે. તેથી अतिराजन् રહ્યું તેમાં न् નો લોપ नाम्नो...૨-૧-૯૧ થી થવાથી अतिराजा સમાસ થયો.

च થી पूजायाम् શબ્દનો ઉપરના સૂત્રમાંથી આ સૂત્રમાં સમુચ્ચય કર્યો છે.

## आङल्पे । ३-१-४६.

**અર્થઃ-** બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો અલ્પ અર્થમાં વર્તતું आङ् અવ્યય કોઈપણ નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ-** आकडारः - અલ્પ અર્થમાં વર્તતાં आङ् અવ્યયનો कडार નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

## प्रात्यव-परि-निरादयो गत-क्रान्त-क्रुष्ट-ग्लान-क्रान्ताद्यर्थाः प्रथमाद्यन्तैः । ३-१-४७.

**અર્થઃ-** જો બહુવ્રીહિ આદિ સમાસની પ્રાપ્તિ ન હોય તો गत આદિ અર્થમાં રહેલાં प्र વગેરે નામ પ્રથમાન્ત નામની સાથે, क्रान्त વગેરે અર્થમાં રહેલાં अति વગેરે નામ દ્વિતીયાન્ત નામની સાથે, क्रुष्ट વગેરે અર્થમાં રહેલાં अव વગેરે નામ તૃતીયાન્ત નામની સાથે, ग्लान વગેરે અર્થમાં રહેલાં परि વગેરે નામ ચતુર્થ્યન્ત નામની સાથે, અને क्रान्त વગેરે અર્થમાં રહેલાં निर् વગેરે નામ પંચમ્યન્ત નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** प्रश्च अतिश्च अवश्च परिश्च निर् चं - प्रात्यवपरिनिरः (ઇ.દ્વ)

प्रात्यवपरिनिरः आदयः येषां ते - प्रात्यवपरिनिरादयः (બહુ.)

गतश्च क्रान्तश्च क्रुष्टश्च ग्लानश्च क्रान्तश्च-गतक्रान्तक्रुष्टग्लानक्रान्ताः (ઇ.દ્વ.)

गतक्रान्तक्रुष्टग्लानक्रान्ताः आदिः अर्थः येषां ते - गतक्रान्तक्रुष्टग्लानक्रान्ताद्यर्थाः (બહુ.)

प्रथमा आदिः यासां ताः- प्रथमादयः (બહુ.)

प्रथमादयः अन्ते येषां ते - प्रथमाद्यन्ताः, तैः (બહુ.)

**વિવેચનઃ-** प्राचार्यः, समर्थः - અહીં प्र અને सम् નામનો પ્રથમાન્ત એવા आचार्य અને अर्थ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- अतिखट्वः, उद्वेलः - અહીં अति અને उद् નામનો દ્વિતીયાન્ત એવા खट्वा અને वेला નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.
- अवकोकिलः, परिविरुत् - અહીં अव અને परि નામનો તૃતીયાન્ત એવા कोकिला અને विरुत् નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.
- पर्यध्ययनः, उत्सङ्ग्रामः - અહીં परि અને उद् નામનો ચતુર્થ્યન્ત એવા

अध्ययन અને सङ्ग्राम નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- निष्कौशाम्बिः, अपशाखः - અહીં निर् અને अप નામનો પંચમ્યન્ત એવા कौशाम्बी અને शाखा નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

બહુલાધિકાર હોવાથી ક્વચિત્ ષષ્ઠયન્ત નામની સાથે પણ સમાસ થાય છે. દા.ત. अन्तर्गार्ग्यः અહીં अन्तर् નામનો ષષ્ઠયન્ત એવા **ગાર્ગ્ય** નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**गताद्यर्था इति किम्** ? वृक्षं प्रति विद्युत् - અહીં प्रति નામ આ સૂત્રમાં બતાવેલ એકપણ અર્થમાં વર્તતો નથી. પણ લક્ષણ લક્ષ્યભાવ અર્થમાં છે. તેથી આ સુત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

**अन्य इत्येव** - प्राचार्यकः देशः - અહીં બહુવ્રીહિ સમાસની પ્રાપ્તિ હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

### अव्ययं प्रवृद्धादिभिः । ३-१-४८.

**અર્થ:-** બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો અવ્યય નામ प्रवृद्ध વગેરે નામોની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** प्रवृद्धः आदिः येषां तानि - प्रवृद्धादीनि, तैः (બહુ.)

**વિવેચન:-** पुनःप्रवृद्धम् - અહીં पुनः અવ્યયનો प्रवृद्ध નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- अन्तर्भूतः - અહીં अन्तर् અવ્યયનો भूत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**પ્રશ્ન:-** અહીં સમાસ કરો કે ન કરો બધું સરખું જ છે, કેમકે વિગ્રહવાક્ય જેવું છે તેવું જ સમાસમાં લાગે છે. તો સમાસ કરવાથી ફાયદો શું?

**જવાબ:-** સમાસ કરવાથી એકત્વપદ થઈ શકે છે. એકત્વપદ થવાથી જો अण् પ્રત્યય લાગે તો હવે पुनः ના पु માં રહેલ उ ની વૃદ્ધિ થશે. જો સમાસ ન કર્યો હોત તો प्रवृद्ध ના प्र માં રહેલા अ ની વૃદ્ધિ થાત.

આ જ સમાસ કરવાથી ફાયદો થયો છે. अन्तर्भूत વગેરે દરેક સમાસોમાં આજ પ્રમાણે થશે.

## ङस्युक्तं कृता । ३-१-४९.

**અર્થઃ-** आतुमो..... ૫-૧-૧ થી शक... ૫-૪-૯૦ तुम् સુધીના જે कृत् પ્રત્યયો છે. તે कृत् પ્રત્યયમાં વિધાન કરાએલા સૂત્રોમાં જે નામો ङसि (પંચમી) થી નિર્દેશ કરાએલા છે. તે નામો ङस्युक्त નામો કહેવાય છે.

બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો ङस्युक्त નામ कृत् પ્રત્યયાન્ત નામની સાથે નિત્ય તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** ङसिना उक्तं - ङस्युक्तं (તૃ. તત્પુ.)

**વિવેચનઃ-** कुम्भकारः- અહીં कृ ધાતુને **कर्मणोऽण्** ૫-૧-૭૨ થી अण् લાગીને સમાસ થયો છે. अण् પ્રત્યય લાગવાથી વૃદ્ધિ થઈ તેથી कार શબ્દ બન્યો. એ સૂત્રમાં **कर्मणः** એ ङसि થી ઉક્ત નામ હોવાથી कुम्भ નામનો कृत्પ્રત્યયાન્ત कार નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**ङस्युक्तमिति किम् ?** अलंकृत्वा = કરવાથી સર્યું. અહીં **निषेधे**.....૫-૪-૪૪ થી त्वा પ્રત્યય कृत् પ્રત્યય છે. પણ એ સૂત્રમાં अलम् નામ ङस्युक्त નથી પણ સપ્તમ્યુક્ત છે. તેથી अलम् નામનો कृत्वा કૃદન્તની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

**कृतेति किम् ?** धर्मो वो रक्षतु = ધર્મ તમારૂં રક્ષણ કરો. અહીં पदाद्.....૨-૧-૨૧ થી युष्मान् નો वस् આદેશ થયો છે. તે कृत् પ્રત્યયાન્ત નથી તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

## तृतीयोक्तं वा । ३-१-५०.

**અર્થઃ-** दंशेस्तृतीयया ૫-૪-૭૩થી आनु... ૫-૪-૮૮ સુધીના कृत् પ્રત્યયોનું વિધાન કરનાર સૂત્રોમાં તૃતીયા વિભક્તિથી જેનો નિર્દેશ છે. તે તૃતીયોક્ત નામ कृत्પ્રત્યયાન્ત નામની સાથે બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો વિકલ્પે તત્પુરૂષ સમાસ પામે છે.

वा-શબ્દ નિત્યસમાસની નિવૃત્તિ માટે છે. તેથી હવે પછીના સૂત્રોમાં વિકલ્પપક્ષમાં વાક્ય પણ રહેશે.

**સૂત્ર સમાસઃ**- तृतीयया उक्तम् - तृतीयोक्तम्. (તૃ.તત્પુ.)

**વિવેચનઃ**- मूलकोपदंशम्, मूलकेन उपदंशं भुङ्क्ते - उपदंश નામને દંશે... ૫-૪-૭૩ થી णम् (अम्) પ્રત્યય થાય છે. એ સૂત્રમાં मूलक નામનો તૃતીયા વિભક્તિથી નિર્દેશ હોવાથી તૃતીયોક્ત मूलक નામનો उपदंशं કૃદન્ત નામની સાથે આ સૂત્રથી વિકલ્પે તત્પુરૂષ સમાસ થયો. જ્યારે સમાસ ન થયો ત્યારે વાક્ય પણ રહ્યું.

णम् પ્રત્યયાન્ત નામ क्त्वातुमम् ૧-૧-૩૫ થી અવ્યય છે.

ઉપરનાં ङस्युक्तं कृता સૂત્રની સાથે तृतीयोक्त લઈને "ङसितृतीयोक्तं कृता" એવું સૂત્ર બનાવ્યું હોત તો ચાલત. છતાં પણ જુદુ બનાવ્યું તેથી સમજાય છે કે જ્યારે ङस्युक्त નામનો કૃત્ પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થાય તો નિત્ય સમાસ થાય અને तृतीयोक्त નામનો કૃત્ પ્રત્યયાન્ત નામની સાથે સમાસ થાય તો વિકલ્પે સમાસ થાય.

## नञ् । ३-१-५१.

**અર્થઃ**- બહુવ્રીહિ વગેરે અન્ય સમાસની પ્રાપ્તિ ન હોય તો नञ् નામ કોઈપણ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ**- अगौः- न અને गो નામનો આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- असूर्यंपश्या - આવા સમાસો થાય નહિં. કારણ કે સમાસ એક નામનો બીજા નામની સાથે થાય છે. त्याद्यन्त ની સાથે સમાસ ન થાય. છતાં લોકમાં આ રીતે પ્રસિદ્ધ હોવાથી સમાસ કર્યો છે. पश्यन्ति ની સાથે સંબંધ હોય ત્યારે જ આ સમાસ થાય છે.

नञ् બે પ્રકારના છે. (૧) प्रसज्यनञ् (૨) पर्युदासनञ्.

(૧) प्रसज्यनञ् - આ નય ફક્ત નિષેધ જ કરે છે.

(૨) पर्युदासनञ् - આ નય સદશ વગેરેનું ગ્રહણ કરે છે. આ સૂત્રમાં પર્યુદાસનઞ્ નું ગ્રહણ કરેલ છે. પર્યુદાસનઞ્ પણ ચાર પ્રકારે છે.

(૧) તત્સદૃશ, (૨) તદ્વિરુદ્ધ, (૩) તદન્ય અને (૪) તદભાવ.

(૧) तत्सदृशः- તેના જેવું.

अब्राह्मणः - બ્રાહ્મણ નહીં એટલે ક્ષત્રિયાદિ.

अगौः - ગાય નહીં એટલે ગવયાદિ.

अशुक्लः - શુક્લ નહીં એટલે પીતાદિ.

(૨) तद्विरुद्धः - તેનો વિરોધી.

अधर्मः - ધર્મ નહીં તે એટલે પાપ.

असितः - સફેદ નહીં તે એટલે કૃષ્ણ.

(૩) तदन्यः - તેનાથી અન્ય. કંઈપણ.

अनग्निः - અગ્નિ નહીં એટલે અન્ય તૃણ વગેરે કંઈપણ

अवायुः - વાયુ નહીં એટલે તેનાથી અન્ય કંઈપણ.

(૪) तदभावः - તેનો અભાવ.

अवचनम् - વચન નહીં એટલે વચનાભાવ.

अवीक्षणम् - જોવું નહીં એટલે દર્શનાભાવ.

## पूर्वाऽपरा-ऽधरोत्तरमभिन्नेनांशिना । ३-१-५२.

**અર્થઃ**- અંશવાચક पूर्व, पर, अधर અને उत्तर નામ તેનાથી અભિન્ન એવા અંશિવાચક નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- पूर्वश्च अपरश्च अधरश्च उत्तरश्च एतेषां समाहारः- पूर्वापराधरोत्तरम्. (સમા.દ્વ.) अंशः अस्य अस्ति - अंशी, तेन.

न भिन्नः - अभिन्नः, तेन (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ**- पूर्वकायः- અહીં पूर्व શબ્દ અંશવાચક છે. અને काय એ અંશીવાચક નામ છે. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- એજ પ્રમાણે अपरकायः, अधरकायः અને उत्तरकायः સમાસ આ

સૂત્રથી થશે.

**अभिन्नेनेति किम्** ? पूर्वं छात्राणाम् आमन्त्रयस्व = પૂર્વ છાત્રોને આમંત્રણ આપ. અહીં પૂર્વ શબ્દ અંશવાચક છે. પણ छात्र શબ્દ અભિન્ન અંશિવાચક નથી. કારણ કે પૂર્વ છાત્રથી બીજા છાત્રો ભિન્ન છે. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

**अंशिनेति किम्** ? पूर्वः नाभेः कायस्य = નાભીથી શરીરનો પૂર્વભાગ. અહીં અવધિવાચક નાભિ નામનો અંશવાચક પૂર્વ નામની સાથે આ સૂત્રથી સમાસ થતો નથી.

પૂર્વાદિ શબ્દો દિશાવાચક દેખાતે છતે પણ અહીં અવયવ વાચક નામો હોવાથી તેના યોગમાં प्रभृत्य... ૨-૨-૭૫ થી પંચમી વિભક્તિ થઈ નથી.

અંશિ તત્પુરૂષ સમાસ એ ષષ્ઠીતત્પુરૂષ સમાસનો બાધક છે. ષષ્ઠી તત્પુરૂષ સમાસ કર્યો હોત તો ષષ્ઠ્યન્ત નામ પૂર્વપદમાં આવે. અને અંશિતત્પુરૂષ સમાસ કર્યો તેથી અંશવાચક નામ પૂર્વમાં આવ્યું છે.

## सायाह्नादयः । ३-१-५३.

**અર્થ:-** सायाह्न વગેરે અંશિ તત્પુરૂષ સમાસ નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ:-** सायाह्नः आदिः येषां ते - सायाह्नादयः (બહુ.)

**વિવેચન:-** सायाह्नः, मध्यन्दिनम् - सायम् અને मध्य નામનો अह्न અને दिन નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

सायम् ના म् નો લોપ અને मध्यम् માં म् નો આગમ નિપાતનના કારણે થાય છે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે.

આ સૂત્ર ષષ્ઠીતત્પુરૂષ સમાસના બાધ માટે છે.

## समेंऽशेऽर्द्धं नवा। ३-१-५४.

**અર્થ:-** સમાન (સરખા) અંશવાચક अर्द्ध નામ તેનાથી અભિન્ન અંશિવાચક નામની સાથે વિકલ્પે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ**- अर्द्धपिप्पली, पिप्पल्यर्द्धम् = પિપ્પલી (પીપર) ના સરખાં ભાગ. અહીં अर्द्ध શબ્દનો पिप्पली શબ્દની સાથે આ સૂત્રથી વિકલ્પે તત્પુરૂષ સમાસ થાય છે. વિકલ્પપક્ષમાં ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય છે. જ્યારે આ સૂત્રથી અંશિ તત્પુરૂષ સમાસ થાય ત્યારે अर्द्ध શબ્દ સૂત્રમાં પ્રથમોક્ત હોવાથી **प्रथमोक्तं**.....૩-૧-૧૪૮ થી પૂર્વપદમાં આવે છે. અને જ્યારે ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય ત્યારે षष्ठ्य... ૩-૧-૭૬ સૂત્રમાં ષષ્ઠ્યન્ત નામ પ્રથમોક્ત છે તેથી ષષ્ઠ્યન્ત पिप्पली શબ્દ પૂર્વપદમાં આવે છે.

**समेंश इति किम् ?** ग्रामार्द्धः = ગામનો અડધો ભાગ. અહીં ग्राम શબ્દ સરખો ભાગ કરવા યોગ્ય પદાર્થ નથી. તેથી આ સૂત્રથી અંશિ તત્પુરૂષ સમાસ ન થતાં षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે.

## जरत्यादिभिः । ३-१-५५.

**અર્થઃ**- અંશવાચક अर्द्ध નામ जरती વગેરે અભિન્ન અંશિવાચક નામની સાથે વિકલ્પે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- जरती आदिः येषां ते - जरत्यादिः, तैः (બહુ.)

**વિવેચનઃ**- अर्द्धजरती, जरत्यर्द्धः - અહીં અશંવાચક अर्द्ध નામનો जरती નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ વિકલ્પે થયો છે. જ્યારે આ સૂત્રથી સમાસ ન થાય ત્યારે षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરુષ સમાસ થયો છે.

- अर्द्धोक्तम्, उक्तार्द्धः - અહીં અંશવાચક अर्द्ध શબ્દનો उक्त નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી સમાસ ન થાય ત્યારે षष्ठ्य..... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે.

૩-૧-૫૪ સૂત્રમાં કહ્યા પ્રમાણે આ સૂત્રથી અંશિતત્પુરૂષ સમાસ થાય ત્યારે अर्द्ध શબ્દ પૂર્વપદમાં આવે અને ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય ત્યારે जरती અને उक्त નામ પૂર્વપદમાં આવે છે.

## द्वि-त्रि-चतुष्पूरणा-ऽग्रादयः । ३-१-५६.

**અર્થ**:- પૂરણ પ્રત્યયાન્ત द्वि, त्रि અને चतुर् નામ તેમજ अग्र વગેરે નામ તેના અભિન્ન અંશિવાચક નામની સાથે વિકલ્પે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- द्विश्च त्रिश्च चत्वारश्च - द्वि-त्रिचत्वारः (ઇ.દ્વ.)

द्वित्रिचत्वारश्च ते पूरणाश्च - द्वित्रिचतुष्पूरणाः (કર્મ.)

अग्रः आदिः येषां ते - अग्रादयः (બહુ.)

द्वित्रिचतुष्पूरणाश्च अग्रादयश्च - द्वित्रिचतुष्पूरणाग्रादयः (ઇ.દ્વ.)

**વિવેચન**:- द्वितीयभिक्षा-भिक्षाद्वितीयम्, तृतीयभिक्षा - भिक्षातृतीयम्, तुर्यभिक्षा - भिक्षातुर्यम् - અહીં द्वितीय, तृतीय અને तुर्य એ પૂરણપ્રત્યયાન્ત નામનો भिक्षा નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રનાં વિકલ્પપક્ષમાં षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે.

- अग्रहस्तः-, हस्ताग्रः, तलपादः-पादतलम् - આ સૂત્રથી अग्र અને तल નામનો हस्त અને पाद નામની સાથે તત્પુરૂષ સમાસ થયો છે અને વિકલ્પપક્ષમાં षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે.

  ૩-૧-૫૪ સૂત્રમાં કહ્યા પ્રમાણે આ સૂત્રથી સમાસ થાય ત્યારે द्वितीय, तृतीय, तुर्य, अग्र અને तल વગેરે નામો પૂર્વપદમાં આવે છે. અને જયારે ષષ્ઠી તત્પુરૂષ સમાસ થાય ત્યારે भिक्षा, हस्त અને पाद શબ્દ પૂર્વપદમાં આવે છે.

  द्वितीयः- द्वेस्तीयः- ૭-૧-૧૬૫ થી द्वि ને तीय પ્રત્યય થયો છે.

  तृतीयः- त्रेस्तृच- ૭-૧-૧૬૬ થી त्रि ને तीय પ્રત્યય થયો છે. અને त्रि નો तृ આદેશ થયો છે.

  तुर्यः- येयौ च... ૭-૧-૧૬૪ થી चतुर् નું तुर्य થયું છે.

  આ સૂત્રમાં નિત્ય નો અધિકાર ન હોવાથી વિકલ્પપક્ષમાં વાક્ય તો સિદ્ધ જ હતું પરંતુ वा ની અનુવૃત્તિ વિકલ્પપક્ષમાં ષષ્ઠી તત્પુરૂષ સમાસની પ્રાપ્તિ માટે છે. તેથી तृप्तार्थ...૩-૧-૮૫ સૂત્રમાં પૂરણ

પ્રત્યયાન્ત નામનો ષષ્ઠી તત્પુરૂષ સમાસનો નિષેધ હોવા છતાં વિકલ્પ પક્ષમાં षष्ठ्य... ૩-૧-૭૬ થી સમાસ થયો.

## कालो द्विगौ च मेयैः । ३-१-५७.

**અર્થ:-** એકવચનાન્ત કાલવાચી નામ તેમજ દ્વિગુનો વિષય હોય એવા કાલવાચી નામ મેયવાચક (માપવા યોગ્ય) નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે. (દ્વિગુના વિષયવાળુ કાલવાચક નામ - એક-દ્વિ કે બહુવચનાન્ત હોય તો પણ સમાસ થાય છે.)

**વિવેચન:-** मासजातः - એકવચનાન્ત કાલવાચક मास નામનો મેયવાચક जात નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- एकमासजातः- एकमास એ દ્વિગુ સમાસ વિષયક કાલવાચક નામનો મેયવાચક जात નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- द्व्यह्नसुप्तः-द्व्यह्न એ દ્વિગુ સમાસ વિષયક કાલવાચક નામનો મેયવાચક सुप्त નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. द्वि અને अह्न નો દ્વિગુસમાસ છે. અને દ્વિગુસમાસમાં सर्वांश... ૭-૩-૧૧૮ થી अट् સમાસાન્ત અને अहन् નું अह्न થયું છે.

**काल इति किम् ?** द्रोणो धान्यस्य = ધાન્ય માંપવાનું સાધન દ્રોણ. અહીં દ્રોણ એ મેયવાચક નામ છે. પણ ધાન્ય શબ્દ કાલવાચક નથી તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

प्रथमोक्तं.... ૩-૧-૧૪૮ થી ષષ્ઠ્યન્ત નામ પૂર્વમાં આવવાનું હતું. તેના બદલે કાલવાચક નામને પૂર્વમાં લાવવા માટે આ સૂત્રની રચના છે.

દ્વિગુ સમાસમાં આવેલા કાલવાચી નામને પૂર્વમાં લાવવા માટે આ સૂત્રની રચના છે નહીં તો जातैकमासः એ પ્રમાણે સમાસ થઈ જાત.

આ સૂત્રમાં કાલવાચક અને મેયવાચક એ પ્રમાણે જુદા અર્થનું ગ્રહણ હોવાથી અંશવાચક અને અંશિવાચક નામની નિવૃત્તિ-થાય છે તેની સાથે नवा ની પણ નિવૃત્તિ થાય છે.

## स्वयं - सामी क्तेन । ३-१-५८.

**અર્થ**:- स्वयम् અને सामि અવ્યય क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- स्वयं च सामि च - स्वयंसामी (ઇ.દ્વ.)

**વિવેચનઃ- स्वयंधौतम्** - स्वयं અવ્યયનો क्त પ્રત્યયાન્ત धौत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. स्वयं અવ્યયના म् નો લોપ સૂત્ર સામર્થ્યથી જ થયો નથી.

- सामिकृतम् - सामि અવ્યયનો क्त પ્રત્યયાન્ત कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં સમાસ કરીએ કે ન કરીએ બંને સરખું હોવા છતાં સમાસ કર્યો છે તેથી એકત્વપદ થાય અને તદ્ધિતના अण् વગેરે પ્રત્યયો લાગે તો પૂર્વપદની જ વૃદ્ધિ થઈ શકે.

**क्तेनेति किम् ?** स्वयं कृत्वा = પોતે કરીને. અહીં स्वयम् અવ્યય છે પણ कृ ધાતુ क्त પ્રત્યયાન્ત નથી પણ क्त्वा પ્રત્યયાન્ત છે તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી. તેજ રીતે सामि कृत्वा = અડધું કરીને.

## द्वितीया खट्वा क्षेपे । ३-१-५९.

**અર્થ**:- નિન્દા અર્થ ગમ્યમાન હોય તો દ્વિતીયા વિભક્ત્યન્ત खट्वा નામ क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

વિવેચનઃ- खट्वारूढः- અહીં खट्वा અને आरूढ નામનો આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. સમાસ હોવાથી જ તેનો અર્થ "લુચ્ચો" થાય છે.

**क्षेप इति किम् ?** खट्वाम् आरूढः पिता अध्यापयति = ખાટલા ઉપર ચડીને પિતા ભણાવે છે. અહીં खट्वा એ દ્વિતીયા વિભક્ત્યન્ત હોવા છતાં ક્ષેપ (નિન્દા) અર્થ ગમ્યમાન નથી. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

સમાસ વિના નિન્દા અર્થ ગમ્યમાન થતો નથી. તેથી અહીં નિત્ય સમાસ જ કરવો. વાક્ય રાખવું નહીં. જો સમાસ ન હોય અને વાક્ય હોય તો તેનો અર્થ જૂદો થાય છે. ઉદાહરણ અને પ્રતિઉદાહરણની જેમ.

## कालः । ३-१-६०.

**અર્થ:-** કાલવાચક દ્વિતીયા વિભક્ત્યન્ત નામ क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચન:-** रात्र्यारूढाः - દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક रात्रि નામનો क्त પ્રત્યયાન્ત आरूढ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- अहरतिसृताः - દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક अहन् નામનો क्त પ્રત્યયાન્ત अतिसृत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં વિભક્તિનો લોપ થયા પછી रोलुप्यरि ૨-૧-૭૫ થી न् નો र् થાય છે તે र् જ રહે છે. તેનો કોઈ ફેરફાર થતો નથી. જો એમ ન થાય તો अहोऽतिसृताः આવો અનિષ્ટ પ્રયોગ થાય.

## व्याप्तौ । ३-१-६१.

**અર્થ:-** ગુણ, ક્રિયા અને દ્રવ્ય સાથેના અત્યંત સંયોગને વ્યાપ્તિ કહેવાય છે. તે વ્યાપ્તિ રૂપ અર્થમાં काल અને अध्ववाचि ગૌણ નામને काला... ૨-૨-૪૨ થી દ્વિતીયા વિભક્તિ થાય છે.

તે વ્યાપ્તિમાં વિધાન કરાએલ દ્વિતીયા વિભક્ત્યન્ત નામ વ્યાપકવાચક નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

સૂત્ર જુદુ કરવાથી क्तेन ની નિવૃત્તિ થઈ છે.

**વિવેચન:-** मुहूर्तसुखम् - દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક मुहूर्त નામનો ગુણવાચક વ્યાપક એવા सुख નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- क्षणपाठः- દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક क्षण નામનો ક્રિયાવાચક

વ્યાપક એવા પાઠ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- दिनगुडः - દ્વિતીયા વિભક્ત્યન્ત કાલવાચક दिन નામનો દ્રવ્યવાચક વ્યાપક એવા गुड નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**व्याप्ताविति किम् ?** मासं पूरको याति = મહિનો પૂર્ણ કરનાર જાય છે. અહીં पूरक શબ્દને णकच् પ્રત્યય લાગેલો છે તેથી तृन्नुदन्ता... ૨-૨-૯૦ થી ષષ્ઠી વિભક્તિનો નિષેધ કર્યો છે. દ્વિતીયા તો થઈ છે. પણ વ્યાપ્તિના અર્થમાં દ્વિતીયા નથી.

## श्रितादिभिः । ३-१-६२.

**અર્થ**:- દ્વિતીયા વિભક્ત્યન્ત નામ श्रित વગેરે નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- श्रितम् आदौ येषां ते - श्रितादयः, तैः (બહુ.)

**વિવેચન**:- धर्मश्रितः - દ્વિતીયા વિભક્ત્યન્ત धर्म નામનો श्रित નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- शिवगतः- દ્વિતીયા વિભક્ત્યન્ત शिव નામનો गत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં धर्मः श्रितः अनेन - धर्मश्रितः એ પ્રમાણે બહુવ્રીહિ સમાસ સિદ્ધ જ હતો. પણ જ્યાં સમાસના અર્થમાં વિગ્રહના ભેદથી તત્પુરૂષ સમાસ અને બહુવ્રીહિ સમાસ બંને સમાસની પ્રાપ્તિ હોય ત્યાં તત્પુરૂષ સમાસનું જ કાર્ય થાય. બહુવ્રીહિ સમાસનું ન થાય. તેથી राज्ञः सखा - राजसखः સમાસ થશે પણ બહુવ્રીહિ સમાસ નહીં થાય.

સૂત્ર બ.વ.માં છે. તેથી बहुवचनम् आकृतिगणार्थम्. બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે. તેથી ओदनबुभुक्षुः, हिताशंसुः, तत्त्वबुभुत्सुः, सुखेच्छुः એ પ્રમાણે પણ સમાસો થશે.

## प्राप्ताऽऽपन्नौ तया-ऽच्च । ३-१-६३.

**અર્થ**:- प्राप्त અને आपन्न એ પ્રથમાન્ત નામ દ્વિતીયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે. સમાસના યોગમાં प्राप्त અને आपन्न નામના

અન્ત્યવર્ણનો अत् થાય છે.

**સૂત્ર સમાસ**:- प्राप्तश्च आपन्नश्च - प्राप्तापन्नौ. (ઇ.દ્વ.)

**વિવેચન**:- प्राप्तजीविका - પ્રથમાન્ત એવા प्राप्त નામનો દ્વિતીયાન્ત એવા जीविका નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- आपन्नजीविका - પ્રથમાન્ત એવા आपन्न નામનો દ્વિતીયાન્ત એવા जीविका નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

प्रथमोक्तं... ૩-૧-૧૪૮ થી प्राप्त અને आपन्न નામનો સમાસમાં પૂર્વપ્રયોગ થાય છે. અહીં ઉપરના श्रितादिभिः સૂત્રથી તત્પુરૂષ સમાસ થવાની પ્રાપ્તિ હતી. છતાં આ સૂત્ર જુદુ બનાવ્યું તેથી प्राप्त અને आपन्न નામ પૂર્વમાં આવ્યાં. જો ઉપરના સૂત્રથી સમાસ કર્યો હોત તો સમાસ તો થાત જ પણ प्राप्तजीविका, आपन्नजीविका ને બદલે जीविकाप्राप्ता, जीविकापन्ना સમાસ થાત પણ ઇષ્ટ સમાસ ન થાત તેથી સૂત્ર જુદુ બનાવ્યું.

## ईषद् गुणवचनैः । ३-१-६४.

**અર્થ**:- ईषद् અવ્યય ગુણવચન નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે. જે ગુણમાં વર્તીને તેના યોગથી ગુણીમાં વર્તે ,તે ગુણવચન કહેવાય.

**વિવેચન**:- ईषत्पिङ्गलः - અહીં ईषद् અવ્યયનો ગુણવચન पिङ्गल નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- ईषद्रक्तः - અહીં ईषद् અવ્યયનો ગુણવચન रक्त નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં पिङ्गल અને रक्त નામો ગુણ અને ગુણી બન્નેમાં રહે છે તેથી તે ગુણવચન કહેવાય છે.

વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ માત્ર ગુણને જ બતાવે છે અને ગુણવચન તેના ઉત્તરભેદને બતાવે છે.

સૂત્રમાં गुणैःને બદલે गुणवचनैः લખ્યું છે એટલે ત્યાં ગુણવચનની વ્યાખ્યા બાંધવામાં આવી છે કે જે ગુણમાં રહીને ગુણીમાં વર્તે તે

ગુણવચન કહેવાય. એનો ભાવ એ કે ગુણના પેટાભેદ પહેલાં મૂળગુણમાં આવે અને પછી મૂળગુણ દ્રવ્યમાં આવે. એનો અર્થ એ થયો કે ईषद् અવ્યયનો મૂળભેદની સાથે સમાસ ન કરતાં તેનો પેટાભેદની સાથે સમાસ કરવો છે. એટલે કે ईषद्रुपम् ન કરતાં ईषद्रक्तः કરવું છે. દા.ત. લાલ કપડું, શ્યામ ઘોડો અહીં લાલ અને શ્યામ એ બે ગુણ છે. તેમાં લાલત્ત્વ અને શ્યામત્ત્વ રહેલું છે એમાં રહીને પછી કપડામાં અને ઘોડામાં રહે છે.

**गुणवचनैरिति किम् ? ईषद् गार्ग्यः** - અહીં गार्ग्य એ વૃદ્ધ પ્રત્યયાન્ત નામ છે. પણ ગુણવચન નામ નથી તેથી **ईषद्** અવ્યયનો गार्ग्य નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

**પ્રશ્ન:-** ईषद्रक्तः સમાસ થાય અને ईषद्रुपम् સમાસ કેમ ન થાય ?

**જવાબ:-** ન થાય. કારણ કે મૂળભેદમાં એટલે રૂપમાં થોડું-ઘણું એવું કાંઈ ન હોઈ શકે કારણ કે તે સામાન્ય છે. રક્તપણું ઓછું-વત્તું હોઈ શકે.

## तृतीया तत्कृतैः । ३-१-६५.

**અર્થ:-** તૃતીયાન્ત નામ (તેનાથી) તૃતીયાન્ત નામના અર્થથી કરેલાં ગુણવચન નામની સાથે ઐકાર્થ્યમાં તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** तेन कृताः- तत्कृता, तैः (તૃ. તત્પુ.)

**વિવેચન:-** शङ्कुलाखण्डः - અહીં शङ्कुला એ તૃતીયાન્ત નામ છે અને તેના વડે કરાએલ खण्ड એ ગુણવચન નામ છે તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં કરણમાં તૃતીયા થઈ છે.

- मदपटुः- અહીં मद એ તૃતીયાન્ત નામ છે. તેના વડે કરાએલ पटु એ ગુણવચન નામ છે. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં હેતુમાં તૃતીયા થઈ છે.

અહીં कृत એ પદ સમાસમાં ઉક્ત થઈ જતું હોવાથી તેને સમાસમાં લખવાનું રહેતું નથી.

**तत्कृतैरिति किम् ?** अक्ष्णा काणः - અહીં કાણત્ત્વ આંખ વડે કરાએલું નથી પણ દંડાદિથી કરાએલ છે. અક્ષિવડે તો સંબંધ માત્ર

હોવાથી **यद्भेदै...** ૨-૨-૪૬ થી તૃતીયા થઈ છે. તેથી **अक्षि** તૃતીયાન્ત નામ હોવા છતાં અને **काण** એ ગુણવચન હોવા છતાં આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

**गुणवचनैरित्येव** - दध्ना पटुः पाटवम् इत्यर्थः = દહીંથી હોંશિયારી. અહીં **पटु** નામ માત્ર ગુણનું જ વાચક છે. પરન્તુ ગુણીનું વાચક નથી. તેથી **दध्ना** એ તૃતીયાન્ત નામ હોવા છતાં પણ **पटु** એ ગુણવચન નામ ન હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી.

## चतस्त्रार्द्धम् । ३-१-६६.

**અર્થઃ-** તૃતીયા વિભક્ત્યન્ત **अर्द्ध** નામ તેના વડે જ કરાએલા અર્થ વાચક **चतसृ** નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ-** अर्द्धचतस्त्रः मात्राः - તૃતીયાન્ત એવા **अर्द्ध** શબ્દનો **चतसृ** શબ્દની સાથે આ સૂત્રથી તત્પુરુષ સમાસ થયો છે. કારણ કે **अर्द्ध** શબ્દ વડે જ **चतसृ** શબ્દ પૂર્ણ કરાએલ છે.

**चतस्त्रेति किम् ?** अर्द्धेन कृता चत्वारः द्रोणाः = અડધાથી કરેલા ચાર દ્રોણ. અહીં તૃતીયાન્ત એવું **अर्द्ध** નામ છે અને તેના જ વડે પૂર્ણ કરાએલ છે. પણ પૂર્ણ થનાર શબ્દ **चतसृ** નથી, **चतुर्** છે. તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

સૂત્રમાં **चतुर्** નામ લીધું હોત તો પણ "नामग्रहणे लिङ्ग विशिष्टस्याऽपिग्रहणम्" એ ન્યાયથી **चतुर्** નાં ગ્રહણથી **चतसृ** નું પણ ગ્રહણ થાત. પણ **चतसृ** સ્ત્રીલિંગ સાથે જ સમાસ કરવો છે. પણ બીજા પુંલિંગ કે નપુંસકલિંગ **चतुर्** નામની સાથે સમાસ કરવો નથી. આ ઉપરથી એમ ફલિત થયું કે **चतसृ** નામ સાથે જ સમાસ થશે.

## ऊनार्थपूर्वाद्यैः । ३-१-६७.

**અર્થઃ-** તૃતીયાન્ત નામ **ऊनार्थक** નામોની સાથે અને **पूर्वादि** નામોની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** ऊनः अर्थः येषां तानि - ऊनार्थानि. (બહુ.)

पूर्वः आद्यः येषां तानि - पूर्वाद्यानि. (બહુ.)

ऊनार्थानि च पूर्वाद्यानि च - ऊनार्थपूर्वाद्यानि, तैः (ઇ.દ્વ.)

**વિવેચનઃ-** माषोनम्, माषविकलम् - તૃતીયાન્ત એવા माष નામનો ऊन અને विकल નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- मासपूर्वः, मासावरः - તૃતીયાન્ત એવા मास નામનો पूर्व અને अवर નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. माष-તોલો, मास-મહિનો.

## कारकं कृता । ३-१-६८.

**અર્થઃ-** કારકવાચિ તૃતીયાન્ત નામ કૃત્ પ્રત્યયાન્ત (કૃદન્ત) નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ-** आत्मकृतम्, नखनिर्भिन्नः - અહીં કર્તૃકારકવાચક आत्म નામનો कृत એ કૃદન્ત નામની સાથે અને કરણકારકવાચક नख નામનો निर्भिन्न એ કૃદન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- काकपेया नदी - બહુલમ્ નો અધિકાર હોવાથી સ્તુતિ રૂપ અર્થમાં કર્તૃવાચક काक નામનો पेया એ કૃદન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- बाष्पछेद्यानि तृणानि - અહીં પણ બહુલમ્ ના અધિકારના કારણે નિન્દારૂપ કરણવાચક बाष्प નામનો छेद्य એ કૃદન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયા છે.

**कारकमिति किम् ?** विद्ययोषितः-विद्यया उषितः = વિદ્યાના હેતુથી રહેલો છે. અહીં विद्या નામને હેતુ અર્થમાં તૃતીયા થયેલી છે. નિમિત્ત માત્ર વડે હેતુ વગેરેને કારકસંજ્ઞા થતી નથી. એમ ૨-૨-૧ સૂત્રમાં કહેલું છે. તેથી उषित એવા કૃદન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

## नविंशत्यादिनैकोऽच्चान्तः । ३-१-६९.

**અર્થઃ-** તૃતીયા વિભક્ત્યન્ત एक નામ नविंशत्यादि નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે. તેના યોગમાં एक શબ્દને अद् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસઃ**- न विंशतिः आदिः यस्य सः-नविंशत्यादिः, तेन (બહુ.)

**વિવેચનઃ**- एकान्नविंशतिः-एकादनविंशतिः, एकान्नत्रिंशत्-एकादनत्रिंशत् અહીં તૃતીયાન્ત एक નામનો नविंशति અને नत्रिंशत् નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી एक શબ્દને अद् આગમ થવાથી एकाद् થયું. तृतीयस्य... ૧-૩-૧ થી द् નો न ના યોગમાં न् વિકલ્પે થવાથી બે સમાસ થયા છે.

नविंशति ને બદલે अविंशति હોવું જોઈએ પણ સૂત્રકારે પોતે જ न નો अ કર્યો નથી અને नविंशति શબ્દ જ રાખ્યો છે તેથી સૂત્રના સામર્થ્યથી જ સમાસમાં नविंशति શબ્દ જ રહ્યો છે. હવે नञत् ૩-૨-૧૨૫ થી પણ न ના अ થશે નહી.

## चतुर्थी प्रकृत्या । ३-१-७०.

**અર્થઃ**- प्रकृति - પરિણામિકારણવાચક નામની સાથે ચતુર્થી વિભક્ત્યન્ત વિકારવાચક નામ તત્પુરૂષ સમાસ પામે છે. (સૂત્રમાં પ્રકૃતિ છે તેથી અર્થાપત્તિથી વિકૃતિ આવે.)

**વિવેચનઃ**- यूपदारु - અહીં પરિણામિવાચક दारु નામની સાથે વિકારવાચક यूप નામનો આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. જે થાય તે વિકૃતિ અને જેમાંથી થાય તે પ્રકૃતિ. અહીં दारु એ પ્રકૃતિ છે અને यूप એ વિકૃતિ છે. કેમકે લાકડામાંથી ખીલો બને છે.

**प्रकृत्येति किम् ?** रन्धनाय स्थाली = રાંધવામાટેની થાળી. અહીં स्थाली શબ્દ પ્રકૃતિવાચક નથી. કારણ કે થાળીમાંથી રંધાતુ નથી પણ થાળીમાં રન્ધાય છે. रन्धनाय શબ્દ વિકારવાચક છે. પણ स्थाली નો નહીં તેથી આ સૂત્રથી સમાસ થતો નથી.

## हितादिभिः । ३-१-७१.

**અર્થઃ**- ચતુર્થ્યન્ત નામ हित વગેરે નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- हितम् आदिः येषां ते - हितादयः, तैः (બહુ.)

**વિવેચનઃ**- गोहितम्, गोसुखम् - ચતુર્થ્યન્ત એવા गो નામનો हित અને सुख

નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. સૂત્ર બ.વ.માં છે તે આકૃતિગણના ગ્રહણ માટે છે.

## तदर्थाऽर्थेन । ३-१-७२.

**અર્થ:-** ચતુર્થ્યન્ત નામ, ચતુર્થીનો અર્થ (માટે) છે અર્થ જેનો એવા અર્થ નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** तस्याः (चतुर्थ्याः) अर्थः यस्य सः-तदर्थः (બહુ.)

तदर्थश्चासौ अर्थश्च - तदर्थार्थः, तेन. (કર્મ.)

**વિવેચન:-** पित्रर्थं (पयः) - અહીં ચતુર્થ્યન્ત पितृ નામનો अर्थ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

● आतुरार्था (यवागूः) - અહીં ચતુર્થ્યન્ત आतुर નામનો अर्थ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં अर्थ શબ્દનો અર્થ (માટે) ચતુર્થી વિભક્તિ દ્વારા કહેવાઈ જાય છે તેથી अर्थ શબ્દનો પ્રયોગ વિગ્રહ વાક્યમાં થતો નથી.

**तदर्थार्थेनेति किम् ?** पित्रे अर्थः - પિતા માટે ધન. અહીં ધન અર્થવાળા अर्थ નામની સાથે ચતુર્થ્યન્ત पितृ નામનો આ સૂત્રથી સમાસ થતો નથી. અહીં अर्थ શબ્દ ચતુર્થીનો અર્થવાચક નથી.

## पञ्चमी भयाद्यैः । ३-१-७३.

**અર્થ:-** પંચમ્યન્ત નામ ભય વગેરે નામની સાથે ઐકાર્થ્ય જણાતો હોય તો તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** भयम् आद्यः येषां ते - भयाद्याः, तैः (બહુ.)

**વિવેચન:-** वृकभयम्, वृकभीरुः - પંચમ્યન્ત એવા वृक નામનો भय અને भीरु નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં भी ધાતુને भियो... ૫-૨-૭૬ સૂત્રથી रु, रुक ને लुक પ્રત્યય લાગીને भीरु, भीरुक અને भीलुक શબ્દો બને છે.

## क्तेनाऽसत्त्वे । ३-१-७४.

**અર્થ:-** અસત્ત્વમાં વર્તતાં નામને જે પંચમી વિભક્તિ થાય છે તેવા પંચમ્યન્ત નામ क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

(स्तोकादि અસત્ત્વવાચક નામને स्तोकाल्प...૨-૨-૭૯ થી અને दुरार्थकादि અસત્ત્વવાચક નામને असत्त्वाराद... ૨-૨-૧૨૦ થી પંચમી વિભક્તિ થાય છે. આ પંચમી વિભક્તિને અસત્ત્વવૃત્તિ પંચમી કહેવાય છે.)

**સૂત્ર સમાસઃ**- न सत्त्वं - असत्त्वं, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ**- स्तोकान्मुक्तः, अल्पान्मुक्तः - અહીં અસત્ત્વવાચક પંચમ્યન્ત એવા स्तोक અને अल्प નામનો क्त પ્રત્યયાન્ત એવા मुक्त નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. असत्त्वे... ૩-૨-૧૦ થી स्तोक અને अल्प નામની પંચમી વિભક્તિનો લોપ થતો નથી. તેથી धुटस्तृतीयः ૨-૧-૭૬ થી त् નો द् અને तृतीयस्य... ૧-૩-૧ થી द् નો न् થયો છે.

**असत्त्व इति किम् ?** स्तोकाद् बद्धः = થોડા (દ્રવ્યથી) બંધાએલ. स्तोक નામ અસત્ત્વવાચક ન હોવાથી स्तोकाल्प... ૨-૨-૭૯ થી પંચમી વિભક્તિ ન થતાં हेत्वर्थै... ૨-૨-૧૧૮ થી પંચમી વિભક્તિ થઈ છે. તેથી આ સૂત્રથી स्तोक નામનો बद्ध નામની સાથે તત્પુરૂષ સમાસ થતો નથી.

અહીં સમાસનું ફળ એજ કે એકત્ત્વપદને કારણે તદ્ધિત વગેરે પ્રત્યય લાગી શકે છે. અને વૃદ્ધિ પૂર્વપદમાં રહેલા શબ્દની જ થાય છે.

## परःशतादिः । ३-१-७५.

**અર્થઃ**- परःशतादि પંચમી તત્પુરૂષ સમાસ નિપાતન થાય છે.

**સૂત્ર સમાસઃ**- परःशतम् आदिः यस्मिन् सः-परःशतादिः (બહુ.)

**વિવેચનઃ**- परःशताः, परःसहस्राः - આ સમાસમાં पर નામનો પૂર્વપ્રયોગ અને पर નામનાં અન્તે स् નો આગમ નિપાતનને કારણે થયો છે.

## षष्ठ्ययत्नाच्छेषे । ३-१-७६.

**અર્થઃ**- शेषे ૨-૨-૮૧ થી જે ષષ્ઠી વિભક્તિ થાય તે અયત્નકૃત ષષ્ઠી કહેવાય છે તે શેષ ષષ્ઠ્યન્ત નામ કોઈપણ નામની સાથે ઐકાર્થ્ય

ગમ્યમાન હોય તો તત્પુરૂષ સમાસ પામે છે. જો તે શેષ ષષ્ઠી नाथः ૨-૨-૧૦ વગેરે સૂત્રોથી યત્નકૃત ષષ્ઠી ન હોય તો.

**સૂત્ર સમાસઃ**- न यत्नः-अयत्नः, तस्मात् (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ**- राजपुरुषः - અહીં સ્વ-સ્વામિભાવ હોવાથી ષષ્ઠ્યન્ત એવા राजन् નામનો पुरुष નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

ષષ્ઠી બે પ્રકારે છે. યત્નકૃતષષ્ઠી અને અયત્નકૃતષષ્ઠી. તેમાં સ્વ-સ્વામિભાવ વગેરે સમ્બન્ધ વિશેષ સ્વરૂપ શેષ અર્થમાં शेषे ૨-૨-૮૧ થી ષષ્ઠી વિભક્તિ થાય છે. તે અયત્નકૃત ષષ્ઠી કહેવાય છે.

જ્યારે नाथः ૨-૨-૧૦ થી न ૨-૨-૧૮ સુધીના સૂત્રોથી કર્માદિ કારકત્વની વિવક્ષા નહીં કરવાથી ,, સૂત્રથી જે ષષ્ઠી વિભક્તિ થાય છે. તેને યત્નકૃત ષષ્ઠી કહેવાય છે.

**अयत्नादिति किम् ?** सर्पिषः नाथितम् = ઘીની માંગણી. અહીં सर्पिष् નામને नाथः ૨-૨-૧૦ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ થએલી છે. તેથી યત્નકૃતષષ્ઠી હોવાથી આ સૂત્રથી सर्पिष् અને नाथितम् નો સમાસ થયો નથી.

**शेष इति किम् ?** गवां कृष्णा सम्पन्नक्षीरा = ગાયોમાં કાળી ગાય વધારે દૂધવાળી છે. અહીં सप्तमी... ૨-૨-૧૦૯ થી નિર્ધારણ અર્થમાં ષષ્ઠી થએલી છે. શેષ ષષ્ઠી નથી તેથી गवां નો कृष्णा શબ્દની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

## कृति । ३-१-७७.

**અર્થઃ**- कर्मणि कृतः ૨-૨-૮૩ થી અને कर्तरि ૨-૨-૮૬ થી જે ષષ્ઠી વિભક્તિ થાય છે તેને કૃત્ નિમિત્તક ષષ્ઠી કહેવાય છે.

તે કૃત્ નિમિત્તક ષષ્ઠ્યન્ત નામ કોઈપણ નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચનઃ**- सर्पिर्ज्ञानम् - कर्मणि कृतः થી થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત सर्पिष् નામનો ज्ञान નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- गणधरोक्तिः - कर्तरि સૂત્રથી થયેલ ષષ્ઠી વિભક્ત્યન્ત गणधर નામનો उक्ति નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. એજ પ્રમાણે सिद्धसेनकृतिः, धर्मानुस्मरणम्, तत्त्वानुचिन्तनम् વગેરે સમાસો થશે.

## याजकादिभिः । ३-१-७८.

**અર્થ**:- ષષ્ઠયન્ત નામ याजक વગેરે નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- याजकः आदौ येषां ते -याजकादयः, तैः (બહુ.)

**વિવેચનઃ**- ब्राह्मणयाजकः, गुरुपूजकः:- ષષ્ઠયન્ત એવા ब्राह्मण અને गुरु નામનો याजक અને पूजक નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

અહીં याजक, पूजक શબ્દ अक પ્રત્યયાન્ત કૃદન્ત હોવાથી ઉપરના कृति સૂત્રથી સમાસ થઈ જ જાત. પણ कर्मजा...૩-૧-૮૩ થી તેનો નિષેધ થતો હતો. અને याजक વગેરે નામની સાથે સમાસ કરવો છે. તેથી આ સૂત્રની રચના કરી છે. બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે. તેથી गुरुसदृशः, गुरुसमः વગેરે સમાસો થશે.

તેથી ૩-૧-૭૭ સૂત્રનો અપવાદ ૩-૧-૮૩ સૂત્ર છે. અને ૩-૧-૮૩ નો અપવાદ ૩-૧-૭૮ સૂત્ર છે.

## पत्ति-रथौ गणकेन । ३-१-७९.

**અર્થ**:- पत्ति અને रथ એ ષષ્ઠયન્ત નામ गणक નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- पत्तिश्च रथश्च - पत्तिरथौ (ઇ.દ્વ.)

**વિવેચનઃ**- पत्तिगणकः, रथगणकः - पत्ति અને रथ એ ષષ્ઠયન્ત નામનો गणक નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**पत्तिरथाविति किम् ?** धनस्य गणकः = ધનને ગણનાર. અહીં पत्ति અને रथ શબ્દ गणक શબ્દની સાથે નથી પણ धन શબ્દની સાથે गणक શબ્દ છે. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી. તો પ્રશ્ન થાય કે આ સૂત્રથી ન થાય તો कृति ૩-૧-૭૭ થી તો સમાસ

થવો જોઈએ ને ? ન થાય. કેમકે कर्मजा... ૩-૧-૮૩ થી સમાસનો નિષેધ થાય છે. માત્ર આ શબ્દોની સાથે સમાસ કરવો છે. એટલે આ સૂત્રની રચના કરી છે. આ સૂત્ર પણ ઉપરના સૂત્રની જેમ कर्मजा... ૩-૧-૮૩ સૂત્રનો અપવાદ છે.

## सर्वपश्चादादयः । ३-१-८०.

**અર્થ:-** सर्वपश्चाद् વગેરે ષષ્ઠી તત્પુરૂષ સમાસો નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ:-** सर्वपश्चाद् आदिः येषां ते - सर्वपश्चादादयः (બહુ.)

**વિવેચન:-** सर्वपश्चात्, सर्वचिरम् - सर्वेषां पश्चात्, सर्वेषां चिरम् - આવા વિગ્રહમાં षष्ठ्य... ૩-૧-૭૬ થી પ્રાપ્ત સમાસનો (અવ્યય નામની સાથે સમાસ હોવાથી) तृप्तार्थ....૩-૧-૮૫ થી નિષેધ થતો હતો તેથી આ સૂત્રની રચના કરી છે.

## अकेन क्रीडा-ऽऽजीवे । ३-१-८१.

**અર્થ:-** ક્રીડા અને આજીવિકા અર્થ ગમ્યમાન હોય તો ષષ્ઠ્યન્ત નામ अक પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** क्रीडा च आजीवश्च एतयोः समाहारः-क्रीडाजीवम्, तस्मिन् (સમા.દ્વ.)

**વિવેચન:-** उद्दालकपुष्पभञ्जिका - उद्दालकपुष्प એ ષષ્ઠ્યન્ત નામનો अक પ્રત્યયાન્ત भञ्जिका નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં ક્રીડા અર્થ છે.

- नखलेखकः - नख એ ષષ્ઠ્યન્ત નામનો अक પ્રત્યયાન્ત लेखक નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં આજીવિકા અર્થ છે.

**क्रीडाजीव इति किम् ?** पयसः पायकः = પયસ (દૂધને) પીવડાવનાર. અહીં ક્રીડા અને આજીવિકા અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી સમાસ થતો નથી. कर्मजा... ૩-૧-૮૩ થી નિષેધ થતો હોવાથી कृति ૩-૧-૭૭ થી પણ સમાસ નહીં થાય. તેથી ૩-૧-૮૩ સૂત્ર ૩-૧-૭૭ સૂત્રનો અપવાદ છે.

## न कर्तरि । ३-१-८२.

**અર્થ:-** कर्तरि ૨-૨-૮૬ થી કર્તૃવાચક નામને જે ષષ્ઠી વિભક્તિ થાય છે તે ષષ્ઠ્યન્ત નામ अक પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરુષ સમાસ ન પામે.

**વિવેચન:-** तव शायिका = તારો સુવાનો ક્રમ. शी ધાતુને पर्यायार्ह... ૫-૩-૧૨૦ થી णक પ્રત્યય લાગવાથી शी+णक. नामिनो... ૪-૩-૫૧ થી વૃદ્ધિ થવાથી शै+णक. एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय् થવાથી शायक થયું. अस्या... ૨-૪-૧૧૧ થી शायिका થયું. ષષ્ઠ્યન્ત એવા तव નામનો शायिका નામની સાથે कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**कर्तरीति किम् ?** इक्षुभक्षिका - અહીં कर्मणि... ૨-૨-૮૩ થી કર્મવાચક इक्षु નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે. कर्तरि થી નથી થઈ તેથી સમાસનો આ સૂત્રથી નિષેધ ન થતાં इक्षु અને भक्षिका નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે.

इक्षुभक्षिका - અહીં इक्षु નામને કર્મમાં ષષ્ઠી વિભક્તિ થએલ છે. અને भक्षिका માં भावे ૫-૩-૧૨૨ થી णक પ્રત્યય થએલો છે તેથી कर्मजा तृचा... ૩-૧-૮૩ થી સમાસનો નિષેધ થયો નથી. કારણ કે अक પ્રત્યયાન્ત એ કર્તામાં વિહિત નથી પણ ભાવે પ્રયોગમાં વિધાન કરાએલ છે.

## कर्मजा तृचा च । ३-१-८३.

**અર્થ:-** कर्मणिकृतः ૨-૨-૮૩ થી કર્મવાચક નામને ષષ્ઠી વિભક્તિ થાય છે. તે ષષ્ઠ્યન્ત નામ કર્તામાં વિધાન કરાએલ अक પ્રત્યયાન્ત નામની સાથે તેમજ तृच् પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ ન પામે.

**સૂત્ર સમાસ:-** कर्मणि जाता - कर्मजा (સપ્તમી. તત્પુ.)

**વિવેચન:-** भक्तस्य भोजकः, अपांस्रष्टा = ભાતનું ભોજન કરનાર. પાણીનું સર્જન કરનાર. અહીં कर्मणि कृतः થી કર્મવાચક નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે તેવા भक्त અને अप् એ ષષ્ઠ્યન્ત નામનો अक

પ્રત્યયાન્ત એવા भोजक નામની સાથે અને तृच् પ્રત્યયાન્ત એવા स्रष्टृ નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થતો નથી. कृति ૩-૧-૭૭ થી સમાસની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**कर्मजेति किम् ?** गुणः गुणिविशेषकः = ગુણ ગુણીનો વિશેષક છે. અહીં **गुणिनां विशेषकः** એ પ્રમાણેના વિગ્રહનો कृति ૩-૧-૭૭ થી સમાસ થશે. અહીં **विशेषकः** એ કર્તામાં વિધાન કરાએલ अक પ્રત્યયાન્ત નામ છે. અને **गुणिनां** માં કર્મમાં થએલ ષષ્ઠી નથી પણ **સંબંધમાં शेषे ૨-૨-૮૧ થી થએલ ષષ્ઠી છે. "विवक्षातः कारकाणि" એ ન્યાયથી કારકની વિવક્ષા ન કરીએ** તો અન્ય વિભક્તિ પણ થઈ શકે તેજ રીતે અહીં પણ કર્મની વિવક્ષા નથી કરી તેથી સંબંધમાં ષષ્ઠી થઈ છે. તેથી સમાસ થયો.

**कर्तरीत्येव** - पयःपायिका - पयसः पायिका = દૂધ પીવું તે. અહીં कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. કેમ કે पायिका માં જે अक પ્રત્યય થયો છે તે કર્તૃવાચક નથી પણ भावे ૫-૩-૧૨૨ થી ભાવમાં વિધાન કરાએલ છે. તેથી સમાસ થયો છે.

## तृतीयायाम् । ३-१-८४.

**અર્થ:-** કર્તૃવાચક નામને તૃતીયા વિભક્તિ થઈ હોય તો કર્મમાં થએલ ષષ્ઠ્યન્ત નામ તત્પુરૂષ સમાસ પામતું નથી.

**વિવેચન:-** आश्चर्यः गवां दोहः अगोपालकेन = ગોવાળ સિવાય અન્ય વ્યક્તિ વડે ગાયોનું દોહવું આશ્ચર્ય છે. અહીં કર્મમાં વિધાન કરાએલ ષષ્ઠ્યન્ત गो નામનો दोह નામની સાથે कृति ૩-૧-૭૭ થી સમાસની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

अगोपालक નામને कर्तरि ૨-૨-૮૬ થી નિત્ય ષષ્ઠીની પ્રાપ્તિ હતી. પરંતુ द्विहेतो... ૨-૨-૮૭ થી વિકલ્પે ષષ્ઠી થતી હોવાથી અહીં हेतु-कर्तृ... ૨-૨-૪૪ થી તૃતીયા વિભક્તિ થઈ છે.

જો કૃદન્તનાં કર્તાને અને કર્મને બંનેને ષષ્ઠીની પ્રાપ્તિ હોય તો द्विहेतो... ૨-૨-૮૭ થી કર્તાને ષષ્ઠી અને તૃતીયા બન્ને થાય તેમાં કર્તાને જ્યારે તૃતીયા થઈ હોય ત્યારે કર્મમાં થયેલ ષષ્ઠીનો સમાસ

આ સૂત્રથી નિષેધ થતો હોવાથી ન થાય. પરંતુ જ્યારે કર્તાને ષષ્ઠી થઈ હોય ત્યારે કર્મમાં થયેલી ષષ્ઠીનો સમાસ થાય. જેમ કે आश्चर्यः गवां दोहः अगोपालकेन અહીં કર્તાને તૃતીયા છે તેથી કર્મમાં આવેલી ષષ્ઠીનો તૃતીયાની સાથે સમાસ આ સૂત્રથી નિષેધ થતો હોવાથી થતો નથી. પણ જો आश्चर्यः गोदोहः अगोपालकस्य અહીં કર્તાને ષષ્ઠી થયેલી છે તેથી कृति ૩-૧-૭૭ થી गोदोहः એ પ્રમાણે સમાસ થયો છે.

**तृतीयायाम् इति किम् ?** शब्दानां अनुशासनं गुरोः = ગુરુનું શબ્દાનુશાસન. અહીં કર્તૃવાચક गुरु નામને कर्तरि ૨-૨-૮૬ થી ષષ્ઠી વિભક્તિ થઈ છે. તેથી कृति ૩-૧-૭૭ થી शब्दानुशासनं गुरोः એ પ્રમાણે તત્પુરૂષ સમાસ થયો છે. જો गुरु નામને द्विहेतो... ૨-૨-૮૭ થી તૃતીયા વિભક્તિ થઈ હોત તો વાક્ય જ રહે કારણ કે સમાસનો આ સૂત્રથી નિષેધ થાય છે.

## तृप्तार्थ-पूरणा-ऽव्यया-ऽतृश्-शत्रानशा । ३-१-८५.

**અર્થ**:- ષષ્ઠ્યન્ત નામ તૃપ્તાર્થક નામની સાથે, પૂરણપ્રત્યયાન્ત નામની સાથે અવ્યય નામની સાથે, अतृश्, शतृ અને आनश् પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામતું નથી.

**સૂત્ર સમાસ**:- तृप्तः अर्थः येषां ते तृप्तार्थाः (બહુ.)

तृप्तार्थाश्च पूरणाश्च अव्ययानि च अतृश्च शता च आनश्च एतेषां समाहारः- तृप्तार्थपूरणाव्ययातृश्शत्रानश् तेन. (સમા.દ્વ.)

**વિવેચન**:- फलानां तृप्तः = ફળોથી તૃપ્તિ. અહીં તૃપ્તાર્થક નામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે. તેવી જ રીતે फलानां सुहितः = ફળોથી તૃપ્ત, सक्तूनां पूर्णः = સાથવાથી પૂર્ણ, ओदनस्य आशितः = ભોજનથી તૃપ્ત. અહીં પણ સમાસનો નિષેધ થશે.

- तीर्थकृतां षोडशः = તીર્થંકરોમાં સોળમાં (શાન્તિનાથ). અહીં પૂરણ પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે. षोडशः શબ્દ एकादश ... ૩-૨-૯૧ થી નિપાતન થયેલો છે.

- राज्ञः साक्षात् = રાજાને સાક્ષાત્. અહીં અવ્યયનામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

- रामस्य द्विषन् = રામનો દ્વેષ કરતો. અહીં द्विषन् શબ્દ अतृश् પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે. द्विष् ધાતુને सुगद्विषार्ह... ૫-૨-૨૬ થી अतृश् પ્રત્યય થયો છે.

- चैत्रस्य पचन् = ચૈત્ર સંબંધી રાંધતો. અહીં पचन् શબ્દ शतृ પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે. पच् ધાતુને शत्रानशा... ૫-૨-૨૦ થી शतृ પ્રત્યય થયો છે.

- मैत्रस्य पचमानः = મૈત્ર સંબંધી રાંધતો. અહીં पचमान શબ્દ आनश् પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે. पच् ધાતુને शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય થયો છે.

અહીં બધા ઉદાહરણમાં સંબંધમાં ષષ્ઠી થઈ છે. તેથી षष्ठ्य... ૩-૧-૭૬ થી સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

## ज्ञानेच्छाऽर्चार्थाऽऽधारक्तेन । ३-१-८६.

**અર્થ**:- ષષ્ઠ્યન્ત નામ ज्ञानेच्छा... ૫-૨-૯૨ થી જ્ઞાનાર્થક, ઈચ્છાર્થક અને અર્ચાર્થક ધાતુઓને વર્તમાન કાળમાં क्त પ્રત્યય થાય છે. તે क्त પ્રત્યયાન્ત નામની સાથે અને अद्यर्था... ૫-૧-૧૨ થી આધાર અર્થમાં જે क्त પ્રત્યય થાય છે તે क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામતું નથી.

**સૂત્ર સમાસ**:- ज्ञानम् च इच्छा च अर्चा च-ज्ञानेच्छार्चाः (ઇ.દ્વ.)

ज्ञानेच्छार्चाः अर्थः येषां ते - ज्ञानेच्छार्चार्थाः (બહુ.)

ज्ञानेच्छार्चार्थाश्च आधारश्च - ज्ञानेच्छार्चार्थाधाराः (ઇ.દ્વ.)

ज्ञानेच्छार्चार्थाधाराणां क्तः - ज्ञानेच्छार्चार्थाधारक्तः, तेन. (ષ.ત.)

**વિવેચન**:- राज्ञां ज्ञातः = રાજાને જાણનારો. અહીં ज्ञात માં क्त પ્રત્યય જ્ઞાનાર્થક હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

- राज्ञां इष्टः = રાજાને ઈચ્છનારો. અહીં इष्ट માં क्त પ્રત્યય ઈચ્છાર્થક

હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

- राज्ञां पूजितः = રાજાને પૂજનારો. અહીં पूजित માં क्त પ્રત્યય અર્ચાર્થક (પૂજાર્થક) હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

- इदम् एषां यातम् = તે આમાં ગયો. અહીં यात માં क्त પ્રત્યય આધાર અર્થમાં છે. તેથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

બહુલાધિકાર હોવાથી राज्ञां पूजितः- राजपूजितः એ પ્રમાણે સમાસ પણ ક્યારેક થઈ શકે છે. તેમજ અહીં વર્તમાનકાળનો જ क्त હોય તો જ સમાસનો નિષેધ થાય એવું કહ્યું. પણ ભૂતકાળમાં લાગેલ क्त પ્રત્યય હોય તો राज्ञा पूजितः- राजपूजितः એ પ્રમાણે તૃતીયા તત્પુરૂષ સમાસ થાય છે.

અહીં કારક ષષ્ઠી અને શેષ ષષ્ઠી બંનેનો નિષેધ કર્યો છે.

## अस्वस्थगुणैः । ३-१-८७.

**અર્થ:-** અસ્વસ્થ ગુણવાચક નામની સાથે ષષ્ઠયન્ત નામ તત્પુરૂષસમાસ પામતું નથી.

જે નામો ક્યારે પણ ગુણવિશિષ્ટ દ્રવ્યને સમજાવતા નથી. પણ ગુણમાં જ (પોતાનામાં જ) રહે છે તે સ્વસ્થ ગુણવાચક નામ કહેવાય છે. તેથી વર્ણ-ગન્ધ-રસ અને સ્પર્શ પોતે પોતાનામાં જ રહે છે. બીજામાં પોતે જતા નથી પણ પેટા ભેદને મોકલે છે. તેથી તે સ્વસ્થ ગુણવાચક નામો છે.

તેનાથી ભિન્ન ગુણ અને ગુણિ બંનેમાં રહેનારા હોય તે અસ્વસ્થ ગુણવાચક નામો છે. તેથી मधुर, शुक्ल, सुरभि, शीत વગેરે ગુણ અને ગુણિ બંનેને સમજાવનારા હોવાથી તે અસ્વસ્થ ગુણવાચક નામો કહેવાય છે.

**સૂત્ર સમાસ:-** स्वस्मिन् तिष्ठन्ति - स्वस्थाः, न स्वस्थाः - अस्वस्थाः (નઞ્. તત્પુ.)

अस्वस्थाश्च ते गुणाश्च - अस्वस्थगुणाः, तैः (કર્મ.)

**વિવેચન:-** पटस्य शुक्लः = પટનું ધોળું રૂપ. અહીં शुक्ल નામ પોતાનામાં

રહેતું નથી પણ પટ એવા દ્રવ્યમાં જાય છે તેથી અસ્વસ્થ ગુણવાચક शुक्ल નામની સાથે આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

- गुडस्य मधुरः = ગોળનો મધુરરસ. અહીં મધુર નામ પોતાનામાં રહેતું નથી. પણ ગુડ એવા દ્રવ્યમાં રહે છે. તેથી અસ્વસ્થ ગુણવાચક મધુર નામની સાથે આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

**अस्वस्थगुणैरिति किम्** ? घटवर्णः, चन्दनगन्धः = ઘડાનો વર્ણ, ચન્દનની ગંધ. અહીં વર્ણ અને ગન્ધ પોતાનામાં જ રહે છે. પોતાના નામનું અસ્તિત્ત્વ ગુમાવતાં નથી. તેથી આ સ્વસ્થ ગુણવાચક નામોની સાથે આ સૂત્રથી સમાસનો નિષેધ થતો નથી. તેથી षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. ૩-૧-૮૨ થી આ સૂત્ર સુધી સમાસના નિષેધની વાત પૂર્ણ થઈ.

## सप्तमी शौण्डाद्यैः । ३-१-८८.

**અર્થ**:- સપ્તમ્યન્ત નામ શૌણ્ડ વગેરે નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- शौण्डः आदिः येषां ते - शौण्डादयः, तैः (બહુ.)

**વિવેચન**:- पानशौण्डः - અહીં સપ્તમ્યન્ત पान નામનો शौण्ड નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- अक्षधूर्तः - અહીં સપ્તમ્યન્ત अक्ष નામનો धूर्त નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

બ.વ. આકૃતિગણના ગ્રહણ માટે છે. તેથી शिरःशेखरः = મસ્તક ઉપર શિખા, आपातरमणीयः = શરૂઆતમાં સુંદર, अवसानविरसः = અન્તમાં વિરસ, अधमर्णः = દેવાદાર, उत्तमर्णः = લેણદાર વગેરે સમાસો થશે.

## सिंहाद्यैः पूजायाम् । ३-१-८९.

**અર્થ**:- પૂજા અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામ सिंहादि નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- सिंहः आदिः येषां ते - सिंहादयः, तैः (બહુ.)

**વિવેચનઃ**- समरसिंहः, भूमिवासवः- અહીં સમર અને ભૂમિ એ સપ્તમ્યન્ત નામનો सिंह અને वासव નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે. તેથી रणव्याघ्रः = રણમાં વાઘ સમાન, कलियुधिष्ठिरः = કલિયુગમાં યુધિષ્ઠિર સમાન વગેરે...

પૂજા અર્થ જણાવવા માટે વિગ્રહ વાક્યમાં इव નો પ્રયોગ કર્યો છે.

અહીં સાધારણ ધર્મવાચકનો પ્રયોગ હોવાથી સમાસ થયો છે. જો વિશેષ ધર્મવાચક હોય તો સમાસ થતો નથી. દા.ત. **समरे सिंहः इव शूरः** = યુદ્ધમાં સિંહ જેવો શૂરવીર. અહીં આ સૂત્રથી સમાસ નહીં થાય. કેમકે સિંહ જેવો બરાબર છે. પણ શૂરવીર એ વિશેષ ધર્મ બતાવે છે. તેથી સમાસ ન થતાં વાક્ય જ રહ્યું.

## काकाद्यैः क्षेपे । ३-१-९०.

**અર્થઃ**- નિન્દા અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામ काकादि નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- काकः आदिः येषां ते - काकादयः, तैः (બહુ.)

**વિવેચનઃ**- तीर्थकाकः, तीर्थश्वा - અહીં નિન્દા અર્થ ગમ્યમાન હોવાથી तीर्थ એ સપ્તમ્યન્ત નામનો काक અને श्वा નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

તેવી જ રીતે - तीर्थकुक्कुटः = તીર્થમાં કૂકડા જેવો, तीर्थशृगालः = તીર્થમાં શિયાળ જેવો (લુચ્ચાઇ કરે તેવો) વગેરે.

**क्षेप इति किम् ?** तीर्थे काकः अस्ति = તીર્થમાં કાગડો છે. અહીં કોઈને ઉપમા આપી નથી તેથી નિન્દા અર્થ ગમ્યમાન નથી તે કારણે આ સૂત્રથી સમાસ થતો નથી.

જેમ કાગડા વગેરે તીર્થના લાભને નહીં જાણતા તીર્થમાં ચિરસ્થાયી બનતાં નથી. તેમ જે વ્યક્તિ કાર્યનો આરંભ કરીને કાર્યનો નિર્વાહ વગેરે ન કરે તેને तीर्थकाकः વગેરે ઉપમા અપાય છે. તેમાં તેની નિન્દા જણાય છે.

## पात्रेसमितेत्यादयः । ३-१-९१.

**અર્થ**:- નિન્દા અર્થ ગમ્યમાન હોય તો पात्रेसमिता વગેરે સપ્તમી તત્પુરૂષ સમાસો નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ**:- पात्रेसमितः इत्यादिः येषां ते - पात्रेसमितेत्यादयः (બહુ.)

**વિવેચન**:- पात्रेसमिताः, गेहेशूरः- આ સૂત્રથી સપ્તમી તત્પુરૂષ સમાસ થયો છે. સપ્તમી વિભક્તિનો લોપ નથી થયો તે નિપાતન હોવાથી નથી થયો. તેને અલુપ્ સમાસ કહેવાય છે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે. આ સમાસો નિત્ય થાય છે.

સૂત્રમાં इति લખ્યું છે તેથી पात्रेसमित થયા પછી કોઈ પણ નામની સાથે સમાસ ન થાય જેમ કે परमाः पात्रेसमिताः અહીં કર્મધારય સમાસ કરવો હોય તો હવે નહિં થાય તેમ જ पात्रेसमितानां पुत्रः અહીં ષષ્ઠી તત્પુરૂષ સમાસ પણ ન થાય, વાક્ય જ રહે.

## क्तेन । ३-१-९२.

**અર્થ**:- નિન્દા અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામ क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચન**:- भस्मनिहुतम् - અહીં क्त પ્રત્યયાન્ત हुत નામની સાથે તત્પુરૂષ સમાસ થયો છે. तत्पुरुषे कृति ૩-૨-૨૦ થી સપ્તમીના લોપનો નિષેધ થવાથી અલુપ્ સમાસ થયો છે. નિષ્ફળ કાર્ય કરનારની भस्मनिहुतम् પ્રયોગ દ્વારા નિન્દા કરાય છે.

- अवतप्तेनकुलस्थितम् - અહીં क्त પ્રત્યયાન્ત नकुलस्थितम् નામની સાથે તત્પુરૂષ સમાસ થયો છે. અહીં પણ तत्पुरुषे कृति ૩-૨-૨૦ થી સપ્તમીના લોપનો નિષેધ થવાથી અલુપ્ સમાસ થયો છે. જેમ નોળીયો તપેલી ભૂમિ પર સ્થિર રહી શકતો નથી તેમ ચંચલ સ્વભાવવાળાની કોઈપણ કાર્યમાં સ્થિરતા હોતી નથી તે જણાવવા માટે अवतप्तेनकुलस्थितम् પ્રયોગથી નિન્દા કરાય છે.

અહીં नकुलस्थित નામની સાથે સમાસ કર્યો છે. તે ન થાય કેમ કે તે

નામ क्त પ્રત્યયાન્ત ન કહેવાય. स्था ધાતુને क्त પ્રત્યય લાગીને स्थित નામ બને તે જ क्त પ્રત્યયાન્ત છે. તેથી અહીં नकुलस्थित નામની સાથે સમાસ ન થવો જોઈએ પરંતુ कृत् सगतिकारकस्याऽपि ૭-૪-૧૧૭ થી नकुलस्थित નામ પણ क्त પ્રત્યયાન્ત મનાતું હોવાથી સમાસ થઈ શકે છે.

## तत्राहोरात्रांशम् । ३-१-९३.

**અર્થઃ-** तत्र સપ્તમ્યન્ત નામ તેમજ દિવસ અને રાત્રિના અવયવ (અંશ) વાચક સપ્તમ્યન્ત નામ क्त પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** अहश्च रात्रिश्च एतयोः समाहारः-अहोरात्रम् (સમા.દ્વ.)

अहोरात्रस्य अंशाः-अहोरात्रांशाः (ષ.ત.)

तत्र च अहोरात्रांशाश्च एतयोः समाहारः - तत्राहोरात्रांशम् (સમા.દ્વ.)

**વિવેચનઃ-** तत्रकृतम् - तत्र એ સપ્તમ્યન્ત નામનો कृतम् એ क्त પ્રત્યયાન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

- पूर्वाह्णेकृतम् - पूर्वाह्ण એ સપ્તમ્યન્ત નામનો कृतम् એ क्त પ્રત્યયાન્ત નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

  अह्नः पूर्वम् - पूर्वाहन्- पूर्वापरा... ૩-૧-૫૨ થી તત્પુ. સમાસ. पूर्वाह्न- सर्वांश... ૭-૩-૧૧૮ થી अट् સમાસાન્ત, अहन् નું अह्न. पूर्वाह्ण-अतोऽ... ૨-૩-૭૩ થી अह्न ના न્ નો ण्. पूर्वाह्ण શબ્દ થયા પછી कृतम् ની સાથે આ સૂત્રથી સમાસ થયો છે.

- पूर्वरात्रकृतम् - पूर्वरात्र એ સપ્તમ્યન્ત નામનો क्त પ્રત્યયાન્ત कृत નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

  रात्रेः पूर्वम् - पूर्वरात्रि. पूर्वापरा...૩-૧-૫૨ થી તત્પુ.સમાસ. पूर्वरात्रि + अत् - संख्यातै...૭-૩-૧૧૯ થી अत् સમાસાન્ત. पूर्वरात्र- अवर्णे... ૭-૪-૬૮ થી रात्रि ના इ નો લોપ. पूर्वरात्र શબ્દ થયા પછી कृतम् ની સાથે આ સૂત્રથી સમાસ થયો છે.

**तत्राहोरात्रांशमिति किम्** ? घटे कृतम् = ઘડામાં કરેલું. અહીં तत्र કે દિવસ-રાત્રિના અંશવાચક નામ ન હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

**अहोरात्रग्रहणं किम्** ? शुक्लपक्षे कृतम् = શુક્લપક્ષમાં કરેલું. અહીં तत्र તેમજ દિવસ કે રાત્રિના અંશવાચક નામનું ગ્રહણ હોવાથી ગમે તે શબ્દના અંશવાચક નામ હોય તો સમાસ ન થાય તેથી અહીં **शुक्लपक्ष** એ મહિનાના અંશવાચક નામ હોવાથી આ સૂત્રથી સમાસ **થયો નથી.**

**अंशमिति किम्** ? अह्नि भुक्तम् = દિવસે ખાધું. **रात्रौ** नृत्तम् = રાત્રે નચાયું. અહીં तत्र તેમજ દિવસ કે રાત્રિના અંશવાચક નામ નથી પરન્તુ દિવસ અને રાત્રિ શબ્દ જ છે તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

આ સૂત્ર ઉપરના ૩-૧-૯૨ સૂત્રથી જુદું બનાવ્યું તેથી क्षेप શબ્દની નિવૃત્તિ થઈ છે.

અહીં બહુલાધિકાર હોવાથી દિવસ કે રાત્રિના અંશવાચક નામ ન હોય તો પણ ક્યારેક સમાસ થાય છે. જેમ કે रात्रिवृत्तम् = રાત્રિમાં થયેલ, सन्ध्यागर्जितम् = સન્ધ્યા સમયે ગર્જેલ. વગેરે સમાસો થઈ શકે છે.

## नाम्नि । ३-१-९४.

**અર્થ**:- સંજ્ઞાનો વિષય હોય તો સપ્તમ્યન્ત નામ કોઈપણ નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**વિવેચન**:- अरण्येतिलकाः, अरण्येमाषकाः = આ દેશના નામો છે અથવા ઔષધિના નામો છે. સમાસને કારણે સંજ્ઞા ગમ્યમાન હોવાથી વાક્યનો અવકાશ જ નથી નિત્ય સમાસ થાય છે. વિગ્રહ વાક્ય તો પૂર્વપદ અને ઉત્તરપદનો ખ્યાલ આવે તે માટે જ છે.

અહીં अद्व्यञ्जनात्... ૩-૨-૧૮ થી સપ્તમીના લોપનો નિષેધ થવાથી અલુપ્ સમાસ થયો છે.

## कृद्येनाऽऽवश्यके । ३-१-९५.

**અર્થ**:- અવશ્યંભાવ અર્થ ગમ્યમાન હોય તો સપ્તમ્યન્ત નામ यएच्चाऽऽतः ૫-

૧-૨૮ થી વિધાન કરાએલ કૃદન્તનાં य પ્રત્યયાન્ત નામની સાથે તત્પુરૂષ સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ**- कृतः यः - कृद्यः, तेन. (ષ.ત.)

**વિવેચનઃ**- मासदेयम् - અહીં मास એ સપ્તમ્યન્ત નામનો કૃદન્તનો य પ્રત્યય લાગીને બનેલ देय નામની સાથે આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો છે.

**कृदिति किम् ?** मासे पित्र्यम् = મહિનામાં અવશ્ય કરવા યોગ્ય પિતા સંબંધી કાર્ય. અહીં पित्र्यम् માં ૫-૧-૨૮ થી થતાં કૃદન્તનો य પ્રત્યય નથી. પરન્તુ तस्मै हिते ૭-૧-૩૫ થી તદ્ધિતનો य પ્રત્યય લાગેલો છે. તેથી આ સૂત્રથી તત્પુરૂષ સમાસ થયો નથી.

**य इति किम् ?** मासे पाच्यम् = માસમાં પકાવવા યોગ્ય, मासे दातव्या = માસમાં આપવા યોગ્ય. અહીં पाच्यम् માં घ्यण् અને दातव्या માં तव्य પ્રત્યય લાગેલો છે. તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

બહુલાધિકાર હોવાથી संवत्सरकर्तव्यम् = વર્ષમાં કરવા યોગ્ય (વાર્ષિક કર્તવ્ય) એવા तव्य વગેરે પ્રત્યયાન્ત નામો હોય તો પણ ક્યારેક સમાસ થઈ શકે છે.

અવશ્ય અર્થ સમાસમાં ઉક્ત થઈ જાય છે તેથી સમાસમાં તેનો પ્રયોગ કરવો પડતો નથી.

## विशेषणं विशेष्येणैकार्थं कर्मधारयश्च । ३-१-९६.

**અર્થઃ**- ભિન્ન પ્રવૃત્તિનિમિત્તવાળા બે શબ્દોનું એક પદાર્થમાં (એક અધિકરણમાં) હોવું તે ઐકાર્થ્ય કહેવાય છે. ઐકાર્થ્ય હોતે છતે વિશેષણવાચિનામ વિશેષ્યવાચક નામની સાથે સમાસ પામે છે. તે સમાસ તત્પુરૂષ-કર્મધારય કહેવાય છે.

विशेष्यते अनेन इति विशेषणम् = વ્યવચ્છેદક, વ્યાવર્તક. અનેક પ્રકારવાળી વસ્તુ જેના દ્વારા બીજા પ્રકારોથી વિશેષિત કરાય, જુદી કરાય તેને વિશેષણ કહેવાય છે. તે વ્યવચ્છેદક છે. અને જેને

વિશેષિત કરાય અર્થાત્ જૂદી કરાય છે તે વ્યવચ્છેદ્ય છે અર્થાત્ વિશેષ્ય છે.

પ્રવૃત્તિનિમિત્ત = શબ્દનાં પ્રયોગમાં જે ગુણો વગેરે નિમિત્ત બને તેને તે શબ્દનું પ્રવૃત્તિનિમિત્ત કહેવાય છે.

વ્યુત્પત્તિનિમિત્ત = વિગ્રહનાં પ્રયોગમાં જે ગુણો વગેરે નિમિત્ત બને તેને તે શબ્દનું વ્યુત્પત્તિનિમિત્ત કહેવાય છે.

સૂત્રમાં ચનું ગ્રહણ અનુકર્ષણ માટે નથી. સમુચ્ચય માટે છે. તેથી તત્પુરૂષ અને કર્મધારય એમ અર્થ ન કરતાં તત્પુરૂષ કર્મધારય એવો અર્થ થયો.

**સૂત્ર સમાસઃ-** एकः अर्थः यस्य तद् - एकार्थं (બહુ.)

**વિવેચનઃ-** नीलोत्पलम् - વિશેષણ नील છે અને વિશેષ્ય उत्पल છે. તેનો આ સૂત્રથી તત્પુરૂષ કર્મધારય સમાસ થયો છે. नील વિશેષણ છે તેને વ્યવચ્છેદક કહેવાય છે. અને उत्पल વિશેષ્ય છે તેને વ્યવચ્છેદ્ય કહેવાય છે. શ્વેતરક્તાદિ એવા અન્ય ઉત્પલોથી નીલ વિશેષણ આ ઉત્પલને વ્યાવૃત કરે છે. જૂદું કરે છે.

- खञ्जकुण्टः, कुण्टखञ्जः - આ સૂત્રથી खञ्ज અને कुण्ट નામનો તત્પુરૂષ કર્મધારય સમાસ થયેલો છે. અહીં બન્ને શબ્દો ગુણવાચિ છે. તેથી બન્ને શબ્દો અપ્રધાન હોવાથી સ્વૈચ્છિક પૂર્વનિપાત થઈ શકે છે. જ્યારે જે શબ્દની વિશેષણ રૂપે વિવક્ષા કરાય ત્યારે તે શબ્દ અપ્રધાન બને અને તે વિશેષણનો પૂર્વપ્રયોગ થાય છે.

  खञ्ज = પાંગળો, कुण्ट = લૂલો.

  અનેક લૂલા માણસોમાંથી જે પાંગળો છે તે આવે એમ કહીએ ત્યારે खञ्ज વિશેષણ બને તેથી તેનો પૂર્વપ્રયોગ થાય અને અનેક પાંગળાઓમાંથી જે લૂલો છે તે આવે એમ કહીએ ત્યારે कुण्ट વિશેષણ બને તેથી તેનો પૂર્વપ્રયોગ થાય છે.

  એવી જ રીતે शुक्लकृष्णः, कृष्णशुक्लः વગેરે પ્રયોગ થશે.

**एकार्थमिति किम् ?** वृद्धोक्षा - वृद्धस्य उक्षा = ઘરડાનો બળદ. અહીં ષષ્ઠી તત્પુરૂષ સમાસ કર્યો છે. તેથી આ સૂત્રથી સમાસ ન થયો. જો वृद्धश्चासौ उक्षा च - वृद्धोक्षा = ઘરડો એવો બળદ. આવી રીતે સમાસ કરે તો આ સૂત્રથી કર્મધારય સમાસ પણ થઈ શકે. કર્મધારય સમાસમાં जातमहद्... ૭-૩-૯૫ થી अत् સમાસાન્ત થયો છે.

બહુલાધિકાર હોવાથી ક્વચિત્ સમાસ ન પણ થાય. જેમ કે - रामः जामदग्न्यः, अर्जुनः कार्त्तवीर्यः વગેરે.

ક્વચિત્ નિત્ય સમાસ પણ થાય છે. જેમ કે - कृष्णसर्पः, नरसिंहः વગેરે.

## पूर्वकालैक-सर्व-जरत्-पुराण-नव-केवलम् । ३-१-९७.

**અર્થ:-** પૂર્વકાલવાચક નામ તેમ જ एक, सर्व, जरत्, पुराण, नव અને केवल નામ કોઈપણ નામની સાથે ઐકાર્થ્ય જણાતું હોય તો તત્પુ.કર્મ. સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** पूर्वः कालः यस्य सः - पूर्वकालः (બહુ.)

पूर्वकालश्च एकश्च सर्वश्च जरत् च पुराणश्च नवश्च केवलम् च एतेषां समाहारः-पूर्वकालैकसर्वजरत्पुराणनवकेवलम् (સમા.દ્વ.)

**વિવેચન:-** स्नातानुलिप्तः, एकशाटी, सर्वान्नम्, जरद्गवः, पुराणकविः, नवोक्तिः, અને केवलज्ञानम् આ બધા સમાસો ઉપરના विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં આ સૂત્ર જુદુ બનાવ્યું તે જ જણાવે છે કે પૂર્વકાલવાચક ક્રિયા સમાસમાં પ્રથમ મૂકવી અને પરકાલવાચક ક્રિયા પછી મૂકવી. તેમજ एक વગેરે શબ્દોમાં એમ કહી શકાય કે આ સૂત્રમાં કહેલા જ બે શબ્દોનો સમાસ થાય તો पूर्वात्परम् થી પરશબ્દને પૂર્વપદમાં મૂકવો. દા.ત. केवलपुराणम् અહીં સૂત્રમાં પર રહેલાં केवल શબ્દનો પૂર્વપ્રયોગ થયો છે.

एकशब्दः सङ्ख्या-अन्य-असहाय-अद्वितीयेषु वर्तते ।.- એક શબ્દ ચાર અર્થમાં વર્તે છે.

(१) संख्या - एक शाटी. = એક સાડી. સંખ્યા અર્થમાં છે.

(२) अन्य - एकर्षय: = અન્ય ઋષિઓ. અન્ય અર્થમાં છે.

(३) असहाय:- एकचौरः = એક ચોર જ. અસહાય અર્થમાં છે.

(४) अद्वितीय: - एकधनुर्धरः = એક ધનુર્ધારી. અદ્વિતીય અર્થમાં છે.

**सर्वशब्द:** द्रव्य-अवयव-प्रकार-गुणानां कात्स्न्यें वर्तते । - સર્વ શબ્દ પણ ચાર અર્થમાં છે.

(१) **द्रव्य साकल्य - सर्वशैला:.** = બધા પર્વતો.

(२) अवयव साकल्य - सर्वरात्र: = સંપૂર્ણ રાત્રિ.

(३) प्रकार साकल्य - सर्वान्नम् = સર્વ પ્રકારનું અન્ન.

(४) गुण साकल्य - सर्वशुक्ल: = સંપૂર્ણ ધોળું.

## दिगधिकं संज्ञा-तद्धितोत्तरपदे । ३-१-९८.

**અર્થ:**- ઐકાર્થ્ય જણાતો હોય તો દિશાવાચક નામ અને अधिक નામ કોઈપણ નામની સાથે સંજ્ઞાના વિષયમાં, તદ્ધિત પ્રત્યયના વિષયમાં અને ઉત્તરપદ પરમાં હોય તો તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:**- दिक् च अधिकश्च एतयो: समाहारः-दिगधिकम् (સમા.દ્વ.)

संज्ञा च तद्धितश्च उत्तरपदं च एतेषां समाहारः-संज्ञातद्धितोत्तरपदम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:**- दक्षिणकोशला: - दक्षिणा એ દિશાવાચી નામનો कोशल નામની સાથે સંજ્ઞાના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. આનો અર્થ કોઈ દેશનું નામ છે. સમાસ થયેલો હોય તો જ સંજ્ઞાનો વિષય જણાય છે. વાક્યથી સંજ્ઞાનો વિષય જણાતો નથી. તેથી નિત્ય સમાસ થાય છે. સમાસનો વિગ્રહ તો માત્ર પૂર્વપદ અને ઉત્તરપદ જણાવવા માટે જ છે.

- पूर्वेषुकामशमी - અહીં पूर्वा એ દિશાવાચી નામનો ईषुकामशमी નામની સાથે સંજ્ઞાના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો

છે. આનો અર્થ પણ દેશ થાય છે.

- दाक्षिणशालः, अधिकषाष्टिकः - दक्षिणा એ દિશાવાચી નામનો शाला નામની સાથે અને अधिका નામનો षष्टि નામની સાથે તદ્ધિતના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. दक्षिणशालः માં भवे ૬-૩-૧૨૩ સૂત્રની સહાયથી दिक्पूर्वा... ૬-૩-૨૩ થી ण પ્રત્યય થયો છે. અને अधिकषाष्टिकः માં मूल्यै... ૬-૪-૧૫૦ થી इकण् પ્રત્યય થયો છે. આ તદ્ધિતના પ્રત્યયો છે.

- उत्तरगवधनः, अधिकगवप्रियः - અહીં उत्तरा એ દિશાવાચી નામનો धन શબ્દ ઉત્તરપદમાં છે જેને એવા गो નામની સાથે અને अधिका નામનો प्रिय શબ્દ ઉત્તરપદમાં છે જેને એવા गो નામની સાથે આ સૂત્રથી ઉત્તરપદ પરમાં હોવાથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

  અહીં विशेषणं... ૩-૧-૯૬ થી સમાસ સિદ્ધ હોવા છતાં આ સૂત્ર બનાવ્યું તેથી હવે सिद्धे सति आरंभो नियमार्थः થી નિયમ થયો કે સંજ્ઞાના વિષયમાં, તદ્ધિતના વિષયમાં, અને ઉત્તરપદ પરમાં હોય તો જ દિશાવાચી નામનો અને अधिक નામનો સમાસ થશે અન્યથા નહિં થાય. જેમ કે उत्तराः वृक्षाः અહીં સંજ્ઞાનો વિષય, તદ્ધિતનો વિષય કે ઉત્તરપદ પરમાં ન હોવાથી આ સૂત્રથી તો સમાસ નહિં થાય પણ હવે આ સૂત્ર બનાવ્યું હોવાથી ૩-૧-૯૬ થી સમાસ સિદ્ધ હોવા છતાં પણ નહિં થાય. એટલે વાક્ય જ રહેશે.

## संख्या समाहारे च द्विगुश्चाऽनाम्न्ययम् । ३-१-९९.

**અર્થઃ-** સંખ્યાવાચિ નામ કોઈપણ નામની સાથે સંજ્ઞાનાં વિષયમાં, તદ્ધિતનાં વિષયમાં, ઉત્તરપદ પરમાં હોય તો અને સમાહારના વિષયમાં (આ ચાર વિષય હોય તો) તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે અને આજ સમાસને જો સંજ્ઞાનો વિષય ન હોય તો દ્વિગુ સમાસ પણ કહેવાય છે.

**સૂત્ર સમાસઃ-** समाहरणम् - समाहारः-, तस्मिन्.

न नाम - अनाम, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ-** पञ्चाम्राः, सप्तर्षयः - અહીં पञ्चन् અને सप्तन् સંખ્યાવાચિ નામનો

आम्र અને ऋषि નામની સાથે સંજ્ઞાના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

- द्वैमातुरः, अध्यर्द्धकंसः - અહીં द्वि અને अध्यर्द्ध સંખ્યાવાચિ નામનો मातृ અને कंस નામની સાથે તદ્ધિતના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

द्विमातृ એ પ્રમાણે સમાસ થવાથી તેને संख्या... ૬-૧-૬૬ થી अण् પ્રત્યય થયો. અને मातृ નું मातुर् થયું. તેથી द्विमातुर् બન્યું. હવે પૂર્વના द्वि શબ્દનાં इ ની वृद्धिः... ૭-૪-૧ થી વૃદ્ધિ થવાથી द्वैमातुर થયું.

अध्यर्द्धकंसः એ પ્રમાણે સમાસ થયો તેને मूल्यै... ૬-૪-૧૫૦ થી इकट् પ્રત્યય થયો. તે इकट् પ્રત્યયનો अनाम्न्य... ૬-૪-૧૪૧ થી લોપ થયો છે.

- पञ्चगवधनः, पञ्चनावप्रियः - पञ्च गावः धनम् अस्य, पञ्चनावः प्रिया अस्य. અહીં ત્રણ પદોનો ત્રિપદ બહુવ્રીહિ સમાસ થયા પછી धन અને प्रिय શબ્દ ઉત્તરપદમાં હોતે છતે પૂર્વનાં બે પદોનો આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. તેથી गोस्तत्पुरुषात् ૭-૩-૧૦૫ થી સમાસાન્ત अट् પ્રત્યય થયો. તેથી ओदौतो... ૧-૨-૨૪ થી અનુક્રમે अव् અને आव् થવાથી આ સમાસ થયો છે.

- पञ्चराजी - અહીં पञ्चन् સંખ્યાવાચિ નામનો राजन् નામની સાથે સમાહારના વિષયમાં આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. द्विगोः... ૨-૪-૨૨ થી સ્ત્રીલિંગમાં ङी થયો છે.

**समाहारे चेति किम् ?** अष्टौ प्रवचनमातरः = આઠ પ્રવચનમાતા. અહીં સંજ્ઞા કે તદ્ધિતનો વિષય નથી તેમજ ઉત્તરપદ પરમાં નથી અને સમાહારનો અર્થ પણ જણાતો નથી તેથી આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ ન થયો. અને विशेषणं... ૩-૧-૯૬ થી પણ સમાસ નહિં થાય. કેમકે આ સૂત્રથી નિયમ થયો કે સંખ્યાવાચક નામનો સમાહાર, સંજ્ઞા, તદ્ધિત કે ઉત્તરપદના વિષયમાં જ સમાસ થાય. તેથી અહીં આ સૂત્ર કે બીજા કોઈપણ સૂત્રથી હવે સમાસ નહીં થાય.

**अनाम्नीति किम् ?** पाञ्चर्षम् - અહીં સંજ્ઞા વિષય હોવાથી આ સૂત્રથી

તત્પુ. કર્મ. સમાસ થશે. પણ સંજ્ઞાના વિષયમાં દ્વિગુ સમાસ થતો નથી એમ સૂત્રમાં કહેલું હોવાથી આ સમાસ દ્વિગુ સમાસ નહિં થાય. અહીં पञ्चर्षि થયા પછી तस्येदम् ૬-૩-૧૬૦ થી अण् પ્રત્યય. वृद्धिः... ૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ. अवर्णे... ૭-૪-૬૮ થી इ નો લોપ થવાથી पाञ्चर्षम् થયું છે. સંજ્ઞાનો વિષય હોવાથી द्विगो... ૬-૧-૨૪ થી अण् પ્રત્યયનો લોપ થયો નથી.

## निन्द्यं कुत्सनैरपापाद्यैः । ३-१-१००.

**અર્થ**:- નિન્દ્યવાચક નામ पापादि ગણપાઠના શબ્દોને વર્જીને નિન્દાના હેતુવાચક નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- कुत्स्यते एभिः - कुत्सनानि, तैः

पापः आद्यः येषां तानि - पापाद्यानि. (બહુ.)

न पापाद्यानि - अपापाद्यानि, तैः (નञ्. તત્પુ.)

**વિવેચન**:- **वैयाकरणखसूची** - વૈયાકરણ જે હોય તેને જો પ્રશ્ન પૂછે અને જવાબ ન આવડે ત્યારે તે આકાશ સામી દૃષ્ટિ રાખીને ઉભો રહે છે. તેને આ શબ્દથી સંબોધન કરાય છે. તેથી નિન્દ્યવાચક वैयाकरण નામનો નિન્દાના હેતુવાચક खसूची નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

- **मीमांसकदुर्दुरूढः** - વિચારક ષટ્દર્શનનો અભ્યાસી આસ્તિક હતો તે નાસ્તિક થયો તે જ તેની નિન્દા છે તેથી નિન્દ્યવાચક मीमांसक નામનો નિન્દાના હેતુવાચક दुर्दुरूढ નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**निन्द्यमिति किम् ?** वैयाकरणश्चौरः = ચોર વૈયાકરણ. અહીં चौर નામ નિન્દાના હેતુવાચક છે પણ वैयाकरण નિન્દ્યવાચક નામ નથી તેથી આ સૂત્રથી સમાસ થતો નથી. અહીં વૈયાકરણીને ચોર કહેવાથી તેની નિન્દા જરુર થાય છે. પણ તેના વ્યાકરણ વિષયક જ્ઞાનની નિન્દા થતી નથી તેથી वैयाकरण શબ્દ નિન્દ્યવાચક બનતો નથી.

**अपापाद्यैरिति किम् ?** पापवैयाकरणः, हतविधिः - અહીં નિન્દ્યવાચક

वैयाकरण અને विधि શબ્દ છે. અને તેની નિન્દાના હેતુવાચક पाप અને हत શબ્દ છે. પણ સૂત્રમાં पाप વગેરે શબ્દોનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી સમાસ ન થતાં विशेषणं... ૩-૧-૯૬ થી સમાસ થયો છે. અપશબ્દનો (કટુ શબ્દનો) પ્રયોગ કરનારને પાપી વૈયાકરણ કહેવાય છે. શુભાશુભ ફળને આપનાર વિધિમાં (નસીબમાં) ગમે તે કારણે ફળની પ્રત્યે વિલંબને જણાવવા हत શબ્દનો પ્રયોગ કરી વિધિની નિન્દા કરાય છે.

આ સમાસો विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં. છતાં આ સૂત્રની રચના પુનઃ કરી તે નિન્દ્યવાચક વિશેષ્ય નામને પૂર્વપદમાં લાવવા માટે જ છે.

બહુવચનનો નિર્દેશ બીજા પ્રયોગોના સમાવેશ (અનુસરવા) માટે છે.

## उपमानं सामान्यैः । ३-१-१०१.

**अर्थः-** ઐકાર્થ્યક ઉપમાનવાચી નામ ઉપમાન અને ઉપમેયવાચિમાં રહેલાં સાધારણ (સામાન્ય) ધર્મવાચિ નામની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ પામે છે.

**विवेचनः-** शस्त्रीश्यामा, मृगचपला - અહીં ઉપમાનવાચક शस्त्री અને मृगी નામનો સામાન્યવાચક श्यामा અને चपला નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**उपमानमिति किम् ?** देवदत्ता श्यामा = દેવદત્તા નામની કાળી સ્ત્રી. અહીં देवदत्ता પોતે જ કાળી છે. તે કોઈનું ઉપમાનવાચી નામ નથી તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

**सामान्यैरिति किम् ?** अग्निर्माणवकः = અગ્નિ જેવો માણવક. (બાળક.) અહીં अग्नि એ ઉપમાનવાચી નામનો ઉપમેયવાચી माणवक નામ હોવાથી આ સૂત્રથી સમાસ થતો નથી. જો સામાન્ય ધર્મવાચિ નામ હોત તો આ સૂત્રથી સમાસ થાત.

ઉપમાનવાચી નામ વિશેષણ જ હોય છે. તેથી विशेषणं... ૩-૧-૯૬ થી સમાસની પ્રાપ્તિ હતી જ. છતાં આ સૂત્ર જુદુ બનાવ્યું. તેથી હવે ઉપમાનવાચક નામ સામાન્ય ધર્મવાચક નામની સાથે જ સમાસ

પામશે. પણ ઉપમેયવાચક નામની સાથે સમાસ પામશે નહિં.

**उपमेयं व्याघ्राद्यैः साम्यानुक्तौ । ३-१-१०२.**

**અર્થ:-** ઐકાર્થ્યક ઉપમેયવાચી નામ व्याघ्रादि ઉપમાનવાચક નામની સાથે સામાન્ય ધર્મની ઉક્તિ ન જણાતી હોય તો તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** व्याघ्रः आद्यः येषां तानि - व्याघ्राद्यानि, तैः (બહુ.)

समस्य भावः-साम्यं, न उक्तिः-अनुक्तिः (નઞ્. તત્પુ.)

साम्यस्य अनुक्तिः-साम्यानुक्तिः, तस्याम्. (ષ. તત્પુ.)

**વિવેચન:-** पुरुषव्याघ्रः, श्वसिंही – અહીં ઉપમેયવાચક पुरुष અને श्वन् નામનો ઉપમાનવાચક व्याघ्र અને सिंही નામ સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

शुनी सिंही इव અહીં शुनी નો पुंवत्... ૩-૨-૫૭ થી પુંવદ્ભાવ થવાથી श्वन् થયું અને नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ થવાથી श्वसिंही થયું છે.

**साम्यानुक्ताविति किम् ?** पुरुषः व्याघ्रः शूरः इव इति मा भूत् = પુરુષ વાઘ જેવો શૂરવીર છે. અહીં સામાન્ય ધર્મની ઉક્તિ હોવાથી આ સૂત્રથી पुरुष અને व्याघ्र શબ્દનો સમાસ થતો નથી.

ઉપમાનવાચક નામ વિશેષણ જ હોય અને ઉપમેયવાચક નામ વિશેષ્ય જ હોય તેથી पुरुष એ ઉપમેયવાચક કહેવાય. અને व्याघ्र એ ઉપમાનવાચક કહેવાય. આ બે પદોનો સમાસ विशेषणं... ૩-૧-૯૬ સૂત્રથી સિદ્ધ હતો. જો આ સૂત્રથી સમાસ કર્યો હોત તો ઉપમાનવાચક એવું વિશેષણવાચિ व्याघ्र નામ પૂર્વમાં આવત. પણ ઉપમેયવાચક એવા વિશેષ્યવાચિ નામને પૂર્વપદમાં લાવવા માટે અને સામાન્ય ધર્મની ઉક્તિ ન જણાતી હોય તો જ સમાસ કરવા માટે આ સૂત્રની રચના છે.

સૂત્ર બહુવચનમાં છે તે આકૃતિગણના ગ્રહણ માટે છે.

## पूर्वा-ऽपर-प्रथम-चरम-जघन्य-समान-मध्य-मध्यम-वीरम् । ३-१-१०३.

**અર્થ**:- ઐકાર્થ્યક पूर्व, अपर, प्रथम, चरम, जघन्य, समान, मध्य, मध्यम અને वीर નામો બીજા કોઈપણ નામની સાથે તત્પુરુષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- पूर्वश्च अपरश्च प्रथमश्च चरमश्च जघन्यश्च समानश्च मध्यश्च मध्यमश्च वीरश्च एतेषां समाहारः-पूर्वापर.....वीरम् (સમા.દ્વ.)

**વિવેચન**:- આ સમાસો विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં આમાં આપેલા શબ્દોનો પરસ્પર સમાસ થયો હોય તો स्पर्द्धेपरम् એ ન્યાયથી પર રહેલું નામ પૂર્વપદમાં આવે તે માટે જ આ સૂત્રની રચના આ પ્રમાણે છે. पूर्वश्चासौ अपरश्च - अपरपूर्वः, पूर्वश्चासौ वीरश्च - वीरपूर्वः સમાસ થશે. અહીં पूर्व શબ્દ કરતાં સૂત્રમાં अपर અને वीर શબ્દ પરમાં છે. તેથી તે શબ્દો જ પૂર્વપદમાં આવ્યા. હવે पूर्वापरः કે पूर्ववीरः સમાસ નહિં થાય.

બહુલાધિકાર હોવાથી एकश्चासौ वीरश्च - एकवीरः સમાસ પણ થઈ શકે. पूर्वकालैक.... ૩-૧-૯૭ માં एक શબ્દ છે તેના કરતાં वीर શબ્દ આ સૂત્રમાં હોવાથી પર છે તેથી वीर શબ્દનો જ પૂર્વપ્રયોગ થાય પણ અહીં एक શબ્દનો પૂર્વપ્રયોગ થયો છે.

## श्रेण्यादि कृताद्यैश्च्व्यर्थे । ३-१-१०४.

**અર્થ**:- ઐકાર્થ્યક श्रेणि વગેરે નામો कृत વગેરે નામની સાથે च्वि નો અર્થ ગમ્યમાન હોય તો તત્પુ. કર્મ. સમાસ પામે છે.

**સૂત્ર સમાસ**:- कृतः आद्यः येषां तानि - कृताद्यानि, तैः (બહુ.)

च्वेः अर्थः-च्व्यर्थः, तस्मिन्. (ષ.તત્પુ.)

**વિવેચન**:- श्रेणिकृताः, ऊककृताः - અહીં श्रेणि અને ऊक નામનો कृत નામની સાથે च्वि નો અર્થ જણાતો હોવાથી આ સૂત્રથી તત્પુરૂષ કર્મધારય સમાસ થયો છે.

**च्व्यर्थ इति किम् ?** श्रेणयः कृताः किञ्चित् = કાંઈક શ્રેણિઓ કરાઈ. અહીં च्वि નો અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી श्रेणि અને कृत નામનો સમાસ થયો નથી.

विशेषणं... ૩-૧-૯૬ થી સમાસ સિદ્ધ હોવા છતાં આ સૂત્રની પુનઃ રચના કરી છે તેથી નિયમ થયો કે હવે च्वि ના અર્થમાં હોય ત્યારે જ श्रेणि વગેરે શબ્દોને कृत વગેરે નામની સાથે સમાસ થશે. અન્યથા નહિં.

## क्तं नञादिभिन्नैः । ३-१-१०५.

**અર્થ:-** ઐકાર્થ્યક क्त પ્રત્યયાન્ત નામો માત્ર નञ્ ના પ્રકારવડે જ ભિન્ન (વિરોધી) એવા નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** नञ् आदिः येषां तानि - नञादीनि. (બહુ.)

नञादिभिः भिन्नानि- नञादिभिन्नानि, तैः (તૃ.તત્પુ.)

**વિવેચન:-** कृताकृतम्, पीताऽवपीतम् - અહીં कृत અને पीत એ क्त પ્રત્યયાન્ત નામનો માત્ર નञ્ ના પ્રકારથી જ ભિન્ન अकृत અને अवपीत નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**क्तमिति किम् ?** कर्तव्यमकर्तव्यं च = કરવા યોગ્ય-નહીં કરવા યોગ્ય. અહીં क्त પ્રત્યયાન્ત નામ નથી પણ तव्य પ્રત્યયાન્ત નામ છે. તેથી માત્ર નઞાદિથી ભિન્ન હોવા છતાં આ સૂત્રથી સમાસ થયો નથી.

**नञादिभिन्नैरिति किम् ?** कृतम् प्रकृतम्, कृतम् च अविहितम् च = કર્યું તે સારું કર્યું. કર્યું ન કર્યું. અહીં कृतम् એ क्त પ્રત્યયાન્ત નામ છે પણ બીજું પરમાં રહેલું प्रकृतम् અને अविहितम् નામ માત્ર નઞાદિથી ભિન્ન નથી માટે આ સૂત્રથી સમાસ થયો નથી.

આ સમાસો પણ विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં પણ क्त પ્રત્યયાન્ત નામની સાથે નઞાદિથી ભિન્ન નામ હોય તો જ સમાસ થાય. અન્યથા ન થાય. અને क्त પ્રત્યયાન્ત નામો જ સમાસમાં પૂર્વપદમાં આવે તે માટે આ સૂત્રની પુનઃ રચના કરી.

आदि શબ્દથી નञ् ના અર્થમાં अप-वि અને अव એમ ત્રણ શબ્દો જ આવે છે. आदि શબ્દ ચાર અર્થમાં વપરાય છે. પ્રકાર, સમીપ, વ્યવસ્થા અને અવયવ. અહીં સમાસમાં आदि શબ્દ પ્રકાર અર્થમાં છે. પ્રકાર એટલે ધર્મ, વિશેષણ એવો અર્થ થાય છે.

(૧) देवदत्तादयः आढ्यः = દેવદત્ત સુખી છે. અહીં પ્રકાર અર્થ છે.

(૨) ग्रामादौ घोषः = ગામની નજીક ઝુંપડી. અહી સમીપ અર્થ છે.

(૩) ब्राह्मणादयः वर्णाः = બ્રાહ્મણ વગેરે વર્ણો. અહીં વ્યવસ્થા અર્થ છે.

(૪) स्तम्भादयः गृहे = ઘરમાં થાંભલા વગેરે. અહીં અવયવ અર્થ છે.

## सेड्नाऽनिटा । ३-१-१०६.

**અર્થ:-** सेट् એવા क्त પ્રત્યયાન્ત નામો નञादिના પ્રકારવડે ભિન્ન એવા अनिट् નામોની સાથે સમાસ પામતા નથી.

**સૂત્ર સમાસ:-** इया सह वर्तते यः सः- सेट् (બહુ.)

न विद्यते इट् यत्र - अनिट्, तेन. (નञ्. બહુ.)

**વિવેચન:-** क्लिशितमक्लिष्टम् = ક્લિષ્ટ અક્લિષ્ટ. અહીં पूङ्क्लि... ४-४-४५ થી क्लिश् ધાતુને इट् થવાથી सेट् क्त પ્રત્યયાન્ત क्लिशित નામનો अनिट् એવા માત્ર નञ् થી જ ભિન્ન **क्लिष्ट** નામની સાથે ઉપરના क्तं नञादि... ૩-૧-૧૦૫ થી તત્પુ. કર્મ. સમાસની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો તેથી સમાસ થયો નથી.

- शितमशातम् = તિક્ષ્ણ કર્યું ન કર્યું. અહીં छा शो र्वा ४-४-१२ થી शो ધાતુના અંત્યનો इ થવાથી इ સહિત क्त પ્રત્યયાન્ત शित નામનો अनिट् એવા માત્ર નञ् થી જ ભિન્ન अशात નામની સાથે क्तं नञादि... ૩-૧-૧૦૫ થી તત્પુ. કર્મ. સમાસની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી સમાસ થયો નથી.

**सेडिति किम् ?** कृताकृतम् = કરાએલું ન કર્યા જેવું. અહીં ઉપરના ૩-૧-૧૦૫ સૂત્રમાં આપેલ ઉદાહરણ જ છે.

**अनिटेति किम् ?** अशितानशितम् = ખાધેલું નહીં ખાધા જેવું. અહીં

अशित અને अनशित બંને નામ સેટ્ છે. તેથી નઞાદિ થી ભિન્ન હોવા છતાં આ સૂત્રથી સમાસનો નિષેધ ન થતાં क्त પ્રત્યયાન્ત નામ હોવાથી क्तं नञादि... ૩-૧-૧૦૫ સૂત્રથી સમાસ થયો છે.

क्लिशितमक्लिष्टम् - આ ઉદાહરણમાં ઉપરના સૂત્રથી સમાસની પ્રાપ્તિ જ નથી કારણ કે તેમાં ફક્ત નઞાદિથી ભિન્ન હોય તેની સાથે સમાસ થાય. જ્યારે અહીં નञ् થી ભિન્ન છે. અને સાથે સાથે इट् ના અભાવથી પણ ભિન્ન છે. તેથી સમાસ ન જ થાય. તો પછી આ સૂત્રથી સમાસનો નિષેધ કર્યો છે તે જરુરી નથી છતાં પણ સૂત્રમાં નિષેધ કર્યો છે. તે "एकदेश विकृतमनन्यवत्" એ ન્યાયના આધારે અનિટ્ પણ સેટ્ જેવો માની શકાય તેથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે તે બરાબર જ છે.

शितमशातम् - આ પ્રયોગમાં शितम् માં इट् નો આગમ થયો ન હોવાથી આ સૂત્રથી સમાસનો નિષેધ થઈ શકે નહીં. પરન્તુ સૂત્રમાં इट्નું ગ્રહણ છે તે અર્થભેદ ન થતો હોય તેવા કોઈપણ વિકારનું (इ આગમ વગેરેનું) ઉપલક્ષણ છે. તેથી इट् ના બદલે छा शोर्वा ૪-૪-૧૨ થી અંત્યનો इ થયેલ હોવા છતાં તેનું ગ્રહણ થઈ શકે છે તેથી આ સૂત્રથી સમાસનો નિષેધ થયો છે.

## सन्महत्परमोत्तमोत्कृष्टं पूजायाम् । ३-१-१०७.

**અર્થ:-** ઐકાર્થ્યક सत्, महत्, परम, उत्तम અને उत्कृष्ट નામો પૂજા અર્થ ગમ્યમાન હોય તો પૂજ્યવાચક નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** सन् च महान् च परमश्च उत्तमश्च उत्कृष्टश्च एतेषां समाहारः- सन्महत्... उत्कृष्टं (સમા.દ્વ.)

**વિવેચન:-** અહીં થતાં બધા સમાસોમાં પૂજા અર્થ ગમ્યમાન છે તેથી પૂજ્યવાચક पुरुष નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયા છે.

सत् વગેરે પાંચે નામો પૂજા અર્થવાળા છે. તેથી સૂત્રમાં पूजायां લખવાની જરૂર ન હતી. છતાં પણ पूजायां શબ્દ સૂત્રમાં લખ્યો છે

એટલે એનાથી ચોક્કસ સમજાય છે કે આ શબ્દો પૂજા અર્થ સિવાયના અર્થમાં પણ વપરાતા હશે.

આ સમાસો પણ **विशेषणं**... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં પણ આ સૂત્ર બનાવ્યું તેથી હવે આ શબ્દો પૂજા અર્થમાં હોય તો જ સમાસ થશે. પૂજા સિવાયના અર્થમાં હોય ત્યારે **विशेषणं**... ૩-૧-૯૬થી પણ સમાસ નહિં થાય.

**पूजायामिति किम् ?** सन् घटः अस्ति = ઘડો વિદ્યમાન છે. અહીં પૂજા અર્થ ગમ્યમાન નથી પણ વિદ્યમાન અર્થ છે. તેથી આ સૂત્રથી સમાસ ન થયો પણ **विशेषणं**... ૩-૧-૯૬ થી પણ સમાસ નહિં થાય.

सत् - વિદ્યમાન અર્થમાં પણ વપરાય છે.

महत् - વિપુલ અર્થમાં પણ વપરાય છે.

परम - એનાથી આગળ બીજું કાંઈ નહિં એવા ચરમ (છેલ્લા) અર્થમાં પણ વપરાય છે.

उत्तम - અંતે થનાર, ઊંચાઈ અર્થમાં પણ વપરાય છે.

उत्कृष्ट- બહાર કાઢવું એ અર્થમાં પણ વપરાય છે.

## वृन्दारक-नाग-कुञ्जरैः । ३-१-१०८.

**અર્થ:-** ઐકાર્થ્યક પૂજ્યવાચક નામ वृन्दारक, नाग અને कुञ्जर નામની સાથે પૂજા અર્થ ગમ્યમાન હોય તો તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** वृन्दारकश्च नागश्च कुञ्जरश्च - वृन्दारकनागकुञ्जराः, तैः (ઇ.દ્વ.)

**વિવેચન:-** गोवृन्दारकः, गोनागः, गोकुञ्जरः - પૂજ્યવાચક गो નામનો वृन्दारक, नाग અને कुञ्जर નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**पूजायामिति किम् ?** सुसीमो नागः = સારી ફણાવાળો નાગ. અહીં પૂજા અર્થવાળો नाग શબ્દ નથી તેથી આ સૂત્રથી સમાસ થયો નથી. (૩-૧-૧૦૨ થી કે બીજા કોઈપણ સૂત્રથી સમાસ થશે જ નહિં,

વાક્ય જ રહેશે.) આ ત્રણ શબ્દો પૂજા અર્થમાં વર્તતાં હોય તો જ આ સૂત્રથી સમાસ થશે.

સૂત્રમાં બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે.

## कतर-कतमौ जातिप्रश्ने । ३-१-१०९.

**અર્થ:-** ઐકાર્થ્યક कतर અને कतम નામ જાતિ સંબંધી પ્રશ્ન એવો અર્થ ગમ્યમાન હોય તો જાતિવાચક નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** कतरश्च कतमश्च - कतरकतमौ (ઇ.દ્વ.)

जातेः प्रश्नः-जातिप्रश्नः, तस्मिन्. (ષ.તત્પુ.)

**વિવેચન:-** कतरकठः, कतमगार्ग्यः - અહીં कतर અને कतम નામનો જાતિવાચક कठ અને गार्ग्य નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**जातिप्रश्न इति किम् ?** कतरः शुक्लः = કોણ ધોળું છે ? અહીં જાતિ સંબંધી પ્રશ્ન નથી પણ ગુણ સંબંધી પ્રશ્ન છે. તેથી સમાસ ન થતાં વાક્ય જ રહ્યું છે.

कतमःगन्ता = કોણ જનાર છે ? અહીં પણ જાતિ સંબંધી પ્રશ્ન નથી પરન્તુ ક્રિયા સંબંધી પ્રશ્ન છે. તેથી સમાસ ન થતાં વાક્ય જ રહ્યું છે.

विशेषणं.... ૩-૧-૯૬થી આ સમાસો સિદ્ધ જ હતાં છતાં પણ આ સૂત્રની રચના કરી તેથી નિયમ થયો કે कतर અને कतम નામનો "જાતિ સંબંધી પ્રશ્ન" એવો અર્થ ગમ્યમાન હોય તો જ જાતિવાચક નામની સાથે સમાસ થશે અન્યથા નહિં.

## किं क्षेपे । ३-१-११०.

**અર્થ:-** ઐકાર્થ્યક એવું किम् નામ નિન્દા ગમ્યમાન હોય તો કુત્સ્યવાચક (નિન્દ્યવાચક) નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**વિવેચનઃ-** किंराजा, किंगौः - અહીં રાજા પ્રજાનું રક્ષણ કરતો નથી તે શું રાજા કહેવાય ? તેથી राजा નિન્દાવાચી નામ છે અને બળદ ભારને વહન કરતો નથી તે શું બળદ કહેવાય ? તેથી गो એ નિન્દાવાચી નામ છે. તેથી राजा અને गो નામની સાથે किम् નામનો આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અહીં किंराजन् ને राजन्सखेः ૭-૩-૧૦૬ થી અને किंगो ને गोस्तत्पुरुषात् ૭-૩-૧૦૫ થી अट् સમાસાન્ત પ્રત્યય થવાનો હતો તેનો न किमः क्षेपे ૭-૩-૭૦ થી નિષેધ થયો છે.

**क्षेप इति किम् ?** को राजा तत्र = ત્યાં કોણ રાજા છે ? અહીં અન્ન પાત્ર વગેરે આપવા રૂપ પ્રજાનું રક્ષણ કરનાર હોવાથી તેની કીર્તિ દેશોદેશમાં ફેલાય છે તેથી તેની પ્રશંસા ગમ્યમાન હોવાથી આ સૂત્રથી किम् અને राजन् નો સમાસ થયો નથી.

અહીં પણ विशेषणं... ૩-૧-૯૬ થી સમાસ સિદ્ધ હોવા છતાં આ સૂત્રની રચના કરી તેથી નિયમ થયો કે નિન્દા અર્થ જણાતો હોય તો જ किम् નામનો આ સૂત્રથી સમાસ થાય અન્યથા નહિં.

## पोटा-युवति-स्तोक-कतिपय-गृष्टि-धेनु-वशा-वेहत्-बष्कयणी-प्रवक्तृ-श्रोत्रियाऽध्यायक-धूर्त्त प्रशंसारूढैर्जातिः । ३-१-१११.

**અર્થઃ-** ઐકાર્થ્યક જાતિવાચક નામ पोटा, युवति, स्तोक, कतिपय, गृष्टि, धेनु, वशा, वेहत्, बष्कयणी, प्रवक्तृ, श्रोत्रिय, अध्यायक, धूर्त्त અને પ્રશંસામાં રૂઢ એવા નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસઃ-** पोटा च युवतिश्च स्तोकम् च कतिपयश्च गृष्टिश्च धेनुश्च वशा च वेहत् च बष्कयणी च प्रवक्ता च श्रोत्रियश्च अध्यायकश्च धूर्त्तश्च प्रशंसारूढाश्च - पोटा... प्रशंसारूढाः, तैः (ઇ.દ્વ.)

प्रशंसायाम् रूढः-प्रशंसारूढः (સ.તત્પુ.)

**વિવેચનઃ-** બધા ઉદાહરણ સમાસના કોષ્ટકમાં આપેલા છે.

અહીં થયેલા સમાસો विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં પણ આ સૂત્રની પુનઃરચના કરી તે વિશેષ્યને પૂર્વપદમાં લાવવા માટે જ છે.

गोवेहत् - માં वेहत् શબ્દ ૮૮૨ ઉણાદિ સૂત્રથી નિપાતન છે.

## चतुष्पाद् गर्भिण्या । ३-१-११२.

**અર્થ:-** ચાર પગ છે જેને એવા ઐકાર્થ્યક જાતિવાચક નામો ગર્ભિણી નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** चत्वारः पादाः यस्याः सा - चतुष्पाद् (બહુ.)

**વિવેચનઃ-** गोगर्भिणी, महिषगर्भिणी - અહીં गो અને महिषी એ ચાર પગવાળા જાતિવાચક નામનો ગર્ભિણી નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**जातिरित्येव** - कालाक्षीगर्भिणी = ગર્ભિણી કાલાક્ષી નામની ગાય. અહીં कालाक्षी એ જાતિવાચક નામ નથી. વ્યક્તિવાચક નામ છે તેથી गर्भिणी નામની સાથે આ સૂત્રથી સમાસ થયો નથી.

આ સમાસો પણ विशेषणं.... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં પણ આ સૂત્રની રચના પુનઃ કરી તેથી જાતિવાચક વિશેષ્ય નામનો પૂર્વપ્રયોગ થઈ શક્યો.

गोबलीवर्द એ ન્યાયથી गो શબ્દ પુલિંગ અને સ્ત્રીલિંગ બન્નેમાં વપરાય છે. માટે પુંવદ્ભાવ કરવાની જરુર રહેતી નથી.

## युवा खलति-पलित-जरद्-वलिनैः । ३-१-११३.

**અર્થ:-** ઐકાર્થ્યક युवन् નામ खलति, पलित, जरद् અને वलिन નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** खलतिश्च पलितश्च जरद् च वलिनश्च - खलतिपलितजरद्वलिनाः, तैः (ઇ.દ્વ.)

**વિવેચનઃ-** અહીંના બધા સમાસો विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં આ સૂત્રની રચના પુનઃ કરી તે વિશેષ્ય એવા युवन् શબ્દને સમાસમાં પૂર્વપદમાં લાવવા માટે જ છે.

"नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम्" એ ન્યાયથી युवन् અને युवति બંનેનું ગ્રહણ થશે.

## कृत्य-तुल्याऽऽख्यमजात्या । ३-१-११४.

**અર્થ:-** ઐકાર્થ્યક કૃત્ય પ્રત્યયાન્ત નામો તેમજ તુલ્યાર્થક નામો અજાતિવાચક (જાતિવાચક સિવાયના) નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** तुल्यस्य आख्या - तुल्याख्या. (ષ.તત્પુ.)

कृत्यश्च तुल्याख्याश्च एतयोः समाहारः-कृत्यतुल्याख्यम् (સમા.દ્વ.)

न जातिः-अजातिः, तया (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** भोज्योष्णम्, स्तुत्यपटुः- અહીં भोज्य અને स्तुत्य એ કૃત્ય પ્રત્યયાન્ત નામનો અજાતિવાચક उष्ण અને पटु નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

- तुल्यसन्, सदृशमहान् - અહીં तुल्य અને सदृश એ તુલ્યાર્થક નામનો અજાતિવાચક सन् અને महान् નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

**अजात्येति किम् ?** भोज्य ओदनः = ખાવા યોગ્ય ભાત. અહીં भोज्य એ કૃત્ય પ્રત્યયાન્ત નામ છે. પણ ओदन એ જાતિ વાચક નામ છે તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

અહીંના સમાસો પણ विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ જ હતાં છતાં આ સૂત્રની પુનઃ રચના કરી તેથી હવે કૃત્ય પ્રત્યયાન્ત નામો અને તુલ્યાર્થક નામો સમાસમાં પૂર્વપદમાં જ આવશે. અહીં सन्महत्... ૩-૧-૧૦૭ થી तुल्यसन् ને બદલે सत्तुल्यः એમ સમાસ થવાની પ્રાપ્તિ હતી. કારણ કે તે સૂત્રમાં सन् શબ્દ પૂર્વપદમાં આવે છે. પણ હવે આ સૂત્રથી सन् પૂર્વપદમાં ન આવતાં तुल्य શબ્દ જ પૂર્વપદમાં આવશે.

## कुमारः श्रमणादिना । ३-१-११५.

**અર્થ:-** ઐકાર્થ્યક कुमार નામ श्रमणादि ગણપાઠમાંના श्रमणा વગેરે નામની સાથે તત્પુરૂષ કર્મધારય સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** श्रमणा आदिः यस्य सः-श्रमणादिः, तेन. (બહુ.)

**વિવેચન:-** कुमारश्रमणा, कुमारप्रव्रजिता - અહીં कुमारी સ્ત્રીલિંગ નામનો श्रमणा અને प्रव्रजिता નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે.

श्रमणा, प्रव्रजिता, कुलटा, गर्भिणी, तापसी, बन्धकी અને दासी આ સાત શબ્દો સ્ત્રીલિંગમાં જ વપરાય છે. તેથી વિગ્રહમાં कुमारी શબ્દ આવે છે. અને अध्यायक, अभिरुपक, पटु, मृदु, पण्डित, कुशल, चपल અને निपुण આ શબ્દો ઉભયલિંગમાં વપરાય છે. તેથી વિગ્રહમાં कुमारी અને कुमार બન્ને શબ્દો આવે છે. દા.ત. कुमारश्चासौ अध्यायकश्च - कुमाराध्यायक:, कुमारी चासौ अध्यायिका च - कुमाराध्यायिका.

આ સમાસો પણ विशेषणं... ૩-૧-૯૬ થી સિદ્ધ હોવા છતાં આ સૂત્રની રચના પુનઃ કરી તેથી कुमार શબ્દ જ સમાસમાં પૂર્વપદમાં આવશે.

"नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्" એ ન્યાયથી સ્ત્રીલિંગમાં પણ સમાસ સિદ્ધ થાય છે. માટે श्रमणादिમાં સ્ત્રીલિંગનો પાઠ છે જ્યારે સ્ત્રીલિંગ શબ્દોની સાથે સમાસ થાય ત્યારે कुमारी શબ્દ પૂર્વપદમાં જ આવે છે. અને જ્યારે પુંલિંગ શબ્દોની સાથે સમાસ થાય ત્યારે कुमार શબ્દ પૂર્વપદમાં આવે અને ઉત્તરપદમાં પણ આવી શકે છે. **દા.ત.** कुमारतापस:, तापसकुमार:-कुमारचपल:, चपलकुमार:.

## मयूरव्यंसकेत्यादय: । ३-१-११६.

**અર્થ:-** मयूरव्यंसक વગેરે તત્પુરૂષ સમાસો નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ:-** मयूरव्यंसक: इति आदि: येषां ते - मयूरव्यंसकेत्यादय: (બહુ.)

**વિવેચન:-** मयूरव्यंसक:, कम्बोजमुण्ड: - અહીં व्यंसक નામનો मयूर નામની સાથે અને मुण्ड નામનો कम्बोज નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ નિપાતન થયો છે. નિપાતનને કારણે વિશેષ્યવાચક मयूर અને कम्बोज નામ પૂર્વપદમાં આવેલ છે.

- एहीडं (कर्म), अश्नीतपिबता (क्रिया), कुरुकटे (वक्ता) - અહીં एहि શબ્દનો ईडा નામની સાથે, अश्नीत નામનો पिबत નામની સાથે અને

कुरुं નામનો कट નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસો નિપાતન થયા છે. નિપાતનને કારણે અન્યપદ પ્રધાન હોવા છતાં બહુવ્રીહિ સમાસ થવાને બદલે તત્પુ. કર્મ. સમાસ થયો છે. ક્રિયાપદની સાથે પણ સમાસ નિપાતનના કારણે થયો છે.

- गतप्रत्यागतम्, क्रयाक्रयिका - અહીં गत શબ્દનો प्रत्यागत અને क्रय નામનો क्रयिका નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસો નિપાતન થયા છે. નિપાતનને કારણે गत અને क्रय નામ જ પૂર્વપદમાં આવ્યું છે. અને क्रय માં રહેલા अ નો आ થયો છે.
- शाकपार्थिवः, त्रिभागः, सर्वश्वेतः - અહીં शाकप्रिय નામનો पार्थिव નામની સાથે, तृतीय નામનો भाग નામની સાથે, सर्व નામનો श्वेततर નામની સાથે આ સૂત્રથી તત્પુ. કર્મ. સમાસ થયો છે. નિપાતનને કારણે प्रिय, तीय અને तरप् પ્રત્યયનો લોપ થયો છે.

સૂત્રમાં બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે જ છે. નિપાતનને કારણે વિશેષ્યવાચક નામ પૂર્વપદમાં આવે છે અને આવા સમાસોમાં અનિયમિતતા હોય છે.

क्रयाक्रयिका - આ શબ્દ સમુદાય (નાની મોટી ભેગી ખરીદી) અર્થમાં વપરાય છે.

त्रिभागः-द्वि-त्रि... ૩-૧-૫૬ સૂત્રથી त्रिभाग શબ્દનો शेषे સૂત્રથી થયેલ ષષ્ઠ્યન્ત નામની સાથે સમાસ થશે પરન્તુ નિર્ધારણમાં થયેલ ષષ્ઠ્યન્ત નામ સાથે નિપાતન त्रिभाग શબ્દ હોવાથી સમાસ નહીં થાય.

આ સિવાયના બીજાપણ સમાસો દેખાય તે मयूरव्यंसकादिમાં સમાવેશ થયેલા જાણવા.

## चार्थे द्वन्द्वः सहोक्तौ । ३-१-११७.

**અર્થ:-** (એક) નામ (બીજા) નામની સાથે સહોક્તિનો (એક સાથે કથન કરવું તે) વિષય હોય તો અને च ના અર્થમાં વર્તતા હોય તો द्वन्द्व સમાસ પામે છે.

**સૂત્ર સમાસ:-** चस्य अर्थः-चार्थः, तस्मिन्. (ષ.ત.)

सहश्चासौ उक्तिश्च - सहोक्तिः, तस्याम्. (કર્મ.)

**વિવેચનઃ-** प्लक्षन्यग्रोधौ - અહીં प्लक्ष અને न्यग्रोध શબ્દનો સહોક્તિ વિષય હોવાથી અને च નાં અર્થમાં વર્તતા હોવાથી આ સૂત્રથી ઇતરેતર દ્વન્દ્વ સમાસ થયો છે.

● वाक्त्वचम् - અહીં वाक् અને त्वच् શબ્દનો સહોક્તિ વિષય હોવાથી અને च ના અર્થમાં વર્તતા હોવાથી આ સૂત્રથી સમાહાર દ્વન્દ્વ સમાસ થયો છે.

नाम અને नाम्ना બન્ને શબ્દોની અનુવૃત્તિ ૩-૧-૧૮ થી ચાલે છે. પણ लघ्वक्षरा... ૩-૧-૧૬૦ સૂત્રમાં એકના ગ્રહણથી બહુપદનું પણ ગ્રહણ થાય છે. દા.ત. धवखदिरपलाशाः અહીં બે પદ નહીં પણ ત્રણ પદોનો સમાસ થઈ શક્યો.

**चार्थ इति किम् ?** ग्रामो ग्रामो रमणीयः = દરેક ગામ રમણીય છે. અહીં એક નામ બીજા નામની સાથે નથી પણ વીપ્સામાં દ્વિરુક્તિ થઈ છે. તેથી આ સૂત્રથી દ્વન્દ્વ સમાસ થયો નથી.

**सहोक्ताविति किम् ?** प्लक्षश्च न्यग्रोधश्च = પીપળો અને વડ (જુઓ) અહીં બન્ને શબ્દો જુદા જુદા છે. સહોક્તિ જણાતી નથી તેથી આ સૂત્રથી સમાસ થયો નથી.

च ચાર અર્થમાં છે.

(૧) સમુચ્ચય - બે દ્રવ્ય, ગુણ અને ક્રિયાને ભેગા કરવા તે.

(૨) અન્વાચય - મુખ્ય ક્રિયા સાથે ગૌણ ક્રિયાને ભેગી કરવી તે.

(૩) ઇતરેતર - જુદા જુદા પદાર્થોને કહેવા માટે च થી જણાવવા તે.

(૪) સમાહાર - જથ્થારૂપે પદાર્થોને કહેવા માટે સમૂહ જણાવવો તે.

આ ચારમાં જો સહોક્તિ જણાતી હોય તો જ સમાસ થાય છે. પહેલાં બે સમુચ્ચય અને અન્વાચયમાં સહોક્તિ જણાતી નથી. માટે સમાસ ન થાય અને ઇતરેતર અને સમાહારમાં સહોક્તિ જણાય છે. મૉટે તે બેમાં સમાસ થશે.

## समानामर्थेनैकः शेषः । ३-१-११८.

**અર્થ:-** અર્થથી સમાન એવા સમાનાર્થક નામોની સહોક્તિ જણાતી હોય તો એક નામ શેષ રહે છે. અર્થાત્ એકની નિવૃત્તિ (લોપ) થાય છે.

**વિવેચન:-** वक्रौ, कुटिलौ - અહીં वक्र અને कुटिल નામો જુદા છે. પણ અર્થથી સમાન છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો. પછી આ સૂત્રથી બેમાંથી કોઈપણ એક નામ શેષ રહે છે. તેથી એકવાર वक्र અને એકવાર कुटिल નામ શેષ રહ્યું.

- सिताः, शुक्लाः, श्वेताः - અહીં सित, शुक्ल અને श्वेत નામો જુદા છે પણ ત્રણે અર્થથી સમાન છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયાં પછી આ સૂત્રથી વારાફરતી એક નામ શેષ રહે છે.

**अर्थेन समानामिति किम् ?** प्लक्षन्यग्रोधौ = પીપળો અને વડ. અહીં બન્ને શબ્દો જુદા છે. સાથે સાથે અર્થથી પણ ભિન્ન છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો પણ આ સૂત્રથી એકશેષ ન થયો.

**सहोक्तावित्येव** - वक्रश्च कुटिलश्च दृश्यः = વક્ર અને કુટિલ જો. અહીં બન્ને શબ્દો જુદા છે. અર્થથી સમાન છે પણ સહોક્તિ જણાતી નથી માટે चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો નથી અને આ સૂત્રથી એકશેષ પણ થયો નથી.

અહીં સૂત્રમાં ચોક્કસ કોઈ નામનું વિધાન કરેલ નથી. તેથી અનુક્રમે દરેક નામો શેષ રહે છે. આ સમાસોને એકશેષ द्वन्द्वસમાસ કહેવાય છે.

## स्यादावसंख्येयः । ३-१-११९.

**અર્થ:-** સર્વસ્યાદિ વિભક્તિમાં જેના રૂપો સમાન હોય તેવા તુલ્ય (સમાન) રૂપવાળા નામોમાં સંખ્યેયવાચક નામ સિવાય સહોક્તિ જણાતી હોય તો એક નામ શેષ રહે છે.

**સૂત્ર સમાસ:-** न संख्येयः-असंख्येयः- (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** अक्षाः- અહીં ત્રણ अक्ष શબ્દો જુદા જુદા અર્થમાં વર્તે છે. સમાન

રૂપવાળા શબ્દો છે તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી એક अक्ष શબ્દનો એકશેષ થયો છે.

अक्ष = ગાડાનું પૈડું, જુગારનો પાસો, દવા વિશેષ એવા અર્થ છે.

**स्यादाविति किम् ?** माता च (जननी) माता च (धान्यस्य)-मातृमातारौ = માતા અને ધાન્ય માપવાનું માપ. અહીં બન્ને मातृ શબ્દનાં પ્ર.એ.વ. ના રૂપ સરખા થાય છે. પણ સર્વસ્યાદિ વિભક્તિમાં સરખા રૂપ નથી થતાં તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પણ આ સૂત્રથી એકશેષ થતો નથી.

**असंख्येय इति किम् ?** एकश्चैकश्च = એક (ઘટ) અને એક (પટ). અહીં एक શબ્દ સંખ્યેયવાચક હોવાથી આ સૂત્રથી એકશેષ થયો નથી તેમજ દ્વન્દ્વ સમાસનું કથન ન હોવાથી चार्थे.... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ પણ થયો નથી.

## त्यदादिः । ३-१-१२०.

**અર્થ:-** ત્યદાદિ નામ ત્યદાદિ નામની સાથે અને અન્ય નામની સાથે સહોક્તિ ગમ્યમાન હોય તો ત્યદાદિનો એકશેષ થાય છે.

**સૂત્ર સમાસઃ-** त्यद् आदिः यस्यः सः (બહુ.)

**વિવેચનઃ-** तौ - અહીં तद् અને चैत्र શબ્દનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પછી આ સૂત્રથી ત્યદાદિ એવા तद् નામનો એક શેષ થયો છે.

- यौ-અહીં तद् અને यद् શબ્દનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પછી આ સૂત્રથી ત્યદાદિ એવા यद् નામનો એકશેષ થયો છે. અહીં ત્યદાદિ ગણપાઠમાં यद् એ तद् થી પરમાં છે. તેથી स्पर्द्धेपरम् ન્યાયથી यद् નો એકશેષ થયો છે.
- वयम् - અહીં अस्मद्, तद् અને युष्मद् શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પછી ત્યદાદિ એવા अस्मद् નામનો એકશેષ થયો છે. અહીં પણ तद् અને युष्मद् થી अस्मद् ત્યદાદિ ગણપાઠમાં

પર છે. તેથી स्पर्द्धेपरम् ન્યાયથી अस्मद् નો એકશેષ થયો છે.

બહુલાધિકાર હોવાથી ત્યદાદિમાં ક્વચિત્ પૂર્વનો પણ એકશેષ થાય છે.

હવે લિંગની બાબતમાં સ્ત્રી.પું. અને નપું. એ પ્રમાણે લિંગનો ક્રમ હોવાથી શેષ રહેલ ત્યદાદિને જે લિંગ પર હોય તેને તે લિંગ થાય છે. **દા.ત.** (૧) सा च चैत्रश्च - तौ, सश्च देवदत्ता च - तौ. આ ઉદાહરણમાં એક શબ્દ પુંલિંગ છે અને એક શબ્દ સ્ત્રીલિંગ છે. અને લિંગના ક્રમ પ્રમાણે પુંલિંગ પર છે તેથી तद् નું પુંલિંગ तौ થયું છે. (૨) सा च कुण्डे च - तानि. અહીં ઉદાહરણમાં એક શબ્દ સ્ત્રીલિંગ છે. અને એક શબ્દ નપું. છે. અને લિંગના ક્રમ પ્રમાણે નપું. પર છે. તેથી तद् નું નપું. तानि થયું. (૩) सश्च कुण्डम् च - ते, तद् च चैत्रश्च - ते. અહીં ઉદાહરણમાં એક શબ્દ પુંલિંગ છે. અને એક શબ્દ નપું. છે. અને લિંગના ક્રમ પ્રમાણે નપું. પર છે. તેથી तद् નું નપું. ते થયું.

## भ्रातृ-पुत्राः स्वसृ-दुहितृभिः । ३-१-१२१.

**અર્થ:-** સહોક્તિ ગમ્યમાન હોય તો स्वसृ (બહેન) અર્થવાળા નામની સાથે भ्रातृ (ભાઈ) અર્થવાળા નામો (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) એકશેષ થાય છે. તેમજ दुहितृ (પુત્રી) અર્થવાળા નામની સાથે पुत्र (પુત્ર) અર્થવાળા નામો (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) એકશેષ થાય છે.

**સૂત્ર સમાસ:-** भ्रातरश्च पुत्राश्च - भ्रातृपुत्राः (ઇ.દ્વ.)

स्वसारश्च दुहितारश्च - स्वसृदुहितारः, तैः (ઇ.દ્વ.)

**વિવેચન:-** भ्रातरौ - અહીં भ्रातृ નામનો स्वसृ નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી આ સૂત્રથી भ्रातृ શબ્દનો એકશેષ થયો છે.

- पुत्रौ - અહીં पुत्र નામનો दुहितृ નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી આ સૂત્રથી पुत्र શબ્દનો એકશેષ થયો છે.

સૂત્રમાં બહુવચન છે. તે પર્યાયવાચી શબ્દોનું ગ્રહણ કરવા માટે છે.

## पिता मात्रा वा । ३-१-१२२.

**અર્થઃ-** સહોક્તિ ગમ્યમાન હોય તો માતૃ શબ્દની સાથે પિતૃ શબ્દ દ્વન્દ્વ સમાસ પામે ત્યારે પિતૃ નામ એકશેષ વિકલ્પે થાય છે.

**વિવેચનઃ-** पितरौ, मातापितरौ - અહીં પિતૃ શબ્દનો માતૃ શબ્દની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી मातापितरौ સમાસ થયો છે. ત્યારે આ સૂત્રથી પિતૃ શબ્દનો એકશેષ વિકલ્પે થયો છે.

અહીં लघ्वक्षरा.... ૩-૧-૧૬૦ થી પૂજ્યવાચક માતૃ શબ્દ પૂર્વપદમાં આવ્યો છે. ગૌરવવડે પિતાથી માતા દશગુણ કહેવાય છે.

## श्वशुरः श्वश्रूभ्यां वा । ३-१-१२३.

**અર્થઃ-** સહોક્તિ ગમ્યમાન હોય તો श्वशुर નામ श्वश्रू નામની સાથે (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) श्वशुर નામનો વિકલ્પે એકશેષ થાય છે.

**સૂત્ર સમાસઃ-** श्वश्रूश्च श्वश्रूश्च - श्वश्र्वौ, ताभ्यां, (એકશેષ. દ્વન્દ્વ.)

**વિવેચનઃ-** श्वशुरौ, श्वश्रूश्वशुरौ - અહીં श्वशुर શબ્દનો श्वश्रू શબ્દની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી श्वश्रूश्वशुरौ દ્વન્દ્વ સમાસ થયો છે. પછી આ સૂત્રથી श्वशुर નામનો એકશેષ વિકલ્પે થયો છે. વિકલ્પ પક્ષમાં જ્યારે દ્વન્દ્વ સમાસ થાય ત્યારે लघ्वक्षरा... ૩-૧-૧૬૦થી श्वश्रू શબ્દ श्वशुर શબ્દ કરતાં લઘુઅક્ષરવાળો હોવાથી પૂર્વપદમાં આવ્યો છે.

સૂત્રમાં श्वश्रूभ्याम् દ્વિવચનનો નિર્દેશ છે. તેથી બન્ને श्वश्रू નામના ગ્રહણ માટે છે. એક તો श्वशुर (સસરા)ની પત્નીવાચક श्वशुरी (સાસુ) શબ્દ અને श्वश्रू જાતિવાચક શબ્દ બન્નેનું ગ્રહણ દ્વિવચનથી થયું છે. નહીં તો અહીં પત્નીવાચક નામનું ગ્રહણ થાત. અને જાતિવાચક श्वश्रू શબ્દના સમાસમાં पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬ થી એકશેષ નિત્ય થાત.

## वृद्धो यूना तन्मात्रभेदे । ३-१-१२४.

**અર્થઃ-** સહોક્તિ ગમ્યમાન હોય તો વૃદ્ધ પ્રત્યયાન્ત નામ યુવ પ્રત્યયાન્ત નામની સાથે (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) વૃદ્ધ પ્રત્યયાન્ત નામનો એક શેષ થાય છે. જો બંને નામોમાં માત્ર પ્રત્યયકૃત ભેદ હોય તો. એટલે પ્રકૃતિકૃત કે અર્થકૃત ભેદ ન હોય તો. વૃદ્ધ પ્રત્યય અને યુવપ્રત્યય ૬-

૧-૪૨ અને ૬-૧-૫૪ થી થાય છે.

**સૂત્ર સમાસઃ**- तौ एव - तन्मात्रम्, तन्मात्रम् चासौ भेदश्च-तन्मात्रभेदः, तस्मिन्. (કર્મ.)

**વિવેચનઃ**- गार्ग्यौ - અહીં વૃદ્ધ પ્રત્યયાન્ત गार्ग्य અને યુવ પ્રત્યયાન્ત गार्ग्यायण નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. તેમાં આ સૂત્રથી વૃદ્ધ પ્રત્યયાન્ત નામનો એકશેષ થયો છે.

**वृद्ध इति किम् ?** गर्गगार्ग्यायणौ - અહીં યુવ પ્રત્યયાન્ત गार्ग्यायण નામ છે પણ પૂર્વમાં જે गर्ग શબ્દ છે તે વૃદ્ધ પ્રત્યયાન્ત નામ નથી. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકશેષ ન થયો.

**यूनेति किम् ?** गार्ग्यगर्गौ - અહીં गार्ग्य એ વૃદ્ધ પ્રત્યયાન્ત નામ છે. પણ ઉત્તરપદમાં રહેલું गर्ग નામ યુવ પ્રત્યયાન્ત નામ ન હોવાથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકશેષ ન થયો.

**तन्मात्रभेद इति किम् ?** गार्ग्यवात्स्यायनौ - અહીં गार्ग्य એ વૃદ્ધ પ્રત્યયાન્ત નામ છે અને वात्स्यायन એ યુવ પ્રત્યયાન્ત નામ છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઇતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ અહીં બંને શબ્દોમાં શબ્દભેદ હોવાથી આ સૂત્રથી એકશેષ ન થયો.

## स्त्री पुंवच्च । ३-१-१२५.

**અર્થઃ**- સહોક્તિ ગમ્યમાન હોય તો વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામ યુવ પ્રત્યયાન્ત નામની સાથે (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામનો એકશેષ થાય છે. અને તે શેષ રહેલું નામ પુંવત્ થાય છે. જો બંને શબ્દોમાં પ્રત્યયકૃત ભેદ હોય તો.

**स्त्री** શબ્દ આ સૂત્રમાં પ્રથમાન્ત છે અને ઉપરના સૂત્રમાં **वृद्धः** પણ પ્રથમાન્ત છે તેથી **स्त्री** શબ્દને **वृद्ध** શબ્દની સાથે સંબંધ હોવાથી વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામ લેવાશે.

**સૂત્ર સમાસઃ**- पुंसः इव - पुंवत्. (તદ્ધિત.)

**વિવેચનઃ-** गार्ग्यौ - અહીં गार्गी વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામનો गार्ग्यायण યુવ પ્રત્યયાન્ત નામની સાથે चार्थे.... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક गार्गी નામનો આ સૂત્રથી એકશેષ થયો છે અને તે પુંવત્ થવાથી गार्ग्यौ થયું છે.

- गर्गान् - અહીં गार्गी વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામનો गार्ग्यायणौ એ યુવ પ્રત્યયાન્ત નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક गार्गी નામનો આ સૂત્રથી એકશેષ થયો છે અને તે પુંવત્ થવાથી गर्गान् થયું છે.

  અહીં વૃદ્ધ પ્રત્યયાન્ત સ્ત્રીવાચક નામ એકશેષ રહ્યા પછી તે પુંવત્ થાય છે. અને પુંવત્ થયા પછી गर्गान् એ પ્રમાણે બહુવચન મૂકવાનું કારણ એજ છે કે બ.વ.માં તદ્ધિત પ્રત્યયનો લોપ થાય છે તેનો ખ્યાલ આવે, નહીં તો गर्गाः મૂક્યું હોત તો પણ ચાલત. શબ્દ તદ્ધિત થયા પછી गार्ग्यः, गार्ग्यौ, गर्गाः,-गार्ग्यम् गार्ग्यौ, गर्गान् એ પ્રમાણે રૂપો થાય છે. બ.વ.માં તદ્ધિત પ્રત્યયનો લોપ થાય છે.

## पुरुषः स्त्रिया । ३-१-१२६.

**અર્થઃ-** પ્રાણીઓમાં પુરુષ શબ્દ રૂઢ છે. સહોક્તિ જણાતી હોય તો પુરુષવાચક નામ સ્ત્રીવાચક નામની સાથે માત્ર સ્ત્રી અને પુરુષનો ભેદ હોય તો (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) પુરુષવાચક નામ એકશેષ રહે છે.

**વિવેચનઃ-** ब्राह्मणौ - અહીં ब्राह्मण અને ब्राह्मणी નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયા પછી આ સૂત્રથી પુરુષવાચક નામ એકશેષ રહે છે.

**पुरुष इति किम् ?** तीरं नदनदीपतेः - અહીં नद અને नदी નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થવાથી नदनद्यौ થશે. અને नदनद्योः पतिः - नदनदीपतिः, तस्य - नदनदीपतेः અહીં આ સૂત્રથી नद નામનો એકશેષ નહી થાય કેમકે नद નામ પુંલિંગ છે પણ પુરુષવાચક નથી.

**तन्मात्र इत्येव** - स्त्रीपुंसौ - स्त्री અને પુંस् નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થવાથી स्त्रीपुंसौ થયું. પછી આ સૂત્રથી શબ્દભેદ હોવાથી પુરુષવાચક નામનો એકશેષ થતો નથી.

## ग्राम्याऽशिशुद्विशफसंघे स्त्री प्रायः । ३-१-१२७.

**અર્થ:-** ગામમાં વસનારા, નાના બચ્ચાને છોડીને અન્ય, બે ખરીવાળા પશુઓનો સમુદાય અર્થ ગમ્યમાન હોય તો સહોક્તિના વિષયમાં સ્ત્રીવાચક અને પુરુષવાચક નામ (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) પ્રાયઃ સ્ત્રીવાચક નામ એકશેષ રહે છે. જો માત્ર સ્ત્રી અને પુરુષનો જ ભેદ હોય તો.

**સૂત્ર સમાસ:-** ग्रामे भवा-ग्राम्याः, न शिशवः-अशिशवः (નञ्. તત્પુ.)

द्वौ शफौ (खुरौ) येषां ते - द्विशफाः (બહુ.)

ग्राम्याश्च ते अशिशवश्च - ग्राम्याशिशवः (કર્મ.)

ग्राम्याशिशवश्च ते द्विशफाश्च - ग्राम्याशिशुद्विशफाः (કર્મ.)

ग्राम्याशिशुद्विशफानां संघः-ग्राम्याशिशुद्विशफसंघः, तस्मिन्. (ષ.ત.)

**વિવેચન:-** इमा गावः - અહીં સ્ત્રીવાચક गो અને પુરુષવાચક गो નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. ગ્રામ્ય પશુ છે, અશિશુ છે, બેખરીવાળા પશુઓનો સમુદાય છે તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક गो નામ એકશેષ રહે છે.

**ग्राम्येति किम् ?** इमे रुरवः - અહીં સ્ત્રીવાચક रुरु અને પુરુષવાચક रुरु નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અશિશુ છે, બે ખરીવાળા છે, પશુઓનો સંઘ છે, સ્ત્રી અને પુરુષ માત્રનો જ ભેદ છે પણ ગ્રામ્ય પશુ નથી, જંગલી પશુ છે. તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામ એકશેષ ન રહેતાં पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬ થી પુરુષવાચક નામ એકશેષ રહ્યું છે.

**अशिश्विति किम् ?** बर्कराः - અહીં સ્ત્રીવાચક बर्करी અને પુરુષવાચક बर्कर નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અહીં ગ્રામ્ય પશુ છે, બે ખરીવાળા છે, પશુઓનો સમુદાય છે,

માત્ર સ્ત્રી-પુરુષનો જ ભેદ છે., પણ નાના બચ્ચા છે તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામ એકશેષ ન રહેતાં पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬ થી પુરુષવાચક નામ એકશેષ રહ્યું છે.

**द्विशफेति किम् ?** गर्दभाः - અહીં સ્ત્રીવાચક गर्दभी અને પુરુષવાચક गर्दभ નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. ગ્રામ્ય પશુ છે, અશિશુ છે, પશુઓનો સંઘ છે, માત્ર સ્ત્રી અને પુરુષનો જ ભેદ છે પણ બે ખરીવાળા નથી તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામ એકશેષ ન રહેતાં पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬ થી પુરુષવાચક નામ એકશેષ રહ્યું છે.

**संघ इति किम् ?** इमौ गावौ - અહીં સ્ત્રીવાચક गो અને પુરુષવાચક गो નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. ગ્રામ્ય પશુ છે, અશિશુ છે, બે ખરીવાળા છે, માત્ર સ્ત્રી અને પુરુષનો જ ભેદ છે પણ પશુઓનો સંઘ નથી. એક ગાય અને એક બળદ છે તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામ એકશેષ ન રહેતાં पुरुषः स्त्रिया ૩-૧-૧૨૬ થી પુરુષવાચક નામ એકશેષ રહ્યું છે.

**प्रायः इति किम् ?** उष्ट्राः - અહીં સ્ત્રીવાચક उष्ट्री અને પુરુષવાચક उष्ट्र નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. ગ્રામ્ય પશુ છે, અશિશુ છે, બે ખરીવાળા છે, પશુઓનો સંઘ છે, માત્ર સ્ત્રી અને પુરુષનો જ ભેદ છે. તેથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામ એકશેષ થઈને उष्ट्र्यः થવું જોઈતું હતું પણ સૂત્રમાં પ્રાયઃ લખેલું હોવાથી આ સૂત્રથી સ્ત્રીવાચક નામને બદલે પુરુષવાચક નામ જ એકશેષ રહ્યું છે.

આ સૂત્ર ઉપરના ૩-૧-૧૨૬ સૂત્રનો અપવાદ છે.

## क्लीबमन्येनैकं च वा । ३-१-१२८.

**અર્થઃ-** નપુંસકનામ અન્ય નપુંસક સિવાયના નામની સાથે સહોક્તિ જણાતી હોય તો નપુંસક અનપુંસકનો જ માત્ર ભેદ હોય તો (દ્વન્દ્વ સમાસ પામે ત્યારે) નપુંસક નામ એકશેષ રહે છે. અને તે શેષ રહેલું નપુંસકનામ એકાર્થક (એ.વ.) વિકલ્પે થાય છે.

**વિવેચનઃ-** શુંક્લમ્, શુક્લે વા - અહીં નપુંસક શુક્લ નામ, પુંલિંગ શુક્લ નામની સાથે ચાર્થે.... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થાય છે ત્યારે નપુંસક શુક્લ નામ એક શેષ રહેવાથી શુક્લે થયું અને તે એ.વ. વિકલ્પે પામતું હોવાથી વિકલ્પ પક્ષમાં શુક્લમ્ થયું.

- શુક્લં, શુક્લાનિ - અહીં નપુંસક શુક્લ, પુંલિંગ શુક્લ અને સ્ત્રીલિંગ શુક્લા આ ત્રણ નામોનો ચાર્થે.... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થાય છે ત્યારે નપુંસક નામ એકશેષ રહેવાથી શુક્લાનિ થયું અને તે એ.વ. વિકલ્પે પામતું હોવાથી વિકલ્પ પક્ષમાં શુક્લમ્ થયું.

**અન્યેનેતિ કિમ્ ?** શુક્લે - અહીં બન્ને નામ નપુંસક હોવાથી ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. બન્ને નપુંસક નામ હોવાથી આ સૂત્રથી એકાર્થક ન થતાં સ્યાદાવ... ૩-૧-૧૧૯ થી એકાર્થક થયો છે કેમકે તેમાં બન્ને નામ સર્વ સ્યાદિ વિભક્તિમાં સમાન હોય તો એકાર્થક થાય. અહીં પણ તેવું હોવાથી એકાર્થક થયું છે.

**તન્માત્રભેદ ઇત્યેવ** - હિમહિમાન્યૌ - અહીં હિમ અને હિમાની નામનો ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અહીં હિમ નપુંસકનામ છે. અને હિમાની સ્ત્રીલિંગ નામ હોવાથી આ સૂત્રથી એકશેષ થઈ શકે પણ તેમાં નપુંસક-સ્ત્રીલિંગનો જ ભેદ છે એવું નથી પણ શબ્દભેદ-અર્થભેદ હોવાથી આ સૂત્રથી એકશેષ થયું નથી. કારણ કે હિમ=બરફ, ઝાકળ, ચંદન, સુખડ, મોતી વગેરે ઘણાં અર્થ થાય છે. અને હિમાની=હિમનો-બરફનો સમૂહ અર્થ થાય છે.

અહીં સૂત્રમાં જે એકત્વભાવ (એ.વ.) થાય એમ કહ્યું એટલે જ્યારે એ.વ. થશે તે જ સમાસને સમાહાર દ્વન્દ્વ સમાસ કહેવાય છે. વિકલ્પ પક્ષે જ્યારે દ્વિ.વ. કે બ.વ. માં સમાસ થશે ત્યારે એકશેષ સમાસ કહેવાશે.

## પુષ્યાર્થાદ્ ભે પુનર્વસુઃ । ३-१-१२९.

**અર્થઃ-** નક્ષત્રવાચક પુષ્ય અર્થવાળા નામથી પર રહેલું નક્ષત્રવાચક પુનર્વસુ

નામ સહોક્તિ ગમ્યમાન હોય તો દ્વિ.વ.માં વર્તતું છતું એ.વ.ને પામે છે.

**સૂત્ર સમાસઃ**- पुष्यः अर्थः यस्य सः-पुष्यार्थः, तस्मात्. (બહુ.)

**વિવેચનઃ**- पुष्यपुनर्वसू, तिष्यपुनर्वसू - અહીં पुष्य નક્ષત્રવાચક તેમજ पुष्य નક્ષત્રના અર્થવાચક तिष्य નામનો નક્ષત્રવાચક पुनर्वसू નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. અને આ સૂત્રથી એકાર્થક થયું છે. એ જ પ્રમાણે सिध्यपुनर्वसू પણ થશે.

**पुष्यार्थादिति किम् ?** आर्द्रापुनर्वसवः- અહીં आर्द्रा અને पुनर्वसु નક્ષત્રવાચક નામો છે તેનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. અહીં पुष्य અર્થવાળું आर्द्रा નક્ષત્ર ન હોવાથી આ સૂત્રથી पुनर्वसु એકાર્થક થતું નથી તેથી સમાસ દ્વિ.વ.માં ન થતાં બ.વ.માં થયો છે.

**पुनर्वसुरिति किम् ?** पुष्यमघाः - અહીં पुष्य અને मघा નક્ષત્રવાચક નામો છે તેનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. અહીં पुष्य નામ તો છે પણ તેનાથી પરમાં पुनर्वसु નક્ષત્ર નથી પણ मघा નક્ષત્ર છે. તેથી આ સૂત્ર ન લાગ્યું, અહીં पुष्य અને मघा બે જ શબ્દો છે. તેથી સમાસ દ્વિ.વ. માં થવો જોઈએ. પણ मघा નક્ષત્ર બ.વ.માં જ વપરાય છે તેથી સમાસ બ.વ.માં થયો છે,

**भ इति किम् ?** तिष्यपुनर्वसवः (बालाः) - અહીં तिष्य અને पुनर्वसु શબ્દો વ્યક્તિવાચક છે. પણ નક્ષત્રવાચક નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો પણ पुनर्वसु શબ્દનો એકાર્થક ન થયો. તેથી સમાસ બ.વ.માં થયો છે.

पुनर्वसुशब्दः नक्षत्रवाचित्त्वे द्विवचनान्तः ताराद्वयवाचित्वात् । पुनर्वसु શબ્દનો નક્ષત્રવાચકમાં બે તારા અર્થ હોવાથી દ્વિવચનમાં વપરાય છે આ સૂત્રથી पुनर्वसु એ.વ. થતું હોવાથી पुष्यपुनर्वसू દ્વિવચનમાં સમાસ થયો. નહીં તો पुष्यपुनर्वसवः બ.વ.માં થાત. આ શબ્દ દ્વિવચનમાં વપરાય છે તે અવચૂરીમાં આપેલ છે.

ઉપરના ૩-૧-૧૨૮ સૂત્રમાં एकं च કરવાથી જે એક શેષ ચાલતો હતો તેની નિવૃત્તિ થઈ અને એકાર્થકની અનુવૃત્તિ આ સૂત્રમાં આવી.

આ સૂત્રમાં ઇતરેતર યોગ રૂપ સહોક્તિ ગ્રહણ કરી છે. પણ સમાહારરૂપ સહોક્તિ નથી. સમાહારમાં તો એક કે અનેકપણાનું વિશેષ કંઈ નથી. તે કારણે જો સમાહાર દ્વન્દ્વ સમાસ થાય તો तिष्यपुनर्वसु એ પ્રમાણે હ્રસ્વ થાય. પણ તેવું થયું નથી.

**विरोधिनामद्रव्याणां नवा द्वन्द्वः स्वैः । ३-१-१३०.**

**અર્થ:-** ગુણ-ક્રિયાનો આશ્રય તે દ્રવ્ય. ગુણક્રિયાના અનાશ્રયવાચક (અદ્રવ્યવાચક) વિરોધિવાચક નામોનો દ્વન્દ્વ સમાસ થયો હોય તો વિકલ્પે એકાર્થક થાય છે. જો સજાતીય વિરોધિ અદ્રવ્યવાચક નામની સાથે સમાસ થતો હોય તો જ.

**સૂત્ર સમાસ:-** विरोधः विद्यते येषां तानि - विरोधीनि, तेषां. (બહુ.)

न विद्यते द्रव्यं येषां तानि - अद्रव्याणि, तेषां. (બહુ.)

**વિવેચન:-** सुखदुःखे, सुखदुःखम् - लाभालाभौ, लाभालाभम् - અહીં सुख અને लाभ એ અદ્રવ્યવાચક નામનો તેના જ વિરોધિવાચક दुःख અને अलाभ નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક વિકલ્પે થયો તેથી એકવાર ઇતરેતર દ્વન્દ્વ સમાસ થશે અને જ્યારે એકાર્થક થશે ત્યારે સમાહાર દ્વન્દ્વ સમાસ થશે.

**विरोधिनामिति किम् ?** कामक्रोधौ - અહીં काम અને क्रोध બંને શબ્દો અદ્રવ્યવાચક છે પણ વિરોધિવાચક નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પણ આ સૂત્રથી એકાર્થક ન થયું. જો काम અને अकाम શબ્દ હોત તો આ સૂત્રથી એકાર્થક થાત.

**अद्रव्याणामिति किम् ?** शीतोष्णे जले - અહીં शीत અને उष्ण નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પણ આ સૂત્રથી એકાર્થક નહીં થાય કેમકે પરસ્પર વિરોધિ હોવા છતાં અદ્રવ્યવાચક નથી દ્રવ્યવાચક છે.

**स्वैरिति किम् ?** बुद्धिसुखदुःखानि - અહીં सुख અને दुःख નો આ

સૂત્રથી સમાહાર સમાસ થાય પણ બુદ્ધિ શબ્દ સાથે છે તે અદ્રવ્યવાચક અને વિરોધિવાચક છે પણ સજાતીય નથી માટે चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થશે પણ સમાહાર દ્વન્દ્વ આ સૂત્રથી નહિં થાય.

પરસ્પર વિરોધિ અદ્રવ્યવાચક નામોનો સજાતીયની સાથે એકાર્થક (સમાહાર દ્વન્દ્વ) વિકલ્પે થાય છે. આ બાબત चार्थे..... ૩-૧-૧૧૭ થી સિદ્ધ જ છે. કારણ કે કોઈપણ શબ્દનો સમાહાર અને ઈતરેતર બન્ને चार्थे... ૩-૧-૧૧૭ થી થાય જ છે તેથી સમાસ સિદ્ધ હોવા છતાં આ સૂત્ર બનાવ્યું. તેથી નિયમ થયો કે હવે વિરોધિવાચક અદ્રવ્યવાચકનો જ સજાતીયની સાથે જ એકાર્થક (સમાહાર દ્વન્દ્વ) વિકલ્પે થાય. તેથી વિરોધિવાચક એવા અદ્રવ્યવાચકનો જ સમાહાર દ્વન્દ્વ અને ઈતરેતર દ્વન્દ્વ બંને સમાસ થશે. તે સિવાયના (વિરોધિ હોય પણ અદ્રવ્યવાચક ન હોય, તથા અદ્રવ્યવાચક હોય અને વિરોધિ ન હોય એવા) શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ જ થાય પણ સમાહાર દ્વન્દ્વ સમાસ નહીં થાય. દા.ત. रुपरसगन्धस्पर्शाः અહીં માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ જ થશે. કારણ કે પરસ્પર સજાતીય વિરોધી નથી.

## अश्ववडव - पूर्वापरा-ऽधरोत्तराः । ३-१-१३१.

**અર્થ:-** આ ત્રણે પણ સમાસો દ્વન્દ્વ સમાસમાં એકાર્થક વિકલ્પે થાય છે જો સજાતીયની સાથે હોય તો.

**સૂત્ર સમાસ:-** अश्ववडवश्च पूर्वापरश्च अधरोत्तरश्च-अश्ववडवपूर्वापराधरोत्तराः (ઈ.દ્વ.)

**વિવેચન:-** अश्ववडवम्, अश्ववडवौ - અહીં अश्व અને वडवा નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને આ સૂત્રથી એકાર્થક વિકલ્પે થયો છે.

- पूर्वापरम्, पूर्वापरे - अधरोत्तरम् - अधरोत्तरे - અહીં पूर्व અને अपर નામનો તેમજ अधर અને उत्तर નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ

સમાસ થયો છે. અને આ સૂત્રથી એકાર્થક વિકલ્પે થયો છે.

આ સમાસ પશુ... ૩-૧-૧૩૨ થી વિકલ્પે સિદ્ધ જ હતો છતાં આ સૂત્રમાં જે अश्ववडव શબ્દ લીધો છે તે એના પર્યાયવાચક શબ્દોની સાથે બન્ને સમાસ (ઇતરેતર - સમાહાર) ન કરતાં એકલો ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરવા માટે છે. દા.ત. हयवडवे. અહીં अश्व નો પર્યાયવાચી हय શબ્દની સાથે वडवा શબ્દનો સમાસ કરવો હોય તો चार्थे... ૩-૧-૧૧૭ થી માત્ર ઇતરેતર દ્વન્દ્વ સમાસ થશે. પરન્તુ આ સૂત્રથી કે ૩-૧-૧૧૭ થી પણ સમાહાર દ્વન્દ્વ સમાસ નહિં થાય. વળી સૂત્રમાં अश्ववडव એમ લખ્યું છે તેથી સૂત્રના સામર્થ્યથી ઇતરેતર દ્વન્દ્વ સમાસ કરવો હોય ત્યારે वडवा નું હ્રસ્વ वडव થઈ પુંલિંગ ગણીને अश्ववडवौ થયું પણ अश्ववडवे એમ સ્ત્રીલિંગ ન થયું.

ઉપરના બીજા બન્ને સમાસો चार्थे... ૩-૧-૧૧૭ થી वाक्त्वचम् ની જેમ ઇતરેતર અને સમાહાર દ્વન્દ્વ સમાસ સિદ્ધ જ હતાં છતાં આ સૂત્રમાં વિકલ્પ કર્યો છે તેથી નિયમ થયો કે આ બે શબ્દો (पूर्व-अपर, अधर-उत्तर) સાથે હોય તો જ ઇતરેતર અને સમાહાર દ્વન્દ્વ સમાસ થાય પણ તે નામો સિવાય पूर्व અને पश्चिम શબ્દ હોય તો માત્ર चार्थे... ૩-૧-૧૧૭ થી ઇતરેતર દ્વન્દ્વ જ સમાસ થશે પણ સમાહાર દ્વન્દ્વ સમાસ નહીં થાય. દા.ત. पूर्वपश्चिमौ, दक्षिणापरौ, अधरमध्यमौ, उत्तरदक्षिणौ આ સમાસોમાં આ સૂત્રથી એકાર્થક (સમાહાર) નહિં થાય.

## पशु-व्यञ्जनानाम् । ३-१-१३२.

**अर्थः-** પશુવાચક નામ સજાતીય પશુવાચક નામની સાથે અને વ્યંજનવાચક નામ સજાતીય વ્યંજનવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ થયો હોય તો તે એકાર્થક વિકલ્પે થાય છે.

**सूत्र समासः-** पशवश्च व्यञ्जनानि च - पशुव्यञ्जनानि, तेषाम्. (ઈ.દ્વ.)

**विवेचनः-** गोमहिषम्, गोमहिषौ - અહીં પશુવાચક गो નામનો તેના સજાતીય પશુવાચક महिष નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ

થયો છે. તેનો આ સૂત્રથી એકાર્થક વિકલ્પે થયો છે.

- दधिघृतम्, दधिघृते - અહીં વ્યંજનવાચક दधि નામનો તેના સજાતીય વ્યંજનવાચક घृत નામની સાથે चार्थे.... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. તેનો આ સૂત્રથી એકાર્થક વિકલ્પે થયો છે. (વ્યંજન = ઘી-દાળ-શાક વગેરે)

આ સૂત્રમાં બ.વ. વ્યાપ્તિ માટે છે. વ્યાપ્તિથી એ જણાય છે કે तरुतृण.... ૩-૧-૧૩૩ થી પશુવાચક નામ બ.વ.માં હોય તો જ ઈતરેતર અને સમાહાર બંને સમાસ થાય છે તેનો બાધ કરીને પણ પશુવાચક નામ બ.વ. માં ન હોય તો પણ ઈતરેતર અને સમાહાર બંને સમાસ કરવા માટે જ સૂત્ર બ.વ.માં છે.

બીજુ આ બંને સમાસો चार्थे... ૩-૧-૧૧૭ થી સિદ્ધ જ હતાં છતાં સૂત્ર જુદુ બનાવ્યું તેથી નિયમ થયો કે પશુવાચક નામ અને વ્યંજનવાચક નામ પોતપોતાનાં સજાતીયની સાથે હોય તો જ ઈતરેતર અને સમાહાર द्वन्द्व બંને સમાસો થાય અને સજાતીયની સાથે ન હોય તો चार्थे... ૩-૧-૧૧૭ થી માત્ર ઈતરેતર द्वन्द्व જ થાય. **દા.ત.** गौश्च नरश्च - गोनरौ. (ગાય અને માણસ.) दधि च उष्ट्रश्च - दध्युष्ट्रौ. (દહીં અને ઊંટ) અહીં વિજાતીય સાથે હોવાથી સમાહાર द्वन्द्व સમાસ થયો નહીં.

## तरु-तृण-धान्य-मृग-पक्षिणां बहुत्वे । ३-१-१३३.

**અર્થ:-** તરૂવાચક, તૃણવાચક, ધાન્યવાચક, મૃગવાચક અને પક્ષિવાચક નામો બ.વ. માં હોય તો પ્રત્યેક નામોના સજાતીયવાચક નામની સાથે द्वन्द्व સમાસ થયો હોય તો વિકલ્પે એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ:-** तरवश्च तृणानि च धान्यानि च मृगाश्च पक्षिणश्च - तरुतृण-धान्यमृगपक्षिणः, तेषां. (ઈ.द्व.)

**વિવેચન:-** प्लक्षन्यग्रोधम्, प्लक्षन्यग्रोधाः - અહીં બ.વ.માં વર્તતાં તરૂવાચક प्लक्ष નામનો તેના સજાતીયવાચક न्यग्रोध નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો. અને આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો

છે.

- कुशकाशम्, कुशकाशाः - અહીં બ.વ.માં વર્તતાં તૃણવાચક कुश નામનો તેના સજાતીયવાચક काश નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. અને આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો છે.

- तिलमाषम्, तिलमाषाः - અહીં બ.વ.માં વર્તતાં ધાન્યવાચક तिल નામનો તેના સજાતીયવાચક माष નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. અને આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો છે.

- ऋश्यैणम्, ऋश्यैणाः - અહીં બ.વ.માં વર્તતાં મૃગવાચક ऋश्य નામનો તેના સજાતીયવાચક एण નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. અને આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો છે.

- हंसचक्रवाकम्, हंसचक्रवाकाः - અહીં બ.વ.માં વર્તતાં પક્ષિવાચક हंस નામનો તેના સજાતીયવાચક चक्रवाक નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. અને આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો છે.

અહીં चार्थे... ૩-૧-૧૧૭ થી બન્ને સમાસની પ્રાપ્તિ હતી છતાં પણ આ સૂત્ર જુદુ બનાવ્યું તેથી નિયમ થયો કે બ.વ. માં વિગ્રહ કરીએ ત્યારે જ ઈતરેતર અને સમાહાર બંને સમાસો થાય. એ.વ. કે દ્વિવ. માં વિગ્રહ કરીએ તો चार्थे... ૩-૧-૧૧૭ થી માત્ર ઈતરેતર દ્વન્દ્વ જ થાય.

સૂત્ર બ.વ.માં છે તેથી तरु વગેરે એ શબ્દો જ નહીં પણ તરૂવાચક વગેરે બધા શબ્દોનું ગ્રહણ થશે.

અહીં સૂત્રમાં મૃગ શબ્દ લીધો છે તે લેવાની જરૂરિયાત નથી કારણ કે મૃગ શબ્દથી જંગલી પશુઓ જ આવે છે. તે पशु... ૩-૧-૧૩૨ થી સિદ્ધ જ છે છતાં આ સૂત્રમાં મૃગ ને પૃથક્ ગ્રહણ કરીને જણાવ્યું કે જંગલી પશુઓનો જંગલી પશુઓની સાથે બ.વ.નો વિગ્રહ હોય ત્યારે જ ઈતરેતર અને સમાહાર બંને સમાસ થાય એટલે નક્કી થયું કે જંગલી પશુઓનો ગ્રામ્ય પશુઓની સાથે સહોક્તિ હોય તેમજ

જંગલી પશુઓનો જંગલી પશુઓની સાથે પણ એ.વ. કે દ્વિવ. માં વિગ્રહ હોય તો માત્ર ઇતરેતર દ્વન્દ્વ સમાસ જ થશે.

## सेनाङ्ग-क्षुद्रजन्तूनाम् । ३-१-१३४.

**અર્થ**:- બ.વ.માં હોય તો સેનાના અંગવાચક નામોનો તેમજ ક્ષુદ્ર જન્તુ વાચક નામોનો પોતપોતાના સજાતીયવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ થયો હોય તો તે નિત્ય એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ**:- सेनायाः अङ्गानि - सेनाङ्गानि (ષ.ત.)

क्षुद्राश्च ते जन्तवश्च - क्षुद्रजन्तवः (કર્મ.)

सेनाङ्गानि च क्षुद्रजन्तवश्च - सैनाङ्गक्षुद्रजन्तवः, तेषां (ઈ.દ્વ.)

**વિવેચનઃ**- अश्वरथम् - અહીં બ.વ.માં વર્તતાં સેનાના અંગવાચક अश्व નામનો તેના સજાતીયવાચક रथ નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો તેનો આ સૂત્રથી નિત્ય એકાર્થક થયો છે.

- यूकालिक्षम् - અહીં બ.વ.માં વર્તતાં ક્ષુદ્ર જન્તુવાચક यूका નામનો તેના સજાતીયવાચક लिक्ष નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો તેનો આ સૂત્રથી નિત્ય એકાર્થક થયો છે.

पृथक् योगात् वा इति निवृत्तम् । ઉપરના સૂત્રથી આ સૂત્ર જુદુ બનાવ્યું તેથી નવા ની નિવૃત્તિ થઈ. સેનાના અંગવાચક નામનો તેના સજાતીયવાચક નામની સાથે તેમજ ક્ષુદ્રજન્તુવાચક નામનો તેના સજાતીયવાચક નામની સાથે જો બ.વ. નો વિગ્રહ હોય તો આ સૂત્રથી માત્ર સમાહાર દ્વન્દ્વ સમાસ થાય અને એ.વ. કે દ્વિ.વ. નો વિગ્રહ હોય કે વિજાતીયની સાથે સમાસ હોય તો चार्थे... ૩-૧-૧૧૭ થી બન્ને સમાસ થાય છે.

સૂત્ર બ.વ.માં છે તેથી સેનાના અંગવાચક અને ક્ષુદ્ર જન્તુવાચક નામોનું ગ્રહણ થશે.

## फलस्य जातौ । ३-१-१३५.

**અર્થ**:- બ.વ.માં વર્તતાં જાતિવાચક એવા ફળવાચક નામ સજાતીયવાચક

નામની સાથે દ્વન્દ્વ સમાસ થયો હોય તો નિત્ય એકાર્થક થાય છે.

**વિવેચનઃ-** बदरामलकम् - અહીં બ.વ.માં વર્તતાં જાતિવાચક बदर નામનો તેના જ સજાતીયવાચક आमलक નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો અને આ સૂત્રથી નિત્ય એકાર્થક થયો છે.

**जाताविति किम् ?** एतानि बदरामलकानि सन्ति = આ બોર અને આ આંબળાં. અહીં ફળવાચક નામનો સજાતીયનામની સાથે સમાસ છે પણ વ્યક્તિવાચક છે. જાતિવાચક નથી તેથી આ સૂત્રથી એકાર્થક ન થયો.

અહીં આ સમાસો चार्थे... ૩-૧-૧૧૭ થી સિદ્ધ જ હતાં. છતાં આ સૂત્ર બનાવ્યું તેથી જાતિવાચક એવા ફળવાચક નામનો સજાતીય ફળવાચક નામની સાથે બ.વ.નો વિગ્રહ હોય તો માત્ર સમાહાર દ્વન્દ્વ સમાસ થાય છે. અને વ્યક્તિવાચક હોય તો બન્ને સમાસ થાય. એ.વ. કે દ્વિ. વ. નો વિગ્રહ હોય અને જાતિવાચક હોય તો પણ આ સૂત્ર ન લાગતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બન્ને સમાસ થાય છે. **દા.ત.** एतानि बदरामलकानि सन्ति, बदरामलकौ, बदरामलकम्.

अप्राणि... ૩-૧-૧૩૬ માં આ વાત આવી જ જવાની હતી કેમકે ફળવાચકનામો પ્રાણી સિવાયના છે. અને જાતિવાચક છે. તેથી સમાવેશ થઈ જ જાત છતાં સૂત્ર જુદુ બનાવ્યું તે બ.વ.ના વિગ્રહમાં સમાહાર નિત્ય કરવા માટે જ.

## अप्राणि-पश्वादेः । ३-१-१३६.

**અર્થઃ-** પ્રાણીવાચક નામોને વર્જીને તેમજ पश्वादि (૩-૧-૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫) ચાર સૂત્રોમાં કહેલાં શબ્દોને વર્જીને જે અન્ય જાતિવાચક એવા દ્રવ્યવાચક નામનો તેના જ સજાતીયવાચક નામોની સાથે દ્વન્દ્વ સમાસ થયો હોય તો નિત્ય એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસઃ-** प्राणाः विद्यन्ते येषां ते - प्राणिनः (બહુ.)
पशुः आदिः येषां ते - पश्वादयः (બહુ.)

प्राणिनश्च पश्वादयश्च एतेषां समाहारः-प्राणिपश्वादि (સમા.દ્વ.)

न प्राणिश्वादि - अप्राणिपश्वादि, तस्य (નञ्. તત્પુ.)

**વિવેચનઃ**- आराशस्त्रि - અહીં દ્રવ્યવાચક आरा નામનો તેનાજ સજાતીયવાચક शस्त्री નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો અને આ સૂત્રથી એકાર્થક થયો. તેથી आराशस्त्री થયું. અને क्लीबे ૨-૪-૯૭ થી ई નો इ હ્રસ્વ થયો છે.

**जातावित्येव** - सह्यविन्ध्यौ - અહીં सह्य અને विन्ध्य નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અહીં દ્રવ્યવાચક નામો છે પણ જાતિવાચક નથી વ્યક્તિવાચક છે તેથી બન્ને સમાસો થઈ શકે. અહીં ઈતરેતર દ્વન્દ્વ સમાસ જ આપ્યો છે પણ सह्यविन्ध्यम् સમાહાર દ્વન્દ્વ સમાસ પણ થઈ શકે.

**प्राण्यादिवर्जनं किम् ?** ब्राह्मणक्षत्रियविट्शूद्राः, ब्राह्मणक्षत्रियविट्शूद्रम् - અહીં પ્રાણિવાચક નામો હોવાથી चार्थे... ૩-૧-૧૧૭ થી બન્ને સમાસો થયા છે. પ્રાણીને વર્જીને દ્રવ્યવાચક-નામોનો સજાતીયની સાથે માત્ર સમાહાર જ થાય એનો અર્થ એ થયો કે પ્રાણીવાચકનો સજાતીયની સાથે બન્ને સમાસો થાય છે. તેથી અહીં બન્ને સમાસો થયા છે.

- **गोमहिषौ, गोमहिषम्** - અહીં पशु... ૩-૧-૧૩૨ સૂત્રમાં આ સમાસનો સમાવેશ થતો હોવાથી આ સૂત્રથી નિત્ય એકાર્થક ન થતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બંને દ્વન્દ્વ સમાસો થયા છે.
- प्लक्षन्यग्रोधौ, प्लक्षन्यग्रोधम् - અહીં तरु... ૩-૧-૧૩૩માં આ સમાસનો સમાવેશ થતો હોવાથી આ સૂત્રથી નિત્ય એકાર્થક ન થતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બંને સમાસો થયા છે.
- अश्वरथौ, अश्वरथम् - અહીં આ સમાસનો सेनाङ्ग... ૩-૧-૧૩૪માં સમાવેશ થતો હોવાથી આ સૂત્રથી નિત્ય એકાર્થક ન થતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બંને સમાસો થયા છે.
- बदरामलके, बदरामलकम् - અહીં આ સમાસનો फलस्य... ૩-૧-

૧૩૫માં સમાવેશ થતો હોવાથી આ સૂત્રથી નિત્ય એકાર્થક ન થતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બંને સમાસો થયા છે.

अपश्चादेः ના ગ્રહણથી पशु... ૩-૧-૧૩૨, तरु... ૩-૧-૧૩૩, सेनाङ्ग... ૩-૧-૧૩૪ અને फलस्य... ૩-૧-૧૩૫ એ ચાર સૂત્રોમાં કહેલાં શબ્દોનો જો જાતિવાચક સમાસ કરવો હોય તો चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર અને સમાહાર બન્ને સમાસ થશે પણ આ अप्राणि... ૩-૧-૧૩૬ સૂત્રથી નહીં થાય કારણ કે જાતિવાચક હોવા છતાં પણ पश्चादि સૂત્રમાં કહેલાં જાતિવાચક શબ્દોનો આ સૂત્રથી સમાસ ન કરવો એમ જણાવેલું હોવાથી अप्राणि... ૩-૧-૧૩૬ થી સમાસ ન થતાં चार्थे... ૩-૧-૧૧૭ થી બન્ને સમાસો થયા છે. ઉપરના ચારે સૂત્રો જાતિવાચક નામોનો સમાસ કરતાં નથી પણ વ્યક્તિવાચક અને તે પણ બ.વ.માં વિગ્રહ કરેલો હોય તો જ તે તે સૂત્રથી સમાસ થાય અન્યથા નહિં.

સારાંશ એ થયો કે જાતિવાચક બધા શબ્દો જો સજાતીયની સાથે હોય તો अप्राणि... ૩-૧-૧૩૬ થી માત્ર સમાહાર द्वन्द्व જ થાય. એમાંથી પ્રાણીવાચક અને पश्चादिः સૂત્રોમાં કહેલાં જાતિવાચક શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર અને સમાહાર બન્ને સમાસ થાય. પણ આ સૂત્રથી ન થાય કારણ કે તેમાં તેનું વર્જન કરેલું છે. पश्चादिः સૂત્રોમાં કહેલાં જાતિવાચક શબ્દોથી અન્ય જાતિવાચક શબ્દોનો માત્ર સમાહાર द्वन्द्व સમાસ જ થશે.

## प्राणि - तूर्याङ्गाणाम् । ३-१-१३७.

**અર્થ:**-પ્રાણીના અંગવાચક તેમજ તુર્ય (વાજીંત્ર)ના અંગવાચક નામોનો તેના જ સજાતીય અંગવાચક નામોની સાથે द्वन्द्व સમાસ થયો હોય તો એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ:**- प्राणी च तूर्यं च - प्राणीतूर्यम् (ઈ.द्व.)

प्राणीतूर्ययोः अङ्गानि - प्राणीतूर्याङ्गाणि, तेषां (ष.त.)

**વિવેચન:**- कर्णनासिकम् - અહીં कर्ण એ પ્રાણીના અંગવાચક છે અને

नासिका એ એના સજાતીય પ્રાણીના અંગવાચક છે તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે અને આ સૂત્રથી એકાર્થક થયો છે.

- मार्दङ्गिकपाणविकम् - અહીં मार्दङ्गिक એ વાજીંત્રના અંગવાચક છે અને पाणविक એ એના સજાતીય વાજીંત્રના અંગવાચક છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે અને આ સૂત્રથી એકાર્થક થયો છે.

**स्वैरित्येव** - पाणिगृध्रौ - અહીં पाणि એ પ્રાણીના અંગવાચક છે પણ गृध्र એ પક્ષિવાચક છે. પ્રાણીના અંગવાચક નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર द्वन्द्व સમાસ થયો છે પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

આ સૂત્રનો ઉપરના ૩-૧-૧૩૬ સૂત્રમાં સમાવેશ થઈ જતો હતો કારણકે પ્રાણીના અંગવાચક નામો અને વાજીંત્રના અંગવાચક નામો તે કાંઈ પ્રાણી નથી તેથી अप्राणि... '૩-૧-૧૩૬ થી સમાહાર द्वन्द्व સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર બનાવ્યું તેથી अप्राणि... ૩-૧-૧૩૬ થી જાતિવાચક નામોનો જ સમાહાર द्वन्द्व થશે જ્યારે આ સૂત્રથી પ્રાણીના અંગવાચક નામો અને વાજીંત્રના અંગવાચક નામો વ્યક્તિવાચક હોવા છતાં પણ સમાહાર द्वन्द्व થશે.

સૂત્ર બહુવચનમાં છે તેથી એમ જણાય છે કે પ્રાણિના અંગવાચક અને વાજીંત્રના અંગવાચક નામોનો સજાતીયની સાથે જ સમાહાર द्वन्द्व સમાસ કરવો પણ બીજા કોઈ શબ્દોની સાથે હોય તો સમાહાર સમાસ નહીં થાય चार्थे... ૩-૧-૧૧૭ થી માત્ર ઈતરેતર द्वन्द्व સમાસ થશે.

## चरणस्य स्थेणोऽद्यतन्यामनुवादे । ३-१-१३८.

**अर्थः-** કઠ વગેરે ઋષિઓ વડે કહેવાએલી શાખા વિશેષનું અધ્યયન કરનારા બ્રાહ્મણોને કઠ (ચરણ) કહેવાય છે. પ્રસિદ્ધ અર્થના કથનને અનુવાદ કહેવાય છે. (कथितानुकथितमनुवादः = કહેલાને ફરી કહેવું તે અનુવાદ.)

અદ્યતનીનો પ્રત્યય અંતે છે જેને એવા स्था અને इण् (इ) ધાતુના કર્તૃવાચક ચરણવાચક નામો સજાતીયવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ પામેલા હોય અને અનુવાદનો વિષય હોય તો એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ:-** स्था च इणू च - स्थेणू, तस्य (ઈ.દ્વ.)

**વિવેચન:-** प्रत्यष्ठात् कठकालापम् - અહીં कठ અને कालाप એ ચરણવાચક નામો स्था ધાતુના કર્તૃવાચક નામો છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે અને આ સૂત્રથી એકાર્થક થયો છે.

● उदगात् कठकौथुमम् - અહીં कठ અને कौथुम એ ચરણવાચક નામો इण् ધાતુના કર્તૃવાચક નામો છે. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે અને આ સૂત્રથી એકાર્થક થયો છે.

**अनुवाद इति किम् ?** उदगुः कठकालापाः अप्रसिद्धं कथयन्ति - અહીં कठ અને कालाप એ ચરણવાચક નામો इण् ધાતુના કર્તૃવાચક નામો છે. પણ અનુવાદનો વિષય (પ્રસિદ્ધ વાતને કહેતાં) નથી. તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. પણ એકાર્થક ન થયો.

**चरणस्येति किम् ?** उदगुः तार्किकवैयाकरणाः = તાર્કિકો અને વૈયાકરણોએ અનુવાદ કર્યો. અહીં इण् ધાતુના કર્તૃવાચક નામો છે. પણ ચરણવાચક નામો નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર સમાસ થયો છે પણ આ સૂત્રથી સમાહાર દ્વન્દ્વ ન થયો.

**स्थेणोः इति किम् ?** अगमत् कठकालापाः = કઠ અને કાલાપ નામનાં બ્રાહ્મણોએ અનુવાદ કર્યો. અહીં स्था કે इण् ધાતુના કર્તૃવાચક નામો નથી પણ गम् ધાતુના કર્તૃવાચક નામો છે તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી સમાહાર દ્વન્દ્વ સમાસ ન થયો.

**अद्यतन्यामिति किम् ?** अतिष्ठत् कठकालापाः = કઠ અને કાલાપ નામનાં બ્રાહ્મણોએ અનુવાદ કર્યો. અહીં स्था ધાતુના કર્તૃવાચક ચરણવાચક નામો છે. પણ स्था ધાતુને અંતે અદ્યતન પ્રત્યય નથી પણ

હ્યસ્તન પ્રત્યય અંતે છે. તેથી ચાર્થે... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી સમાહાર દ્વન્દ્વ સમાસ ન થયો.

## अक्लीबेऽध्वर्युक्रतोः । ३-१-१३९.

**અર્થઃ-** अध्यर्युः-યજુર્વેદમાં યજ્ઞવાચી નામો તેના જ સજાતીય યજ્ઞવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ પામેલા હોય તો એકાર્થક થાય છે. જો તે નામો નપુંસકલિંગમાં ન હોય તો.

**સૂત્ર સમાસઃ-** न क्लीबः - अक्लीबः, तस्मिन्. (નઞ્. તત્પુ.)

अध्वर्योः क्रतुः-अध्वर्युक्रतुः, तस्य. (ષ. તત્પુ.)

**વિવેચનઃ-** अर्काश्वमेघम् - અહીં યજ્ઞવાચક अर्क નામનો તેનાજ સજાતીય યજ્ઞવાચક अश्वमेघ નામની સાથે ચાર્થે... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે.

**अक्लिब इति किम् ?** गवामयनादित्यानामयने - અહીં गवामयन અને आदित्यानामयन નામો નપુંસક હોવાથી ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો. પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

**अध्वर्य्विति किम् ?** इषुवज्रौ - અહિં इषु, અને वज्र એ નામો યજ્ઞવાચી છે. તે યજુર્વેદમાં કહેલાં નથી પણ સામવેદમાં કહેલાં છે તેથી ચાર્થે... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

**क्रतोरिति किम् ?** दर्शपौर्णमासौ - અહિં दर्श અને पौर्णमास એ નામો યજ્ઞવાચી નથી તેથી ચાર્થે... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

વેદના ચાર પ્રકાર છે.

(૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ અને (૪) અથર્વવેદ.

## निकट पाठस्य । ३-१-१४०.

**અર્થઃ-** ભણનારાઓનાં પાઠ નિકટ છે જેઓનાં તે નિકટપાઠવાચક નામો તેના

જ સજાતીય નિકટપાઠવાચક નામોની સાથે દ્વન્દ્વ સમાસ પામેલા હોય તો તે એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ**:- निकटः पाठः यस्य सः-निकटपाठः, तस्य. (બહુ.)

**વિવેચન**:- पदकक्रमकम् - અહીં पदक એ નિકટપાઠવાચક નામ છે તેના જ સજાતીય નિકટપાઠવાચક क्रमक નામ છે તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો અને આ સૂત્રથી એકાર્થક થયો છે.

વૈદિકો એક જ મન્ત્ર પદ-ક્રમ અને સંહિતાના ક્રમે બોલે છે. તેથી પ્રથમ પદપાઠ હોય છે પછી ક્રમપાઠ હોય છે અને ત્યારપછી સંહિતાપાઠ હોય છે આથી સમજી શકાય છે કે પદપાઠ એ ક્રમપાઠની નિકટ છે. અને ક્રમપાઠ એ સંહિતાપાઠની નિકટ છે.

## नित्यवैरस्य । ३-१-१४१.

**અર્થ**:- નિત્ય (નિમિત્ત વિનાનું) કોઈપણ કારણ વિના માત્ર જાતિથી બંધાએલા વૈર છે જેઓને તે પ્રાણીવાચક નામો સજાતીય પ્રાણીવાચક નામોની સાથે દ્વન્દ્વ સમાસ પામેલા હોય તો તે એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસ**:- नित्यं (जातिनिबद्धं) वैरम् यस्य सः-नित्यवैरम्, तस्य (બહુ.)

**વિવેચન**:- अहिनकुलम् - અહીં अहि અને नकुल બન્નેને પરસ્પર નિત્ય (જાતિ) વૈર હોવાથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે. એજ પ્રમાણે मार्जारमूषिकम्, ब्राह्मणश्रमणम्, काकोलूकम् વગેરે સમાસો થશે.

**नित्यवैरस्येति किम् ?** देवासुराः, देवासुरम् - અહિં देव અને असुर બંનેને જાતિવૈર નથી પણ રાજ્યાપહારાદિને કારણે ઉત્પન્ન થયેલું વૈર છે તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર અને સમાહાર બંને સમાસો થયા. પણ આ સૂત્રથી માત્ર સમાહાર ન થયો.

## नदी-देश-पुरां विलिङ्गानाम् । ३-१-१४२.

**અર્થ**:- જુદા જુદા લિંગવાળા નદીવાચક, દેશવાચક અને પુરવાચક નામો તેના જ સજાતીયવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ પામેલા હોય તો તે એકાર્થક થાય છે.

**સૂત્ર સમાસઃ-** नदी च देशश्च पूश्च - नदीदेशपुरः, तासाम्. (ઈ.દ્વ.)

विविधं लिङ्गम् यस्याम् सा - विलिङ्गाः, तासाम्. (બહુ.)

**વિવેચનઃ-** गङ्गाशोणम् - અહીં સ્ત્રીલિંગ गङ्गा નામનો નપુંસકલિંગ शोण નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે. આ નદીવાચક નામો છે.

- कुरुकुरुक्षेत्रम् - અહીં પુંલિંગ कुरु નામનો નપુંસકલિંગ कुरुक्षेत्र નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે. આ દેશવાચક નામો છે. દેશવાચક નામો બહુવચનમાં વપરાય છે.

- मथुरापाटलिपुत्रम् - અહીં સ્ત્રીલિંગ **मथुरा** નામનો નપુંસકલિંગ पाटलिपुत्र નામની સાથે चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે. આ પુરવાચી નામો છે.

**विलिङ्गनामिति किम् ?** गङ्गायमुने - અહિં गङ्गा અને युमना બન્ને સ્ત્રીલિંગ છે. જુદા જુદા લિંગવાળા નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

અહીં દેશના ગ્રહણથી પુરનું ગ્રહણ થતું જ હતું છતાં સૂત્રમાં પુરનું ગ્રહણ પૃથક્ કર્યું છે. તેથી હવે ग्राम શબ્દનું ગ્રહણ નહિં થાય. દા.ત. जाम्बशालुकिन्यौ - અહીં जाम्ब અને शालुकिनी એ ગામ શબ્દોનું આ સૂત્રથી એકાર્થક નહીં થાય.

## पात्र्यशूद्रस्य । ३-१-१४३.

**અર્થ:-** પાત્રાર્હ શૂદ્રવાચક નામ તેના જ સજાતીય શૂદ્રવાચક નામની સાથે દ્વન્દ્વ સમાસ પામેલું હોય તો તે એકાર્થક થાય છે.

पात्रार्हशूद्र - જેનાવડે જેમાં ખવાયેલું ભાજન સંસ્કારથી શુદ્ધ માની શકાય તે શુદ્રો પાત્ર્ય કહેવાય છે. દા.ત. સુથાર, લુહાર, ધોબી વગેરે. જેનું પાત્ર સંસ્કારવડે પણ શુદ્ધ ન થાય તે અપાત્ર્યશૂદ્ર કહેવાય.

દા.ત. ભંગી, ચંડાળ વગેરે.

**સૂત્ર સમાસ:-** पात्रं अर्हति - पात्र्य. पात्र्यश्चासौ शुद्रश्च - पात्र्यशुद्रः, तस्य (કર્મ.)

**વિવેચન:-** तक्षायस्कारम् - અહીં तक्षन् અને अयस्कार શબ્દ પાત્ર્ય શૂદ્રવાચક હોવાથી चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે તેનો આ સૂત્રથી એકાર્થક થયો છે.

**पात्र्येति किम् ?** जनङ्गमबुक्कसाः - અહિં जनङ्गम અને बुक्कस એ શુદ્રવાચી છે પણ પાત્ર્યશુદ્ર નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

**शूद्रग्रहणं किम् ?** ब्राह्मणक्षत्रियविशः - અહિં ब्राह्मण, क्षत्रिय અને विट् એ ત્રણે નામો શુદ્રવાચક નથી તેથી चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી એકાર્થક ન થયો.

## गवाश्वादिः । ३-१-१४४.

**અર્થ:-** गवाश्वादि વગેરે દ્વન્દ્વ સમાસો એકાર્થક નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ:-** गौश्च अश्वश्च एतयोः समाहारः-गवाश्वम् (સમા.દ્વ.)

गवाश्वम् आदिः यस्य सः-गवाश्वादिः (બહુ.)

**વિવેચન:-** गवाश्वम् - અહીં गो અને अश्व નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો અને આ સૂત્રથી એકાર્થક થયો છે. અહીં स्वरे... ૧-૨-૨૯ થી गो ના ओ નો अव થયો છે.

- गवाविकम् - અહીં गो અને अविक નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો અને આ સૂત્રથી એકાર્થક થયો છે. અહીં स्वरेवा... ૧-૨-૨૯ થી गो ના ओ નો अव થયો છે.

અહીં પશુ.... ૩-૧-૧૩૨ થી સમાહાર દ્વન્દ્વ સમાસ સિદ્ધ જ હતો છતાં આ સૂત્રમાં गवाश्वादि ગણપાઠ કર્યો છે તેનાથી એમ સમજવું કે અહીં જે શબ્દની સાથે જે શબ્દ આપેલો છે તે શબ્દનો તે જ શબ્દની સાથે સમાસ હોય તો જ એકાર્થક થાય. એટલે કે गो શબ્દ अश्व કે

અવિક શબ્દની સાથે હોય તો જ આ સૂત્રથી સમાહાર દ્વન્દ્વ સમાસ થાય. તે સિવાય हय વગેરે શબ્દો હોય તો पशु... ૩-૧-૧૩૨ થી બંને સમાસ થાય. દા.ત. गोहयौ, गोहयम्.

## न दधिपय आदिः । ३-१-१४५.

**અર્થ:-** દધિપય આદિ ગણપાઠમાંના દ્વન્દ્વ સમાસો એકાર્થક થતાં નથી.

**સૂત્ર સમાસ:-** दधि च पयश्च एतयोः समाहारः - दधिपयः (સમા.દ્વ.)

**વિવેચન:-** दधिपयसी અહીં दधि અને पयस् શબ્દનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. આ નામો વ્યંજનવાચક હોવાથી पशु... ૩-૧-૧૩૨ થી સમાહાર દ્વન્દ્વ સમાસની (એકાર્થકની) પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો છે.

- सर्पिर्मधुनी - અહીં सर्पिष् અને मधु શબ્દનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. આ નામો વ્યંજનવાચક હોવાથી पशु... ૩-૧-૧૩૨ થી સમાહાર દ્વન્દ્વ સમાસની (એકાર્થકની) પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો છે.

  सर्पिष् માં રહેલાં મૂર્ધન્ય ष् ને અસત્ માનીને દંત્ય स् માન્યો તેથી सोरुः ૨-૧-૭૨ થી ष् નો र् થયો છે.

## संख्याने । ३-१-१४६.

**અર્થ:-** સમાસમાં રહેલા પદોના અર્થની ગણના (સંખ્યા) ગમ્યમાન હોય તો થયેલા દ્વન્દ્વ સમાસો એકાર્થક થતાં નથી.

**સૂત્ર સમાસ:-** संख्यायते येन तत् - संख्यानम्, तस्मिन्. (બહુ.)

**વિવેચન:-** दश गोमहिषाः - અહીં गो અને महिष નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પણ આ સૂત્રથી એકાર્થક નો નિષેધ થયો.

- बहवः पाणिपादाः - અહીં पाणि અને पाद નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. પણ આ સૂત્રથી એકાર્થક નો નિષેધ થયો.

  गोमहिषाः આ સમાસ पशु... ૩-૧-૧૩૨ થી સિદ્ધ જ હતો પરંતુ ગણના અર્થ ગમ્યમાન હોય ત્યારે સમાહાર દ્વન્દ્વ સમાસ ન કરતાં

માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ કરવા માટે જ આ સૂત્રનું પ્રણયન છે.

पाणिपादाः આ સમાસ प्राणि.... ૩-૧-૧૩૭ થી સિદ્ધ જ હતો કારણ કે पाणि અને पाद એ શબ્દો પ્રાણીના અંગવાચક છે. છતાં આ સૂત્રનું પ્રણયન કર્યું તેથી જ્યારે ગણના અર્થ ગમ્યમાન હોય ત્યારે સમાહાર દ્વન્દ્વ સમાસ ન થતાં માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ થયો.

## वान्तिके । ३-१-१४७.

**અર્થ**:- સમાસમાં વર્તતાં પદોના અર્થની ગણનાનું સમીપપણું ગમ્યમાન હોય તો દ્વન્દ્વ સમાસો એકાર્થક વિકલ્પે થાય છે.

**વિવેચન**:- उपदशं गोमहिषम्, उपदशाः गोमहिषाः -અહીં गो અને महिष નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. તેનો આ સૂત્રથી વિકલ્પે એકાર્થક થયો છે.

અહીં પણ पशु... ૩-૧-૧૩૨ થી વિકલ્પે દ્વન્દ્વ સમાસ સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર બનાવ્યું તેથી ગણનાનું સામીપ્ય અર્થ ગમ્યમાન ન હોય ત્યારે માત્ર ઈતરેતર દ્વન્દ્વ સમાસ થશે.

## प्रथमोक्तं प्राक् । ३-१-१४८.

**અર્થ**:- અહીં સમાસ પ્રકરણનાં સૂત્રોમાં જેનો પ્રથમાન્ત પદથી (પ્રથમા વિભક્તિથી) નિર્દેશ કરાએલો હોય તે સમાસમાં પૂર્વમાં આવે છે.

**સૂત્ર સમાસ**:- प्रथमया उक्तं - प्रथमोक्तं (તૃ. તત્પુ.)

**વિવેચન**:- आसन्नदशाः - आसन्न અને दशन् શબ્દનો आसन्ना... ૩-૧-૨૦ થી સંખ્યા બહુવ્રીહિ સમાસ થએલો છે. आसन्ना... ૩-૧-૨૦ સૂત્રમાં आसन्न વગેરે શબ્દોનો પ્રથમાન્ત પદથી નિર્દેશ કરેલો છે તેથી આ સૂત્રથી સમાસમાં आसन्न શબ્દ પૂર્વમાં આવ્યો છે.

- सप्तगङ्गम् - सप्त અને गङ्गा શબ્દનો संख्या... ૩-૧-૨૮ થી અવ્યયીભાવ સમાસ થયો છે. संख्या... ૩-૧-૨૮ સૂત્રમાં સંખ્યાવાચક નામનો પ્રથમાન્ત પદથી નિર્દેશ કરાએલ છે તેથી આ સૂત્રથી સમાસમાં सप्त એ સંખ્યાવાચક નામ પૂર્વમાં આવ્યું છે.

## राजदन्ताऽऽदिषु । ३-१-१४९.

**અર્થ:-** राजदन्त વગેરે સમાસોમાં અપ્રાપ્ત (જેને પ્રાપ્તિ ન હોય તેનો) નો પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસ:-** राजदन्तः आदिः येषां ते -राजदन्तादयः, तेषु. (બહુ.)

**વિવેચન:-** राजदन्तः - અહીં राजन् અને दन्त નામનો षष्ठ्य... ૩-૧-૭૬થી ષ.ત. સમાસ થયો છે. આ સૂત્રથી राजन् પૂર્વપદમાં આવે છે. આમ તો षष्ठ्य... ૩-૧-૭૬ માં ષષ્ઠ્યન્ત નામ પ્રથમાન્ત છે તેથી प्रथमो... ૩-૧-૧૪૮ થી ષષ્ઠ્યન્ત એવું दन्त નામ સમાસમાં પૂર્વમાં આવે પણ આ સૂત્રથી राजन् પૂર્વપદમાં આવ્યું છે.

- लिप्तवासितम् -અહીં लिप्त અને वासित નામનો पूर्व... ૩-૧-૯૭ થી કર્મધારય સમાસ થયો છે. पूर्व... ૩-૧-૯૭ થી वासित નામનો પૂર્વપ્રયોગ થવાનો હતો કારણ કે પૂર્વક્રિયા નો પૂર્વ પ્રયોગ થાય છે. તેથી કોઈપણ વસ્તુ પહેલાં વાસિત કરાય અને પછી વિલેપન થાય તેથી वासित નામનો પૂર્વપ્રયોગ થાય પણ આ સૂત્રથી लिप्त નામનો પૂર્વપ્રયોગ થયો છે.

## विशेषण-सर्वादि-संख्यं बहुव्रीहौ । ३-१-१५०.

**અર્થ:-** બહુવ્રીહિ સમાસમાં વિશેષણવાચક નામનો, સર્વાદિ નામનો અને સંખ્યાવાચક નામનો પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસ:-** विशेषणं च सर्वादिश्च संख्या च एतेषां समाहारः-विशेषण सर्वादिसंख्यम्. (સમા.દ્વ.)

**વિવેચન:-** चित्रगुः- અહીં चित्र અને गो નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. વિશેષણ चित्र નામ આ સૂત્રથી પૂર્વપદમાં આવ્યું છે.

- सर्वशुक्लः -અહીં सर्व અને शुक्ल નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને सर्व નામ આ સૂત્રથી પૂર્વપદમાં આવ્યું છે.

- द्विकृष्णः - અહીં द्वि અને कृष्ण નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને द्वि નામ આ સૂત્રથી પૂર્વપદમાં આવ્યું છે.

## क्ताः । ३-१-१५१.

**અર્થઃ-** બહુવ્રીહિ સમાસમાં સર્વ (બધા) क्त પ્રત્યયાન્ત (વિશેષણ હોય કે વિશેષ્ય હોય) નામનો સમાસમાં પૂર્વ પ્રયોગ થાય છે.

**વિવેચનઃ-** कृतकटः - અહીં कृत અને कट નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને क्त પ્રત્યયાન્ત कृत નામનો સમાસમાં આ સૂત્રથી પૂર્વપ્રયોગ થયો છે.

विशेषण... ૩-૧-૧૫૦ થી क्त પ્રત્યયાન્ત નામ વિશેષણ હોવાથી પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર બનાવ્યું તેથી હવે क्त પ્રત્યયાન્ત નામ વિશેષણ હોય કે વિશેષ્ય હોય તો પણ પૂર્વપ્રયોગમાં જ આવશે. અહીં તો વિશેષણ જ છે. પણ વિશેષ્યનું ઉદાહરણ હોય તો વિશેષ ખ્યાલ આવે.

સૂત્ર બહુવચનમાં છે તે વ્યાપ્તિ માટે છે. વ્યાપ્તિ એ થઈ કે क्त પ્રત્યયાન્ત નામ માત્રનો બહુવ્રીહિ સમાસમાં પૂર્વપ્રયોગ થશે. દા.ત. कृतम् प्रियम् अनेन-कृतप्रियः - અહીં प्रियः ૩-૧-૧૫૭ સૂત્રથી प्रिय નામનો વિકલ્પે પૂર્વપ્રયોગ થતો હતો. પણ આ સૂત્ર બનાવ્યું તેથી હવે क्त પ્રત્યયાન્ત નામની સાથે જો प्रिय શબ્દ આવે તો પણ આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત નામનો જ પૂર્વપ્રયોગ થાય.

## जाति-काल-सुखादेर्नवा । ३-१-१५२.

**અર્થઃ-** જાતિવાચક નામની સાથે, કાલવાચક નામની સાથે અને सुख વગેરે નામની સાથે क्त પ્રત્યયાન્ત નામ બહુવ્રીહિ સમાસ પામેલા હોય તો क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પે પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસઃ-** जातिश्च कालश्च सुखादिश्च एतेषां समाहारः-जातिकालसुखादि, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચન:-** जग्धशाङ्गरा, शाङ्गरजग्धी - અહીં शाङ्गर અને जग्ध નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત जग्ध નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પ પક્ષમાં જાતિવાચક शाङ्गर નામનો પૂર્વપ્રયોગ થયો છે. સ્ત્રીલિંગ હોવાથી अनाच्छाद... ૨-૪-૪૭ થી ङी થયો છે.

- जातमासा, मासजाता -અહીં मास અને जात નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત ज़ात નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પ પક્ષમાં કાલવાચક मास નામનો પૂર્વપ્રયોગ થયો છે.

- जातसुखा, सुखजाता, -અહીં सुख અને जात નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત जात નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં सुख નામનો પૂર્વપ્રયોગ થયો છે. એજ પ્રમાણે हीनदु:खा, दु:खहीना સમાસ થશે. કારણકે दु:ख શબ્દ એ सुख વગેરે શબ્દોમાં આવે છે.

क्ता: ૩-૧-૧૫૧ થી क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો પણ આ जाति... ૩-૧-૧૫૨ સૂત્રે વિકલ્પ કર્યો કે બહુવ્રીહિ સમાસમાં જાતિવાચક, કાલવાચક અને सुख વગેરે નામની સાથે क्त પ્રત્યયાન્ત નામ હોય તો વિકલ્પે પૂર્વપ્રયોગ થાય છે.

## आहिताग्न्यादिषु । ३-१-१५३.

**અર્થ:-** आहिताग्नि વગેરે ગણપાઠના નામોની સાથે क्त પ્રત્યયાન્ત નામો બહુવ્રીહિ સમાસ પામે ત્યારે क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પે પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસ:-** आहिताग्नि: आदि: येषां ते - आहिताग्न्यादय:, तेषु. (બહુ.)

**વિવેચન:-** आहिताग्नि:, अग्न्याहित:- અહીં आहित અને अग्नि નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત आहित નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પ પક્ષમાં

अग्नि નામનો પૂર્વપ્રયોગ થયો છે.

- जातदन्तः, दन्तजात -અહીં जात અને दन्त નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત जात નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પ પક્ષમાં दन्त નામનો પૂર્વપ્રયોગ થયો છે.

  क्ताः ૩-૧-૧૫૧ થી क्त પ્રત્યયાન્ત નામનો પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો વિકલ્પપક્ષમાં તેનો બાધ કરીને क्त પ્રત્યયાન્ત નામથી અન્ય (બીજા) નામનો પણ પૂર્વપ્રયોગ કરવો છે અને ઉપરના સૂત્રોમાં જાતિવાચક નામનો પૂર્વપ્રયોગ કર્યો છે જ્યારે અહીં વ્યક્તિવાચક એવા अग्नि, दन्त વગેરે નામોના પૂર્વપ્રયોગ માટે જ આ સૂત્રનો પ્રારંભ છે.

## प्रहरणात् । ३-१-१५४.

**અર્થ:-** પ્રહરણ અર્થવાચક (મારવાના સાધનવાચક) નામોની સાથે क्त પ્રત્યયાન્ત નામો બહુવ્રીહિ સમાસ પામેલા હોય તો क्त પ્રત્યયાન્ત નામનો વિકલ્પે પૂર્વપ્રયોગ થાય છે.

**વિવેચન:-** उद्यतासिः, अस्युद्यतः - અહીં उद्यत અને असि નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી क्त પ્રત્યયાન્ત उद्यत નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પ પક્ષમાં असि એ પ્રહાર કરવાનું સાધન હોવાથી असि નામનો પૂર્વપ્રયોગ થયો છે.

જાતિવાચક નામનો जाति... ૩-૧-૧૫૨ થી વિકલ્પે પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો પણ વ્યક્તિવાચક નામનો વિકલ્પે પૂર્વપ્રયોગ કરવા માટે આ સૂત્રનો આરંભ છે.

## न सप्तमीन्द्वादिभ्यश्च । ३-१-१५५.

**અર્થ:-** બહુવ્રીહિ સમાસમાં इन्दु વગેરે ગણપાઠમાંના નામોથી તથા પ્રહરણવાચક નામથી પૂર્વમાં સપ્તમ્યન્ત નામનો પૂર્વપ્રયોગ થતો નથી.

**સૂત્ર સમાસ:-** इन्दुः आदिः येषां ते - इन्द्वादयः, तेभ्यः (બહુ.)

**વિવેચન:-** इन्दुमौलिः - અહીં इन्दु અને मौलि નામનો उष्ट्र... ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને પ્રાય: સપ્તમ્યન્ત નામ વિશેષણ હોય

અને પ્રથમાન્ત નામ વિશેષ્ય હોય તેથી विशेषण... ૩-૧-૧૫૦ થી સપ્તમ્યન્ત मौलि નામનો પૂર્વપ્રયોગ થતો હતો. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે તેથી इन्दु નામનો પૂર્વપ્રયોગ થયો છે.

- पद्मनाभः - અહીં पद्म અને नाभि નામનો उष्ट्र... ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી સપ્તમ્યન્ત नाभि નામ પૂર્વપ્રયોગમાં આવતું નથી તેથી पद्म નામનો પૂર્વપ્રયોગ થયો છે. અહીં नाभे... ૭-૩-૧૩૪ થી अप् સમાસાન્ત પ્રત્યય થયો છે. અને अवर्णे... ૭-૪-૬૮ થી इ નો લોપ થયો છે.

- असिपाणिः - અહીં પ્રહરણવાચી असि અને पाणि નામનો उष्ट्र... ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી સપ્તમ્યન્ત पाणि નામ પૂર્વપ્રયોગમાં આવતું નથી તેથી असि નામનો પૂર્વપ્રયોગ થયો છે.

## गड्वादिभ्यः । ३-१-१५६.

**અર્થઃ-** બહુવ્રીહિ સમાસમાં गड्वादि ગણપાઠમાંના નામોથી પૂર્વમાં રહેલા સપ્તમ્યન્ત નામનો પૂર્વપ્રયોગ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસઃ-** गडुः आदिः येषां ते - गड्वादयः, तेभ्यः (બહુ.)

**વિવેચનઃ-** कण्ठेगडुः, गडुकण्ठः- અહીં कण्ठ અને गडु નામનો उष्ट्र... ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી गडु નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં कण्ठ નામનો પૂર્વપ્રયોગ થયો છે.

- मध्येगुरुः, गुरुमध्यः -અહીં मध्य અને गुरु નામનો उष्ट्र... ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી गुरु નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં मध्य નામનો પૂર્વપ્રયોગ થયો છે.

સપ્તમ્યન્ત कण्ठ અને मध्य નામ વિશેષણ હોવાથી विशेषण... ૩-૧-૧૫૦ થી પૂર્વપ્રયોગ નિત્ય થતો જ હતો તેનો આ સૂત્રથી વિકલ્પે પૂર્વપ્રયોગ થયો.

## प्रियः । ३-१-१५७.

**અર્થઃ-** બહુવ્રીહિ સમાસમાં प्रिय નામનો પૂર્વપ્રયોગ વિકલ્પે થાય છે.

**વિવેચનઃ-** प्रियगुडः, गुडप्रियः- અહીં प्रिय અને गुड નામનો एकार्थं... ૩-૧-૨૨થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી प्रिय નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં गुड નામનો પૂર્વપ્રયોગ થયો છે.

प्रिय નામ વિશેષણ હોવાથી विशेषण... ૩-૧-૧૫૦ થી નિત્ય પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો. તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો.

## कडारादयः कर्मधारये । ३-१-१५८.

**અર્થઃ-** कडारादि ગણપાઠમાંના નામોનો કર્મધારય સમાસમાં વિકલ્પે પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસઃ-** कडारः आदिः येषां ते - कडारादयः (બહુ.)

**વિવેચનઃ-** कडारजैमिनिः, जैमिनिकडारः - અહીં कडार અને जैमिनि નામનો विशेषणं... ૩-૧-૯૬ કર્મધારય સમાસ થયો છે. અને આ સૂત્રથી कडार નામનો પૂર્વ પ્રયોગ થયો છે. અને વિકલ્પ પક્ષે जैमिनि નામનો પૂર્વપ્રયોગ થયો છે.

- काणद्रोणः, द्रोणकाणः -અહીં काण અને द्रोण નામનો विशेषणं... ૩-૧-૯૬થી કર્મધારય સમાસ થયો છે. અને આ સૂત્રથી काण નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં द्रोण નામનો પૂર્વપ્રયોગ થયો છે.

  विशेषणं... ૩-૧-૯૬માં વિશેષણ એ પ્રથમાન્ત નામ છે. તેથી प्रथमो... ૩-૧-૧૪૮ થી વિશેષણ એવાં कडार અને काण નામનો પૂર્વપ્રયોગ સિદ્ધ જ હતો તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો તેથી એકવાર कडार અને काण નામનો પૂર્વપ્રયોગ થયો. અને એકવાર जैमिनि અને द्रोण નામનો પૂર્વપ્રયોગ થયો છે.

## धर्मार्थादिषु द्वन्द्वे । ३-१-१५९.

**અર્થઃ-** धर्मार्थादि ગણપાઠમાંના નામોનાં દ્વન્દ્વ સમાસમાં વિકલ્પે અપ્રાપ્ત (પૂર્વપ્રયોગ જેનો પ્રાપ્ત નથી) એવા નામોનો પૂર્વપ્રયોગ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસઃ-** धर्मश्च अर्थश्च - धर्मार्थौ (ઈ.દ્વ.)

धर्मार्थौ आदिः येषां ते - धर्मार्थादयः, तेषु (બહુ.)

**વિવેચનઃ-** धर्मार्थौ, अर्थधर्मौ - અહીં धर्म અને अर्थ નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે અને આ સૂત્રથી धर्म નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી अर्थ શબ્દનો સ્વરાદિ અકારાન્ત હોવાથી પૂર્વપ્રયોગ થયો છે.

અહીં धर्म શબ્દમાં र् ની પછી રહેલો म्, र्हादर्ह... ૧-૩-૩૧ થી દ્વિત્વ વિકલ્પે થાય છે. તેથી धर्म्मार्थौ પણ થઈ શકે.

- शब्दार्थौ, अर्थशब्दौ - અહીં शब्द અને अर्थ નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને આ સૂત્રથી शब्द નામનો પૂર્વપ્રયોગ થયો છે. વિકલ્પપક્ષમાં लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી अर्थ શબ્દનો સ્વરાદિ અકારાન્ત હોવાથી પૂર્વપ્રયોગ થયો છે.

लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી अर्थ શબ્દનો નિત્ય પૂર્વપ્રયોગ થવાનો હતો તેનો આ સૂત્રથી વિકલ્પે પૂર્વપ્રયોગ થયો, धर्म्म કે शब्द નામના પૂર્વપ્રયોગની પ્રાપ્તિ હતી જ નહીં. આ સૂત્રે વિકલ્પ કર્યો તેથી બન્ને શબ્દો પૂર્વપ્રયોગમાં આવી શક્યા.

## लघ्वक्षरा-ऽसखीदुत्-स्वराद्यदल्पस्वरा-ऽर्च्यमेकम् । ३-१-१६०.

**અર્થઃ-** દ્વન્દ્વ સમાસમાં લઘુઅક્ષરવાળા નામનો, सखि શબ્દને વર્જીને હ્રસ્વ ઇકારાન્ત અને ઉકારાન્ત નામનો, સ્વરાદિ અકારાન્ત નામનો, અલ્પ સ્વરવાળા નામનો અને પૂજ્યવાચક નામનો પૂર્વ પ્રયોગ થાય છે. અને અનેકની પૂર્વ પ્રાપ્તિમાં એક જ નામનો પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસઃ-** लघुनि अक्षराणि यस्मिन् तद् - लघ्वक्षरम्. (બહુ.)

इत् च उत् च एतयोः समाहारः-इदुत्. (સમા.દ્વ.)

न सखिः - असखिः (નઞ્. તત્પુ.)

असखिश्चासौ इदुत् च - असखीदुत् (કર્મ.)

स्वरादि च तद् अद् च - स्वराद्यत् (કર્મ.)

अल्पे स्वराः यस्मिन् तद् - अल्पस्वरम्. (બહુ.)

लघ्वक्षरं च असखीदुत् च स्वराद्यत् च अल्पस्वरं च अर्च्यं च एतेषां समाहारः-लघ्वक्षरासखीदुत्स्वराद्यदल्पस्वरार्च्यम्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** शरशीर्षम् - અહીં शर અને शीर्ष નામનો चार्थे.. ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. शर નામ शीर्ष નામ કરતાં લઘુઅક્ષરવાળું છે. તેથી આ સૂત્રથી शर નામનો પૂર્વપ્રયોગ થયો છે. અહીં સમાહાર દ્વન્દ્વનું જ ઉદાહરણ આપ્યું છે. પણ चार्थे... ૩-૧-૧૧૭ થી ઈતરેતર દ્વન્દ્વ થઈને शरशीर्षौ પણ થાય.

બૃહદ્‌વૃત્તિમાં शरशीर्यम् = તે નામનાં ઘાસ. એવો પાઠ પણ મળે છે. આ શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થાય છે. આ શબ્દો ઘાસવાચક હોવાથી तरुतृण... ૩-૧-૧૩૩ થી એકાર્થક વિકલ્પે થાય છે તેથી शरशीर्यौ પણ થશે. शर નામ લઘ્વક્ષર હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે.

અવચૂરીમાં करशीर्षम् = હાથ અને મસ્તક. આવો પાઠ પણ મળે છે. આ શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થાય છે. આ શબ્દો પ્રાણીના અંગવાચક હોવાથી प्राणि... ૩-૧-૧૩૭ થી સમાહાર દ્વન્દ્વ સમાસ થયો છે. कर નામ લઘ્વક્ષર હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે.

- अग्नीषोमौ - અહીં अग्नि અને सोम નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. अग्नि એ इકારાન્ત નામ હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે. ईः षोम.... ૩-૨-૪૨ થી अग्नि નો इ દીર્ઘ થયો અને સૂત્રમાં જ सोम ને બદલે षोम આપ્યું છે તેથી મૂર્ધન્ય ष् સૂત્ર સામર્થ્યથી જ થયો છે. અહીં પણ अग्नीषोमम् સમાહાર દ્વન્દ્વ સમાસ થઈ શકે.

- वायुतोयम् - અહીં वायु અને तोय નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. वायु એ उકારાન્ત નામ હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે. અહીં પણ એકજ સમાસ આપ્યો છે પણ

चार्थे.... ૩-૧-૧૧૭ થી બંને સમાસો થતાં હોવાથી वायुतोये પણ થઈ શકે.

- अस्त्रशस्त्रम् - અહીં अस्त्र અને शस्त्र નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. અપ્રાણીવાચક નામો હોવાથી अप्राणि... ૩-૧-૧૩૬ થી નિત્ય સમાહાર દ્વન્દ્વ સમાસ થયો છે. અને अस्त्र નામ સ્વરાદિ અકારાન્ત હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે.

- प्लक्षन्यग्रोधौ - અહીં प्लक्ष અને न्यग्रोध નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. તરુવાચક નામો હોવાથી तरुतृण... ૩-૧-૧૩૩ થી સમાહાર દ્વન્દ્વ વિકલ્પે થવો જોઈએ પણ બ.વ.માં વિગ્રહ ન હોવાથી ૩-૧-૧૧૭ થી प्लक्षन्यग्रोधम् પણ થશે. અને प्लक्ष નામ અલ્પ સ્વરવાળો શબ્દ હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે.

- श्रद्धामेधे - અહીં श्रद्धा અને मेधा નામનો चार्थे... ૩-૧-૧૧૭થી દ્વન્દ્વ સમાસ થયો છે. श्रद्धा નામ અર્ચ્યવાચક (પૂજ્યવાચક) હોવાથી આ સૂત્રથી તેનો પૂર્વપ્રયોગ થયો છે. અહીં પણ चार्थे... ૩-૧-૧૧૭ થી બંને સમાસો થવાથી श्रद्धामेधम् પણ થશે.

**लघ्वादीति किम् ?** कुक्कुटमयूरौ, मयूरकुक्कुटौ - અહીં कुक्कुट અને मयूर નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. એકે નામ લઘ્વક્ષર ન હોવાથી ગમે તે નામનો પૂર્વપ્રયોગ થઈ શકે છે. कुक्कुटमयूरम् કે मयूरकुक्कुटम् પણ થઈ શકે.

**असखीति किम् ?** सुतसखायौ- અહીં सुत અને सखि નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. આ સૂત્રમાં सखि શબ્દનો નિષેધ કરેલો હોવાથી તેનો પૂર્વપ્રયોગ ન થતાં લઘ્વક્ષર એવા सुत નામનો પૂર્વપ્રયોગ થયો છે.

**एकमिति किम् ?** शङ्खदुन्दुभिवीणाः - અહીં ત્રણે શબ્દોનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અહીં शङ्ख અને वीणा બંને શબ્દો અલ્પસ્વરવાળા હોવાથી બંને શબ્દોના પૂર્વપ્રયોગની પ્રાપ્તિ છે. તેથી

ગમે તે એક નામનો પૂર્વપ્રયોગ થાય છે. દા.ત. शङ्खदुन्दुभिवीणाः, वीणादुन्दुभिशङ्खाः शङ्खवीणादुन्दुभयः, वीणाशङ्खदुन्दुभयः આવા પ્રયોગો થાય છે.

शङ्ख અને वीणा નામને જેમ અલ્પસ્વરના કારણે પૂર્વપ્રયોગની પ્રાપ્તિ છે તેમ सखि સિવાયના इकारान्त दुन्दुभि નામનો પણ પૂર્વપ્રયોગ થઈને दुन्दुभिशङ्खवीणा પણ થઈ શકે ને ? ના. ન થઈ શકે. કેમકે સૂત્રમાં લઘ્વક્ષર, सखि ભિન્ન इकारान्त - उकारान्त, સ્વરાદિ अकारान्त, અલ્પસ્વર અને પૂજ્યવાચક એ પ્રમાણે ક્રમ હોવાથી इकारान्त નામની અપેક્ષાએ અલ્પસ્વરવાળા નામ પરમાં છે તેથી स्पर्धेपरम् એ ન્યાયથી પર હોય તે જ પ્રથમ આવે તે કારણે અલ્પસ્વરવાળા शङ्ख અને वीणा નામનો જ પૂર્વપ્રયોગ થશે. પણ दुन्दुभि નામનો પૂર્વપ્રયોગ નહીં થાય.

તેવી જ રીતે अश्वरथेन्द्राः, इन्द्राश्वरथाः, इन्द्ररथाश्वाः અને अश्वेन्द्ररथाः એ પ્રમાણે પ્રયોગ થશે. કેમ કે અહીં अश्व અને इन्द्र એ સ્વરાદિ अ કારાન્ત છે. તેથી તે બન્નેનો અનુક્રમે પૂર્વપ્રયોગ થશે. આમ તો रथ લઘ્વક્ષર છે તેથી તેનો જ પૂર્વપ્રયોગ થવો જોઈએ પણ લઘ્વક્ષર કરતાં સ્વરાદિ अकारान्त પરમાં છે. તેથી પર હોય તેનો પૂર્વપ્રયોગ થાય. તેથી रथेन्द्राश्वाः આવો પ્રયોગ નહીં થાય.

**द्वन्द्व इत्येव** - विस्पष्ट पटुः - અહીં नामनाम्ना... ૩-૧-૧૮ થી સમાસ થયેલો છે. દ્વન્દ્વ સમાસ નથી તેથી उकारान्त એવા पटु નામનો પૂર્વપ્રયોગ આ સૂત્રથી થયો નથી.

## मास-वर्ण-भ्रात्रऽनुपूर्वम् । ३-१-१६१.

**અર્થ**:- દ્વન્દ્વ સમાસમાં માસવાચક નામોનો, વર્ણવાચક નામોનો અને ભ્રાતૃવાચક નામનો અનુક્રમે પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસ**:- मासश्च वर्णश्च भ्राता च एतेषां समाहारः-मासवर्णभ्रातृ (સમા.દ્વ.) पूर्वं अनतिक्रम्य-अनुपूर्वम्. અથવા पूर्वं पूर्वं अनुसृत्य - अनुपूर्वम्.

**વિવેચન**:- फाल्गुनचैत्रौ - અહીં फाल्गुन અને चैत्र નામનો चार्थे.. ૩-૧-

૧૧૭થી द्वन्द्व સમાસ થયો છે. અને આ સૂત્રથી फाल्गुन નામનો પૂર્વપ્રયોગ થયો છે. આમ તો लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી चैत्र શબ્દ લઘ્વક્ષર હોવાથી તેનો પૂર્વપ્રયોગ થાત પણ આ સૂત્ર બનાવ્યું તેથી નિયમ થયો કે માસવાચક નામો સમાસમાં અનુક્રમે જ મૂકવા તેથી ફાગણમાસ એ ચૈત્રમાસની પૂર્વે જ આવે તેથી આ સૂત્રથી चैत्र શબ્દનો પૂર્વપ્રયોગ ન થતાં फाल्गुन શબ્દનો પૂર્વપ્રયોગ થયો છે.

- ब्राह्मणक्षत्रियौ - અહીં ब्राह्मण અને क्षत्रिय નામનો चार्थे... ૩-૧-૧૧૭થી द्वन्द्व સમાસ થયો છે. અને આ સૂત્રથી ब्राह्मण શબ્દનો પૂર્વપ્રયોગ થયો છે. અહીં બન્ને શબ્દોના સ્વર સરખા હોવાથી ગમે તે શબ્દનો પૂર્વપ્રયોગ થઈ શકે પણ ક્ષત્રિય કરતાં બ્રાહ્મણો જાતિમાં ઊંચા ગણાય છે અને વર્ણનો ક્રમ પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ પ્રમાણે ગણાય છે. તેથી ब्राह्मण શબ્દનો આ સૂત્રથી પૂર્વપ્રયોગ થયો છે.

- ब्राह्मणक्षत्रियविशः - અહીં ઉપર પ્રમાણે સમજવું. આ સમાસ ૩-૧-૧૩૬માં આવી ગયો છે.

- बलदेववासुदेवौ - અહીં बलदेव અને वासुदेव નામનો चार्थे... ૩-૧-૧૧૭થી द्वन्द्व સમાસ થયો છે. બલદેવ અને વાસુદેવ એ બે ભાઈઓમાં બલદેવ મોટાભાઈ હોવાથી बलदेव નામનો આ સૂત્રથી પૂર્વપ્રયોગ થયો છે. નહીં તો બન્નેના સ્વર સરખા હોવાથી ગમે તે નામનો પૂર્વપ્રયોગ થાત.

## भर्तुतुल्यस्वरम् । ३-१-१६२.

**અર્થ**:- સમાન સ્વરવાળા નક્ષત્રવાચક અને ઋતુવાચક નામોનો દ્વન્દ્વ સમાસમાં અનુક્રમે પૂર્વપ્રયોગ થાય છે.

**સૂત્ર સમાસ**:- भं च ऋतु च एतयोः समाहारः- भर्तु. (સમા.દ્વ.)

तुल्याः स्वराः यत्र तत् - तुल्यस्वरम्. (બહુ.)

भर्तु चासौ तुल्यस्वरम् च - भर्तुतुल्यस्वरम्. (કર્મ.)

**વિવેચન**:- अश्विनीभरणीकृतिकाः - અહીં ત્રણે નામોનો चार्थे.. ૩-૧-૧૧૭થી

द्वन्द्व સમાસ થયો છે. નક્ષત્રનો ક્રમ આ પ્રમાણે જ છે. પહેલાં अश्विनी તેના પછી भरणी અને તેના પછી कृतिका તેથી સમાસ આજ રીતે થશે. જો આ સૂત્ર ન બનાવ્યું હોત તો ત્રણે સરખા સ્વરવાળા શબ્દો હોવાથી કોઈપણ નામનો પૂર્વપ્રયોગ થઈ શકત. તેજ પ્રમાણે मृगशिरःपुनर्वसू અહી પણ उकारान्त पुनर्वसु નક્ષત્રનો लघ्व... ૩-૧-૧૬૦ થી પૂર્વપ્રયોગ થાત પણ આ સૂત્રથી અનુક્રમે જ આવે તેથી पुनर्वसु નો પૂર્વપ્રયોગ ન કરતાં मृगशिरस् નક્ષત્રનો પૂર્વપ્રયોગ થયો.

- हेमन्तशिशिरवसन्ताः - અહીં ત્રણે નામોનો चार्थे... ૩-૧-૧૧૭થી द्वन्द्व સમાસ થયો છે. ૠતુનો ક્રમ આ પ્રમાણે જ છે. તેથી આ સૂત્રથી અનુક્રમ પ્રમાણે જ પૂર્વપ્રયોગ થયો. નહીં તો ગમે તે શબ્દોનો પૂર્વપ્રયોગ થઈ શકત.

**तुल्यस्वरमिति किम् ?** आर्द्रामृगशिरसी - અહીં चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. બંને શબ્દોનાં સ્વર સરખાં નથી તેથી આ સૂત્રથી નક્ષત્રનો પૂર્વપ્રયોગ અનુક્રમે ન થતાં लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી લઘ્વક્ષર आर्द्रा નામનો જ પૂર્વ પ્રયોગ થયો છે.

- ग्रीष्मवसन्तौ - અહીં चार्थे... ૩-૧-૧૧૭થી द्वन्द्व સમાસ થયો છે. બંને શબ્દોના સ્વર સરખાં નથી તેથી આ સૂત્રથી ૠતુવાચક નામોનો પૂર્વપ્રયોગ અનુક્રમે ન થતાં लघ्वक्षरा... ૩-૧-૧૬૦ થી લઘ્વક્ષર ग्रीष्म નામનો જ પૂર્વપ્રયોગ થયો છે.

## संख्या समासे । ३-१-१६३.

**અર્થ:-** સમાસમાત્રમાં સંખ્યાવાચક નામોનો અનુક્રમે પૂર્વપ્રયોગ થાય છે.

**વિવેચન:-** द्वित्राः - અહીં द्वि અને त्रि નામનો सुज्वार्थे... ૩-૧-૧૯ થી બહુવ્રીહિ સમાસ થયો છે અને આ સૂત્રથી द्वि નામનો પૂર્વપ્રયોગ થયો છે. કારણ કે त्रि શબ્દ द्वि શબ્દની પછી જ આવે છે.

- द्विशती - અહીં द्वि અને शत નામનો संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો છે અને આ સૂત્રથી द्वि શબ્દનો પૂર્વપ્રયોગ થયો છે કારણ કે द्वि શબ્દ સંખ્યાવાચક છે અને शत શબ્દ સંખ્યેયવાચક છે.

- एकादश - અહીં एक અને दशन् નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે અને આ સૂત્રથી एक નામનો પૂર્વપ્રયોગ થયો છે एकादश... ૩-૨-૯૧ થી एक નું एका નિપાતન થવાથી एकादशन् બને છે. પછી एकादशन् + सि પ્રત્યય લાગ્યો. नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ થવાથી एकादश + सि થયું. અને તે सि પ્રત્યયનો दीर्घङ्याब्... ૧-૪-૪૫ થી લોપ થવાથી एकादश થયું.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञशब्दानुशासनलघुवृत्तौ तृतीयस्याध्यायस्य प्रथमः पादः समाप्तः ॥३-१॥*

*असंरब्धा अपि चिरं, दुःसहा वैरिभूभृताम् ।*
*चण्डाश्चामुण्डराजस्य, प्रतापशिखिनः कणाः ॥*

ચામુણ્ડરાજાના (સિદ્ધરાજના) ભયંકર (પ્રચંડ) પ્રતાપરૂપી અગ્નિના કણિયા પ્રયત્ન વિના પણ લાંબા કાળ સુધી વૈરિ (શત્રુ) રાજાઓને દુઃખે કરીને સહન થાય તેવા હતાં. એટલે સિદ્ધરાજ સામે ન હોય તો પણ તેના પ્રતાપ માત્રથી જ શત્રુ રાજાઓ ડરતાં હતાં.

॥ अर्हम् ॥

# तृतीयस्याध्यायस्य द्वितीयःपादः

## परस्पराऽन्योऽन्येतरेतस्याम् स्यादेर्वाऽपुंसि । ३-२-१.

**અર્થ**:- परस्पर, अन्योन्य અને इतरेतर શબ્દોનો પુંલિંગ સિવાયનો પ્રયોગ કરાયો હોય તો સ્યાદિ વિભક્તિનો आम् વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસઃ**- परस्परश्च अन्योन्यश्च इतरेतरश्च एतेषां समाहारः-

परस्परान्योन्येतरेतरम्, तस्य. (સમા.દ્વ.)

सिः आदिः यस्य सः-स्यादिः, तस्य (બહુ.)

न पुमान् - अपुमान्, तस्मिन् (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ**- इमे सख्यौ परस्परां-परस्परम्, अन्योन्याम्-अन्योन्यम्, इतरेतराम्-इतरेतरम् भोजयतः = આ બે સખીઓ પરસ્પર (એક બીજાને) જમાડે છે. અહીં આ ત્રણે શબ્દોનો સ્ત્રીલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિના अम् પ્રત્યયના સ્થાને વિકલ્પે आम् થયો છે.

- इमे कुले परस्परां-परस्परम्, अन्योन्याम्-अन्योन्यम्, इतरेतराम्--इतरेतरम् भोजयतः = આ બે કુલો પરસ્પર (એક બીજાને) જમાડે છે. અહીં આ ત્રણે શબ્દોનો નપુંસકલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિના अम् પ્રત્યયના સ્થાને વિકલ્પે आम् થયો છે.

- आभिः सखीभिः परस्पराम्-परस्परेण, अन्योन्याम्-अन्योन्येन, इतरेतराम्-इतरेतरेण भोज्यते = આ સખીઓ વડે પરસ્પર (એક બીજાને) જમાડાય છે. અહીં આ ત્રણે શબ્દોનો સ્ત્રીલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિના इन (टा) પ્રત્યયના સ્થાને વિકલ્પે आम् થયો છે.

- एभिः कुलैः परस्पराम्-परस्परेण, अन्योन्याम्-अन्योन्येन, इतरेतराम्-इतरेतरेण भोज्यते = આ કુલોવડે પરસ્પર (એક બીજાને) જમાડાય

છે. અહીં આ ત્રણે શબ્દનો નપુંસકલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિના टा પ્રત્યયના સ્થાને વિકલ્પે आम् થયો છે.

આ સૂત્રના ત્રણ પ્રકારે અર્થ થઈ શકે છે. એક પ્રકારે તો આપણે ઉપર સૂત્રનો મુખ્ય અર્થ કર્યો તે રીતે થાય.

બીજા પ્રકારે આ પ્રમાણે અર્થ થશે.

परस्परान्योन्येतरेतरस्याम् स्यादेर्वाऽपुंसि । परस्पर, अन्योन्य, इतरेतर શબ્દોનો પુંલિંગ સિવાયના લિંગમાં પ્રયોગ કરાયો હોય તો સ્યાદિ વિભક્તિનો अम् વિકલ્પે થાય છે.

**દા.ત.** इमे सख्यौ परस्परम् परस्परस्य वा स्मरतः = આ બે સખીઓ પરસ્પર સ્મરણ કરે છે. અહીં સ્ત્રીલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી સૂત્રના આ અર્થ પ્રમાણે સ્યાદિ વિભક્તિના સ્થાને अम् વિકલ્પે થયો છે.

इमे कुले परस्परम्, परस्परस्य वा स्मरतः = આ બે કુલો પરસ્પર (એક બીજાનું) સ્મરણ કરે છે. અહીં નપુંસકલિંગમાં પ્રયોગ કરાએલો છે તેથી સૂત્રના આ અર્થ પ્રમાણે સ્યાદિ વિભક્તિનાં સ્થાને अम् વિકલ્પે થયો છે.

ત્રીજા પ્રકારે આ પ્રમાણે અર્થ થશે.

परस्परान्योन्येतरेतरस्याम् स्यादेर्वा पुंसि । परस्पर, अन्योन्य અને इतरेतर શબ્દોનો પુંલિંગમાં પ્રયોગ કરાયો હોય તો સ્યાદિ વિભક્તિનો अम् વિકલ્પે થાય છે.

**દા.ત.** इमौ नरौ परस्परम् परस्परस्य वा स्मरतः = આ બે માણસો પરસ્પર સ્મરણ કરે છે. અહીં પુંલિંગમાં પ્રયોગ કરાયો છે. તેથી સૂત્રના આ અર્થ પ્રમાણે સ્યાદિ વિભક્તિનો अम् વિકલ્પે થયો છે.

## अमव्ययीभावस्याऽतोऽपञ्चम्याः । ३-२-२.

અર્થ:- અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિનાં સ્થાને अम् થાય છે. પરંતુ પંચમી વિભક્તિનાં સ્થાને अम् થતો નથી.

**સૂત્ર સમાસઃ**- न पञ्चमी-अपञ्चमी, तस्याः (નञ्. તત્પુ.)

**વિવેચનઃ**- उपकुम्भम् अस्ति = ઘડાની પાસે છે. અહીં પ્રથમા વિભક્તિના सि પ્રત્યયનાં સ્થાને આ સૂત્રથી अम् થયો છે.

- उपकुम्भं देहि = ઘડાની પાસેનાને (પાસે રહેનારને) આપ. અહીં ચતુર્થી વિભક્તિના ङे પ્રત્યયનાં સ્થાને આ સૂત્રથી अम् થયો છે. અહીં સમજી શકાય છે કે અહીં ચતુર્થી વિભક્તિ જ હશે કેમ કે જેને આપવું હોય તેને ચતુર્થી જ થાય.

**अव्ययीभावस्येति किम्** ? प्रियोपकुम्भः अयम् - અહીં प्रिय અને उपकुम्भ નો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયેલો છે. અવ્યયીભાવ સમાસ નથી તેથી આ સૂત્રથી સ્યાદિ વિભક્તિ એવા सि પ્રત્યયનાં સ્થાને अम् ન થયો.

**अत इति किम्** ? अधिस्त्रि - અહીં अधि અને स्त्री શબ્દનો विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયેલો છે. પણ અકારાન્ત અવ્યયીભાવ સમાસ નથી તેથી આ સૂત્રથી सि પ્રત્યયનાં સ્થાને अम् થયો નથી. પરંતુ अनतो... ૩-૨-૬થી લોપ થયો છે.

**अपञ्चम्या इति किम्** ? उपकुम्भात् = કુંભની પાસે રહેલાંની પાસેથી. અહીં પંચમી વિભક્તિ છે. તેથી અકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાં છતાં આ સૂત્રથી ङसि નો अम् થયો નથી. ङे ङस्यो... ૧-૪-૬થી ङसि નો आत् થયો છે.

## वा तृतीयायाः । ३-२-३.

**અર્થઃ**- અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી તૃતીયા વિભક્તિનાં સ્થાને अम् વિકલ્પે થાય છે.

**વિવેચનઃ**- किं नः उपकुम्भम्, उपकुम्भेन = ઘડાની પાસે રહેલાવડે અમારે શું ? અહીં અકારાન્ત અવ્યયીભાવ સમાસ છે તેથી તૃતીયા વિભક્તિ હોવાથી આ સૂત્રથી टा પ્રત્યયનાં સ્થાને अम् વિકલ્પે થયો છે.

**अव्ययीभावस्येति किम्** ? प्रियोपकुम्भेन - અહીં प्रिय અને उपकुम्भ શબ્દનો બહુવ્રીહિ સમાસ થયો છે. અવ્યયીભાવ સમાસ ન હોવાથી

સિ નો अम् આ સૂત્રથી થયો નથી.

## सप्तम्या वा । ३-२-४.

**અર્થ:-** અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સપ્તમી વિભક્તિનાં સ્થાને अम् વિકલ્પે થાય છે.

**વિવેચન:-** उपकुम्भम्, उपकुम्भे निधेहि = ઘડાની પાસે મુક. અહીં અકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાથી આ સૂત્રથી ङि સપ્તમી વિભક્તિનાં સ્થાને अम् વિકલ્પે થયો છે.

**अव्ययीभावस्येत्येव** - प्रियोपकुम्भे - અહીં प्रिय અને उपकुम्भ નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અવ્યયીભાવ સમાસ ન હોવાથી આ સૂત્રથી ङि નાં સ્થાને अम् વિકલ્પે ન થયો.

## ऋद्ध-नदी-वंश्यस्य । ३-२-५.

**અર્થ:-** ઋદ્ધવાચક, નદીવાચક અને વંશ્યવાચક નામ જેને અંતે છે એવા અકારાન્ત અવ્યયીભાવ સમાસ સંબંધી સપ્તમી વિભક્તિનાં સ્થાને નિત્ય अम् થાય છે.

**સૂત્ર સમાસ:-** ऋद्धं च नदी च वंश्यश्च एतेषां समाहारः-ऋद्ध-नदी वंश्यम्, तस्य. (સમા.દ્વ.)

**વિવેચન:-** सुमगधम् - मगधानां समृद्धिः, तस्मिन् - सुमगधे - અહીં विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે પછી જે સપ્તમી વિભક્તિ થઈ તેનો આ સૂત્રથી अम् આદેશ નિત્ય થયો છે.

- उन्मत्तगङ्गम् - उन्मत्त અને गङ्गा નામનો नदीभि... ૩-૧-૨૭ થી અવ્યયીભાવ સમાસ થયો છે. પછી જે સપ્તમી વિભક્તિ થઈ તેનો આ સૂત્રથી अम् આદેશ નિત્ય થયો છે.

- एकविंशतिभारद्वाजं वसति = ૨૧ ભારદ્વાજ વંશ્યોમાં (વિનય) વસે છે. અહીં एकविंशति અને भारद्वाज નામનો वंश्येन..- ૩-૧-૨૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. પછી જે સપ્તમી વિભક્તિ થઈ તેનો

આ સૂત્રથી अम् આદેશ નિત્ય થયો છે.

## अनतो लुप् । ३-२-६.

**અર્થ:-** અકારાન્ત અવ્યયીભાવ સમાસ વર્જીને અન્ય અવ્યયીભાવ સમાસ સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

**સૂત્ર સમાસ:-** न अत्-अनत्, तस्य (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** उपवधु - અહીં उप અને वधु નામનો विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. અને આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ થયો છે.

उपकर्तृ - અહીં उप અને कर्तृ નામનો विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. અને આ સૂત્રથી સ્યાદિ વિભક્તિનો લોપ થયો છે.

**अनत इति किम्** ? उपकुम्भात् - અહીં અકારાન્ત અવ્યયીભાવ સમાસ હોવાથી આ સૂત્રથી પંચમી વિભક્તિના ङसि પ્રત્યયનો લોપ થયો નથી.

**अव्ययीभावस्येत्येव**-प्रियोपवधुः - અહીં प्रिय અને उपवधु શબ્દનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. તેથી આ સૂત્રથી सि પ્રત્યયનો લોપ થયો નથી.

અહીં उपवधु એ અવ્યયીભાવ સમાસ પામેલા શબ્દની સાથે प्रिय શબ્દનો બહુવ્રીહિ સમાસ થયો છે તેથી उपवधु નપું. હોવાથી તેના વિગ્રહમાં प्रियम् उपवधु यस्य सः એ પ્રમાણે નપું. કર્યું છે. હવે પુંલિંગ થવાથી તેનાં રૂપો साधुवत् થશે.

## अव्ययस्य । ३-२-७.

**અર્થ:-** અવ્યય સંબંધી સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

**વિવેચન:-** स्वर्, प्रातर् - અહીં બંને શબ્દો અવ્યય છે. તેથી આ સૂત્રથી તેને લાગેલી सि વિભક્તિનો લોપ થયો છે પછી અંતે રહેલા र् નો र: पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો છે.

**अव्ययस्येति किम्** ? अत्युच्चैसः - અહીં अति અને उच्चैस् શબ્દનો प्रात्यव... ૩-૧-૪૭ થી તત્પુરૂષ સમાસ થયેલો છે. उच्चैस् અવ્યય છે. તેના પછી રહેલી ङस् ષષ્ઠી વિભક્તિ છે. તે અવ્યય સંબંધી નથી પણ अत्युच्चैस् નામ સંબંધી છે તેથી આ સૂત્રથી ङस् નો લોપ થયો નથી.

## ऐकार्थ्ये । ३-२-८.

**અર્થઃ**- ऐकार्थ्यम् - ऐकपद्यम् - સમાસ, તદ્ધિત, કૃદન્ત અને નામધાતુ થયા પછી તે પદોનો અર્થ એકપદથી જણાય છે. તેથી તે સમાસાદિ પદોને એકપદ્ય કહેવાય છે. તેવા એકપદ્યના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિનો લોપ થાય છે.

**સૂત્ર સમાસઃ**- एकः अर्थः यस्य सः-एकार्थः (બહુ.)

एकार्थस्य भावः - ऐकार्थ्यं, तस्मिन्.

**વિવેચનઃ**- चित्रगुः - અહીં चित्रा અને गो નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. સમાસ થયા પહેલાંની चित्रा અને गो નામની सि વિભક્તિનો લોપ આ સૂત્રથી થયો છે. આ સમાસ ૩-૧-૧૫૦ સૂત્રમાં આવી ગયો છે.

- पुत्रीयति = પુત્રની ઇચ્છા કરે છે. અહીં નામ ધાતુ છે. पुत्रं इच्छति અર્થમાં पुत्र નામને अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય થવાથી पुत्रम्+क्यन्+ति. નામધાતુ હોવાથી આ સૂત્રથી अम् નો લોપ થવાથી पुत्रय+ति=पुत्रयति. क्यनि- ૪-૩-૧૧૨ થી पुत्र ના अ નો ई થવાથી पुत्रीयति થયું.

- औपगवः = જેની પાસે ગાય છે તેનું સંતાન. उपगुः નામને અપત્ય અર્થમાં ङसो... ૬-૧-૨૮ થી તદ્ધિતનો अण् પ્રત્યય. उपगुः માં રહેલી ङस् વિભક્તિનો તદ્ધિત હોવાથી આ સૂત્રથી લોપ થયો છે. वृद्धिः... ૭-૪-૧ થી उपगु ના આદિ उ ની વૃદ્ધિ औ અને अस्वय... ૭-૪-૭૦ થી અંત્ય उ નો अव् થવાથી औपगवः થયું.

**ऐकार्थ्य इति किम्** ? चित्रा गावः यस्य इत्यादि वाक्ये मा भूत् -

અહીં સમાસ થયો નથી તેથી એકપદ ન થવાથી ઐકાર્થ્ય જણાતું ન હોવાથી આ વાક્યમાં બંને શબ્દો જુદા છે તેથી આ સૂત્રથી વિભક્તિનો લોપ થયો નથી.

સૂત્રમાં ऐकार्थ्येમાં નિમિત્ત સપ્તમી હોવાથી ઐકાર્થ્ય સંબંધી જ વિભક્તિનો લોપ થશે. પણ તદુત્તર (સમાસ થયા પછી) જે વિભક્તિ થાય તેનો લોપ આ સૂત્રથી થતો નથી.

अत एव लुब् विधानात् "नाम... ३-१-१८" इति उक्तौ अपि **स्याद्यन्तानां समासः स्यात्** - **અહીં એક નામ બીજા નામની સાથે સમાસ પામે છે એમ કહ્યું પણ આ સૂત્રમાં સમાસાદિ વૃત્તિના નિમિત્તભૂત સ્યાદિ વિભક્તિના લોપનું વિધાન કર્યું હોવાથી આ સૂત્રના સામર્થ્યથી જ સ્યાદિ વિભક્ત્યન્ત નામ સ્યાદિ વિભક્ત્યન્ત નામની સાથે જ સમાસ પામે છે પણ કેવલ નામ કેવલ નામની સાથે નહીં એમ ફલિત થાય છે. જો એ પ્રમાણે નિર્દેશ ન હોત તો આ સૂત્રમાં સ્યાદિ વિભક્તિના લોપનું વિધાન નિરર્થક થાત.**

## न नाम्येकस्वरात् खित्युत्तरपदेऽमः । ३-२-९.

**અર્થઃ-** સમાસ આરંભક પદોમાં અન્ત્યપદ તે - ઉત્તરપદ. એવું खित् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોતે છતે (તેની પૂર્વે રહેલા) નામ્યન્ત એકસ્વરાન્ત પૂર્વપદથી પર રહેલો अम् લોપાતો નથી.

**સૂત્ર સમાસઃ-** एकः स्वरः यस्य तत् - एकस्वरम् (બહુ.)

नामि च तद् एकस्वरम् च -नाम्येकस्वरम्, तस्मात् (કર્મ.)

ख् इत् (अनुबन्धः) यस्य तत्-खित्, तस्मिन्-खिति (બહુ.)

उत्तरं च तत्पदं च -उत्तरपदम्, तस्मिन् (કર્મ.)

**વિવેચનઃ-** स्त्रियंमन्यः, नावंमन्यः - અહીં स्त्री અને નાવ શબ્દનો खश् પ્રત્યયાન્ત मन्य શબ્દની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં खश् (अ) પ્રત્યય કૃદન્તનો હોવાથી ङस्युक्तं... ૩-૧-૪૯થી સમાસ થયો છે. અને આ સૂત્રથી स्त्रियं અને नावं માં રહેલી अम् વિભક્તિનો લોપ થયો નથી.

અહીં खित्यनव्यया... ૩-૨-૧૧૧ થી સ્વરાન્ત શબ્દોને म् અંતે થાય છે. પણ અહીં તો વિભક્તિનો લોપ થયો નથી તેથી સ્વરાન્ત ન હોવાથી म् અંતે થતો નથી.

**नामीति किम्** ? क्षमंमन्यः - અહીં क्षमा અને खश् પ્રત્યયાન્ત मन्य શબ્દનો ङस्युक्तं... ૩-૧-૪૯થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ क्षमा નામિ સ્વરાન્ત ન હોવાથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો નથી. खित्य... ૩-૨-૧૧૧ થી क्षमा નું क्षम અને म् અંતે થયો છે.

**एकस्वरादिति किम्** ? वधुंमन्या - અહીં वधू અને मन्या શબ્દનો ङस्युक्तं... ૩-૧-૪૯થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ वधू શબ્દ અનેકસ્વરી હોવાથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો નથી. खित्य... ૩-૨-૧૧૧ થી वधू નું वधु અને म् અંતે થયો છે.

**खितीति किम्** ? स्त्रीमानी - અહીં स्त्री અને मानिन् શબ્દનો ङस्युक्तं... ૩-૧-૪૯થી તત્પુરૂષ સમાસ થયો છે. मन् ધાતુ खश् પ્રત્યયાન્ત નથી પણ मन्या... ૫-૧-૧૧૬ થી णिन् પ્રત્યય લાગેલો છે. તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો નથી.

ऐकार्थ्ये થી જે વિભક્તિના લોપનું વિધાન કરેલું છે તેનું આ અપવાદ સૂત્ર છે. પરંતુ ઉત્તરપદના ગ્રહણથી નપુંસક વિભક્તિના अम् પ્રત્યયનો આ સૂત્રથી અલુપ્ થતો નથી.

અહીં मन्य, मानी વગેરે કૃદન્ત હોવાથી તેના કર્મવાચક નામને ખરેખર कर्मणिकृतः ૨-૨-૮૩ થી દ્વિતીયાને બદલે ષષ્ઠી વિભક્તિ થવી જોઈએ પણ આ સૂત્રના સામર્થ્યથી જ એટલે अम् ના લોપના નિષેધનું વિધાન હોવાથી જ કર્મવાચક નામને ષષ્ઠી થતી નથી.

## असत्त्वे ङसेः । ३-२-१०.

**અર્થઃ**- અસત્ત્વવાચક નામથી વિધાન કરાએલ ङसि પ્રત્યયનો ઉત્તરપદ પરમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- न सत्त्वं - असत्त्वं, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ**- स्तोकान्मुक्तः = થોડાથી મુક્ત. અહીં स्तोक શબ્દ અસત્ત્વવાચક

(દ્રવ્યમાં વર્તતો ન હોવાથી) છે તેથી આ સૂત્રથી ङसि પ્રત્યયનો લોપ થતો નથી. ऐकार्थ्ये થી થતાં ङसि ના લોપનો આ સૂત્રથી નિષેધ થયો.

**असत्त्व इति किम्** ? स्तोकभयम् = થોડાથી (વાઘ વગેરે કોઈપણ દ્રવ્યથી) ભય. અહીં स्तोक અને भय શબ્દનો पञ्चमी... ૩-૧-૭૩થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં દ્રવ્યમાં પ્રવૃત્તિ છે તેથી स्तोक શબ્દ અસત્ત્વવાચક નથી તેથી આ સૂત્રથી ङसि પ્રત્યયનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો.

**उत्तरपद इत्येव** - निःस्तोकः = થોડામાંથી નીકળી ગયેલ. અહીં निस् અને स्तोक નામનો प्रात्यव... ૩-૧-૪૭થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ અહીં स्तोक શબ્દની પછી ઉત્તરપદ નથી તેથી ङसि પ્રત્યયનો આ સૂત્રથી અલુપ્ ન થતાં ऐकार्थ्ये ૩-૨-૮ થી લોપ થયો છે..

## ब्राह्मणाच्छंसी । ३-२-११.

**અર્થ**:- અહીં સમાસમાં ङसि પ્રત્યયના લોપનો અભાવ નિપાતન થાય છે.

**વિવેચન**:- ब्राह्मणाच्छंसिनौ - અહીં पञ्चमी... ૩-૧-૭૩ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો છે. **शंस्** ધાતુને व्रताभीक्ष्ण्ये ૫-૧-૧૫૭ થી णिन् પ્રત્યય થવાથી **शंसिन्** શબ્દ બન્યો છે.

નિપાતન હોવાથી ऋत्विज् (ગોર) એવો અર્થ ન હોય તો ङसि પ્રત્યયનો લોપ થાય છે. દા.ત. ब्राह्मणशंसिनी स्त्री. સ્ત્રીલિંગ શબ્દ હોવાથી शंसिन् શબ્દને स्त्रियां... ૨-૪-૧ થી ङी લાગ્યો છે.

## ओजोऽञ्जः सहो-ऽम्भस्-तमस्-तपसष्टः । ३-२-१२.

**અર્થ**:- ओजस् આદિ શબ્દોથી પર રહેલ ट પ્રત્યયનો ઉત્તરપદ પરમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસ**:- ओजश्च अञ्जश्च सहश्च अम्भश्च तमश्च तपश्च एतेषां समाहारः- ओजोञ्जःसहोम्भस्तमस्तपः, तस्मात् (સમા.દ્વ.)

**વિવેચનઃ**- ओजसाकृतम्... વગેરે છએ શબ્દોનો कारकं... ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી टा વિભક્તિનો અલુપ્ થયો છે.

**ट इति किम् ?** ओजोभावः - અહીં ओजस् અને भाव શબ્દનો षष्ठ्य.... ૩-૧-૭૬થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં તૃતીયા વિભક્તિનો टा પ્રત્યય નથી પણ ષષ્ઠી વિભક્તિનો ङस् પ્રત્યય છે તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

## पुंजनुषोऽनुजा-ऽन्धे । ३-२-१३.

**અર્થ**:- पुम् અને जनुष् શબ્દથી પર રહેલી टा વિભક્તિનો અનુક્રમે अनुज અને अन्ध ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- पुमांश्च जनूश्च एतयोः समाहारः-पुंजनूः, तस्य (સમા.દ્વ.)

अनुजश्च अन्धश्च एतयोः समाहारः-अनुजान्धम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ**- पुंसाऽनुजः - અહીં पुम्स् અને अनुज નામનો कारकंकृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી टा વિભક્તિનો અલુપ્ થયો છે.

- जनुषाऽन्धः - અહીં जनुष् અને अन्ध નામનો कारकंकृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે અને આ સૂત્રથી टा વિભક્તિનો અલુપ્ થયો છે. अन्ध् એ દશમા ગણનો ધાતુ હોવાથી अच् પ્રત્યય લાગીને કૃદન્ત બન્યું છે.

**ट इत्येव** - पुमनुजा - અહીં पुम्स् અને अनुज નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને षष्ठ्य... ૩-૧-૭૬ થી પણ તત્પુરૂષ સમાસ થાય છે. અહીં टा વિભક્તિ ન હોવાથી આ સૂત્રથી अम् કે ङस् નો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

## आत्मनः पूरणे । ३-२-१४.

**અર્થ**:- आत्मन् નામથી પર રહેલી टा વિભક્તિનો પૂરણ પ્રત્યયાન્ત નામ ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**વિવેચનઃ**- आत्मनाद्वितीयः, आत्मनाषष्ठः- અહીં आत्मन् અને પૂરણપ્રત્યયાન્ત द्वितीय અને षष्ठ નામનો तृतीया... ૩-૧-૬૫ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી टा વિભક્તિનો અલુપ્ થયો છે. અહીં आत्मन् શબ્દને તૃતીયા વિભક્તિ हेतु-कर्तृ... ૨-૨-૪૪ થી થઈ છે.

અવચૂરીમાં ૩-૧-૬૫ થી સમાસ ન કરતાં ऊनार्थ... ૩-૧-૬૭ થી પૂરણ પ્રત્યયાન્ત નામને તેમાં ગણીને સમાસ કર્યો હશે. પણ ૩-૧-૬૫ થી થયેલો સમાસ બરાબર લાગે છે કેમ કે અર્થ પણ એવો જ થાય છે કે "પોતાનાથી કરાએલો બીજો."

તથા ન્યાસમાં તૃતીયા વિભક્તિ हेतु... ૨-૨-૪૪ થી ન કરતાં यद्भेदै... ૨-૨-૪૬ થી કરી છે પણ એ યોગ્ય જણાતુ ન હોવાથી અહીં ૨-૨-૪૪ થી તૃતીયા કરી છે. જો ૨-૨-૪૬ થી તૃતીયા કરી હોય તો તેમાં ભેદિનું અંગ જ ભેદવાચક હોય અને તેનાથી પ્રસિદ્ધિ ને પામતો હોય તો જ તૃતીયા થાય પણ અહીં તેવું છે જ નહીં.

## मनसश्चाऽऽज्ञायिनि । ३-२-१५.

**અર્થઃ**- मनस् અને आत्मन् શબ્દથી પર રહેલી टा વિભક્તિનો आज्ञायिन् ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- आज्ञातुं शीलम् अस्य-आज्ञायिन्, तस्मिन्.

**વિવેચનઃ**- मनसाज्ञायी, आत्मनाज्ञायी - અહીં मनस् અને आत्मन् શબ્દનો आज्ञायिन् શબ્દની સાથે कारकं... ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં मनस् અને आत्मन् શબ્દને તૃતીયા વિભક્તિ हेतु-कर्तृ... ૨-૨-૪૪ થી થઈ છે. અને आज्ञा શબ્દને णिन् પ્રત્યય णिन् चा... ૫-૪-૩૬થી થયો છે. આ સૂત્રથી टा વિભક્તિનો અલુપ્ થયો છે.

જો અહીં मनसा अवश्यं आजानाति-मनसाज्ञायी આવો વિગ્રહ કરીને સમાસ કરીએ તો ङस्युक्तं... ૩-૧-૪૯ થી સમાસ થાય.

## नाम्नि । ३-२-१६.

**અર્થઃ**- मनस् થી પર રહેલી टा વિભક્તિનો ઉત્તરપદ પરમાં હોય અને સંજ્ઞાવિષય જણાતો હોય તો લોપ થતો નથી.

**વિવેચનઃ-** મનસાદેવી = સરસ્વતી. અહીં मनस् અને देवी શબ્દનો तृतीया... ૩-૧-૬૫ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આખો સમાસ સંજ્ઞાનો વિષય છે તેથી આ સૂત્રથી ટા વિભક્તિનો અલુપ્ થયો છે.

**नाम्नि इति किम् ?** मनोदत्ता कन्या - અહીં मनस् અને दत्ता નામ નો कारकं... ૩-૧-૬૮ થી તત્પુરુષ સમાસ થયો છે. અહીં સંજ્ઞાનો વિષય નથી તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

मनसादेवी ની જેમ બીજા પણ સમાસો અલુપ્ વિભક્તિવાળા છે. દા.ત. मनसागुप्ता, मनसासंगता વગેરે.

## पराऽऽत्मभ्यां ङेः । ३-२-१७.

**અર્થઃ-** पर અને आत्मन् શબ્દથી પર રહેલી ङे (ચતુર્થી) નો ઉત્તરપદ પરમાં હોય તો અને સંજ્ઞાનો વિષય જણાંતો હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** परश्च आत्मा च - परात्मानौ, ताभ्यां (ઈતરેતર. દ્વ.)

**વિવેચનઃ-** परस्मैपदम्, आत्मनेपदम् - અહીં पर અને आत्मन् શબ્દનો ઉત્તરપદ એવા पद નામની સાથે हितादिभिः ૩-૧-૭૧થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી સંજ્ઞાનો વિષય હોવાથી ચતુર્થી વિભક્તિનો અલુપ્ થયો છે. અહીં पर અને आत्मन् નામને चतुर्थी ૨-૨-૫૩થી ચતુર્થી વિભક્તિ થાય છે.

**नाम्नीत्येव** - परहितम् - અહીં पर અને हित નામનો हितादिभिः ૩-૧-૭૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

परस्मैपदम् ની જેમ परस्मैभाषा, आत्मनेभाषा એ પ્રમાણે પણ અલુપ્ સમાસો થાય છે.

## अद्-व्यञ्जनात् सप्तम्या बहुलम् । ३-२-१८.

**અર્થઃ-** અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો સંજ્ઞાનો વિષય જણાતો હોય તો બહુલતાએ લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** अद् च व्यञ्जनं च एतयोः समाहारः-अद्व्यञ्जनम्, तस्मात् (સમા. દ્વ.)

**વિવેચનઃ-** अरण्येतिलकाः - અહીં अरण्य અને तिलका નામનો नाम्नि ૩-૧-૯૪થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં सप्तम्य... ૨-૨-૯૫થી સપ્તમી વિભક્તિ થઈ છે. અકારાન્ત નામથી પરમાં આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

- युधिष्ठिरः - અહીં युध् અને स्थिर નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં વ્યંજનાન્ત નામથી પરમાં આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

**अद्व्यञ्जनादिति किम् ?** भूमिपाशः - અહીં भूमि અને पाश નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ અકારાન્ત કે વ્યંજનાન્ત નામ ન હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો નથી.

**नाम्नीति किम् ?** तीर्थकाकः - અહીં तीर्थ અને काक નામનો काकाद्यैः... ૩-૧-૯૦ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં અકારાન્ત નામ હોવા છતાં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

બીજા પણ અકારાન્ત સમાસો અલુપ્ થાય છે. **દા.ત.** अरण्येमाषकाः, वनेकशेरुकाः, वनेहरिद्रकाः, वनेकिंशुलकाः, कूपेपिशाचिकाः વગેરે.

બહુલાધિકાર હોવાથી સપ્તમી વિભક્તિનો ક્વચિત્ વિકલ્પે લોપ થાય છે. **દા.ત.** त्वचिसारः, त्वक्सारः. ક્વચિત્ લોપ થઈ પણ જાય છે. **દા.ત.** जलकुक्कुटः, ग्रामसूकरः.

## प्राक्कारस्य व्यञ्जने । ३-२-१९.

**અર્થઃ-** રાજ્યની રક્ષા કારણે રાજાઓ જે કર લે છે તેને कार કહેવાય છે. પ્રાચ્ય દેશ સંબંધી જે કાર. તેની સંજ્ઞા ગમ્યમાન હોય તો અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો વ્યંજનાદિ

ઉત્તરપદ પરમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- प्राचां कारः-प्राक्कारः, तस्य. (ષ.ત.)

**વિવેચનઃ**- मुकुटेकार्षापणः - અહીં मुकुट અને कार्षापण નામનો नाम्नि ૩-૧-૯૪થી તત્પુરૂષ સમાસ થયો છે. मुकुट એ અકારાન્ત નામ હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

● समिधिमाषकः - અહીં समिध् અને माषक નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. समिध् વ્યંજનાન્ત હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

**प्रागिति किम् ?** यूथपशुः - અહીં यूथ અને पशु નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. અકારાન્ત નામ હોવા છતાં પ્રાચ્ય સંબંધી કર નથી પણ ઉત્તરદિશા સંબંધી કર છે તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી સપ્તમી વિભક્તિનો લોપ થયો છે.

**कार इति किम् ?** अभ्यर्हितपशुः - અહીં अभ्यर्हित અને पशु નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. अभ्यर्हित અકારાન્ત નામ હોવા છતાં કરવાચક નામ નથી તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

**व्यञ्जन इति किम् ?** अविकटोरणः - અહીં अविकट અને उरण નામનો नाम्नि ૩-૧-૯૪ થી તત્પુરૂષ સમાસ થયો છે. अविकट એ અકારાન્ત નામ હોવા છતાં, પ્રાચ્ય દેશના કરવાચક હોવા છતાં ઉત્તરપદ વ્યંજનાદિ નથી સ્વરાદિ છે તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

આ સમાસો ઉપરના अद्... ૩-૨-૧૮ થી સિદ્ધ જ હતા છતાં સૂત્ર બનાવ્યું તેથી નિયમ થયો કે પ્રાચ્ય દેશના કારવાચક અને વ્યંજનાદિ ઉત્તરપદ પરમાં હોય તો જ સપ્તમી વિભક્તિનો અલુપ્ થાય. તેથી હવે अभ्यर्हितपशुः, अविकटोरणः એ સમાસમાં આ સૂત્રથી તો નહીં પણ પૂર્વસૂત્રથી પણ સપ્તમી વિભક્તિના લોપનો નિષેધ નહીં થાય. એટલે કે સપ્તમી વિભક્તિનો ऐकार्थ्ये થી લોપ થશે.

# तत्पुरुषे कृति । ३-२-२०.

**અર્થઃ-** અકારાન્ત અને વ્યંજનાન્ત નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો કૃદન્ત ઉત્તરપદ પરમાં હોય તો તત્પુરૂષ સમાસમાં લોપ થતો નથી.

**વિવેચનઃ-** स्तम्बेरमः - અહીં स्तम्ब અને रम નામનો ङस्युक्तं... ૩-૧-૪૯થી તત્પુરૂષ સમાસ થયો છે. स्तम्ब અકારાન્ત હોવાથી અને रम એ अच् પ્રત્યયાન્ત કૃદન્ત પરમાં હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

- भस्मनिहुतम् - અહીં भस्मन् અને हुत નામનો क्तेन ૩-૧-૯૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. भस्मन् એ વ્યંજનાન્ત નામ છે અને हुत એ क्त પ્રત્યયાન્ત કૃદન્ત છે તેથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

**तत्पुरुष इति किम् ?** धन्वकारकः - અહીં धन्वन् અને कारक નામનો उष्ट्र... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. धन्वन् વ્યંજનાન્ત નામ છે. कारक કૃદન્ત છે પણ તત્પુરુષ સમાસ નથી બહુવ્રીહિ સમાસ છે તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

**अद्व्यञ्जनादित्येव** - कुरुचरः - અહીં कुरु અને चर નામનો सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરુષ સમાસ થયો છે. અહીં અકારાન્ત નામ ન હોવાથી चर એ કૃદન્ત ઉત્તરપદ હોવા છતાં આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

અહીં रम અને चर એ બન્ને કૃદન્ત છે. કૃદન્ત બનાવ્યા પછી જો વિગ્રહ કરીને સમાસ કરીએ તો सप्तमी... ૩-૧-૮૮ થી સમાસ થાય અને रमति, चरति સાથે વિગ્રહ કરીને પછી સમાસ કરીએ તો ङस्युक्तं... ૩-૧-૪૯ થી સમાસ થાય છે.

આ સૂત્ર જુદુ બનાવ્યું તેથી नाम्नि ની નિવૃત્તિ થઈ છે.

બહુલાધિકાર હોવાથી ક્વચિત્ વિકલ્પે લોપ થાય છે. **દા.ત.** खचरः-खेचरः, वनचरः-वनेचरः, दिविषत्-द्युसत्. વગેરે.

ક્વચિત્ લોપ થઈ પણ જાય છે. દા.ત. मद्रचरः, ग्रामकारकः વગેરે.

ક્વચિત્ અકારાન્ત કે વ્યંજનાન્ત સિવાયના નામથી પરમાં રહેલી સપ્તમીના લોપનો પણ નિષેધ થાય છે. દા.ત. गोषुचरः અહીં ઓકારાન્ત થી પરમાં સપ્તમી વિભક્તિ છે. છતાં પણ આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો.

## मध्याऽन्ताद् गुरौ । ३-२-२१.

**અર્થઃ-** મધ્ય અને અન્ત શબ્દથી પર રહેલી સપ્તમી વિભક્તિનો गुरु શબ્દ ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** मध्यश्च अन्तश्च एतयोः समाहारः-मध्यान्तं, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** मध्येगुरुः, अन्तेगुरुः - અહીં મધ્ય અને અન્ત શબ્દનો गुरु શબ્દની સાથે सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

અહીં તત્પુરૂષ સમાસ છે તેથી મધ્ય અને अन्त શબ્દનો જ પૂર્વપ્રયોગ થાય છે. અને જો બહુવ્રીહિ સમાસ હોય તો गड्वादिभ्यः ૩-૧-૧૫૬ થી ગમે તે શબ્દ પૂર્વપદમાં આવે છે. દા.ત. मध्येगुरुः-गुरुमध्यः, अन्तेगुरुः-गुर्वन्तः. જ્યારે મધ્ય અને અન્ત શબ્દ પૂર્વપદમાં હોય ત્યારે વિભક્તિનો અલુપ્ તો આ જ સૂત્રથી થશે.

આ સૂત્ર જુદુ બનાવ્યું છે તેથી બહુવ્રીહિ સમાસમાં પણ અલુપ થઈ શકે કારણ કે જો માત્ર તત્પુરૂષ સમાસમાં જ અલુપ્ કરવો હોત તો ઉપરના ૩-૧-૨૦ સૂત્રમાં જ સમાવેશ થઈ જાત.

## अमूर्द्ध-मस्तकात् स्वाङ्गादकामे । ३-२-२२.

**અર્થઃ-** मूर्द्ध અને मस्तक શબ્દને વર્જીને અકારાન્ત અને વ્યંજનાન્ત એવા સ્વાંગવાચક (પોતાના અંગવાચક) નામોથી પર રહેલી સપ્તમી વિભક્તિનો काम વર્જીને નામ ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** मूर्द्धा च मस्तकश्च एतयोः समाहारः-मूर्द्धमस्तकम्. (સમા.દ્વ.)

न मूर्द्धमस्तकम्-अमूर्द्धमस्तकम् तस्मात्. (नञ्. तत्पु.)

स्वस्य अङ्गं-स्वाङ्गम्, तस्मात्. (ष.त.)

न कामः-अकामः, तस्मिन्. (नञ्. तत्पु.)

**વિવેચનઃ**- कण्ठेकालः - અહીં कण्ठ અને काल શબ્દનો उष्ट्रमुखादयः ૩-૧-૨૩થી બહુવ્રીહિ સમાસ થયો છે. અકારાન્ત સ્વાંગવાચક कण्ठ શબ્દ છે અને काम વર્જીને काल શબ્દ ઉત્તરપદમાં છે. તેથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે. એજ પ્રમાણે उदरेमणिः, वहेगडुः, पुतेवलिः વગેરે.

उरसिलोमा, शिरसिशिखः આ સમાસો વ્યંજનાન્ત સ્વાંગવાચકના છે તેથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે.

**अमूर्द्धमस्तकादिति किम् ?** मूर्द्धशिखः, मस्तकशिखः - અહીં मूर्द्ध અને मस्तक નામનો शिखा નામની સાથે उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. વિભક્તિના અલુપ્ ની પ્રાપ્તિ હોવા છતા मूर्द्ध અને मस्तक શબ્દનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

**अकाम इति किम् ?** मुखकामः - અહીં मुख અને काम નામનો उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં વિભક્તિનો અલુપ્ થઈ શકે. પણ સૂત્રમાં काम શબ્દનું વર્જન છે. તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

બહુલાધિકાર હોવાથી વિભક્તિનો અલુપ આ સૂત્રથી નથી પણ થતો. એટલે કે બધી પ્રાપ્તિ હોવા છતાં વિભક્તિનો લોપ થાય પણ છે. **દા.ત.** करकमलम्, गलरोगः, गलव्रणः વગેરે.

## बन्धे घञि नवा । ३-२-२३.

**અર્થઃ**- અકારાન્ત અને વ્યંજનાન્ત શબ્દથી પર રહેલી સપ્તમી વિભક્તિનો घञ् પ્રત્યયાન્ત बन्ध શબ્દ ઉત્તરપદમાં હોય તો લોપ વિકલ્પે થતો નથી.

**વિવેચનઃ**- हस्तेबन्धः-हस्तबन्धः, चक्रेबन्धः-चक्रबन्धः - અહીં हस्त અને

चक्र નામનો बन्ध નામની સાથે उष्ट्र... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. घञन्त बन्ध ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો વિકલ્પે લોપ થયો છે. અહીં અકારાન્ત हस्त અને चक्र શબ્દ છે. પણ વ્યંજનાન્તનું ઉદાહરણ નથી મળતું.

**घञिति किम् ?** हस्तबन्धः - અહીં हस्त અને बन्ध નામનો उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં बन्ध શબ્દ घञन्त નથી પણ अच् અંતવાળું છે તેથી આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

અહીં સૂત્રમાં हस्तबन्धः, चक्रेबन्धः ના ઉદાહરણથી સમજાય છે કે આ સૂત્ર સ્વાંગવાચક કે અસ્વાંગવાચક બંને પૂર્વપદથી પર રહેલી સપ્તમી વિભક્તિનો घञन्त बन्ध ઉત્તરપદમાં હોય તો લોપનો વિકલ્પે નિષેધ કરે છે.

## कालात् तन-तर-तम-काले । ३-२-२४.

**અર્થ:-** અકારાન્ત અને વ્યંજનાન્ત કાલવાચક નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો तन-तर-तम પ્રત્યય કે काल શબ્દ ઉત્તરપદમાં હોય તો વિકલ્પે લોપ થતો નથી.

**સૂત્ર સમાસ:-** तनश्च तरश्च तमश्च कालश्च एतेषां समाहारः-तनतरतमकालम् तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** पूर्वाह्णेतनः, पूर्वाह्णतनः - पूर्वाह्णे भवः = દિવસના પૂર્વભાગમાં થનાર. આ અર્થમાં पूर्वाह्ण નામને पूर्वाह्ण... ૬-૩-૮૭ થી तनट् પ્રત્યય થવાથી આ સૂત્રથી तन પ્રત્યય ઉત્તરપદમાં આવવાથી સપ્તમી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થાય છે. અને વિકલ્પપક્ષે ऐकार्थ्ये થી લોપ થાય છે.

- पूर्वाह्णेतराम्, पूर्वाह्णतरे - द्वयोः प्रकृष्टे पूर्वाह्णे = બેમાંથી સારા પૂર્વાહ્ણમાં - અહીં द्वयोः विभज्ये... ૭-૩-૬ થી तरप् પ્રત્યય થયો છે. આ સૂત્રથી तर પ્રત્યય ઉત્તરપદમાં આવવાથી સપ્તમી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થાય છે. पूर्वाह्णेतराम् માં વિભક્તિનો અલુપ્ થયો છે અને किंत्याद्ये... ૭-૩-૮ થી तर પ્રત્યયના अ નો

आम् આદેશ થયો છે. વિકલ્પપક્ષમાં જ્યારે સપ્તમી વિભક્તિનો ऐकार्थ्ये થી લોપ થાય ત્યારે पूर्वाह्णतर થયા પછી સપ્તમી વિભક્તિનો ङि પ્રત્યય લાગવાથી पूर्वाह्णतरे થયું છે.

- पूर्वाह्णेतमाम्, पूर्वाह्णतमे - बहुषु प्रकृष्टे पूर्वाह्णे = ઘણામાંથી સારા પૂર્વાહ્ણમાં - અહીં प्रकृष्टे तमप् ૭-૩-૫ થી तमप् પ્રત્યય થયો છે. બાકી બધુ ઉપરના ઉદાહરણ પ્રમાણે જાણવું.

- पूर्वाह्णेकाले, पूर्वाह्णकाले - અહીં पूर्वाह्ण અને काल શબ્દનો उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

**कालादिति किम् ?** शुक्लतरे, शुक्लतमे - અહીં तर અને तम પ્રત્યય ઉત્તરપદમાં છે પણ शुक्लनाम કાલવાચક નથી. ગુણવાચક છે. તેથી આ સૂત્રથી વિભક્તિનો વિકલ્પે અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

**अद्व्यञ्जनादित्येव** - रात्रितरायाम् - द्वयोःप्रकृष्टायां रात्रौ = બેમાં શ્રેષ્ઠ રાત્રિમાં. અહીં तर પ્રત્યય ઉત્તરપદમાં છે પણ પૂર્વમાં કાલવાચક નામ હોવા છતાં અકારાન્ત કે વ્યંજનાન્ત નથી પણ रात्रि इकारान्त છે તેથી આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો વિકલ્પે અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

અહીં સૂત્રમાં तन-तर અને तम પ્રત્યયોના ગ્રહણથી તે તે પ્રત્યયાન્ત નામનું જ ગ્રહણ થાય. પરન્તુ - संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्यैव ग्रहणं न तदन्तस्य । (સંજ્ઞાનું વિધાન કરતાં સૂત્રોમાં અને જ્યાં ઉત્તરપદનો અધિકાર છે ત્યાં પ્રત્યયના ગ્રહણથી પ્રત્યય માત્રનું જ ગ્રહણ થાય છે. પણ તદન્ત નામનું ગ્રહણ થતું નથી) આ ન્યાયથી અહીં तन-तर-तम પ્રત્યયનું જ ગ્રહણ થાય છે પણ તદન્ત નામનું નહિં.

## शय-वासि-वासेष्वकालात् । ३-२-२५.

**अर्थः**- અકારાન્ત અને વ્યંજનાન્ત એવા અકાલવાચક નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો शय-वासिन् અને वास ઉત્તરપદમાં હોય તો

વિકલ્પે લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** शयश्च वासीच वासश्च-शयवासिवासाः, तेषु (ઈ.દ્વ.)

न कालः-अकालः, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચનઃ-** बिलेशयः, बिलशयः - અહીં અકારાન્ત बिल નામનો अच् અન્તવાળા शय નામની સાથે सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

- वनेवासी, वनवासी - અહીં અકારાન્ત वन નામનો णिन् પ્રત્યયાન્ત वासिन् નામની સાથે सप्तमी... ૩-૧-૮૮થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

- ग्रामेवासः, ग्रामवासः - અહીં અકારાન્ત ग्राम નામનો घञ् પ્રત્યયાન્ત वास નામની સાથે सप्तमी... ૩-૧-૮૮થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

**अकालादिति किम् ?** पूर्वाह्णशयः - અહીં पूर्वाह्ण અને शय નામનો सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ કાલવાચક નામ પૂર્વપદમાં હોવાથી આ સૂત્રથી વિભક્તિનો વિકલ્પે અલુપ્ ન થતાં ऐकार्थ्ये થી લોપ થયો છે.

બહુલાધિકાર હોવાથી વિભક્તિના લોપનો નિત્ય નિષેધ પણ થાય છે. **દા.ત.** मनसिशयः, कुशेशयः.

ક્વચિત્ વિભક્તિનો નિત્ય લોપ પણ થાય છે. **દા.ત.** हृच्छयः, चित्तशयः.

## वर्ष-क्षर-वरा-ऽप्-सरः-शरोरोमनसो जे । ३-२-२६.

**અર્થઃ-** ज ઉત્તરપદમાં હોતે છતે (તેની પૂર્વે રહેલાં) वर्ष-क्षर-वर-अप्-सरस्-शर-उरस् અને मनस् થી પર રહેલી સપ્તમી વિભક્તિનો લોપ વિકલ્પે થતો નથી.

**સૂત્ર સમાસઃ-** वर्षश्च क्षरश्च वरश्च अप् च सरश्च शरश्च उरश्च मनश्च एतेषां समाहारः-वर्षक्षरवराप्सरःशरोरोमनस्. तस्मात् (સમા.દ્વ.)

**વિવેચનઃ-** અહીં થયેલા બધા સમાસોમાં રહેલી સપ્તમી વિભક્તિનો આ સૂત્રથી વિકલ્પે અલુપ્ થયો તેથી જ્યારે અલુપ્ થયો ત્યારે સપ્તમી રહી અને વિકલ્પપક્ષે ऐकार्थ्ये ૩-૨-૮ થી સપ્તમી વિભક્તિનો લોપ થયો. બધા ઉદાહરણમાં जन् ધાતુને सप्तम्या... ૫-૧-૧૬૯ થી ड પ્રત્યય લાગીને જ બન્યો છે. અહીં ङस्युक्तं कृता ૩-૧-૪૯ થી સમાસ થયો છે. જો કૃદન્ત બનાવ્યા પછી **वर्षेजः** એમ સમાસ કર્યો હોય તો सप्तमी... ૩-૧-૮૮ થી પણ સમાસ થાય.

सरस्, उरस् અને मनस् માં જ્યારે સપ્તમી વિભક્તિનો લોપ થાય ત્યારે सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થયા પછી જ એ ઘોષવાન હોવાથી घोषवति ૧-૩-૨૧ થી र् નો उ થયો. અને अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ થયો છે.

## द्यु-प्रावृड्-वर्षा-शरत्-कालात् । ३-२-२७.

**અર્થઃ-** ज ઉત્તરપદમાં હોતે છતે (પૂર્વમાં રહેલાં) दिव्-प्रावृष्-वर्षा-शरत् અને काल થી પર રહેલી સપ્તમી વિભક્તિનો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** द्यौश्च प्रावृट् च वर्षा च शरत् च कालश्च एतेषां समाहारः- द्युप्रावृड्वर्षाशरत्कालम्, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** અહીં થયેલા બધા સમાસોમાં રહેલી સપ્તમી વિભક્તિનો આ સૂત્રથી અલુપ્ થયો છે. અહીં जन् ધાતુને सप्तम्या... ૫-૧-૧૬૯ થી ड પ્રત્યય લાગ્યો છે. ङस्युक्तं कृता ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. જો जन् નું જ કૃદન્ત બનાવ્યા પછી दिवि जः એ પ્રમાણે વિગ્રહ કર્યો હોત તો सप्तमी... ૩-૧-૮૮ થી પણ તત્પુરૂષ સમાસ થઈ શકે છે.

ઉપરનાં ૩-૨-૨૬ થી પણ આ સમાસો સિદ્ધ જ હતાં છતાં પણ આ સૂત્ર બનાવ્યું તેથી આ સૂત્રોમાં આપેલા શબ્દની વિભક્તિનો નિત્ય અલુપ્ કરવા માટે છે. સૂત્ર જુદુ બનાવ્યું તેથી नवा ની નિવૃત્તિ થઈ છે.

## अपो य-योनि-मति-चरे । ३-२-२८.

**અર્થઃ-** अप् નામથી પરમાં રહેલી સપ્તમી વિભક્તિનો य પ્રત્યય, योनि, मति

અને चर ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસ**:- यश्च योनिश्च मतिश्च चरश्च एतेषां समाहारः-ययोनिमतिचरम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન**:- अप्सव्यः = પાણીમાં રહેનાર અથવા ડાબુ અંગ. અહીં अप् નામનો अप्सु भवः અર્થમાં दिगादि... ૬-૩-૧૨૪ થી य પ્રત્યય થયો છે. તેથી अप्सुय થયું. આ સૂત્રથી સપ્તમી વિભક્તિનો અલુપ્ થયો છે. अस्वयम्... ૭-૪-૭૦ થી उ નો अव् આદેશ થવાથી अप्सव्यः થયું છે.

अप्सुयोनिः, अप्सुमतिः, अप्सुचरः - અહીં આ સૂત્રથી વિભક્તિનો અલુપ્ થયો છે. चर् ધાતુને चरेष्टः ૫-૧-૧૩૮ થી ट પ્રત્યય લાગવાથી चर નામ થયું છે. અહીં उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે.

## नेन्-सिद्ध-स्थे । ३-२-२९.

**અર્થ**:- પૂર્વપદમાં રહેલી સપ્તમી વિભક્તિનો इन् પ્રત્યયાન્ત નામ, सिद्ध અને स्थ ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી એવું નથી એટલે કે લોપ થાય જ છે. (બે વાર ના એટલે કે હા.)

**સૂત્ર સમાસ**:- इन् च सिद्धश्च स्थश्च एतेषां समाहारः-इन्सिद्धस्थम्. (સમા.દ્વ.)

न इन्सिद्धस्थम्-नेनसिद्धस्थम्, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચન**:- स्थंडिलवर्ती, साङ्काश्यसिद्धः, समस्थः - અહીં स्थंडिल-साङ्काश्य અને सम નામથી પર રહેલી સપ્તમી વિભક્તિનો वर्त्ती, सिद्ध અને स्थ ઉત્તરપદમાં હોવાથી અલુપ્ થતો નથી એટલે ऐकार्थ्ये ૩-૨-૮ થી લોપ થયો છે. वर्तिन् માં वृत् ધાતુને व्रताभीक्ष्ण्ये ૫-૧-૧૫૭ થી इन् પ્રત્યય થયો છે તેથી ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. એ પ્રમાણે स्थंडिलशायी સમાસ થશે.

साङ्काश्यसिद्धः - અહીં કૃદન્ત નથી તેથી सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. તેજ પ્રમાણે काम्पील्यसिद्धः સમાસ થશે.

समस्थः-स्थ માં स्था ધાતુને स्था-पा... ૫-૧-૧૪૨ થી क પ્રત્યય થયો છે. તેથી ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. એજ પ્રમાણે विषमस्थः સમાસ થશે.

संज्ञोत्तर... (૩-૨-૨૪માં લખેલો છે) એ ન્યાય અહીં અનિત્ય હોવાથી इन् પ્રત્યયના ગ્રહણથી કેવલ इन् પ્રત્યયનું ગ્રહણ ન થતાં इन् પ્રત્યયાન્તનું ગ્રહણ થયું છે.

## षष्ठ्याः क्षेपे । ३-२-३०.

**અર્થ:-** નિન્દા અર્થ ગમ્યમાન હોય તો કોઈપણ ઉત્તરપદ પરમાં હોતે છતે પૂર્વમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી.

**વિવેચનઃ-** चौरस्यकुलम् - અહીં ક્ષેપ અર્થ ગમ્યમાન છે. તેથી ષષ્ઠી વિભક્તિનો લોપ થયો નથી. અહીં ચોરનું કુલ એવો અર્થ નથી કારણ કે ચોરને ચોર કહેવામાં શું નિન્દા કરી કહેવાય પણ જે હલકા કુલ હોય તેના માણસોને ચોર કહેવા તે નિન્દા છે. અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે.

એજ પ્રમાણે दासस्यभार्या જે કોઈ દાસ હોય તે પોતાનાં સ્વામિની પત્ની સાથે ભાર્યા જેવો વ્યવહાર કરતો હોય પણ પતિ-પત્ની ન હોય તેથી અહીં નિન્દા ગમ્યમાન કહેવાય.

वृषल्याःपतिः અહીં वृषली એ ચંડાળની પત્ની છે પણ પોતાની પત્ની નથી છતાં ચંડાલની પત્ની સાથે પત્ની જેવો વ્યવહાર હોવાથી (નીચ-પરસ્ત્રીનો સંસર્ગ હોવાથી) તેની નિન્દા થાય છે.

## पुत्रे वा । ३-२-३१.

**અર્થ:-** નિન્દા અર્થ ગમ્યમાન હોય તો पुत्र શબ્દ ઉત્તરપદમાં હોતે છતે પૂર્વમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થાય છે.

**વિવેચનઃ-** दास्याःपुत्रः, दासीपुत्रः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં ક્ષેપ અર્થ ગમ્યમાન છે. पुत्र શબ્દ ઉત્તરપદમાં છે તેથી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પે અલુપ્ આ સૂત્રથી થયો છે. અહીં દાસીપુત્ર નથી પણ કોઈ માણસને હલકા માણસ

તરીકે દાસીપુત્ર કહેવાય તે નિન્દા છે. એજ પ્રમાણે वृषल्याःपुत्रः, वृषलीपुत्रः સમાસ થશે.

ઉપરના સૂત્રથી આ સૂત્રને અલગ બનાવ્યું તેથી આ સૂત્રમાં વિકલ્પ થયો છે. નહીં તો બંને ભેગા કર્યા હોત તો ચાલત.

જો નિન્દા અર્થ ગમ્યમાન ન હોય તો दासीपुत्रः એ પ્રમાણે એક જ સમાસ થાય. એટલે ऐकार्थ्ये ૩-૨-૮ થી ષષ્ઠી વિભક્તિનો લોપ થાય જ છે.

## पश्यद्-वाग्-दिशो हर-युक्ति-दण्डे । ३-२-३२.

**અર્થઃ-** पश्यद्, वाग् અને दिश् શબ્દોથી પર રહેલી ષષ્ઠી વિભક્તિનો અનુક્રમે हर-युक्ति અને दण्ड ઉત્તરપદમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસઃ-** पश्यत् च वाक् च दिक् च एतेषां समाहारः-पश्यद्वाग्दिक्, तस्मात्. (સમા.દ્વ.)

हरश्च युक्तिश्च दण्डश्च एतेषां समाहारः- हरयुक्तिदण्डम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** पश्यतोहरः - અહીં पश्यद् નામથી પર રહેલી ષષ્ઠી વિભક્તિનો हर ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી અલુપ્ થયો છે. અહીં पश्यत् માં રહેલી ષષ્ઠી એ शेषे ૨-૨-૮૧ થી થયેલ ષષ્ઠી નથી પરન્તુ षष्ठीवा... ૨-૨-૧૦૮ થી અનાદરમાં ષષ્ઠી થયેલી છે. षष्ठ्य... ૩-૧-૭૬ થી સમાસ થતો નથી કેમકે એ સૂત્ર शेषे થી થયેલી ષષ્ઠીનો જ સમાસ કરે છે. તે કારણે नाम नाम्ना... ૩-૧-૧૮ થી સમાસ થયો છે. જે કોઇનો કોઈપણ સૂત્રથી સમાસ ન થાય તેનો ૩-૧-૧૮ થી સમાસ થાય છે. આ સમાસ "સોની" અર્થમાં રૂઢ છે.

- वाचोयुक्तिः, दिशोदण्डः - અહીં वाक् અને दिश् નામથી પર રહેલી ષષ્ઠી વિભક્તિનો युक्ति અને दण्ड નામ ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી અલુપ્ થયો છે. અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. वाचः અને दिशः માં જે स् છે તેનો सोरुः ૨-૧-૭૨ થી र् થયો છે. તેનો युक्ति નો य् અને दण्डनो द् એ ઘોષવાન્

હોવાથી घोषवति ૧-૩-૨૧ થી उ થયો છે તેનો अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ થયો છે.

## अदसोऽकञायनणोः । ३-२-३३.

**અર્થ:-** अदस् થી પરમાં રહેલી ષષ્ઠી વિભક્તિનો अकञ् વિષયક ઉત્તરપદ પરમાં હોય તો અને आयनण् પ્રત્યય પરમાં હોય તો લોપ થતો નથી.

**સૂત્ર સમાસ:-** अकञ् च आयनण् च - अकञायनणौ, तयोः (ઈ.દ્વ.)

**વિવેચન:-** आमुष्यपुत्रिका - અહીં अदस् નામથી પર રહેલી ષષ્ઠી વિભક્તિનો पुत्रिका એ अकञ् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી ષષ્ઠીનો લોપ થયો નથી. षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. चौरादेः ૭-૧-૩૩ થી पुत्र નામને अकञ् પ્રત્યય થવાથી पुत्रक થયું. સ્ત્રીલિંગમાં आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય થવાથી पुत्रका અને अस्यायत्... ૨-૪-૧૧૧ થી अ નો इ થવાથી पुत्रिका થયું છે. वृद्धिः... ૭-૪-૧થી अमुष्यपुत्रिका ના પૂર્વના अ ની વૃદ્ધિ आ થઈ છે.

- आमुष्यायणः = એનું વૃદ્ધ સંતાન. અહીં अमुष्य अपत्यम् અર્થમાં ષષ્ઠ્યન્ત अदस् (अमुष्य) નામને नडादिभ्य... ૬-૧-૫૩ થી आयनण् પ્રત્યય થયો છે. તેથી अमुष्यायन નામનાં પૂર્વ अની वृद्धिः... ૭-૪-૧ થી વૃદ્ધિ થવાથી आमुष्यायन થાય છે. रषृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી आमुष्यायण થયું છે. આ સૂત્રથી आयनण् ઉત્તરપદમાં હોવાથી ષષ્ઠી વિભક્તિનો લોપ થયો નથી.

## देवानांप्रियः । ३-२-३४.

**અર્થ:-** देवानांप्रियः અહીં ષષ્ઠી વિભક્તિનો લોપ થતો નથી.

**વિવેચન:-** देवानांप्रियः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. ષષ્ઠી વિભક્તિનો આ સૂત્રથી અલુપ્ થયો છે. અહીં "દેવોનો પ્રિય" અર્થ ન કરવો પણ મૂર્ખ કે ઋજુ અર્થ કરવો. આવો અર્થ હોય તો જ સમાસની વિભક્તિનો લોપ ન થાય અન્યથા देवप्रियः સમાસ થાય.

## शेप-पुच्छ-लाङ्गूलेषु नाम्नि शुनः । ३-२-३५.

અર્થ:- श्वन् નામથી પર રહેલી ષષ્ઠી વિભક્તિનો શેપ-पुच्छ અને लाङ्गूल ઉત્તરપદ પરમાં હોય તો સંજ્ઞાના વિષયમાં લોપ થતો નથી.

સૂત્ર **સમાસ**:- शेपश्च पुच्छश्च लाङ्गूलंच-शेपपुच्छलाङ्गूलानि, तेषु. (ઈ.દ્વ.)

વિવેચન:- शुनःशेपः, शुनःपुच्छः, शुनोलाङ्गूलः - અહીં ત્રણે સમાસ उष्ट्र... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ થયા છે. આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ થયો છે. શેપ અને पुच्छ ઉત્તરપદમાં હોવાથી પૂર્વે રહેલાં स् નો सोरुः ૨-૧-૭૨ થી र् થયો છે. અને श् અને प् એ અઘોષ હોવાથી र् નો रःपदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો છે. અને लाङ्गूल ઉત્તરપદમાં હોવાથી सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થયો અને ल् એ ઘોષવાન્ હોવાથી घोषवति ૧-૩-૨૧ થી र् નો उ અને તે उ નો अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ થયો છે. આનો અર્થ વ્યક્તિવિશેષ કરવો.

સૂત્રમાં બહુવચન છે તે આકૃતિગણના ગ્રહણ માટે છે તેથી सिंहस्यपुच्छः પણ સમાસ થશે. આ અન્યમતે છે. તથા સંજ્ઞાનો વિષય ન હોય તો પણ સમાસ થાય છે. **દા.ત.** शुनःशेपम् = કુતરાની પૂંછડી. આવો સમાસ થઈ શકે છે.

शेपस् એવો अस् અન્તવાળો પણ શબ્દ છે. પણ અહીં તો અકારાન્ત शेप શબ્દનું ગ્રહણ છે.

## वाचस्पति वास्तोष्पति-दिवस्पति-दिवोदासम् । ३-२-३६.

**अर्थ**:- સંજ્ઞાના વિષયમાં આ ચાર સમાસોમાં ષષ્ઠી વિભક્તિના લોપના અભાવનું નિપાતન કરાય છે.

**સૂત્ર સમાસ**:- वाचस्पतिश्च वास्तोष्पतिश्च दिवस्पतिश्च दिवोदासश्च एतेषां-समाहारः-वाचस्पतिवास्तोष्पतिदिवस्पतिदिवोदासम्. (સમા.દ્વ.)

**વિવેચન**:- वाचस्पतिः, वास्तोष्पतिः, दिवस्पतिः, दिवोदासः - આ ચારે સમાસો નિપાતન છે. અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ થયો છે. આ ચારે

સમાસોમાં પદસંજ્ઞા થવાથી सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થાય છે. પરંતુ वाचस्पतिः અને दिवस्पतिः બંનેમાં થયેલાં र् નો प् પર છતાં भ्रातुस्पुत्र... ૨-૩-૧૪ થી स् થયેલો છે. અને वास्तोष्पतिः માં ष् નિપાતન સૂત્ર સામર્થ્યથી થયો છે. दिवोदासः માં सोरुः ૨-૧-૭૨ થી स् નો र् થયો. दास માં રહેલો द् એ ઘોષવાન્ હોવાથી घोषवति ૧-૩-૨૧ થી र् નો उ થયો. અને अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ થયો છે.

वाचस्पतिः = દેવ વિશેષ. બૃહસ્પતિ.

वास्तोष्पतिः = દેવ વિશેષ. ઈન્દ્રનાં વાસ્તુભૂમિના સાક્ષિભૂત દેવો.

दिवस्पतिः = દેવ વિશેષ. ઈન્દ્ર.

दिवोदासः = પુરાણ પ્રસિદ્ધ ચંદ્રવંશીય કાશિરાજા.

## ऋतां विद्या-योनिसम्बन्धे । ३-२-३७.

**અર્થ**:- વિદ્યાવડે અને યોનિવડે કરાએલા સંબંધમાં નિમિત્તભૂત ऋकारान्त શબ્દોની ષષ્ઠી વિભક્તિનો વિદ્યા અને યોનિકૃત સંબંધમાં પ્રવર્તતું ઉત્તરપદ પરમાં હોતે છતે લોપ થતો નથી.

**સૂત્ર સમાસ**:- विद्या च योनिश्च - विद्यायोनी. (ઈ.દ્વ.)

विद्यायोनिभ्यां सम्बन्धः - विद्यायोनिसम्बन्धः, तस्मिन्. (તૃ.ત.)

**વિવેચન**:- होतुःपुत्रः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. होतृ એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. અને पुत्र એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ થયો છે.

- पितुःपुत्रः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. पितृ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. અને पुत्र એ પણ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ થયો છે.

- पितुरन्तेवासी - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો

છે. पितृ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે અને अन्तेवासिन् એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ થયો છે.

**ऋतामिति किम् ?** आचार्यपुत्रः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં आचार्य એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. અને पुत्र એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. પણ आचार्य એ ऋકારાન્ત નામ નથી તેથી ષષ્ઠી વિભક્તિનો આ સૂત્રથી અલુપ્ ન થતાં ऐकार्थ्ये ૩-૨-૮ થી લોપ થયો છે.

**विद्यायोनिसम्बन्ध इति किम् ?** भर्तृगृहम् = સ્વામિનું ઘર. અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં બંનેમાંથી એકપણ શબ્દ વિદ્યાકૃત કે યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નથી તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ ન થતાં ऐकार्थ्ये ૩-૨-૮ થી લોપ થયો છે.

ऋतां માં બહુવચન પૂર્વપદ અને ઉત્તરપદની સાથે વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામનો અને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામનો અન્વય અનુક્રમે ન થાય એ માટે જ છે. તેમજ ऋद्भ्यः એ પ્રમાણે પંચમીના બદલે ऋताम् એ પ્રમાણે જે ષષ્ઠીનો નિર્દેશ કર્યો છે તે આ द्वन्द्वे ૩-૨-૩૯ સૂત્ર માટે છે. કારણ કે ૩-૨-૩૯ સૂત્રમાં ऋताम् એ પ્રમાણે ષષ્ઠીનો જ સંબંધ યુક્ત હોવાથી અહીં જ ષષ્ઠીનો નિર્દેશ કરાયો છે.

## स्वसृ-पत्योर्वा । ३-२-३८.

**અર્થ:-** વિદ્યા અને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત ऋકારાન્ત નામોની ષષ્ઠી વિભક્તિનો વિદ્યા અને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત स्वसृ અને पति શબ્દ ઉત્તરપદમાં હોય તો વિકલ્પે લોપ થતો નથી.

**સૂત્ર સમાસ:-** स्वसा च पतिश्च - स्वसृपती, तयोः (ઈ.દ્વ.)

**વિવેચન:-** होतुःस्वसा, होतृस्वसा - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ

સમાસ થયો છે. होतृ એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત ऋકારાન્ત નામ છે. અને स्वसृ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

- स्वसुःपतिः, स्वसृपतिः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. स्वसृ અને पति બંને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત છે. તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો વિકલ્પે અલુપ્ થયો છે.

**विद्यायोनिसम्बन्ध इत्येव** - भर्तृस्वसा - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. भर्तृ શબ્દ ऋકારાન્ત છે પણ વિદ્યા કે યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ નથી તેથી स्वसृ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ હોવા છતાં આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ વિકલ્પે ન થતાં ऐकार्थ्ये ૩-૨-૮ થી નિત્ય લોપ થયો છે.

- होतृपतिः - અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. होतृ એ ऋકારાન્ત નામ છે અને વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત છે. પણ पति શબ્દ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ નથી તેથી આ સૂત્રથી ષષ્ઠી વિભક્તિનો અલુપ્ વિકલ્પે ન થતાં ऐकार्थ्ये ૩-૨-૮થી નિત્ય લોપ થયો છે.

અહીંના સમાસોમાં ઉપરના ૩-૨-૩૭ થી વિભક્તિનો અલુપ્ સિદ્ધ જ હતો પણ स्वसृ અને पति ઉત્તરપદમાં હોય તો વિકલ્પે અલુપ્ કરવા માટે આ સૂત્રનું પ્રણયન છે.

## आ द्वन्द्वे । ३-२-३९.

**અર્થ:-** વિદ્યા અને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત ऋકારાન્ત નામોનો જે દ્વન્દ્વ સમાસ (થાય છે) તેમાં ઉત્તરપદ પરમાં હોતે છતે પૂર્વપદનાં અન્ત્ય ऋ નો आ થાય છે.

**વિવેચન:-** होतापोतारौ - અહીં होतृ અને पोतृ નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. होतृ અને पोतृ એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી પૂર્વના ऋ નો आ થયો છે.

- मातापितरौ - અહીં मातृ અને पितृ નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી

દ્વન્દ્વ સમાસ થયો છે. मातृ અને पितृ એ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. તેથી આ સૂત્રથી પૂર્વના ऋ નો आ થયો છે.

**ऋतामित्येव** - गुरुशिष्यौ - અહીં गुरु અને शिष्य નામનો ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. गुरु અને शिष्य એ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત નામ છે. પણ ऋકારાન્ત નામો નથી. તેથી આ સૂત્રથી પૂર્વના उ નો आ થયો નથી.

**विद्यायोनिसम्बन्ध इत्येव** - कर्तृकारयितारौ - અહીં कर्तृ અને कारयितृ નામનો ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અહીં બંને શબ્દો ऋકારાન્ત છે પણ વિદ્યા કે યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત નામો નથી તેથી આ સૂત્રથી પૂર્વના ऋ નો आ થયો નથી.

## पुत्रे । ३-२-४०.

**અર્થ**:- पुत्र શબ્દ ઉત્તરપદમાં હોતે છતે વિદ્યા અને યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત ऋકારાન્ત નામોના ऋ નો દ્વન્દ્વ સમાસમાં आ થાય છે.

**વિવેચન**:- मातापुत्रौ - અહીં मातृ અને पुत्र શબ્દનો ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. मातृ શબ્દ યોનિકૃત સંબંધમાં નિમિત્તભૂત છે તેથી આ સૂત્રથી मातृ ના ऋ નો आ થયો છે.

- होतापुत्रौ - અહીં होतृ અને पुत्र નામનો ચાર્થે... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. होतृ શબ્દ વિદ્યાકૃત સંબંધમાં નિમિત્તભૂત છે. તેથી આ સૂત્રથી होतृ ના ऋ નો आ થયો છે.

## वेदसहश्रुताऽवायुदेवतानाम् । ३-२-४१.

**અર્થ**:- વેદમાં સાથે સાથે જેનો પાઠ સંભળાતો હોય તેવા વાયુ વર્જીને દેવતાવાચક નામોના દ્વન્દ્વ સમાસમાં ઉત્તરપદ પરમાં હોતે છતે પૂર્વપદના અન્ત્ય વર્ણનો आ થાય છે.

**સૂત્ર સમાસ**:- सह एव श्रुता:- सहश्रुता: (કર્મ.) वेदे सहश्रुता:- वेदसहश्रुता: (સ. ત.) न वायव:- अवायव: (નञ्. તત્પુ.) अवायवश्च ता: देवताश्च - अवायुदेवता: (કર્મ.)

वेदसहश्रुताश्च ताः अवायुदेवताश्च - वेदसहश्रुतावायुदेवताः, तासाम् (કર્મ.)

विवेचन:- इन्द्रासोमौ- અહીં इन्द्र અને सोम નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. वायु ભિન્ન દેવતાવાચી નામો છે. અને વેદમાં સાથે જ સંભળાએલ છે. તેથી આ સૂત્રથી પૂર્વના अ નો आ થયો છે.

**वेदेति किम् ?** ब्रह्मप्रजापती - અહીં ब्रह्मन् અને प्रजापति નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. અહીં વાયુ ભિન્ન દેવતાવાચક નામો છે પણ વેદમાં સાથે સંભળાએલ નથી (પુરાણમાં) સાથે સંભળાએલા છે. તેથી આ સૂત્રથી પૂર્વના न् નો आ ન થતાં नाम्नो... ૨-૧-૯૧ થી લોપ થયો છે.

**सहेति किम् ?** विष्णुशक्रौ - અહીં विष्णु અને शक्र નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. વાયુ ભિન્ન દેવતાવાચક નામો છે. વેદમાં પણ આવે છે પણ સાથે જ સંભળાતા નથી તેથી આ સૂત્રથી પૂર્વના उ નો आ થયો નથી.

**श्रुतेति किम् ?** चन्द्रसूर्यौ - અહીં चन्द्र અને सूर्य નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. વેદમાં સાથે સંભળાએલા દેવતાવાચક નામો છે. તે આ સ્વરુપે સંભળાએલા નથી પરન્તુ सूर्यचन्द्रमसौ સ્વરુપે છે. તેથી આ સૂત્રથી પૂર્વના अ નો आ થયો નથી. અહીં सूर्य અને चन्द्रमस् નામનો द्वन्द्व સમાસ નથી. પરંતુ તેના અર્થવાચક નામોનો द्वन्द्व સમાસ છે. જો सूर्य અને चन्द्रमस् નો द्वन्द्व સમાસ હોત તો सूर्याचन्द्रमसौ થાત.

**वायुवर्जनं किम् ?** वाय्वग्नी - वायु અને अग्नि નામોનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે. અહીં દેવતાવાચક નામો છે. વેદમાં સાથે સાથે સંભળાએલા છે. પણ वायु નું વર્જન હોવાથી આ સૂત્રથી પૂર્વના उ નો आ થયો નથી.

**देवतानामिति किम् ?** यूपचषालौ - यूप અને चषाल નામનો चार्थे...

૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. વેદમાં સાથે જ સંભળાતા નામો છે. વાયુથી ભિન્ન છે. પણ દેવતાવાચક નથી તેથી આ સૂત્રથી પૂર્વના अ નો आ થયો નથી.

## ईः षोम-वरुणेऽग्नेः । ३-२-४२.

**અર્થઃ-** વેદમાં સાથે જ જેનો પાઠ સંભળાતો હોય તેવા વાયુ વર્જીને દેવતા વાચક નામોના દ્વન્દ્વ સમાસમાં षोम અને वरुण નામો ઉત્તરપદમાં હોય તો જ પૂર્વપદમાં રહેલા अग्नि નો इ દીર્ઘ (ई) થાય છે અને સૂત્રમાં षोम એ પ્રમાણે નિર્દેશ હોવાથી ई આદેશના યોગમાં सोम ના स નો ष થાય છે.

**સૂત્ર સમાસઃ-** षोमश्च वरुणश्च एतयोः समाहारः - षोमवरुणम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચનઃ-** **अग्नीषोमौ**- અહીં अग्नि અને सोम નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને सोम ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી अग्नि નો इ દીર્ઘ થયો છે. અને સૂત્ર સામર્થ્યથી જ सोम ના स નો ष નિપાતન થયેલો છે. અહીં सोम નો स પદની આદિમાં હોવાથી स ના ष ની પ્રાપ્તિ જ ન હતી.

अग्नीवरुणौ - અહીં अग्नि અને वरुण નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને वरुण નામ ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી अग्नि નો इ દીર્ઘ થયો છે.

**देवताद्वन्द्व इत्येव** - अग्निसोमौ बटू - અહીં વેદમાં સાથે સંભળાએલા દેવતાવાચક નામો નથી પણ કોઈ વ્યક્તિના આવા નામો છે તેથી अग्नि અને सोम નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો પણ આ સૂત્રથી अग्नि નો इ દીર્ઘ ન થયો તેમજ सोम ના स નો ष પણ ન થયો.

અહીં अग्नि અને सोम એ બે વાયુ ભિન્ન દેવતાવાચક નામો છે. વેદમાં સાથે સંભળાએલા છે તેથી ૩-૨-૪૧ થી अग्नि નાં इ નો आ થવાનો હતો. પણ જો सोम અને वरुण ઉત્તરપદમાં આવેલો હોય તો इ નો आ ન થતાં આ સૂત્રથી इ નો ई થયો છે.

## इर्वृद्धिमत्यविष्णौ । ३-२-४३.

**અર્થ**:- દેવતાવાચક નામોના દ્વન્દ્વ સમાસમાં વિષ્ણુને વર્જીને કોઈપણ વૃદ્ધિમાન શબ્દ ઉત્તરપદમાં હોય તો પૂર્વે રહેલા अग्नि ના અંત્ય વર્ણનો इ આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- वृद्धिः विद्यते यस्य सः - वृद्धिमान्, तस्मिन्. (બહુ.)

न विष्णुः - अविष्णुः, तस्मिन्. (નઞ્. ત.)

**વિવેચન**:- आग्निवारुणीम् अनड्वाहीम् आलभेत = અગ્નિ અને વરુણ દેવતા સંબંધી ગાયને મેળવવી જોઈએ. અહીં अग्नि અને वरुण નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને ઉપરના ૩-૨-૪૨ સૂત્રથી वरुण ઉત્તરપદમાં હોવાથી अग्नि નો इ દીર્ઘ થયો છે. તેથી अग्नीवरुणौ થયું. હવે अग्नीवरुणौ देवता अस्य એ અર્થમાં देवता ૬-૨-૧૦૧ થી अण् પ્રત્યય થવાથી अग्नीवरुण + अण्. देवताना... ૭-૪-૨૮ થી જેનો ૩-૨-૪૧, ૪૨ વિગેરે સૂત્રોથી आ કે ई વિગેરે થયો હોય તેના પૂર્વપદ અને ઉત્તરપદ બંનેના આદિ સ્વરની વૃદ્ધિ થાય છે. તેથી आग्नीवारुण + अण् થયું. अवर्णे... ૭-૪-૬૮ થી वरुण ના अ નો લોપ થવાથી आग्नीवारुण થયું. હવે वारुण એ વૃદ્ધિમાન ઉત્તરપદ હોવાથી આ સૂત્રથી अग्नी ના ई નો इ થવાથી आग्निवारुण થયું. અને સ્ત્રીલિંગમાં ङी લાગવાથી आग्निवारुणीम् થયું.

**वृद्धिमतीति किम् ?** अग्नीवरुणौ - અહીં ईः षोम... ૩-૨-૪૨માં બતાવેલા ઉદાહરણ પ્રમાણે જ થશે.

**अविष्णाविति किम् ?** आग्नावैष्णवम् चरुं निर्वपेत् = અગ્નિ અને વિષ્ણુ દેવતા સંબંધી ચરુ (હોમવાનું અન્ન) રાંધવું જોઈએ. અહીં પણ अग्नि અને विष्णु નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને वेदसह... ૩-૨-૪૧ થી अग्नि ના इ નો आ થવાથી अग्नाविष्णू સમાસ થયો છે. अग्नाविष्णू देवता अस्य - આ અર્થમાં

देवता ६-२-१०१ थी अण् प्रत्यय थवाथी अग्नाविष्णू + अण्. देवताना... ७-४-२८ थी જેનો ૩-૨-૪૧ થી आ વિગેરે આદેશ થયો હોય તેના પૂર્વપદ અને ઉત્તરપદનાં આદિ સ્વરની વૃદ્ધિ થવાથી आग्नावैष्णू + अण् થયું. अस्वय... ७-४-७० थी અન્ત્ય उ નો अव् થવાથી आग्नावैष्णवम् થયું.

૩-૨-૪૧ અને ૩-૨-૪૨ સૂત્રથી થતાં आ અને ई આદેશનાં અપવાદભૂત આ સૂત્ર છે.

## दिवोद्यावा । ३-२-४४.

**અર્થ**:- દેવતાવાચક નામોના દ્વન્દ્વ સમાસમાં કોઈપણ ઉત્તરપદ પરમાં હોય તો પૂર્વમાં રહેલાં दिव् નામનો द्यावा આદેશ થાય છે.

**વિવેચન**:- द्यावाभूमी - અહીં दिव् અને भूमि નામના દેવતાવાચક નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને આ સૂત્રથી दिव् નું द्यावा થયું છે. એ પ્રમાણે द्यावाक्षमे, द्यावानक्ते સમાસ થશે. અહીં नक्त શબ્દ અકારાન્ત છે. અવ્યય નથી.

જો આ સૂત્ર ન બનાવ્યું હોત તો उः पदान्ते..., ૨-૧-૧૧૮ થી પદાન્તે दिव् ના व् નો उ થાત. અહીં સમાસમાં પૂર્વપદ પદાન્ત થવાથી दिव् ના व् નો उ થઈને द्युभूमि સમાસ થાત. જે ઈષ્ટ નથી તેથી આ સૂત્રનું પ્રણયન છે.

## दिवस्-दिवः पृथिव्यां वा । ३-२-४५.

**અર્થ**:- દેવતાવાચક નામોના દ્વન્દ્વ સમાસમાં पृथिवी શબ્દ ઉત્તરપદમાં હોય તો પૂર્વમાં રહેલાં दिव् નામનો दिवस् અને दिवः આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ**:- दिवस् च दिवश्च एतयोः समाहारः - दिवस् दिवः (સમા. દ્વ.)

**વિવેચન**:- दिवस्पृथिव्यौ, दिवःपृथिव्यौ, द्यावापृथिव्यौ - અહીં दिव् અને पृथिवी નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે અને

આ સૂત્રથી दिवस् અને दिवः આદેશ થયા. તેના વિકલ્પપક્ષમાં ઉપરના ૩-૨-૪૪ સૂત્રથી द्यावा આદેશ થયો છે.

જો આ સૂત્રની રચના ન કરી હોત તો ૩-૨-૪૪ થી द्यावा એક જ આદેશ થાત પણ पृथिवी ઉત્તરપદમાં હોય તો दिवस् અને दिवः આદેશ પણ કરવા છે.

અહીં दिवस् અને दिवः એમ બે આદેશ કરવાની જરૂર ન હતી. માત્ર दिवस् આદેશ કર્યો હોત તો પણ पृथिवी નો प् એ અઘોષ હોવાથી दिवस् ના स् નો सोरुः થી र् થઈને रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થવાથી दिवः આદેશ પણ સિદ્ધ થાત જ. છતાં પણ સૂત્રમાં બે આદેશ કર્યા છે તેથી दिवः એ પ્રમાણે વિધાન સમાર્થ્યથી જ दिवस् ના स् નો र् ન થાય. તેથી સૂત્રમાં दिवस् અને दिवः એમ બે આદેશ કર્યા છે.

## उषासोषसः । ३-२-४६.

**અર્થઃ-** દેવતાવાચક નામોના द्वन्द्व સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો उषस् નામનો उषासा આદેશ થાય છે.

**વિવેચનઃ-** उषासासूर्यम् - અહીં उषस् અને सूर्य નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે અને આ સૂત્રથી उषस् નો उषासा આદેશ થયો છે.

उषस् શબ્દ પ્રભાતવાચક હોય ત્યારે નપુંસકલિંગમાં આવે છે. અને સંધ્યાવાચક હોય ત્યારે સ્ત્રીલિંગ કે નપુંસકલિંગમાં આવે છે.

## मातरपितरं वा । ३-२-४७.

**અર્થઃ-** मातृ શબ્દ પૂર્વપદમાં હોય અને पितृ શબ્દ ઉત્તરપદમાં હોય તો તેના द्वन्द्व સમાસમાં मातृ અને पितृ નામના ऋ નો अर આદેશ વિકલ્પે નિપાતન થાય છે.

**સૂત્ર સમાસઃ-** मातरश्च पितरश्च एतयोः समाहारः-मातरपितरम्. (સમા. द्व.)

**વિવેચનઃ-** मातरपितरयोः, मातापित्रोः - અહીં मातृ અને पितृ નામનો चार्थे...

૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયો છે અને આ સૂત્રથી બંને શબ્દના ऋ નો अर નિપાતન થયો છે.

અહીં આ સમાસના ત્રણ રીતે સમાસો થઈ શકે છે. દા.ત. मातरपितरौ, मातापितरौ અને पितरौ ત્રણ સમાસો થાય. मातरपितरौ માં આ સૂત્રથી બંને શબ્દના ऋ નો अर થયો છે. मातापितरौ માં आद्वन्द्वे ૩-૨-૩૯ થી પૂર્વના ऋ નો आ થયો છે. पितरौ માં चार्थे... ૩-૧-૧૧૭ થી द्वन्द्व સમાસ થયા પછી पिता... ૩-૧-૧૨૨ થી એકશેષ સમાસ થયો છે.

અહીં मातरपितरयोः એ પ્રમાણે ષષ્ઠી વિભક્તિ એટલા માટે જ મૂકી છે કે मातरपितरौ અને मातापितरौ બન્ને સમાસમાં એકમાં અકારાન્ત ગણીને વિભક્તિ મૂકી છે અને એકમાં ऋકારાન્ત ગણીને વિભક્તિ મૂકી છે. એમાં ખબર ન પડે તેથી ષષ્ઠી વિભક્તિ મૂકી છે. જેથી બન્ને રૂપો જુદા પડી શકે. એજ પ્રમાણે मातरपितराभ्याम्-मातापितृभ्याम्.

## वर्चस्कादिष्ववस्करादयः । ३-२-४८.

**અર્થ**:- વર્ચસ્કાદિ અર્થમાં (વિષ્ટા વગેરે) अवस्करादि શબ્દો ઉત્તરપદની આદિમાં કરાએલા श, ष અને स આદેશવાળા નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ**:- वर्चस्कः आदिः येषां ते - वर्चस्कादयः, तेषु. (બહુ.)

अवस्करः आदिः येषां ते-अवस्करादयः (બહુ.)

**વિવેચન**:- अवस्करः, अवकरः - અહીં વર્ચસ્કાદિ અર્થમાં વર્તતાં अव + कृ હોવાથી આ સૂત્રથી कृ ની પૂર્વે स् નો આગમ નિપાતન થયો છે. અને બીજા સમાસમાં વર્ચસ્કાદિ અર્થ ન હોવાથી स् નો આગમ થયો નથી. અહીં ઉપસર્ગને ગતિસંજ્ઞા હોવાથી गतिक्कन्य... ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે.

- अपस्करः, अपकरः - અહીં વર્ચસ્કાદિ અર્થમાં વર્તતાં अप + कृ હોવાથી આ સૂત્રથી कृ ની પૂર્વે स् નો આગમ થયો છે. અને બીજા સમાસમાં વર્ચસ્કાદિ અર્થ જણાતો ન હોવાથી स् નો આગમ થયો

નથી. અહીં પણ ઉપસર્ગને ગતિસંજ્ઞા હોવાથી गतिक्वन्य... ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે.

अप થી પરમાં રહેલ कृની પૂર્વમાં स् નો આગમ अपाच्च... ૪-૪-૯૫ થી થાય છે. પણ ચતુષ્પાદ, પક્ષિ અને શ્વાન અનુક્રમે હૃષ્ટ, અન્નનો અર્થી અને આશ્રયનો અર્થી હોતે છતે स् નો આગમ થાય છે. અહીં તેવો અર્થ નથી માટે આ સૂત્રમાં स् નો આગમ નિપાતન કર્યો છે.

कृ ધાતુને युवर्ण... ૫-૩-૨૮ થી अल् પ્રત્યય થયો છે તેથી कर કૃદન્ત થયું છે.

ઉપરના ઉદાહરણમાં દંત્ય स् વાળા ઉદાહરણ છે. હવે તાલવ્ય श् વાળામાં हरिश्चन्द्रः = ઋષિવિશેષ. અને हरिचन्द्रः = દેશ અથવા વ્યક્તિવિશેષ. અને મૂર્ધન્ય ष् અંતવાળામાં शष्कुली = જલેબી અને शकुली = માછલી વગેરે થાય છે.

## परतः स्त्री पुम्वत् स्त्र्येकार्थेऽनूङ् । ३-२-४९.

**અર્થ:-** परतः-વિશેષ્યના વશથી થયેલ સ્ત્રીલિંગ નામ, સ્ત્રીલિંગમાં વર્તતું એકાર્થક નામ ઉત્તરપદમાં હોય તો પુંવદ્ થાય છે જો તે ऊङ् પ્રત્યયાન્ત ન હોય તો.

**સૂત્ર સમાસ:-** परस्मात्-परतः, पुमान् इव-पुम्वत्. स्त्री च तद् एकार्थं च-स्त्र्येकार्थं तस्मिन्. (કર્મ) અથવા स्त्रियाम् एकार्थं-स्त्र्येकार्थं, तस्मिन्. न ऊङ्-अनूङ् (નञ्. તત્પુ.)

**વિવેચન:-** दर्शनीयभार्यः - અહીં दर्शनीया અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને दर्शनीया નામ પરતઃ સ્ત્રીલિંગ હોવાથી આ સૂત્રથી પુંવત્ થયું છે.

**परत इति किम् ?** द्रोणीभार्यः - द्रोणी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. પણ द्रोणी નામ પરતઃ સ્ત્રીલિંગ નથી સ્વાભાવિક સ્ત્રીલિંગ છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ ન થયો.

**स्त्रीति किम् ?** खलपुदृष्टिः - खलपु અને दृष्टि નો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. પણ खलपु નામ સ્ત્રીલિંગ નથી નપુંસકલિંગ છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો નથી. જો આ खलपु નપુંસક નામનો પુંવદ્ભાવ કરીએ તો क्लीबे ૨-૪-૯૭ થી જે खलपु નામના દીર્ઘ ऊ નો હ્રસ્વ उ કર્યો છે તેની નિવૃત્તિ થાય તો खलपूदृष्टिः આવો અનિષ્ટ પ્રયોગ થાય.

**स्त्र्येकार्थ इति किम् ?** गृहिणीनेत्रः - અહીં गृहिणी અને नेत्र નામનો एकार्थं.. ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં गृहिणी અને नेत्र સમાનાર્થક હોવા છતાં नेत्र શબ્દ સ્ત્રીલિંગ નથી નપુંસકલિંગ છે તેથી આ સૂત્રથી गृहिणी શબ્દ પુંવત્ ન થયો. નહીં તો गृहिनेत्रः આવો અનિષ્ટ પ્રયોગ થાય.

- कल्याणीमाता - અહીં कल्याणी અને मातृ નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં कल्याणी પરતઃ સ્ત્રીલિંગ હોવા છતાં બંને શબ્દો સમાનાર્થક નથી તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ ન થયો. નહીં તો कल्याणमाता એવો અનિષ્ટપ્રયોગ થાત.

**अनूङिति किम् ?** करभोरूभार्यः - અહીં करभोरू અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં उपमान... ૨-૪-૭૫ થી ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ હોવાથી પરતઃ સ્ત્રીલિંગ હોવા છતાં આ સૂત્રથી પુંવદ્ભાવ થયો નથી નહીં તો करभोरुभार्यः અનિષ્ટ પ્રયોગ થાત.

## क्यङ् - मानि-पित्तद्धिते । ३-२-५०.

**અર્થ:-** क्यङ्પ્રત્યય પરમાં હોય, मानिन् ઉત્તરપદ પરમાં હોય અને पित् તદ્ધિત પ્રત્યય પરમાં હોય તો પૂર્વે રહેલું ऊङ् પ્રત્યય સિવાયનું પરતઃ સ્ત્રીલિંગનામ પુંવદ્ભાવ પામે છે.

**સૂત્ર સમાસ:-** प् इत् (अनुबन्धः) यस्य सः - पित् (બહુ.)

पित् चासौ तद्धितश्च - पित्तद्धितः (કર્મ.)

क्यङ् च मानी च पित्तद्धितश्च एतेषां समाहारः-क्यङ्मानिपित्तद्धितम्,

तस्मिन्. (સમા.દ્વ.)

વિવેચનઃ- श्येतायते - श्येनी इव आचरति = શુભ્રવર્ણવાળી સ્ત્રીની જેમ આચરણ કરે છે.

श्येनी+क्यङ् (य) - क्यङ् ૩-૪-૨૬ થી क्यङ् પ્રત્યય.

श्येनी+क्यङ् (य) - ऐकार्थ्ये ૩-૨-૮ થી सि વિભક્તિનો લોપ.

श्येत+य+ते - આ સૂત્ર થી પુંવદ્ભાવ.

(પુંવદ્ભાવ થવાથી श्येतैत... ૨-૪-૩૬ થી श्येत નામને થયેલા ङी પ્રત્યયની અને તેના યોગમાં થયેલા त् ના न् ની નિવૃત્તિ થઈ છે.)

श्येतायते - दीर्घश्च्वि... ૪-૩-૧૦૮ થી अ નો आ દીર્ઘ થયો.

અહીં क्यङ् પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે.

- दर्शनीयमानी - અહીં दर्शनीया અને मानी નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી मानिन् ઉત્તરપદમાં હોવાથી પરતઃ સ્ત્રીલિંગ दर्शनीया નામનો આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે.

  मन् ધાતુને मन्याण्णिन् ૫-૩-૧૧૬ થી णिन् પ્રત્યય થવાથી मन्+णिन् થયું. ञ्णिति ૪-૩-૫૦ થી मन् ધાતુના अ ની વૃદ્ધિ आ થવાથી मानिन् કૃદન્ત બન્યું છે.

- अजथ्यं यूथम् - अजायै हितम् = બકરી માટે હિતકર સંઘ. આ અર્થમાં अजा+थ्य. तस्मैहिते ૭-૧-૩૫ ની સહાયથી अव्यजात् थ्यप् ૭-૧-૩૮ થી थ्यप् પ્રત્યય થયો છે. ऐकार्थ्ये ૩-૨-૮ થી ચતુર્થી વિભક્તિનો લોપ થવાથી अजा+थ्य થયું છે. આ સૂત્રથી પિત્ तद्धित थ्यप् પ્રત્યય પરમાં હોવાથી अजा નામનો પુંવદ્ભાવ થવાથી अजथ्यम् પ્રયોગ થયો છે.

## जातिश्च णि-तद्धितय-स्वरे । ३-२-५१.

**અર્થઃ-** ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ સિવાય પરતઃ સ્ત્રીલિંગ નામ તેમજ જાતિવાચક નામ णि પ્રત્યય પર છતાં તેમજ यादि કે સ્વરાદિ तद्धित

પ્રત્યયનો વિષય હોય તો પુંવદ્ થાય છે.

**સૂત્ર સમાસઃ-** यश्च स्वश्च एतयोः समाहारः-यस्वरम् (સમા.દ્વ.)

तद्धितम् च तद् यस्वरम् च-तद्धितयस्वरम्. (કર્મ.)

णिश्च तद्धितयस्वरम् च एतयोः समाहारः-णितद्धितयस्वरम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** पटयति = પટ્વીને કહે છે. पट्वीम् आचष्टे આ અર્થમાં णिज्बहुलं... ૩-૪-૪૨ થી णि પ્રત્યય થવાથી આ સૂત્રથી पट्वी નામનો પુંવદ્ભાવ થયો તેથી ङी ની નિવૃત્તિ થવાથી पटु+णि (इ) થયું. नामिनो...૪-૩-૫૧ થી उ ની વૃદ્ધિ औ થવાથી पटौ+इ થયું. त्र्यन्त्य... ૭-૪-૪૩ થી औ નો લોપ થવાથી पटि ધાતુ બન્યો. તેને तिव् પ્રત્યય વગેરે કાર્ય થવાથી पटयति થયું છે.

- एत्यः = (એની) સ્ત્રીમાં સારી પ્રવૃત્તિવાળો. एन्यां साधुः આ અર્થમાં तत्र साधौ ૭-૧-૧૫ થી य પ્રત્યય થવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે તેથી एनी ના ङी ની નિવૃત્તિ થવાથી एत+य. अवर्णे... ૭-૪-૬૮ થી एत ના अ નો લોપ થવાથી एत्यः આવો પ્રયોગ થયો છે. અહીં તદ્ધિતનો યકારાદિ પ્રત્યય છે.

- भावत्कम् = આ સ્ત્રીનું આ. भवत्या इदम् આ અર્થમાં भवतोरिक... ૬-૩-૩૦ થી इकण् પ્રત્યય થવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે તેથી भवती ના ङी ની નિવૃત્તિ થવાથી भवत्+इकण् (इक) થયું. वृद्धिः... ૭-૪-૧ થી भवत् ના આદિ अ ની વૃદ્ધિ થવાથી भावत् + इक. ऋवर्णो... ૭-૪-૭૧ થી इकण् નાં इ નો લોપ થવાથી भावत्कम् પ્રયોગ થયો છે. અહીં સ્વરાદિ તદ્ધિત પ્રત્યય છે.

જાતિવાચક સ્ત્રીલિંગ નામના ઉદાહરણો નીચે પ્રમાણે છે.

- दारद्यः = દરત્ રાજાના સ્ત્રી સંતાનમાં સારી પ્રવૃત્તિવાળો.

दरदः अपत्यं स्त्री આ અર્થમાં पुरुमगध... ૬-૧-૧૧૬ થી दरद्+अण् પ્રત્યય. તેનો द्रेरञ... ૬-૧-૧૨૩ થી લોપ થવાથી दरद् સ્ત્રીલિંગ

જાતિવાચક નામ બને છે. તેને दरदि साधुः આ અર્થમાં तत्रसाधौ ૭-૧-૧૫ થી य પ્રત્યય થવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે. તેથી दरद् ના अण् પ્રત્યયનો લોપ થયો હતો તે अण् પ્રત્યય ફરીથી આવે છે. તેથી दरद्+अण्+य. वृद्धिः... ૭-૪-૧થી दरद् ના આદિ સ્વરની વૃદ્ધિ થવાથી दारद्+अण्+य. अवर्णे... ૭-૪-૬૮ થી य ની પૂર્વેના अ નો લોપ થવાથી दारद्यः પ્રયોગ થયો છે.

- गार्गः = ગાર્ગ્યાયણીનું ખરાબ સંતાન. गार्ग्यायण्याः कुत्सितं अपत्यं આ અર્થમાં वृद्धस्त्रियाः... ૬-૧-૮૭ થી જાતિવાચક गार्ग्यायणी નામને તદ્ધિતનો સ્વરાદિ ण પ્રત્યય થવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે. તેથી गार्ग्यायणी ના ङी ની અને તેના યોગમાં થયેલા डायन् આદેશની નિવૃત્તિ થવાથી गार्ग्य+ण થયું. तद्धितयस्वरे... ૨-૪-૯૨ થી य નો લોપ થવાથી गार्गः થયું.

**तद्धितेति किम् ?** हस्तिनीयति = હાથણીને ઇચ્છે છે. हस्तिनीम् इच्छति આ અર્થમાં हस्तिनी નામને अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् (य) પ્રત્યય થવાથી हस्तिनी+य+ति. આ य પ્રત્યય તદ્ધિતનો ન હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો નથી. તેથી हस्तिनीयति થયું. જો यादि પ્રત્યય માત્ર પર છતાં પુંવદ્ભાવ થતો હોત તો हस्तियति આવો અનિષ્ટ પ્રયોગ થાત.

- हस्तिन्यः-हस्तिनी+जस् (अस्) અહીં પણ તદ્ધિતનો સ્વરાદિ પ્રત્યય નથી પણ સ્યાદિ સ્વરાદિ પ્રત્યય છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ ન થવાથી इवर्णादे... ૧-૨-૨૧ થી ई નો य् થવાથી हस्तिन्यः થયું. જો સ્વરાદિ પ્રત્યય માત્ર પર છતાં પુંવદ્ભાવ થતો હોત તો हस्तिन्+अस् - हस्तिनः આવો અનિષ્ટ પ્રયોગ થાત.

સૂત્રમાં तद्धितयस्वरे... માં જે સપ્તમી વિભક્તિ છે તે વિષયસપ્તમી છે. વિષયસપ્તમીના આશ્રયથી पाटवम् પ્રયોગની સિદ્ધિ થઈ શકે છે. पट्व्याः भावः અહીં પ્રત્યયની ઉત્પત્તિની પહેલાં જ આ સૂત્રથી પુંવદ્ભાવ થઈને पट्वी નું पटु થઈ જાય છે. पटु થવાથી જ હવે તે

શબ્દ લઘ્વક્ષર બન્યો. તેથી य्वृवर्णा... ૭-૧-૬૯ થી अण् પ્રત્યય થઈ શક્યો. पट्वी શબ્દ લઘ્વક્ષર ન હોવાથી જો નિમિત્તસપ્તમીનો આશ્રય કર્યો હોત તો अण् પ્રત્યય ન થઈ શકત. અને पाटवम् પ્રયોગની સિદ્ધિ ન થાત.

## एयेऽग्नायी । ३-२-५२.

**અર્થઃ-** एय પ્રત્યય પરમાં હોય તો પરતઃ સ્ત્રીલિંગ अग्नायी નામ જ પુંવત્ થાય છે.

**વિવેચનઃ-** आग्नेयः = અગ્નાયીનું અપત્ય. अग्नाय्याः अपत्यं - આ અર્થમાં कल्यग्ने... ૬-૧-૧૭ થી अग्नायी નામને एयण् પ્રત્યય થવાથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે. તેથી पूतक्रतु... ૨-૪-૬૦ થી થયેલ ङी પ્રત્યયની અને તેનાં યોગમાં થયેલા ऐ ની નિવૃત્તિ થવાથી अग्नि+एयण्. वृद्धिः... ૭-૪-૧ થી, अग्नि નામના આદિ સ્વરની વૃદ્ધિ થવાથી आग्नि+एयण्. अवर्णे... ૭-૪-૬૮ થી आग्नि નામના इ નો લોપ થવાથી आग्नेयः પ્રયોગ થયો છે.

पूर्वेण सिद्धे नियमार्थमिदम् - પૂર્વના जातिश्च... ૩-૨-૫૧ થી अग्नायी નામનો एयण् પ્રત્યયના વિષયમાં પુંવદ્ભાવ સિદ્ધ જ હતો છતાં આ સૂત્રની પુનઃ રચના કરી તેથી નિયમ થયો કે एय પ્રત્યયના વિષયમાં પુંવદ્ભાવ થાય તો अग्नायी નામનો જ થાય. તેથી श्येन्याः अपत्यम् આ અર્થમાં श्येनी નામને ङ्याप्... ૬-૧-૭૦ થી एयण् પ્રત્યયના વિષયમાં जातिश्च... ૩-૨-૫૧ થી પણ પુંવદ્ભાવ હવે નહીં થાય. તેથી श्येनी+एयण्. वृद्धिः... ૭-૪-૧ થી श्येनी નામના આદિ સ્વરની વૃદ્ધિ થવાથી श्यैनी+एयण्. अवर्णे... ૭-૪-૬૮ થી ई નો લોપ થવાથી श्यैनेयः = શ્વેતવર્ણવાળી સ્ત્રીનું સંતાન. આવો પ્રયોગ થયો. જો પુંવદ્ભાવ થયો હોત તો श्यैतेयः અનિષ્ટ પ્રયોગ થાત.

## नाऽप्-प्रियाऽऽदौ । ३-२-५३.

**અર્થઃ-** अप् પ્રત્યયાન્ત સમાનાર્થક સ્ત્રીલિંગ નામ ઉત્તરપદમાં હોય અને

प्रियादि નામો ઉત્તરપદમાં હોય તો પૂર્વે રહેલું પરતઃ સ્ત્રીલિંગ નામ પુંવત્ ન થાય.

**સૂત્ર સમાસઃ-** प्रियः आदिः येषां ते-प्रियादयः (બહુ.)

अप् च प्रियादयश्च एतेषाम् समाहारः-अप्प्रियादि तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** कल्याणीपञ्चमा - कल्याणी અને पञ्चमी નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. पूरणीभ्य... ૭-૩-૧૩૦ થી अप् સમાસાન્ત થવાથી अवर्णे... ૭-૪-૬૮ થી ई નો લોપ થયો છે. अप् પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી પરતઃ સ્ત્રીલિંગ कल्याणी નામનો પુંવદ્ભાવ ન થયો. તેથી कल्याणीपञ्चम નામને आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય થયો છે.

- कल्याणीप्रियः - कल्याणी અને प्रिया નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. प्रिया ઉત્તરપદમાં હોવાથી પરતઃ સ્ત્રીલિંગ कल्याणी નામનો આ સૂત્રથી પુંવદ્ભાવ થતો નથી. गोश्चान्ते... ૨-૪-૯૬ થી प्रिया નું प्रिय હ્રસ્વ થયું છે.

**अप्प्रियादाविति किम्** ? कल्याणपञ्चमीकः पक्षः - कल्याणी અને पञ्चमी નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં अप् પ્રત્યય નથી કે प्रिय ઉત્તરપદમાં નથી. પણ ऋन्नित्य... ૭-૩-૧૭૧ થી कच् પ્રત્યય થયો છે. कच् પ્રત્યય પરમાં હોવાથી પરતઃ સ્ત્રીલિંગ कल्याणी નામનો परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે.

## तद्धिताऽककोपान्त्य-पूरणाख्याः । ३-२-५४.

**અર્થઃ-** तद्धित પ્રત્યય સંબંધી અને अक પ્રત્યય સંબંધી क ઉપાન્ત્યમાં છે જેને એવા પરતઃ સ્ત્રીલિંગ નામો, પૂરણ પ્રત્યયાન્ત પરતઃ સ્ત્રીલિંગ નામો અને સંજ્ઞાવાચક પરતઃ સ્ત્રીલિંગ નામો પુંવદ્ભાવ પામતા નથી.

**સૂત્ર સમાસઃ-** तद्धितश्च अकश्च - तद्धिताकौ. (ઇ. દ્વ.)

तद्धिताकयोः कः - तद्धिताककः (ષ. તત્પુ.)

तद्धिताककः उपान्त्यः यासाम् ताः - तद्धिताककोपान्त्याः (બહુ.)

तद्धिताककोपान्त्याश्च पूरणी च आख्या च - तद्धिताककोपान्त्य - पूरणाख्याः (ઇ. દ્વ.)

**વિવેચનઃ-** मद्रिकाभार्यः - मद्रिका અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં मद्र શબ્દને वृजि मद्रात्... ૬-૩-૩૮ થી क પ્રત્યય થવાથી मद्रक થયું. आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગવાથી मद्रका થયું. અને आप् પરમાં હોવાથી अस्या... ૨-૪-૧૧૧ થી પૂર્વના अ નો इ થયો તેથી मद्रिका શબ્દ બન્યો. परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હોવા છતાં તદ્ધિતનો क ઉપાન્ત્યમાં હોવાથી આ સૂત્રથી मद्रिका નો પુંવદ્ભાવ થતો નથી. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું હ્રસ્વ भार्य થયું છે.

- कारिकाभार्यः - कारिका અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં कृ ધાતુને णकतृचौ ૫-૧-૪૮ થી अक પ્રત્યય લાગવાથી कृ + अक. नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर् થવાથી कारक થયું અને मद्रिका ની જેમ कारिका શબ્દ બન્યો. परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હોવા છતાં अक સંબંધી क ઉપાન્ત્યમાં હોવાથી આ સૂત્રથી कारिका નો પુંવદ્ભાવ થતો નથી. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

- पञ्चमीभार्यः - पञ्चमी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હોવા છતાં पञ्चमी એ પૂરણ પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

- दत्ताभार्यः - दत्ता અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હોવા છતાં दत्ता એ સંજ્ઞાવાચક નામ હોવાથી આ સૂત્રથી નિષેધ થવાથી પુંવદ્ભાવ થયો નથી गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

**तद्धिताकेति किम् ?** पाकभार्यः - पाका અને भार्या નામનો एकार्थं...

૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં पच् + घञ् भावाकर्त्रोः થી घञ् પ્રત્યય લાગ્યો છે. ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થવાથી पाक નામ બન્યું છે. અહીં તદ્ધિત સંબંધી કે अक પ્રત્યય સંબંધી क ઉપાન્ત્યમાં નથી તેથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ થતો નથી તેથી परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થવાથી पाका નું पाक થયું છે. गोश्चान्ते ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

## तद्धितः स्वरवृद्धिहेतुररक्त - विकारे । ३-२-५५.

**અર્થ**:- રક્ત અને વિકાર અર્થથી અન્ય અર્થમાં વિધાન કરાએલ સ્વરની વૃદ્ધિ થવામાં કારણભૂત એવો જે તદ્ધિત પ્રત્યય તદન્ત પરતઃ સ્ત્રીલિંગ નામ પુંવત્ થતું નથી.

**સૂત્ર સમાસ**:- स्वरस्य वृद्धिः - स्वरवृद्धिः (ષ. ત.)

स्वरवृद्धेः हेतुः - स्वरवृद्धिहेतुः (ષ. તત્પુ.)

रक्तश्च विकारश्च एतयोः समाहारः - रक्तविकारम् (સમા. દ્વ.)

न रक्तविकारम् - अरक्तविकारम्, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચન**:- माथुरीभार्यः - माथुरी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં मथुरायां भवा એ અર્થમાં भवे ૬-૩-૧૨૩ થી अण् પ્રત્યય થવાથી मथुरा + अण्. वृद्धिः... ૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થવાથી माथुरा + अण्. अवर्णे... ૭-૪-૬૮ થી अण् પ્રત્યય પર છતાં પૂર્વના आ નો લોપ થવાથી माथुर થયું. હવે अणञे... ૨-૪-૨૦ થી ङी થયો. તેથી माथुर + ङी. अस्य... ૨-૪-૮૬ થી अ નો લોપ થવાથી माथुरी થયું. અહીં રક્ત અને વિકાર અર્થ નથી. પણ भव અર્થમાં अण् પ્રત્યય થયો છે તે તદ્ધિતનો છે અને સ્વર વૃદ્ધિના હેતુભૂત છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

**स्वरेति किम्** ? वैयाकरणभार्यः - वैयाकरणी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. व्याकरणं वेत्ति

अधीते वा આ અર્થમાં तद्वेत्य... ૬-૨-૧૧૭ થી अण् પ્રત્યય થવાથી व्याकरण + अण्. अवर्णे... ૭-૪-૬૮ થી अण् પ્રત્યય પર છતાં પૂર્વના अ નો લોપ થવાથી व्याकरण થયું. य्वः... ૭-૪-૫ થી य् ની પૂર્વે ऐ નો આગમ થવાથી वैयाकरण થયું. अणजे... ૨-૪-૨૦ થી डी અને अस्य... ૨-૪-૮૬ થી अ નો લોપ થવાથી वैयाकरणी થયું છે. અહીં જે य् ની પૂર્વે ऐ નો આગમ થયો છે પણ તે अण् સ્વરની વૃદ્ધિના હેતુભૂત નથી તેથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થતાં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થવાથી वैयाकरण થયું. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

**वृद्धिहेतुरिति किम् ?** अर्द्धप्रस्थभार्यः - अर्द्धप्रस्था અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં अर्द्धप्रस्थे भवा અર્થમાં भवे ૬-૩-૧૨૩ થી अण् પ્રત્યય થવાથી अर्द्धप्रस्थ + अण्. अवर्णे... ૭-૪-૬૮ થી अण् પ્રત્યય પર છતાં પૂર્વના अ નો લોપ થવાથી अर्द्धप्रस्थ થયું. અહીં अर्द्धात्... ૭-૪-૨૦ થી આદિ સ્વરની વૃદ્ધિનો નિષેધ થયો છે. अजादेः ૨-૪-૧૬ થી आप् પ્રત્યય થવાથી अर्द्धप्रस्था થયું છે. અહીં તદ્ધિતનો अण् પ્રત્યય સ્વરની વૃદ્ધિના હેતુભૂત નથી તેથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થવાથી परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

**अरक्तविकार इति किम् ?** काषायबृहतिकः - काषायी અને बृहतिका નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. कषायेन रक्ता એ અર્થમાં रागाट्टो... ૬-૨-૧ થી अण् પ્રત્યય થવાથી कषाय + अण्. वृद्धिः... ૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થવાથી काषाय + अण्. अवर्णे... ૭-૪-૬૮ થી अण् પ્રત્યય પર છતાં પૂર્વના अ નો લોપ થવાથી काषाय થયું. હવે अणजे... ૨-૪-૨૦ થી डी અને अस्य... ૨-૪-૮૬ થી પૂર્વના अ નો લોપ થવાથી काषायी થયું છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી बृहतिका નું बृहतिक થયું છે. અહીં રક્ત અર્થ હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થતાં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે.

- लौहेषः - लौही અને ईषा નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. लोहस्य विकारः અર્થમાં विकारे ૬-૨-૩૦ થી अण् પ્રત્યય થવાથી लोह + अण्. वृद्धिः... ૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થવાથી लौह + अण्. अवर्णे... ૭-૪-૬૮ થી अण् પ્રત્યય પર છતાં પૂર્વના अ નો લોપ થવાથી लौह થયું. अणञे... ૨-૪-૨૦ થી ङी પ્રત્યય અને अस्य... ૨-૪-૮૬ થી પૂર્વના अ નો લોપ થવાથી लौही થયું. गोश्चान्ते... ૨-૪-૯૬ થી ईषा નું ईष થયું છે. અહીં વિકાર અર્થ હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થતાં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે.

## स्वाङ्गान्ङीर्जातिश्चाऽमानिनि । ३-२-५६.

**અર્થ:-** मानिनि નામ ઉત્તરપદમાં ન હોય તો સ્વાङ્ગવાચક પરતઃ સ્ત્રીલિંગ નામ તેમજ જાતિવાચક પરતઃ સ્ત્રીલિંગ નામ પુંવત્ થતું નથી.

**સૂત્ર સમાસઃ-** स्वस्य अङ्गम् - स्वाङ्गम्, तस्मात्. (ષ. ત.)

न मानी - अमानी, तस्मिन्. (નञ्. તત્પુ.)

**વિવેચનઃ-** दीर्घकेशीभार्यः - दीर्घकेशी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. दीर्घकेश નામને असह... ૨-૪-૩૮ થી ङी પ્રત્યય લાગીને दीर्घकेशी થયું છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો સ્વાંગવાચક ङी પ્રત્યયાન્ત નામ હોવાથી આ સૂત્રથી નિષેધ થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

- कठीभार्यः - कठी અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. कठी એ જાતિવાચક નામ છે તેને जातेरयान्त... ૨-૪-૫૪ થી ङी લાગ્યો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો कठी જાતિવાચક નામ હોવાથી આ સૂત્રથી નિષેધ થયો છે.

- शूद्राभार्यः - शूद्रा અને भार्या નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. शूद्रा એ જાતિવાચક નામ છે તેને आत्

૨-૪-૧૮ થી आप् પ્રત્યય થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હોવા છતાં शूद्रा પણ જાતિવાચક નામ હોવાથી આ સૂત્રથી તેનો નિષેધ થયો છે.

**स्वाङ्गादिति किम् ?** पटुभार्यः - पट्वी અને भार्या નામનો एकार्थं.... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. पटु નામ સ્વાંગવાચક કે જાતિવાચક નામ નથી પણ ગુણવાચક છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ થતો નથી. તેથી परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે. स्वरादुतो... ૨-૪-૩૫ થી पटु નામને ङी થવાથી पट्वी થયું છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી भार्या નું भार्य થયું છે.

**अमानिनीति किम् ?** दीर्घकेशमानिनी - दीर्घकेशी અને मानिनी નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરુષ સમાસ થયો છે. मन् ધાતુને मन्याण्णिन् ૫-૧-૧૧૬ થી णिन् પ્રત્યય થવાથી मन् + णिन्. ञ्णिति ૪-૩-૫૦ થી मन् ધાતુના ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિ થવાથી मानिन् થયું. स्त्रियां... ૨-૪-૧ થી ङी પ્રત્યય થવાથી मानिनी થયું છે. અહીં मानिनी ઉત્તરપદ હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થતાં क्यङ्मानि... ૩-૨-૫૦ થી પુંવદ્ભાવ થયો છે.

"प्रकृति ग्रहणे लिङ्गविशिष्टस्यापिग्रहणम्" - એ ન્યાયથી જેમ मानिन् ઉત્તરપદમાં આવતાં क्यङ्.. ૩-૨-૫૦ થી પુંવદ્ભાવ થાય છે. એટલે मानिनी ઉત્તરપદમાં આવે તોપણ પુંવદ્ભાવ થાય. પણ અહીં સ્વાંગ થકી ङी હોવાથી પુંવદ્ભાવના નિષેધની પ્રાપ્તિ આવી પણ मानिनी નો નિષેધ હોવાથી આ સૂત્રથી પુંવદ્ભાવનો નિષેધ ન થતાં क्यङ्.. ૩-૨-૫૦ થી પુંવદ્ભાવ થયો છે.

## पुंवत् कर्मधारये । ३-२-५७.

**અર્થઃ-** ऊङ् પ્રત્યયાન્ત નામને વર્જીને પરતઃ સ્ત્રીલિંગ નામ સમાનાર્થક સ્ત્રીલિંગ નામ ઉત્તરપદમાં હોય તો કર્મધારય સમાસમાં પુંવત્ થાય છે.

વિવેચનઃ- कल्याणप्रिया - અહીં कल्याणी અને प्रिया નામનો विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો नाप्प्रियादौ ૩-૨-૫૩ થી નિષેધ થયો હતો પણ કર્મધારય સમાસમાં આ સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્તિ થઈ.

- मद्रकभार्यः - मद्रिका અને भार्या નામનો विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે. અહીં परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો तद्धिता... ૩-૨-૫૪ થી નિષેધ થયો. પણ કર્મધારય સમાસમાં આ સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્તિ થઈ.

  "निमित्ताभावे नैमितिकस्याप्यभावः" એ ન્યાયથી मद्रिका નામનો પુંવત્ થતાં आ ની નિવૃત્તિ થઈ તેની સાથે તેના નિમિત્તે अस्या... ૨-૪-૧૧૧ થી થયેલા इ ની પણ નિવૃત્તિ થઈ છે.

- माथुरवृन्दारिका - माथुरी અને वृन्दारिका નામનો विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે. परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો तद्धितः... ૩-૨-૫૫ થી તદ્ધિત પ્રત્યયના હેતુભૂત સ્વરં વૃદ્ધિને કારણે પુંવદ્ભાવનો નિષેધ થતો હતો પણ કર્મધારય સમાસમાં આ સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્તિ થઈ.

- चन्द्रमुखवृन्दारिका - चन्द्रमुखी અને वृन्दारिका નામનો विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે. परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવની પ્રાપ્તિ હતી તેનો स्वाङ्गा... ૩-૨-૫૬ થી चन्द्रमुखी સ્વાંગવાચક હોવાથી પુંવદ્ભાવનો નિષેધ થતો હતો પણ કર્મધારય સમાસમાં આ સૂત્રથી પુંવદ્ભાવની પ્રાપ્તિ થઈ. चन्द्रमुखी માં असह... ૨-૪-૩૮ થી डी થયો છે.

  **अनूङित्येव** - ब्रह्मबन्धूवृन्दारिका - ब्रह्मबन्धू અને वृन्दारिका નામનો विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ થયો છે. અહીં उतो... ૨-૪-૭૩ થી ऊङ् પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો નથી.

## रिति । ३-२-५८.

અર્થઃ- ऊङ् પ્રત્યયાન્ત નામને વર્જીને પરતઃ સ્ત્રીલિંગ નામ તેનાથી પરમાં

रित् પ્રત્યય હોય તો પુંવત્ થાય છે.

**સૂત્ર સમાસઃ**- र् इत् (अनुबन्धः) यस्य सः- रित्, तस्मिन्. (બહુ.)

**વિવેચનઃ**- पटुजातीया = નિપુણ એવી સ્ત્રી જાતિ. पट्वी प्रकारः अस्याः આ અર્થમાં पट्वी નામને प्रकारे... ૭-૨-૭૫ થી जातीयर् પ્રત્યય થવાથી पट्वीजातीय થયું. અહીં र् ઇત્‌વાળો जातीयर् પ્રત્યય હોવાથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ થયો છે તેથી पटुजातीय. आत् ૨-૪-૧૮ થી आप् લાગવાથી पटुजातीया થયું છે.

- कठदेशीया = કઠ ઋષિએ ઉપદેશેલી વેદની શાખાને ભણનારી સ્ત્રી જેવી સ્ત્રી. ईषद् अपरिसमाप्ता कठी આ અર્થમાં कठी નામને अतमबादे... ૭-૩-૧૧ થી देशीयर् પ્રત્યય થવાથી कठदेशीय થયું. અહીં પણ र् ઇત્‌વાળો देशीयर् પ્રત્યય હોવાથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ થયો છે. તેથી कठदेशीय. आत् ૨-૪-૧૮ થી आप् લાગવાથી कठदेशीया થયું છે.

## त्व-ते गुणः । ३-२-५९.

**અર્થઃ**- ऊङ् પ્રત્યયાન્ત નામને વર્જીને પરતઃ ગુણવાચક સ્ત્રીલિંગ નામ त्व અને तल् (त) પ્રત્યય પર છતાં પુંવત્ થાય છે.

**સૂત્ર સમાસઃ**- त्वश्च तश्च एतयोः समाहारः -त्वतम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ**- पटुत्वम्, पटुता = નિપુણ સ્ત્રીનો સ્વભાવ. पट्व्याः भावः આ અર્થમાં ગુણવાચક સ્ત્રીલિંગ पट्वी નામને भावे त्व-तल् ૭-૧-૫૫ થી त्व અને तल् પ્રત્યય થવાથી पटुत्व અને पटुता થયું છે. અહીં ગુણવાચક સ્ત્રીલિંગ નામ હોવાથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ થયો છે.

**गुण इति किम् ?** कठीत्वम् = કઠ ઋષિએ કરેલી વેદની શાખાને ભણનારીનો સ્વભાવ. कठ्याः भावः આ અર્થમાં भावे... ૭-૧-૫૫ થી त्व પ્રત્યય થવાથી कठीत्वम् થયું છે. અહીં कठी એ જાતિવાચક નામ છે. ગુણવાચક નથી તેથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ થતો નથી.

## च्वौ क्वचित् । ३-२-६०.

**અર્થ:-** ऊङ् પ્રત્યયાન્ત નામને વર્જીને પરતઃ સ્ત્રીલિંગ નામ च्वि પ્રત્યય પરમાં હોય તો ક્વચિત્ પુંવદ્ થાય છે.

**વિવેચન:-** महद्भूता कन्या - महती અને भूता નામનો गतिक्वन्य... ૩-૧-૪૨ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અહીં महती નામને कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય થયેલો છે તેથી આ સૂત્રથી महती નામ પુંવત્ થયું છે.

**क्वचिदिति किम् ?** गोमतीभूता - गोमती અને भूता નામનો गतिक्वन्य... ૩-૧-૪૨ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અહીં गोमती નામને कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય થએલો છે. તેથી આ સૂત્રથી गोमती નામ પુંવત્ થવું જોઈએ પણ ક્વચિત્ હોવાથી પુંવત્ ન પણ થાય તેથી અહીં गोमती નામ પુંવત્ થયુ નથી. गोमती નામને પુંવત્ કરવું હોય તો થઈ શકે. જેમ કે गोमद्भूता.

## सर्वादयोऽस्यादौ । ३-२-६१.

**અર્થ:-** જો સ્યાદિ પ્રત્યય પરમાં ન હોય તો પરતઃ सर्वादि સ્ત્રીલિંગ નામ પુંવત્ થાય છે.

**સૂત્ર સમાસ:-** सर्वः आदिः येषां ते - सर्वादयः (બહુ.)

न स्यादिः-अस्यादिः, तस्मिन्. (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** सर्वस्त्रियः - सर्वा અને स्त्री નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં सर्वा પરતઃ સ્ત્રીલિંગ શબ્દ છે તેનો આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે.

- भवत्पुत्रः - भवती અને पुत्र નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં भवती એ પરતઃ સ્ત્રીલિંગ सर्वादि શબ્દ છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ થયો છે.

**अस्यादाविति किम् ?** सर्वस्यै - અહીં सर्वा નામને ચતુર્થી એ.વ. નો ङे પ્રત્યય લાગેલો છે. તેનો सर्वादे... ૧-૪-૧૮ થી स्यै આદેશ થયો છે. અહીં સ્યાદિનો પ્રત્યય છે તેથી सर्वा નામનો આ સૂત્રથી

પુંવદ્ભાવ થયો નથી.

## मृगक्षीरादिषु वा । ३-२-६२.

**અર્થ:-** મૃગક્ષીર વગેરે સમાસમાં પરતઃ સ્ત્રીલિંગ નામ ઉત્તરપદ પરમાં હોય તો વિકલ્પે પુંવત્ થાય છે.

**સૂત્ર સમાસ:-** मृगक्षीरः आदिः येषां ते-मगृक्षीरादयः, तेषु (બહુ.)

**વિવેચન:-** मृगक्षीरम्, मृगीक्षीरम् - काकशावः, काकीशावः - અહીં मृगी અને क्षीर નામનો તેમજ काकी અને शाव નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી मृगी અને काकी નામનો વિકલ્પે પુંવદ્ભાવ થયો છે.

એક પુંલિંગ નામ અને એક સ્ત્રીલિંગ નામ આવા ભેદવાળો સમાસ કોઈપણ સૂત્રથી થતો નથી. તેથી આ સૂત્ર બનાવીને આ રીતે વિકલ્પે પુંવદ્ભાવ કર્યો છે. એ मृगक्षीर વગેરે સમાસોથી જ જણાય છે.

## ऋदुदित् तर-तम-रूप-कल्प-ब्रुव-चेलड्-गोत्र-मत-हते वा ह्रस्वश्च । ३-२-६३.

**અર્થ:-** ऋ અને उ જેમાં ઇત્ છે એવા ऋदित् અને उदित् પ્રત્યયાન્ત પરતઃ સ્ત્રીલિંગ નામ तर-तम-रूप અને कल्प પ્રત્યય પરમાં હોય તેમજ સમાનાર્થક સ્ત્રીલિંગ ब्रुव-चेल-गोत्र-मत અને हत ઉત્તરપદમાં હોય તો પુંવત્ અને અંત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** ऋत् च उत् च - ऋदुतौ (ઇ. દ્વ.) ऋदुतौ इतौ यस्य सः - ऋदुदित् (બહુ.)

तरश्च तमश्च रूपश्च कल्पश्च ब्रुवश्च चेलट् च गोत्रश्च मतश्च हतश्च एतेषां समाहारः - तरतमरूपकल्पब्रुवचेलड्गोत्रमतहतम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન:-** पचन्तितरा, पचत्तरा, पचन्तीतरा = બેમાં સારી રાંધનારી.

श्रेयसितरा, श्रेयस्तरा, श्रेयसीतरा = બેમાં શ્રેષ્ઠ સ્ત્રી.

द्वयोः प्रकृष्टा पचन्ती, द्वयोः प्रकृष्टा श्रेयसी આ અર્થમાં ऋदित् शतृ

પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् ईयसु પ્રત્યયાન્ત श्रेयसी નામને द्वयोर्विभ... ૭-૩-૬ થી तरप् પ્રત્યય લાગ્યો છે. આ સૂત્રથી पचन्ती અને श्रेयसी નામનો વિકલ્પે પુંવદ્ભાવ થવાથી पचत्तर અને श्रेयस्तर થયું. જ્યારે આ સૂત્રથી पचन्ती અને श्रेयसी નામનો પુંવદ્ભાવ ન થાય અને અન્ત્યવર્ણ ई નો હ્રસ્વ इ થાય ત્યારે पचन्तितर અને श्रेयसितर થયું. અને વિકલ્પ પક્ષમાં આ જ સૂત્રથી પુંવદ્ભાવ કે અન્ત્યવર્ણનો હ્રસ્વ આદેશ ન થાય ત્યારે पचन्तीतर અને श्रेयसीतर થયું. તે બધા નામને आत् ૨-૪-૧૮ થી आप् લાગવાથી पचन्तितरा, पचत्तरा, पचन्तीतरा અને श्रेयसितरा, श्रेयस्तरा, श्रेयसीतरा થયું છે.

- पचन्तितमा, पचत्तमा, पचन्तीतमा = ઘણામાં સારી રાંધનારી.

श्रेयसितमा, श्रेयस्तमा, श्रेयसीतमा = ઘણામાં શ્રેષ્ઠ સ્ત્રી.

बह्वीषु प्रकृष्टा पचन्ती, बह्वीषु प्रकृष्टा श्रेयसी આ અર્થમાં ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् ईयसु પ્રત્યયાન્ત श्रेयसी નામને प्रकृष्टे... ૭-૩-૫ થી तमप् પ્રત્યય લાગ્યો છે. પછી ઉપર પ્રમાણે આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ રુપ થશે. आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

- पचन्तिरूपा, पचद्रूपा, पचन्तीरूपा = પ્રશંસનીય રાંધનારી.

विदुषिरूपा, विद्वद्रूपा, विदुषीरूपा = પ્રશંસનીય વિદુષી.

प्रशस्ता पचन्ती, प्रशस्ता विदुषी આ અર્થમાં ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् क्वसु પ્રત્યયાન્ત विदुषी નામને त्यादेश्च... ૭-૩-૧૦ થી रूपप् (रूप) પ્રત્યય લાગ્યો છે. ત્યાર પછી ઉપર પ્રમાણે આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ રુપ થશે. आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

- पचन्तिकल्पा, पचत्कल्पा, पचन्तीकल्पा = રાંધનારી જેવી.

विदुषिकल्पा, विद्वत्कल्पा, विदुषीकल्पा = વિદુષી જેવી.

ईषद् अपरिसमाप्ता पचन्ती, ईषद् अपरिसमाप्ता विदुषी આ અર્થમાં ऋदित् शतृ પ્રત્યયાન્ત पचन्ती નામને અને उदित् क्वसु પ્રત્યયાન્ત

विदुषी નામને अतमबादे... ७-३-११ થી कल्पप् પ્રત્યય લાગ્યો છે. ત્યાર પછી ઉપર પ્રમાણે આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ રુપ થયા છે. અને आत् २-४-१८ થી आप् પ્રત્યય લાગ્યો છે.

ઉપરના સર્વે ઉદાહરણો પ્રત્યય પરમાં છે તેવા હતાં અને હવે નીચેના ઉદાહરણો નામના છે તેથી નામનો નામની સાથે સમાસ થશે.

- पचन्तिब्रुवा, पचद्ब्रुवा, पचन्तीब्रुवा - श्रेयसिब्रुवा, श्रेयोब्रुवा, श्रेयसीब्रुवा - અહીં पचन्ती અને श्रेयसी નામનો ब्रुवा નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. पचन्ती शतृ પ્રત્યયાન્ત હોવાથી ऋदित् છે. અને श्रेयसी ईयसु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે. તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થતાં હોવાથી ત્રણ સમાસો થાય છે. અને સ્ત્રીલિંગનો आप् પ્રત્યય લાગ્યો છે.

- पचन्तिचेली, पचच्चेली, पचन्तीचेली-श्रेयसिचेली, श्रेयश्चेली, श्रेयसीचेली - અહીં पचन्ती અને श्रेयसी નામનો चेली નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. पचन्ती शतृ પ્રત્યયાન્ત હોવાથી ऋदित् છે અને श्रेयसी ईयसु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ સમાસો થયા છે.

लिहादि ગણપાઠમાં चेल શબ્દ આવે છે તે अचन्त છે. પણ અહીં સૂત્રમાં ट् ઇત્વાળો चेलट् શબ્દ મૂક્યો છે તેથી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય ન થતાં अणञे... २-४-२० થી ङी પ્રત્યય લાગ્યો છે.

- पचन्तिगोत्रा, पचद्गोत्रा, पचन्तीगोत्रा,-श्रेयसिगोत्रा, श्रेयोगोत्रा, श्रेयसीगोत्रा - અહીં पचन्ती અને श्रेयसी નામનો गोत्रा નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ.સમાસ થયો છે. पचन्ती शतृ પ્રત્યયાન્ત હોવાથી ऋदित् છે અને श्रेयसी ईयसु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે તેથી આ સૂત્રથી પુંવદ્ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ સમાસો થયા છે. आत् २-४-१८ થી आप् થયો છે.

- पचन्तिमता, पचन्मता, पचन्तीमता - श्रेयसिमता, श्रेयोमता, श्रेयसिमता - અહીં पचन्ती અને श्रेयसी નામનો मता નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. पचन्ती शतृ પ્રત્યયાન્ત હોવાથી ऋदित् છે અને श्रेयसी ईयसु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે તેથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ સમાસો થયા છે. आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય થયો છે.

- पचन्तिहता, पचद्धता, पचन्तीहता,-श्रेयसिहता, श्रेयोहता, श्रेयसीहता - અહીં पचन्ती અને श्रेयसी નામનો हता નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. पचन्ती એ शतृ પ્રત્યયાન્ત હોવાથી ऋदित् છે અને श्रेयसी ईयसु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે તેથી આ સૂત્રથી પુંવદ્‌ભાવ અને અન્ત્યવર્ણ હ્રસ્વ વિકલ્પે થવાથી ત્રણ સમાસો થયા છે. आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય થયો છે.

  અહીં બન્ને પદો વિશેષણ જ છે તેથી विशेषणं... ૩-૧-૯૬ થી સમાસ થાય અને બેમાંથી ગમે તે એક નામ પૂર્વપદમાં આવે. પણ ब्रुव - चेली - गोत्र - मत - हत એ નિંદા કરવાના સાધનભૂત (કુત્સન) છે તેથી पचन्ती વિગેરે શબ્દોને નિન્દ્ય વાચક (નિંદાકરવા યોગ્ય) જાણવા તેથી निन्द्यं... ૩-૧-૧૦૦ થી સમાસ થવાથી નિન્દ્યવાચક નામ જ પૂર્વપદમાં આવશે.

  અહીં पचन्ती અને श्रेयसी નામ ऋदित् અને उदित् હોવાથી તે નામને अधातू... ૨-૪-૨ ङी થયેલો છે.

## ङ्यः । ३-२-६४.

**અર્થ:-** ङी પ્રત્યયાન્ત પરતઃ સ્ત્રીલિંગ નામ तर વગેરે પ્રત્યય પરમાં હોય તેમજ સમાનાર્થક સ્ત્રીલિંગ ब्रुव વગેરે નામો ઉત્તરપદમાં હોય તો હ્રસ્વ થાય છે.

**વિવેચન:-** गौरितरा = બેમાં વધારે ગોરી. द्वयोः प्रकृष्टा गौरी આ અર્થમાં ङी પ્રત્યયાન્ત गौरी નામને द्वयोर्विभ... ૭-૩-૬ થી तरप् પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી ङी હ્રસ્વ થવાથી गौरितर થયું અને आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગવાથી गौरितरा થયું છે.

- गौरितमा = ઘણાંમાં વધારે ગોરી. बह्वीषु प्रकृष्टा गौरी આ અર્થમાં ङी પ્રત્યયાન્ત गौरी નામનો प्रकृष्टे... ૭-૩-૫ થી तमप् પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્રથી ङी હ્રસ્વ થવાથી गौरितम થયું અને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગવાથી गौरितमा થયું છે.

- नर्तकिरूपा = સારી નાચનારી. प्रशस्ता नर्तकी આ અર્થમાં ङी પ્રત્યયાન્ત नर्तकी નામને त्यादेश्च... ૭-૩-૧૦ થી रूपप् પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્રથી ङी હ્રસ્વ થવાથી नर्तकिरूप થયું અને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગવાથી नर्तकिरूपा થયું છે.

- कुमारिकल्पा = કુમારી જેવી. ईषद् अपरिसमाप्ता कुमारी આ અર્થમાં ङी પ્રત્યયાન્ત कुमारी નામને अतमबादे... ૭-૩-૧૧ થી कल्पप् પ્રત્યય લાગ્યો છે. તેથી આ સૂત્રથી ङी હ્રસ્વ થવાથી कुमारिकल्प થયું અને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગવાથી कुमारिकल्पा થયું છે.

- ब्राह्मणिब्रुवा, गार्गिचेली, ब्राह्मणिगोत्रा, गार्गिमता, गौरिहता - અહીં ब्राह्मणी, गार्गी અને गौरी નામનો ब्रुवा, चेली, गोत्रा, मता અને हता નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અને આ સૂત્રથી ङी હ્રસ્વ થયો છે. સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગ્યો છે. અને चेलट् શબ્દને अणजे... ૨-૪-૨૦ થી ङी લાગ્યો છે. અહીં ब्राह्मणी વગેરે નામોને जातेरयान्त... ૨-૪-૫૪ થી ङी થયેલો છે.

## भोगवद्-गौरिमतोर्नाम्नि । ३-२-६५.

**અર્થઃ-** સંજ્ઞાવાચક ङी પ્રત્યયાન્ત भोगवती અને गौरिमती સ્ત્રીલિંગ નામ तर વગેરે પ્રત્યય પરમાં હોય તેમજ સમાનાર્થક સ્ત્રીલિંગ ब्रुवादि નામો ઉત્તરપદમાં હોય તો હ્રસ્વ થાય છે.

**સૂત્ર સમાસઃ-** भोगवान् च गौरिमान् च -भोगवद्गौरिमन्तौ, तयोः (ઇ.દ્વ.)

**વિવેચનઃ-** भोगवतितरा, गौरिमतितमा, भोगवतिरूपा गौरिमतिकल्पा - અહીં સંજ્ઞાવાચક પરતઃ સ્ત્રીલિંગ નામોને ઉપરના સૂત્રોમાં કહ્યા પ્રમાણે અર્થમાં तर-तम-रूप અને कल्प પ્રત્યય થયા છે. તેથી આ સૂત્રથી ङी હ્રસ્વ થયો છે. અને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગ્યો છે.

भोगवती અને गौरिमती આ બંને શબ્દો કોઈની સંજ્ઞાઓ છે. તેથી ઉપરના ઉદાહરણનો અર્થ અનુક્રમે બેમાં સારી ભોગવતી, ઘણાંમાં સારી ગૌરીમતી, પ્રશંસનીય ભોગવતી, ગૌરીમતી જેવી. આ પ્રમાણે અર્થ કરવા.

- भोगवतिब्रुवा, गौरिमतिचेली, भोगवतिगोत्रा, गौरिमतिमता અને भोगवतिहता - અહીં भोगवती અને गौरिमती નામનો ब्रुवा, चेली, गोत्रा, मता અને हता નામની સાથે निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અને આ સૂત્રથી ङी હ્રસ્વ થયો છે. સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગ્યો છે. चेलड् નામને સ્ત્રીલિંગમાં अणञे... ૨-૪-૨૦ થી ङी લાગ્યો છે.

**नाम्नीति किम् ?** भोगवतितरा, भोगवत्तरा, भोगवतीतरा - અહીં भोगवती નામ સંજ્ઞાવાચક ન હોવાથી આ સૂત્ર ન લાગતાં ऋदुदित्... ૩-૨-૬૩ થી ત્રણ રૂપો થયા છે. मतु પ્રત્યયાન્ત હોવાથી उदित् છે. તેથી ૩-૨-૬૩ થી પુંવત્ અને હ્રસ્વ વિકલ્પે થયું છે.

भोगवत् અને गौरिमत् નામને मतु પ્રત્યયાન્ત उदित् હોવાથી अधातू... ૨-૪-૨ થી ङी લાગ્યો છે. गौरी માં જે ई છે તે ङ्यापो... ૨-૪-૯૯ થી હ્રસ્વ इ થયો છે.

## नवैकस्वराणाम् । ३-२-६६.

**અર્થ:-** એક સ્વરવાળા ङी પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામ तर વગેરે પ્રત્યય પરમાં હોતે છતે તેમજ સમાનાર્થક સ્ત્રીલિંગ ब्रुवादि નામો ઉત્તરપદમાં હોતે છતે હ્રસ્વ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** एकः स्वरः येषां ते-एकस्वराः तेषाम्. (બહુ.)

**વિવેચન:-** स्त्रितरा, स्त्रीतरा-स्त्रितमा, स्त्रीतमा - ज्ञिरूपा, ज्ञीरूपा-ज्ञिकल्पा ज्ञीकल्पा - અહીં ૩-૨-૬૩ સૂત્રમાં કહ્યા પ્રમાણે અર્થમાં तर-तम-रूप અને कल्प પ્રત્યયો થયા છે. અહીં એકસ્વરવાળા ङी પ્રત્યયાન્ત स्त्री અને ज्ञी નામો આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થયા છે. અને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય થયો છે.

- ज्ञिब्रुवा, ज्ञीब्रुवा - ज्ञिचेली, ज्ञीचेली - ज्ञिगोत्रा, ज्ञीगोत्रा - ज्ञिमता, ज्ञीमता - ज्ञिहता, ज्ञीहता - અહીં ज्ञी અને ब्रुवा, चेली, गोत्रा, हता અને मता નામનો निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. અને એકસ્વરવાળો ङी પ્રત્યયાન્ત ज्ञी શબ્દ હોવાથી આ સૂત્રથી ङी વિકલ્પે હ્રસ્વ થયો છે. બધા શબ્દોને સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય લાગ્યો છે અને चेलट् નામને अणजे... ૨-૪-૨૦ થી ङी લાગ્યો છે.

સૂત્ર બ.વ.માં હોવાથી પરતઃ સ્ત્રીલિંગ ની નિવૃત્તિ થઈ છે.

**एकस्वराणामिति किम् ?** कुटीतरा = બેમાંથી સારી ઝુંપડી. द्वयोः प्रकृष्टा कुटी આ અર્થમાં द्वयोर्विभ... ૭-૩-૬ થી तरप् પ્રત્યય થયો છે. कुटी નામ અનેકસ્વરી હોવાથી આ સૂત્રથી ङी હ્રસ્વ ન થયો તેમજ પરતઃ સ્ત્રીલિંગ નામ ન હોવાથી ङ्यः ૩-૨-૬૪ સૂત્રથી પણ ङी હ્રસ્વ નહીં થાય.

ज्ञ શબ્દને धवाद्... ૨-૪-૫૯ થી ङी થયો છે.

## ऊङः। ३-२-६७.

**અર્થ:-** ऊङ् પ્રત્યયાન્ત નામનો અંત્યસ્વર तर વગેરે પ્રત્યયો પરમાં હોતે છતે તેમજ સમાનાર્થક સ્ત્રીલિંગ ब्रुवादि નામો ઉત્તરપદમાં હોતે છતે વિકલ્પે હ્રસ્વ થાય છે.

**વિવેચન:-** ब्रह्मबन्धुतरा, ब्रह्मबन्धूतरा - वामोरुतमा, वामोरूतमा - कमण्डलुरूपा, कमण्डलूरूपा - ब्रह्मबन्धुकल्पा, ब्रह्मबन्धूकल्पा - અહીં ૩-૨-૬૩ સૂત્ર પ્રમાણે જે જે અર્થમાં જે જે પ્રત્યયો થાય છે તે તે અર્થમાં અહીં પણ થશે. અહીં સ્ત્રીલિંગનો ऊङ् પ્રત્યય લાગેલો છે. તેથી તેનાથી પરમાં तर-વગેરે પ્રત્યયો હોવાથી આ સૂત્રથી ऊ હ્રસ્વ વિકલ્પે થયો છે. અર્થ અનુક્રમે (૧) બેમાં સારી બ્રહ્મબન્ધૂ નામની સ્ત્રી. (૨) ઘણાંમાં સારી વામોરુ નામની સ્ત્રી. (૩) પ્રશંસનીય કમંડલુવાળી સ્ત્રી. (૪) બ્રહ્મબન્ધૂ જેવી સ્ત્રી. આ પ્રમાણે થશે.

- कद्रुब्रुवा, कद्रूब्रुवा = નિન્દિત કદ્રૂ નામની માતા.

पङ्गुचेली, पङ्गूचेली = નિન્દિત પાંગળી સ્ત્રી.

श्वश्रुगोत्रा, श्वश्रूगोत्रा = નિન્દિત સાસુ.

कुरुमता, कुरूमता = નિન્દિત કુરુ નામની સ્ત્રી.

भीरुहता, भीरूहता = નિન્દિત બીકણ સ્ત્રી.

અહીં निन्द्यं... ૩-૧-૧૦૦ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. ऊङ् પ્રત્યયાન્ત સ્ત્રીલિંગ નામો છે અને તેનાથી પરમાં ब्रुवादि શબ્દો છે તેથી આ સૂત્રથી ऊ વિકલ્પે હ્રસ્વ થયો છે. चेलट् ને अणञे... ૨-૪-૨૦ થી ङी લાગ્યો છે અને બાકીના બધા સમાસોને અંતે आत् ૨-૪-૧૮ થી आप् લાગ્યો છે.

ब्रह्मबन्धु,, कुरु, भीरु આ શબ્દોને उतो.... ૨-૪-૭૩ થી, वामोरु ને उपमान... ૨-૪-૭૫ થી, कद्रु, कमण्डलु ને बाह्वन्... ૨-૪-૭૪ થી, पङ्गु, श्वश्रू ને नारी... ૨-૪-૭૬ થી ऊङ् પ્રત્યય લાગ્યો છે.

## महतः कर-घास-विशिष्टे डाः । ३-२-६८.

**અર્થઃ-** कर-घास અને विशिष्ट ઉત્તરપદમાં હોય તો महत् નામનાં અંત્યવર્ણનો (त्‌નો) डा આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસઃ-** करश्च घासश्च विशिष्टश्च एतेषां समाहारः - करघासविशिष्टम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** महाकरः, महत्करः - महत् અને कर નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી महत् થી પરમાં कर શબ્દ હોવાથી महत् ના અંત્યવર્ણ त् નો डा થયો છે. डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી मह ના अ નો લોપ થવાથી महाकरः થયું છે. જ્યારે डा આદેશ ન થાય ત્યારે महत्करः થયું છે.

● महाघासः, महद्घासः - महत् અને घास નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી महत् થી પરમાં घास શબ્દ હોવાથી महत् ના त् નો डा થવાથી मह થયું. डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી मह ના अ નો લોપ થવાથી महाघासः થયું છે. જ્યારે વિકલ્પપક્ષમાં डा ન થાય ત્યારે महत् ના त् નો धुटस्तृतीयः ૨-૧-

૭૬ થી द् થવાથી महद्घासः થયું છે.

- महाविशिष्टः, महद्विशिष्टः - महत् અને विशिष्ट નામનો सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી महत् શબ્દથી પરમાં विशिष्ट શબ્દ હોવાથી महत् ના त् નો डा આદેશ થવાથી मह થયું. डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી मह ના अ નો લોપ થવાથી महाविशिष्ट થયું છે. જ્યારે વિકલ્પ પક્ષમાં डा આદેશ ન થાય ત્યારે महत् ના त् નો धुटस्तृतीयः ૨-૧-૭૬ થી द् થવાથી महद्विशिष्टः થયું છે. અહીં ઉપર પ્રમાણે ષ.તત્પુ. સમાસ પણ થઈ શકે.

महद्घासः, महद्विशिष्टः એ બન્નેમાં વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞક ન થાય પણ વૃત્તિનો પૂર્વભાગ તો પદસંજ્ઞક થાય તેથી धुटस्तृतीयः ૨-૧-૭૬ થી પદાન્તે त् નો द् થયો છે.

સમાનાર્થક ઉત્તરપદ પરમાં હોય તો जातीयैकार्थे... ૩-૨-૭૦ થી નિત્ય डा આદેશનું વિધાન કરેલું છે. પણ અસમાનાર્થક करादि ઉત્તરપદમાં હોય તો વિકલ્પે डा આદેશ કરવા માટે જ આ સૂત્રનું પ્રણયન છે.

આ સૂત્રમાં डा ને સ્થાને आ નું વિધાન કર્યું હોત તો महाकरः વગેરે પ્રયોગની સિદ્ધિ થઈ શકત પણ નીચેના स्त्रियाम् ૩-૨-૬૯ સૂત્રમાં તો आ આદેશથી महाकरः ની સિદ્ધિ ન થાત કેમકે અંત્યવર્ણ એવા महती ના ङी નો आ કરીએ પછી महत् શબ્દ રહે છે. જો आ કર્યો હોત તો महाकरः ને બદલે महताकरः પ્રયોગ થાત. તેવો પ્રયોગ ઈષ્ટ નથી માટે डा આદેશ જ બરાબર છે જેથી ङी નો डा થયા પછી महत् ના अत् નો डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી લોપ થવાથી महाकरः સિદ્ધ થયું. અને डा કરવાથી समाना... ૧-૩-૧ સૂત્ર લગાડવું નહીં પડે તેથી પ્રક્રિયા લાઘવ પણ થશે.

## स्त्रियाम् । ३-२-६९.

સ્ત્રીલિંગમાં વર્તતાં महत् નામના અન્ત્ય વર્ણનો कर-घास અને विशिष्ट નામો ઉત્તરપદમાં હોય તો નિત્ય डा આદેશ થાય છે.

ન:- महाकरः, महाघासः, महाविशिष्टः - અહીં महती સ્ત્રીલિંગ નામનો

कंर-घास અને विशिष्ट નામની સાથે षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી महती ના ङी નો डा થવાથી महत्+डा થયું. અને डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી अत् નો લોપ થવાથી महा થયું છે.

"नामग्रहणे लिंगविशिष्टस्यापि ग्रहणम्" એ ન્યાયથી ઉપરના ૩-૨-૬૮ સૂત્રમાં પુંલિંગના ગ્રહણથી સ્ત્રીલિંગનું ગ્રહણ થઈ જ જવાનું હોવા છતાં આ સૂત્ર ફરી બનાવ્યું તેથી નિયમ થયો કે ઉપરના સૂત્રમાં વિકલ્પે डा આદેશ થતો હતો તે અહીં નિત્ય થશે.

## जातीयैकार्थेऽच्वेः । ३-२-७०.

**અર્થ:-** च्वि પ્રત્યયાન્ત સિવાયના महत् શબ્દના અન્ત્યવર્ણનો जातीयर् પ્રત્યય પરમાં હોય તો તેમજ સમાનાર્થક ઉત્તરપદ પરમાં હોય તો डा આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** जातीयश्च ऐकार्थंच एतयो: समाहारः-जातीयैकार्थं, तस्मिन्. (સમા.દ્વ.) न च्विः-अच्विः तस्य. (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** महाजातीयः = મહાન પ્રકાર છે જેનો.

महान् प्रकारः अस्य આ અર્થમાં महत् નામને प्रकारे... ૭-૨-૭૫ થી जातीयर् પ્રત્યય થવાથી महत्+जातीयर् થયું. આ સૂત્રથી त् નો डा થવાથી मह+डा+जातीयर्. डित्य... ૨-૧-૧૧૪ થી अ નો લોપ થવાથી महाजातीयः થયું.

● महावीरः - महान् અને वीर નામનો सन्महत्... ૩-૧-૧૦૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી महत् શબ્દના त् નો डा થવાથી અને डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી अ નો લોપ થવાથી महावीर થયું છે.

**जातीयैकार्थ इति किम् ?** महत्तरः = બેમાં પ્રકૃષ્ટ મહાન. द्वयोः प्रकृष्टो महान् આ અર્થમાં महत् નામને द्वयोर्विभ... ૭-૩-૬ થી तरप् પ્રત્યય લાગવાથી महत्तरः થયું છે. અહીં जातीयर् પ્રત્યય કે

સમાનાર્થક ઉત્તરપદ પરમાં ન હોવાથી महत् ના અન્ત્યવર્ણનો डा આદેશ આ સૂત્રથી થયો નથી.

**अच्वेरिति किम् ?** महद्भूता कन्या = પૂજ્ય ન હતી તે પૂજ્ય બનેલી કન્યા. अमहती महती भूता कन्या આ અર્થમાં कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય અને भू ધાતુનો પ્રયોગ થયો છે. उर्याद्यनु... ૩-૧-૨થી महती નામ ગતિસંજ્ઞક થવાથી गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં महती નામ च्वि પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી महती નામના અન્ત્યવર્ણ ङी નો डा આદેશ થયો નથી. च्वौ... ૩-૨-૬૦ થી महती નામનો પુંવદ્ભાવ થયો છે.

## न पुंवन्निषेधे । ३-२-७१.

**અર્થ:**- महत् નામના અન્ત્યવર્ણનો પુંવદ્ભાવના નિષેધના વિષયમાં ઉત્તરપદ પરમાં હોતે છતે डा આદેશ થતો નથી.

**સૂત્ર સમાસ:**- पुंवद्(भावस्य) निषेधः यस्मिन् सः-पुंवन्निषेधः तस्मिन्. (બહુ.)

**વિવેચન:**- महतीप्रियः - महती અને प्रिया નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં प्रिया ઉત્તરપદમાં હોવાથી नाप्... ૩-૨-૫૩ થી પુંવદ્ભાવનો નિષેધ થયો છે. जातीयै... ૩-૨-૭૦ થી डा ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. गोश्चान्ते... ૨-૪-૯૬ થી प्रिया નું प्रिय થયું છે.

## इच्यस्वरे दीर्घ आच्च । ३-२-७२.

**અર્થ:**- સ્વરાદિ સિવાયનું इच् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોય તો પૂર્વપદના અન્ત્યવર્ણનો દીર્ઘ અને आ આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:**- न विद्यते स्वरः यस्मिन् सः- अस्वरः, तस्मिन् (નઞ્. બહુ.)

**વિવેચન:**- मुष्टीमुष्टि, मुष्टामुष्टि - मुष्टि અને मुष्टि નામનો तत्रादाय... ૩-૧-૨૬ થી તૃતીયાન્ત मुष्टि નામનો मुष्टि નામની સાથે અવ્યયીભાવ સમાસ થયો છે. इज् युद्धे ૭-૩-૭૪ થી સમાસના અંતે इच् પ્રત્યય થયો છે તેથી मुष्टिमुष्टि + इच् થયું. अवर्णे... ૭-૪-૬૮ થી मुष्टि ના

इ નો લોપ થવાથી मुष्टिमुष्टि થયું. અને આ સૂત્રથી इचन्त मुष्टि ઉત્તરપદમાં હોવાથી પૂર્વના मुष्टि નામનો દીર્ઘ અને आ આદેશ થવાથી मुष्टीमुष्टि, मुष्टामुष्टि થયું છે.

**अस्वर इति किम् ?** अस्यसि - असि અને असि નામનો तत्रादाय... ૩-૧-૨૬ થી અવ્યયીભાવ સમાસ થયો છે. इज् युद्धे ૭-૩-૭૪ થી સમાસના અન્તે इच् પ્રત્યય થયો છે. अवर्णे... ૭-૪-૬૮ થી असि ના इ નો લોપ થયો છે. પણ इचन्त ઉત્તરપદ સ્વરાદિ હોવાથી આ સૂત્રથી દીર્ઘ કે आ આદેશ થતો નથી.

## हविष्यष्टनः कपाले । ३-२-७३.

**અર્થ:-** હવિષ્ (ઘી) અર્થ ગમ્યમાન હોય તો कपाल ઉત્તરપદમાં હોતે છતે अष्टन् નામનાં અન્ત્યવર્ણનો દીર્ઘ આદેશ થાય છે.

**વિવેચન:-** अष्टाकपालम् (हविः) - अष्टन् અને कपाल નામનો संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો છે. અને આ સૂત્રથી હવિ અર્થ ગમ્યમાન હોવાથી अष्टन् નો અન્ત્યવર્ણ દીર્ઘ થયો છે.

**हविषीति किम् ?** अष्टकपालम् - अष्टन् અને कपाल નામનો संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો છે. અહીં હવિ અર્થ ગમ્યમાન નથી પણ "યજ્ઞમાં હોમવાનું અન્ન" અર્થ છે. તેથી આ સૂત્રથી अष्टन् નો અન્ત્યવર્ણ દીર્ઘ થયો નથી.

**कपाल इति किम् ?** अष्टपात्रं हविः - अष्टन् અને पात्र નામનો संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો છે. અહીં હવિ અર્થ ગમ્યમાન છે. પણ ઉત્તરપદ कपाल નથી. पात्र છે. માટે આ સૂત્રથી अष्टन् નો અન્ત્યવર્ણ દીર્ઘ થયો નથી.

अष्टन् માં न् નો લોપ नाम्नो... ૨-૧-૯૧ થી થયા પછી જો આ સૂત્રથી अ નો आ દીર્ઘ કરીએ તો न् નો લોપ થયેલો છે તે આ દીર્ઘરુપ પરવિધિમાં અસત્ થવાથી न् છે એમ મનાશે. તો પછી અન્ત્યવર્ણ न् નું દીર્ઘત્ત્વ પ્રાપ્ત ન હોવાથી હવે દીર્ઘપણું કેવી રીતે થાય ? તો "अन्त्यबाधे अन्त्यसदेशस्य (उपान्त्यस्य)" એ ન્યાયથી ઉપાન્ત્ય अ નો દીર્ઘ आ થયા પછી न् નો લોપ કરવો.

## गवि युक्ते । ३-२-७४.

**અર્થ:-** યુક્ત અર્થ ગમ્યમાન હોય તો गो ઉત્તરપદમાં હોતે છતે अष्टन् નામનાં અન્ત્યવર્ણનો દીર્ઘ આદેશ થાય છે.

**વિવેચનઃ-** अष्टागवं शकटम् - अष्टन् અને गो નામનો संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ થયો છે. नाम्नो... ૨-૧-૯૧ થી अष्टन् ના न् નો લોપ થવાથી अष्टगो. गोस्तत्पुरुषात् ૭-૩-૧૦૫ થી દ્વિગુ સમાસને અંતે अट् પ્રત્યય થવાથી अष्टगो + अ. अस्व... ૭-૪-૭૦ થી ओ નો अव् થવાથી अष्टगवं થયું. યુક્ત અર્થ હોવાથી આ સૂત્રથી अष्ट ના अ નો आ દીર્ઘ થવાથી अष्टागवं થયું. આ સૂત્રથી યુક્ત અર્થ ગમ્યમાન હોય તો જ अ નો आ દીર્ઘ થાય છે તેથી યુક્ત અર્થ દીર્ઘથી જ ઉક્ત થઇ જાય છે. તેથી "उक्तानां अप्रयोगः" એ ન્યાયથી સમાસમાં युक्त નો પ્રયોગ કરવાનો રહેતો નથી.

**युक्त इति किम् ?** अष्टगुः चैत्रः - अष्टन् અને गो નામનો एकार्थं.... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં યુક્ત અર્થ ગમ્યમાન નથી. તેથી આ સૂત્રથી अष्ट ના अ નો आ દીર્ઘ ન થયો. गोश्चान्ते... ૨-૪-૯૬ થી गो નું હ્રસ્વ गु થવાથી अष्टगुः સમાસ થયો.

## नाम्नि । ३-२-७५.

**અર્થ:-** સંજ્ઞાનાં વિષયમાં ઉત્તરપદ પરમાં હોતે છતે अष्टन् ના અન્ત્યવર્ણનો દીર્ઘ આદેશ થાય છે.

**વિવેચનઃ-** अष्टापदः कैलाशः - अष्टन् અને पद નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી अष्टन् ના અન્ત્યવર્ણ अ નો आ દીર્ઘ થયો. અને न् નો नाम्नो... ૨-૧-૯૧ થી લોપ થવાથી अष्टापदः થયું છે. એ જ પ્રમાણે अष्टापदं - સુવર્ણ, अष्टावक्र - મુનિ. (તે નામનો ઋષિ) સમાસો થશે.

**नाम्नीति किम् ?** अष्टदंष्ट्रः - अष्टन् અને दंष्ट्रा નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. नाम्नो... ૨-૧-૯૧ થી न्

નો લોપ થવાથી अष्टदंष्ट्रा થયું. गोश्चान्ते... ૨-૪-૯૬ થી दंष्ट्रा નું दंष्ट्र થવાથી अष्टदंष्ट्रः થયું. અહીં સંજ્ઞાનો વિષય ન હોવાથી આ સૂત્રથી अष्टन् ના અન્ત્યવર્ણ अ નો आ દીર્ઘ થયો નથી.

## कोटर-मिश्रक-सिध्रक-पुरग सारिकस्य वणे । ३-२-७६.

**અર્થ:-** સંજ્ઞાના વિષયમાં कोटर, मिश्रक, सिध्रक, पुरग અને सारिक નામના અન્ત્યવર્ણનો, કરાએલો છે णत्त्व જેનો એવો वन ઉત્તરપદમાં હોતે છતે દીર્ઘ આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** कोटरश्च मिश्रकश्च सिध्रकश्च पुरगश्च सारिकश्च एतेषां समाहारः- कोटरमिश्रकसिध्रकपुरगसारिकम्, तस्य (સમા. દ્વ.)

**વિવેચન:-** कोटरावणम्, मिश्रकावणम्, सिध्रकावणम्, पुरगावणम् અને सारिकावणम् - कोटर, मिश्रक, सिध्रक, पुरग અને सारिक નામનો वन નામની સાથે षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને पूर्वपद... ૨-૩-૬૪ થી वन શબ્દના न् નો ण् થયો છે તેથી वण ઉત્તરપદમાં આવતાં આ સૂત્રથી પૂર્વના अ નો आ દીર્ઘ થયો છે.

पूर्वपद... ૨-૩-૬૪ થી वन શબ્દના न् નો ण् સિદ્ધ જ હતો છતાં પણ કરાયો છે णत्त्व જેનો એવો वन ઉત્તરપદમાં આવે તો દીર્ઘ થાય આવું કહ્યું. એટલે કે સૂત્રમાં णत्त्व વાળો वण શબ્દ મૂક્યો છે તેથી નિયમ થયો કે पूर्वपद... ૨-૩-૬૪ થી वन શબ્દના न् નો ण् આકારનો યોગ હોય તો જ થાય. અન્યથા ન થાય જેમકે कुबेरवनम् शतधारवनम्. અહીં સંજ્ઞાવાચક હોવાથી पूर्वपद... ૨-૩-૬૪ થી णत्त्व ની પ્રાપ્તિ હોવા છતાં આકાર ન હોવાથી નહીં થાય.

દીર્ઘ કરાએલા कोटर વિગેરે શબ્દોથી वन શબ્દનો જ णत्त्व થાય અન્યનો નહિં આવો વિપરીત નિયમ હવે નહી થાય.

## अञ्जनादीनां गिरौ । ३-२-७७.

**અર્થ:-** સંજ્ઞાના વિષયમાં अञ्जनादि ગણપાઠમાંના अञ्जन વિગેરે નામોનો અન્ત્યવર્ણ गिरि ઉત્તરપદમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસ**:- अञ्जनः आदिः येषां ते - अञ्जनादयः, तेषाम्. (બહુ.)

**વિવેચન**:- अञ्जनागिरिः, कुक्कुटागिरिः - अञ्जन અને कुक्कुट નામનો गिरि નામની સાથે षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને गिरि ઉત્તરપદમાં હોવાથી अञ्जन અને कुक्कुट નામનાં અન્ત્યવર્ણ अ નો आ દીર્ઘ આ સૂત્રથી થયો છે.

સૂત્ર બ. વ. માં છે તે आकृतिगणार्थम् આકૃતિ ગણના ગ્રહણ માટે છે. દા. ત. भाञ्जनागिरिः, किंशुकागिरिः, साल्वागिरिः, लोहितागिरिः, खद्रूनागिरिः, नलागिरिः, पिङ्गलागिरिः વિગેરે अञ्जनादि ગણ છે.

कृष्णगिरिः, श्वेतगिरिः વિગેરે સંજ્ઞાવાચક સમાસો છે. પણ अञ्जनादि ગણપાઠમાં નથી તેથી આ સૂત્રથી દીર્ઘ આદેશ ન થયો.

## अनजिरादिबहुस्वर-शरादीनां मतौ । ३-२-७८.

**અર્થ**:- સંજ્ઞાના વિષયમાં अजिरादि ગણપાઠને વર્જીને બહુસ્વરવાળા નામોનો અન્ત્યસ્વર તેમજ शरादि ગણપાઠમાંના शर વગેરે નામોનો અંત્યસ્વર मतु પ્રત્યય પરમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસ**:- अजिरः आदिः येषाम् ते-अजिरादयः (બહુ.)

न अजिरादयः-अनजिरादयः (નઞ્.તત્પુ.)

बहवः स्वराः येषां ते-बहुस्वराः (બહુ.)

शरः आदिः येषां ते-शरादयः (બહુ.)

अनजिरादयश्च बहुस्वराश्च शरादयश्च-अनजिरादिबहुस्वरशरादयः, तेषाम्. (ઈ.દ્વ.)

**વિવેચન**:- उदुम्बरावती, शरावती, वंशावती = તે તે નામની નદી વિશેષ. उदुम्बराणि सन्ति अस्याम्, शराः सन्ति अस्याम्, वंशाः सन्ति अस्याम् આ અર્થમાં उदुम्बर, शर અને वंश નામને ૬-૨-૭૨ થી मतु પ્રત્યય થવાથી उदुम्बरमत्, शरमत्, वंशमत्. नाम्नि ૨-૧-૯૫ થી मतु ના म् નો व् આદેશ થવાથી उदुम्बरवत्, शरवत्, वंशवत्. अधातू... ૨-૪-૨ થી ङी પ્રત્યય થયો છે. અહીં उदुम्बर બહુસ્વરવાળો અને शरादि

ગણપાઠમાં शर અને वंश નામથી પર मतु પ્રત્યય છે તેથી સંજ્ઞાવાચકમાં આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી उदुम्बरावती, शरावती અને वंशावती થયું.

**अनजिरादीति किम् ?** अजिरवती, हिरण्यवती = તે તે નામની નદી. અહીં मतु પ્રત્યય પરમાં છે. સંજ્ઞાવાચક છે પણ अजिरादि ગણનું વર્જન હોવાથી આ સૂત્રથી દીર્ઘ થયો નથી.

शरादि-शुचीमती, कुशावती, धूमावती, अहीवती, कपीवती, मुनीवती, मणीवती આ शरादि ગણપાઠ હોવાથી આ શબ્દોનો સ્વર આ સૂત્રથી દીર્ઘ થયો. शुचीमती માં नोर्म्यादिभ्यः २-१-९९ થી मतु ના म् ના व् નો નિષેધ થયો છે.

अजिरादि - खदिरवती, खपुरवती, स्थविरवती, पुलिनवती, मलयवती, हंसकारण्डववती, चक्रवाकवती, अलंकारवती, शशाङ्कवती આ अजिरादि ગણપાઠ હોવાથી આ શબ્દોનો સ્વર આ સૂત્રથી દીર્ઘ થયો નથી.

બહુસ્વર- मशकावती, वीरणावती, पुष्करावती, अमरावती આ બહુસ્વરવાળા શબ્દો હોવાથી આ સૂત્રથી અન્ત્યસ્વર દીર્ઘ થયો છે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે.

## ऋषौ विश्वस्य मित्रे । ३-२-७९.

**અર્થ:-** સંજ્ઞાના વિષયમાં ऋषि અર્થ ગમ્યમાન હોય તો मित्र શબ્દ ઉત્તરપદમાં હોતે છતે विश्व નામનો અન્ત્યસ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન:-** विश्वामित्रः- विश्व અને मित्र નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને ऋषि અર્થ ગમ્યમાન હોવાથી સંજ્ઞાના વિષયમાં આ સૂત્રથી विश्व શબ્દનો અન્ત્યસ્વર દીર્ઘ થયો છે.

विश्वमित्रः माणवकः-विश्वे मित्राणि यस्य सः=વિશ્વમાં મિત્રો છે જેને તે (માણસ). અહીં विश्व અને मित्र નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. પણ ऋषि અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી विश्व શબ્દનો અન્ત્યસ્વર દીર્ઘ થયો નથી.

## नरे । ३-२-८०.

**અર્થઃ-** સંજ્ઞાના વિષયમાં નર શબ્દ ઉત્તરપદમાં હોય તો विश्व શબ્દનો અન્ત્ય સ્વર દીર્ઘ થાય છે.

**વિવેચનઃ-** विश्वानरः - विश्व અને नर નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને नर શબ્દ ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી विश्व શબ્દનો અન્ત્યસ્વર દીર્ઘ થયો છે.

विश्वसेनः-विश्वा सेना यस्य सः - અહીં विश्वा અને सेना નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે પણ सेना ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી विश्व શબ્દનો અન્ત્યસ્વર દીર્ઘ થયો નથી. પણ परतः... ૩-૨-૪૯ થી પુંવદ્ભાવ થયો છે.

## वसु-राटोः । ३-२-८१.

**અર્થઃ-** वसु અને राट् શબ્દ ઉત્તરપદમાં હોતે છતે विश्व શબ્દનો અન્ત્યસ્વર દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસઃ-** वसुश्च राट् च-वसुराटौ, तयोः (ઈ.દ્વ.)

**વિવેચનઃ-** विश्वावसुः - विश्व અને वसु નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. वसु ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી विश्व નામનો અન્ત્યસ્વર દીર્ઘ થયો છે.

- विश्वाराट् - विश्व અને राट् શબ્દનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. राट् ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી विश्व નામનો અન્ત્યસ્વર દીર્ઘ થયો છે.

  સૂત્રમાં राज् શબ્દને બદલે राट् એ પ્રમાણે ज् ના સ્થાને ट् આદેશ કરીને મૂળ સ્વરૂપ राज् નો નિર્દેશ કર્યા વગર राट् એવો વિકૃત આદેશ કર્યો છે તેથી એમ જણાય છે કે જ્યાં ज् નો ष् ૨-૧-૮૭ થી, ष् નો ड् ૨-૧-૭૬ થી અને ड् નો ट् ૧-૩-૫૧ થી થતો હોય ત્યાંજ પૂર્વનો સ્વર દીર્ઘ થશે. દા.ત. विश्वाराट्, विश्वाराड्भ्याम्, विश्वाराट्सु અને જ્યાં ज् રહેતો હોય ત્યાં પૂર્વનો સ્વર દીર્ઘ નહીં થાય. દા.ત. विश्वराजौ, विश्वराजः, विश्वराजोः.

ઉપરના ૩-૧-૮૦ થી આ સૂત્રનો પૃથગ્ યોગ કરવાથી नाम्नि ની અનુવૃત્તિ અટકી ગઈ.

## वलच्यपित्रादेः । ३-२-८२.

**અર્થ:-** पित्रादि ગણપાઠમાંના पितृ-मातृ વગેરે નામોને વર્જીને અન્ય નામનો અન્ત્યવર્ણ वलच् પ્રત્યય પરમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસ:-** पिता आदिः यस्मिन् सः-पित्रादिः (બહુ.)

न पित्रादिः-अपित्रादिः, तस्य (નગ્.તત્પુ.)

**વિવેચન:-** आसुतीवलः = મદિરાવાળો. आसुतिः अस्ति अस्य આ અર્થમાં आसुति નામને कृष्यादि... ૭-૨-૨૭ થી वलच् પ્રત્યય થયો છે. અને આ સૂત્રથી आसुति નો અન્ત્યવર્ણ इ દીર્ઘ થયો છે. એજ પ્રમાણે कृषीवलः, दन्तावलः, उत्सङ्गावलः, पुत्रावलः.

**अपित्रादेरिति किम् ?** पितृवलः, मातृवलः = પિતાવાળો, માતાવાળો. पिता अस्ति अस्य, माता अस्ति अस्य આ અર્થમાં कृष्यादिभ्यो... ૭-૨-૨૭ થી वलच् પ્રત્યય થયો છે. સૂત્રમાં पित्रादि શબ્દોનું વર્જન હોવાથી આ સૂત્રથી અન્ત્યસ્વર દીર્ઘ થયો નથી. पित्रादि ગણપાઠમાં આવતા બીજા ઉદાહરણો આ પ્રમાણે છે. જેમકે भ्रातृवलः, उत्साहवलः.

સૂત્રમાં ચકારનું ગ્રહણ હોવાથી જ્યાં बल શબ્દ ઉત્તરપદમાં હોય ત્યાં આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ ન થાય દા.ત. कायबलं, वचनबलं, नागबलं અહીં દીર્ઘ થયો નથી. જેથી હવે ચકાર હોવાથી वलच् પ્રત્યયનું જ ગ્રહણ થશે પણ बल શબ્દનું ગ્રહણ નહીં થાય.

पित्रादि નું વર્જન પર્યુદાસ નગ્ થી કર્યું છે એટલે તે નગ્ સદશ ગ્રાહી હોવાથી पितृ વગેરે સ્વરાન્ત શબ્દોનો નિષેધ થવાથી બીજા સ્વરાન્ત નામોનું જ દીર્ઘ થશે. વ્યંજનાન્ત નામોનું ગ્રહણ નહીં થાય.

## चितेः कचि । ३-२-८३.

**અર્થ:-** चिति નામનો અન્ત્યસ્વર कच् સમાસાન્ત [illegible]ય પર છતાં દીર્ઘ થાય છે.

**વિવેચનઃ-** एकचितीकः - एका અને चिति નો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. शेषाद् वा ૭-૩-૧૭૫ થી चिति નામને कच् પ્રત્યય લાગ્યો છે. कच् પ્રત્યય લાગવાથી આ સૂત્રથી चिति નો इ દીર્ઘ થયો છે. અને परतः.. ૩-૨-૪૯ થી एका નો પુંવદ્ભાવ થયો છે.

## स्वामिचिह्नस्याऽविष्टा-ऽष्ट-पञ्च-भिन्न-च्छिन्न-च्छिद्र-स्त्रुव स्वस्तिकस्य कर्णे । ३-२-८४.

**અર્થઃ-** कर्ण શબ્દ ઉત્તરપદમાં હોય તો विष्ट, अष्टन्, पञ्चन्, भिन्न, च्छिन्न, च्छिद्र, स्त्रुव અને स्वस्तिक નામને વર્જીને સ્વામિચિહ્નવાચક(જેનાથી માલિકનું જ્ઞાન થાય તે) નામનો અન્ત્યસ્વર દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસઃ-** स्वामी चिह्न्यते येन तत्-स्वामिचिह्नं, तस्य.

विष्टश्च अष्ट च पञ्चच भिन्नश्च च्छिन्नश्च च्छिद्रश्च स्त्रुवश्च स्वस्तिकश्च एतेषां समाहारः-विष्टाष्टपञ्चभिन्नच्छिन्नच्छिद्रस्त्रुवस्वस्तिकम् (સમા.દ્વ.)

न विष्टाष्टपञ्चभिन्नच्छिन्नच्छिद्रस्त्रुवस्वस्तिकम्-अविष्टा...स्वस्तिकम्, तस्य. (નઞ્.તત્પુ.)

**વિવેચનઃ-** दात्राकर्णः पशुः - दात्र અને कर्ण નામનો उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. कर्ण ઉત્તરપદમાં હોવાથી અને विष्टादि શબ્દોને વર્જીને दात्र શબ્દ હોવાથી તેનો અંત્યસ્વર આ સૂત્રથી દીર્ઘ થયો છે. (જે માલિકે પશુના કાનમાં દાતરડાનું ચિહ્ન કર્યું હોય તે પોતે પોતાના પશુને ઓળખી શકે કે આ પશુ મારું જ છે.) એજ પ્રમાણે शङ्कूकर्णः સમાસ થશે.

**स्वामिचिह्नस्येति किम् ?** लम्बकर्णः - लम्ब અને कर्ण નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. कर्ण શબ્દ ઉત્તરપદમાં છે. પણ लम्ब શબ્દ विष्टादि વર્જીત હોવા છતાં ચિહ્નવાચક નથી તેથી આ સૂત્રથી लम्ब નામનો અન્ત્યસ્વર દીર્ઘ થયો નથી. લાંબુ એ ચિહ્ન નથી પણ જન્મથી જ લાંબા કાનવાળો (ગધેડો) છે.

**विष्टादिवर्जनं किम् ?** विष्टकर्णः, अष्टकर्णः - विष्ट અને अष्टन् નામનો कर्ण નામની સાથે उष्ट्रमुखादयः ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. विष्टादि શબ્દોનું વર્જન હોવાથી कर्ण શબ્દ ઉત્તરપદમાં હોવા છતાં આ સૂત્રથી અન્ત્યસ્વર દીર્ઘ થતો નથી. એજ પ્રમાણે पञ्चकर्णः, भिन्नकर्णः, छिन्नकर्णः, छिद्रकर्णः, स्रुवकर्णः, स्वस्तिककर्णः સમાસોમાં આ સૂત્રથી અન્ત્યસ્વર દીર્ઘ થશે નહિં.

चक्रसक्थः-चक्राकारं चिह्नं सक्थनि यस्य सः = ચક્રનું ચિહ્ન છે સાથળમાં જેને. चक्र અને सक्थि નામનો उष्ट्र... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. चक्र એ विष्टादि વર્જીત ચિહ્નવાચક નામ છે. પણ कर्ण ને બદલે सक्थि શબ્દ ઉત્તરપદમાં છે તેથી આ સૂત્રથી અન્ત્યસ્વર દીર્ઘ થતો નથી. सक्थ्यक्ष्णः... ૭-૩-૧૨૬ થી ट સમાસાન્ત થવાથી अवर्णे... ૭-૪-૬૮ થી सक्थि ના इ નો લોપ થયો છે.

## गति-कारकस्य नहि-वृत्ति-वृषि-व्यधि-रुचि-सहि-तनौ क्वौ । ३-२-८५.

**અર્થ:-** ગતિસંજ્ઞક નામોનો અને કારકવાચક નામોનો અન્ત્યસ્વર, ક્વિબન્ત એવા नह्, वृत्, वृष्, व्यध्, रुच्, सह् અને तन् ઉત્તરપદમાં હોય તો દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસ:-** गतिश्च कारकं च एतयोः समाहारः-गतिकारकम्, तस्य (સમા.દ્વ.)

नहिश्च वृत्तिश्च वृषिश्च व्यधिश्च रुचिश्च सहिश्च तनिश्च एतेषां समाहारः-नहिवृत्तिवृषिव्यधिरुचिसहितनि, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** उपानत्, नीवृत्, प्रावृट्, नीरुक्, परीतत् - उप, नि, प्र, नि અને परि નામનો અનુક્રમે नह्, वृत्, वृष्, रुच् અને तन् નામની સાથે गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને ઉપસર્ગો ગતિસંજ્ઞક હોવાથી આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.

- श्वावित्, ऋतीषट्, जलासट् - श्वन्, ऋति અને जल નામનો व्यध् અને

सह् નામની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. श्वन्, ऋति અને जल કારકવાચક નામ હોવાથી આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.

परीतत् માં तन् ના न् નો गमांक्वौ ૪-૨-૫૮થી લોપ થયા પછી ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી त् નો આગમ થયો છે.

नहि, वृत्ति વગેરે સપ્તમ્યન્ત છે અને क्वौ પણ સપ્તમ્યન્ત છે. બંનેનો વિશેષણ વિશેષ્યભાવનો સંબંધ છે. नह्यादि વિશેષ્ય છે અને क्वौ વિશેષણ છે.

## घञ्युपसर्गस्य बहुलम् । ३-२-८६.

**અર્થ:-** ઉપસર્ગનો અન્ત્યસ્વર घञ् પ્રત્યયાન્ત નામ ઉત્તરપદમાં હોય તો બહુલતાએ દીર્ઘ થાય છે.

**વિવેચન:-** नीक्लेदः, नीवारः - नि અને घञन्त क्लेद અને वार નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને घञ् પ્રત્યયાન્ત ઉત્તરપદ પરમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થયો છે.

બહુલતા એટલે = क्वचित्प्रवृत्तिः, क्वचिदप्रवृत्तिः ।

क्वचिद्विभाषा, क्वचिदन्यदेव ॥

(૧) क्वचित्प्रवृत्तिः - नीक्लेदः, नीवारः, नीमार्गः, प्रावारः વગેરે.

(૨) क्वचिदप्रवृत्तिः - विषादः, निषादः, प्रभावः, प्रहारः વગેરે.

(૩) क्वचिद्विभाषा - प्रतिवेशः-प्रतीवेशः, प्रतिबोधः-प्रतीबोधः, परिणाम-परीणामः, अतिसारः-अतीसारः, अतिचारः-अतीचारः વગેરે.

(૪) क्वचिदन्यद् - प्रासादः (ગૃહ) प्रसादः (મહેરબાની)

नीहारः (હિમ) निहारः (મળ) વગેરે.

બહુલતામાં આ ચાર પ્રકારની પ્રવૃત્તિ છે.

**વિવેચનઃ-** द्वादश, त्रयोविंशतिः, अष्टात्रिंशत् - द्वि, त्रि અને अष्टन् નામનો दशन्, विंशति અને त्रिंशत् નામની સાથે मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. આ સૂત્રથી द्वा, त्रयस् અને अष्टा આદેશ થયો છે. त्रिનું त्रयस् થયા પછી सोरुः થી स् નો र्, विंशति નો व् એ ઘોષવાન હોવાથી તે र् નો घोषवति ૧-૩-૨૧ થી उ અને अवर्णस्ये... ૧-૨-૬ થી अ + उ = ओ થવાથી त्रयोविंशतिः થયું છે. વચમાં રહેલા अधिका શબ્દનો मयूर.. ૩-૧-૧૧૬ થી લોપ થયો છે.

**प्राक्शतादिति किम् ?** द्विशतम्, त्रिशतम्, अष्टसहस्रम् અહીં द्वि અને त्रि નામનો शत નામની સાથે અને अष्टन् નામનો सहस्र નામની સાથે संख्या... ૩-૧-૯૯ થી દ્વિગુ સમાસ કરીએ તો ૨૦૦, ૩૦૦ અને ૮૦૦૦ અર્થ થાય અને मयूर... ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ કરીએ તો ૧૦૨, ૧૦૩ અને ૧૦૦૮ અર્થ થાય છે. અહીં ઉત્તરપદમાં शत અને सहस्र હોવાથી આ સૂત્રથી द्वा, त्रयस् અને अष्टा આદેશ થયો નથી.

**अनशीतिबहुव्रीहाविति किम् ?** द्व्यशीतिः - द्वि અને अशीति નામનો मयूर... ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. अशीति નામ ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી अशीति નું વર્જન હોવાથી द्वा આદેશ થયો નથી. इवर्णादे... ૧-૨-૨૧ થી इ + अ = य થવાથી द्व्यशीति થયું છે.

- द्वित्राः - द्वि અને त्रि નામનો सुज्वार्थे... ૩-૧-૧૯ થી બહુવ્રીહિ સમાસ થયો છે તેથી આ સૂત્રમાં બહુવ્રીહિનું વર્જન હોવાથી द्वि નો द्वा આદેશ થયો નથી.

## चत्वारिंशदादौ वा । ३-२-९३.

**અર્થઃ-** शत સંખ્યાની પૂર્વેનું चत्वारिंशतादि સંખ્યાવાચક નામ ઉત્તરપદમાં હોય તો द्वि, त्रि અને अष्टन् નામનો અનુક્રમે द्वा, त्रयस् અને अष्टा આદેશ વિકલ્પે થાય છે. પરન્તુ अशीति નામ ઉત્તરપદમાં હોય અને

બહુવ્રીહિ સમાસનો વિષય હોય તો द्वा, त्रयस् અને अष्टा આદેશ થતો નથી.

**સૂત્ર સમાસ**:- चत्वारिंशद् आदिः यस्मिन् सः - चत्वारिंशदादिः, तस्मिन्. (બહુ.)

**વિવેચન**:- द्वाचत्वारिंशत्, द्विचत्वारिंशत् - त्रयश्चत्वारिंशत्, त्रिचत्वारिंशत् - अष्टाचत्वारिंशत्, अष्टचत्वारिंशत् - द्वि, त्रि અને अष्टन् નામનો चत्वारिंशत् નામની સાથે मयूर... ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી द्वा-त्रयस्-अष्टा આદેશ થયો છે. અર્થ અનુક્રમે ૪૨, ૪૩, ૪૮ થાય છે. વિકલ્પ પક્ષમાં द्वा, त्रयस्, अष्टा આદેશ ન થાય ત્યારે द्वि, त्रि, अष्टन् જ રહે છે.

आदि શબ્દથી पञ्चाशत्, षष्टि, सप्तति અને नवति નામનો સમાવેશ થશે. આટલા નામો ઉત્તરપદમાં આવે ત્યારે द्वा, त्रयस् અને अष्टा આદેશ વિકલ્પે કરવા માટે જ આ સૂત્રનો પ્રારંભ છે. નહીં તો ઉપરના ૩-૨-૯૨ સૂત્રથી આદેશ સિદ્ધ જ હતાં.

## हृदयस्य हृल्लास-लेखा-ऽण्-ये । ३-२-९४.

**અર્થ**:- लास અને लेख ઉત્તરપદમાં હોય તો તથા अण् અને य પ્રત્યય પરમાં હોય તો हृदय નો हृत् આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- लासश्च लेखश्च अण् च यश्च एतेषां समाहारः - लासलेखाण्यम्, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચન**:- हृल्लासः हृल्लेखः - हृदय નામનો लास અને लेख નામની સાથે षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરુષ સમાસ થયો છે. આ સૂત્રથી हृदय નો हृत् આદેશ થયો છે. लिलौ ૧-૩-૬૫ થી त् નો ल् થયો છે.

- हार्द्दम् = હૃદયનો ભાવ. हृदयस्य भावः આ અર્થમાં हृदय નામને पुरुषहृद... ૭-૧-૭૦ થી अण् પ્રત્યય થવાથી हृदय + अण्. આ સૂત્રથી अण् પ્રત્યય પર છતાં हृदय નો हृत् આદેશ થવાથી हृद् + अण्. वृद्धिः... ૭-૪-૧ થી ऋ ની વૃદ્ધિ आर् થવાથી हार्दम् થયું. र्हादर्ह... ૧-૩-૩૧ થી र् ની પછી द् દ્વિત્વ થવાથી हार्द्दम् પણ થાય.

- हृद्यः = હૃદયને હિતકર. हृदयाय हितम् આ અર્થમાં हृदय નામને प्राण्यङ्.. ૭-૧-૩૭ થી य પ્રત્યય થવાથી हृदय + य. આ સૂત્રથી हृदय નો हृत् આદેશ થવાથી हृत् + य. धुटस्तृतीयः ૨-૧-૭૬ થી त् નો द् થવાથી हृद्यः થયું છે.

## पदः पादस्या-ऽऽज्याति-गोपहते । ३-२-९५.

**અર્થ**:- आजि, आति, ग અને उपहत શબ્દો ઉત્તરપદમાં હોય તો पाद નામનો पद આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- आजिश्च आतिश्च गश्च उपहतश्च एतेषां समाहारः-आज्याति - गोपहतम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન**:- पदाजिः, पदातिः, पदगः - पाद નામનો आजि, आति અને ग નામની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરુષ સમાસ થયો છે. अज् અને अत् ધાતુને ઉણાદિનો इण् પ્રત્યય લાગ્યો છે. અને गम् ધાતુને नाम्नो... ૫-૧-૧૩૧ થી ड પ્રત્યય લાગ્યો છે. અને डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી गम् ધાતુના अम् નો લોપ થયો છે. અને આ સૂત્રથી पाद નો पद આદેશ થયો છે.

- पदोपहतः - पाद અને उपहत નામનો कारकंकृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી पाद નો पद આદેશ થયો છે.

અज् ધાતુનો अघञ्... ૪-૪-૨થી वी થવાની પ્રાપ્તિ હતી કારણ કે इण् પ્રત્યય घञ्, क्यप्, अल् અને अच् સિવાયનો પ્રત્યય છે. પણ સૂત્રમાં જ आजि મૂક્યું છે તેથી હવે ૪-૪-૨ થી अज् નો वी આદેશ પ્રાપ્તિ હોવા છતાં નહીં થાય.

## हिम-हति-काषि-ये पद् । ३-२-९६.

**અર્થ**:- हिम, हति અને काषिन् ઉત્તરપદ પરમાં હોય તો તેમજ य પ્રત્યય પરમાં હોય તો पाद નામનો पद् આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- हिमश्च हतिश्च काषीच यश्च एतेषां समाहारः-हिमहतिकाषियम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચનઃ-** पद्धिमम् - पाद અને हिम નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ અથવા सप्तमी.... ૩-૧-૮૮ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી पाद નો पद् આદેશ થયો છે. पद्+हिम માં द् પછી हिम નો ह् આવતાં ततो... ૧-૩-૩ થી ह् નો ध् થયો છે. તેથી पद्धिमम् થયું છે.

- पद्धतिः - पाद અને हति નામનો कारकंकृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી पाद નો पद् આદેશ થયો છે. पद्+हति માં પણ द् એ ત્રીજો વ્યંજન હોવાથી તેની પછી રહેલા हत ના ह् નો ततो... ૧-૩-૩ થી ध् થયો છે. તેથી पद्धतिः થયું છે.

- पत्काषी - पाद અને काषिन् નામનો ङस्युक्तं ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી पाद નો पद् આદેશ થયો છે. काषिन् નો क् એ અઘોષ હોવાથી પૂર્વે રહેલા पद् ના द् નો अघोषे... ૧-૩-૫૦ થી त् થવાથી पत्काषी થયું છે.

- पद्याः - पादौ विध्यन्ति આ અર્થમાં पाद નામને विध्यत्य... ૭-૧-૮ થી य પ્રત્યય થવાથી पाद+य. આ સૂત્રથી य પ્રત્યય પર છતાં पाद નો पद् આદેશ થવાથી पद्+य. आत् ૨-૪-૧૮થી आप् થવાથી पद्याः થયું છે. पद्याः = શર્કરા, કાંકરી, રેતી.

ઉપરના ૩-૨-૯૫ સૂત્રથી पाद નો पद આદેશ થઈ શકે પણ અહીં વ્યંજનાન્ત पद् આદેશ કરવો છે તેથી આ સૂત્ર બનાવ્યું છે.

## ऋचः श्शसि । ३-२-९७.

**અર્થઃ-** ઋચાના ચરણવાચક पाद નામનો શકારાદિ शस् પ્રત્યય પર છતાં पद् આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** शकारादिः शस्-श्शस्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચનઃ-** पच्छः गायत्रीं शंसति = ગાયત્રીના દરેક ચરણને (પાદને) કહે છે. पादं पादं शंसति એ અર્થમાં દ્વિતીયાન્ત पाद નામને संख्यै... ૭-૨-૧૫૧ થી शस् પ્રત્યય થવાથી पादशस्. આ સૂત્રથી पाद નો पद् આદેશ થવાથી पद्शस्. अघोषे प्रथमो... ૧-૩-૫૦ થી द् નો त् થવાથી पत्श. प्रथमाद... ૧-૩-૪ થી श् નો छ् થવાથી पच्छः થયું છે.

## नामिनः काशे । ३-२-८७.

**અર્થ:-** નામ્યન્ત ઉપસર્ગોનો અન્ત્યસ્વર अच् પ્રત્યયાન્ત काश ઉત્તરપદમાં હોય તો દીર્ઘ થાય છે.

**વિવેચન:-** नीकाशः, वीकाशः - नि અને वि નામનો अच् પ્રત્યયાન્ત काश નામની સાથે गतिक्वन्य.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને अच् પ્રત્યયાન્ત काश ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી પૂર્વનો નામિ સ્વર દીર્ઘ થયો છે.

**नामिन इति किम् ?** प्रकाशः - प्र અને अच् પ્રત્યયાન્ત काश નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. प्र ઉપસર્ગમાં નામિ સ્વર અન્તે નથી તેથી આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થયો નથી.

ઉપરના ૩-૨-૮૬ સૂત્રથી घञ् ની અનુવૃત્તિ આવી શકત તો પછી ફરી अच् પ્રત્યયનું અહીં ગ્રહણ શા માટે કર્યું ? વાત તો બરાબર છે. પણ ઉપરમાં घञ् પ્રત્યય અન્તે હોય ત્યારે બહુલતાએ દીર્ઘ થાય છે. અને અહીં તો નિત્ય દીર્ઘ કરવું છે તેથી अच् પ્રત્યયને ફરી ગ્રહણ કર્યો છે. નહીં તો घञ् પ્રત્યયાન્ત કે अच् પ્રત્યયાન્ત काश શબ્દમાં ફરક પડતો નથી.

## दस्ति । ३-२-८८.

**અર્થ:-** दा ધાતુના સ્થાને જે તકારાદિ આદેશ થયો હોય તે પરમાં હોતે છતે નામ્યન્ત ઉપસર્ગોનો અન્ત્યસ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન:-** नीत्तम्, वीत्तम् = આપ્યું. नि+दा અને वि+दा ને क्त.... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય. निविस्व... ૪-૪-૮ થી दा ધાતુનો त्त આદેશ થવાથી नित्त्+त, वित्त्+त. धुटोधुटि... ૧-૩-૪૮થી મધ્યમાં રહેલાં त નો લોપ થવાથી नित्तम्, वित्तम् થયું. અને આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી नीत्तम्, वीत्तम् થયું.

**द इति किम् ?** वितीर्णम् = આપ્યું. वि+तॄ ને क्त.... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય. ॠतां... ૪-૪-૧૧૬ થી तॄ ધાતુના ॠ નો इर् આદેશ થવાથી वितिर्+त, भ्वादे.... ૨-૧-૬૩થી इर् નો ई દીર્ઘ થવાથી

वितीर्+त. रदादमूर्च्छ... ४-२-६९ થી क्त ના त નો न આદેશ થવાથી वितीर्न. रषृवर्णा... २-३-६३ થી न् નો ण् થવાથી वितीर्णम् થયું. અહીં दा ધાતુનો त કારાદિ આદેશ નથી પણ तृ ધાતુ છે તેથી આ સૂત્રથી પૂર્વના वि નો इ દીર્ઘ થયો નથી.

**तीति किम् ?** सुदत्तम् = સારી રીતે આપ્યું. सु+दा ને क्त.... ५-१-१७४ થી क्त પ્રત્યય થવાથી सु+दा+त. दा ધાતુને दत् ४-४-१० થી दत् આદેશ થવાથી सुदत्तम् થયું. અહીં दा નો दत् આદેશ થયો છે તે तકારાદિ નથી તેથી આ સૂત્રથી सु નો उ દીર્ઘ થયો નથી.

## अपील्वादेर्वहे । ३-२-८९.

**અર્થ:-** पील्वादि ગણપાઠમાંના पीलु વગેરે નામોને વર્જીને અન્ય નામ્યન્ત નામનો અન્ત્યસ્વર वह ઉત્તરપદમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**સૂત્ર સમાસ:-** पीलुः आदिः यस्मिन् सः-पील्वादिः (બહુ.)

न पील्वादिः-अपील्वादिः, तस्य. (નञ्.તત્પુ.)

**વિવેચન:-** ऋषीवहम्, मुनीवहम् - ऋषि અને मुनि નામનો वह નામની સાથે षष्ठ्य.... ३-१-७६ થી તત્પુરુષ સમાસ થયો છે. वह ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી ऋषि અને मुनि નામનો इ દીર્ઘ થયો છે. એજ પ્રમાણે कपीवहम् = તે તે નગરના નામો છે.

**अपील्वादेरिति किम् ?** पीलुवहम्, दारुवहम् - पीलु અને दारु નામનો वह નામની સાથે षष्ठ्य... ३-१-७६ થી તત્પુરુષ સમાસ થયો છે. अचन्त वह ઉત્તરપદમાં છે. પણ पीलु વગેરે નામોનું વર્જન હોવાથી આ સૂત્રથી પૂર્વનો उ દીર્ઘ થયો નથી. એજ પ્રમાણે चारुवहम् વગેરે.

ऋषीवहम्.માં જે वह નામ છે તે अचन्त છે તેથી નપુંસકલિંગમાં છે. જો पुंनाम्निघः ५-३-१३० થી घ પ્રત્યય લાગીને वह નામ બને તો તે પુંલિંગમાં વપરાય છે. **દા.ત.** ऋषीवहः, मुनीवहः, कपीवहः આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થાય પણ वह નામ घ અન્તવાળુ હોવાથી પુંલિંગમાં જ આવે એમ લિંગાનુશાસનથી જણાય છે.

## शुनः । ३-२-९०.

**અર્થ:-** श्वन् નામના અન્ત્યસ્વર ઉત્તરપદ પરમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**વિવેચન:-** श्वादन्तः - श्वन् અને दन्त નામનો उष्ट्र.... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. नाम्नो... ૨-૧-૯૧ થી श्वन् ના न् નો લોપ થયો અને આ સૂત્રથી પૂર્વના अ નો आ દીર્ઘ થયો. અહીં षष्ठ्य... ૩-૧-૭૬ થી शुनः दन्तः - श्वादन्तः = કુતરાનો દાંત. આવો સમાસ પણ થઈ શકે.

- श्वावराहम् - श्वन् અને वराह નામનો चार्थे... ૩-૧-૧૧૭ થી દ્વન્દ્વ સમાસ થયો છે. અને નિત્ય વૈર હોવાથી नित्य... ૩-૧-૧૪૧ થી એકાર્થક થયો છે. नाम्नो... ૨-૧-૯૧ થી श्वन् ના न् નો લોપ થયો અને આ સૂત્રથી अ નો आ દીર્ઘ થયો.

બહુલાધિકાર હોવાથી અહીં પણ ક્વચિત્ ના પ્રયોગો થઈ શકે છે. क्वचित्प्रवृत्तिः-श्वादंष्ट्रा, श्वाकर्णः, श्वाकर्दः, श्वाकूर्दः વગેરે.

कर्द - કુત્સિત અર્થમાં, कूर्द - ફલાંગ, છલાંગ અર્થમાં છે.

क्वचिदप्रवृत्तिः - श्वकल्पः, श्वमुखः વગેરે.

क्वचिद्विभाषा-श्वापुच्छम्, श्वपुच्छम् વગેરે.

क्वचिदन्यद्-श्वापदम्-વાઘ વગેરે श्वपदं = કુતરાનો પગ વગેરે.

## एकादश-षोडश-षोडन्-षोढा-षड्ढा । ३-२-९१.

**અર્થ:-** दशन् આદિ શબ્દો ઉત્તરપદમાં હોય તો एक વિગેરે નામનાં અન્ત્ય સ્વરનો દીર્ઘ આદિ આદેશ નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ:-** एकादश च षोडश च षोडन् च षोढा च षड्ढा च एतेषां समाहारः - एकादशषोडशषोडन्षोढाषड्ढा. (સમા. દ્વ.) અવ્યય હોવાથી આવો સમાસ થશે.

**વિવેચન:-** एकादश - एक અને दशन् નામનો मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી एक ના अ નો आ દીર્ઘ થયો છે. मयूर.. ૩-૧-૧૧૬ થી સમાસ થવાથી વચ્ચે રહેલા कृता

શબ્દનો લોપ થયો છે. તેથી તેને મધ્યમપદલોપી સમાસ પણ કહેવાય છે. કેટલાકમાં દ્વન્દ્વ સમાસ કરેલો પણ મળે છે.

- **षोडश** - षष् અને दशन् નામનો मयूर... ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને षष् ના ष् નો उ તથા दशन् ના द् નો ड् આદેશ આ સૂત્રથી નિપાતન થવાથી ष् + उ + डश. अवर्णस्ये... ૧-૨-૬ થી अ + उ = ओ થવાથી षोडश સિદ્ધ થયું છે. અહીં પણ अधिका નો લોપ मयूर.. ૩-૧-૧૧૬ થી થયો છે.

- **षोडन्** - षष् અને दन्त નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને ઉપર પ્રમાણે ष् નો उ, द् નો ड् અને अ + उ = ओ વિગેરે કાર્ય આ સૂત્રથી નિપાતન થયું છે. वयसि... ૭-૩-૧૫૧ થી दन्त નો दतृ આદેશ થયો છે.

- **षोढा** - षड्भिः प्रकारैः આ અર્થમાં संख्याया... ૭-૨-૧૦૪ થી धा પ્રત્યય થવાથી षष् + धा થયું છે.. ष् નો उ, धा નો ढा આદેશ આ સૂત્રથી નિપાતન થવાથી षोढा થયું છે.

- **षड्ढा** - षष् + धा संख्याया... ૭-૨-૧૦૪ થી धा પ્રત્યય. धुटस्तृतीयः ૨-૧-૭૬ થી षष् ના ष् નો ड् થવાથી षड् + धा. तवर्गस्य... ૧-૩-૬૦ થી ध् નો ढ् થવાથી षड्ढा થયું છે.

## द्वित्र्यष्टानां द्वा-त्रयोऽष्टाः प्राक् शतादनशीतिबहुव्रीहौ । ३-२-९२.

**અર્થ:** શત સંખ્યાની પૂર્વેનું સંખ્યાવાચક નામ ઉત્તરપદમાં હોય તો द्वि, त्रि, अष्टन् નામનો અનુક્રમે द्वा, त्रयस्, अष्टा આદેશ થાય છે. પરન્તુ अशीति નામ ઉત્તરપદમાં હોય અને બહુવ્રીહિ સમાસનો વિષય હોય તો द्वा, त्रयस्, अष्टा આદેશ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- द्विश्च त्रिश्च अष्टौ च - द्वित्र्यष्टौ, तेषाम्. (ઇ. દ્વ.)

द्वा च त्रयस् च अष्टाच = द्वात्रयोष्टाः (ઇ. દ્વ.)

अशीतिश्च बहुव्रीहिश्च एतयोः समाहारः - अशीतिबहुव्रीहि, (સમા. દ્વ.)

न *अशीतिबहुव्रीहि* - *अनशीतिबहुव्रीहि, तस्मिन्.* (નञ्. તત્પુ.)

तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** उदपेषं - उदक અને पेष નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. षिष् ધાતુને स्वस्नेह... ૫-૪-૬૫ થી णम् પ્રત્યય થવાથી पिष्+णम्(अम्). लघोरुपा... ૪-૩-૪ થી इ નો ગુણ થવાથી पेषं થયું અને આ સૂત્રથી उदक નો उद આદેશ થયો છે.

- उदधिः(घटः) - उदक અને धि નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. धा ધાતુને व्याप्या... ૫-૩-૮૮ થી कि પ્રત્યય થવાથી धा+इ(कि). इडेत् पुसि... ૪-૩-૯૪ થી धा ના आ નો લોપ થવાથી धि કૃદન્ત બન્યું છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ થયો છે.
- उदवासः - उदक અને वास નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ થયો છે.
- उदवाहनः - उदक અને वाहन નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ થયો છે.

અહીં થતાં સમાસો અસંજ્ઞામાં થશે. કારણ કે સંજ્ઞાના વિષયમાં नाम्न्यु... ૩-૨-૧૦૭ થી उदक નું उद થાય જ છે.

## वैकव्यञ्जने पूर्ये । ३-२-१०५.

**અર્થઃ-** અસંયુક્ત વ્યંજન આદિમાં છે જેને એવા પૂર્યમાણવાચક (જેને પૂર્ણ કરી શકાય તેવા) નામ ઉત્તરપદમાં હોય તો उदक નામનો उद આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસઃ-** एकम् च तद् व्यञ्जनम् च -एकव्यञ्जनम्, तस्मिन्. (કર્મ.)

**વિવેચનઃ-** उदकुम्भः, उदककुम्भः - उदक અને कुम्भ નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. कुम्भ એ અસંયુક્ત વ્યંજનાદિ છે અને પાણીથી कुम्भ પૂર્ણ કરી શકાય તેમ છે તેથી આ સૂત્રથી उदक નો उद આદેશ વિકલ્પે થયો છે.

**व्यञ्जन इति किम्** ? उदकामत्रम् - उदक અને अमत्र નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. अमत्र એ અસંયુક્ત શબ્દ છે. પાત્રને પૂર્ણ ભરી શકાય તેવું પણ છે પરન્તુ વ્યંજનાદિ નથી સ્વરાદિ છે તેથી આ સૂત્રથી उदक નો उद આદેશ થયો નથી.

**एकेति किम्** ? उदकस्थालम् - उदक અને स्थाल નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. स्थाल એ વ્યંજનાદિ શબ્દ છે. પાત્રને પૂર્ણ ભરી શકાય તેવું પણ છે પણ એક એટલે અસંયુક્ત નથી તેથી આ સૂત્રથી उदक નો उद આદેશ થયો નથી.

**पूर्य इति किम्** ? उदकदेशः - उदक અને देश નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. देश એ વ્યંજનાદિ અસંયુક્ત શબ્દ છે. પણ દેશને પાણીથી ભરી શકાય તેમ નથી તેથી આ સૂત્રથી उदक નો उद આદેશ થયો નથી. બહુલતાએ પાણી પ્રધાન દેશ હોય તેને उदकदेश કહેવાય છે. એજ પ્રમાણે उदकपर्वतः.

**मन्थौदन-सक्तु-बिन्दु-वज्र-भार-हार-वीवध-गाहे वा । ३-२-१०६.**

**अर्थः**- मन्थ, ओदन, सक्तु, बिन्दु, वज्र, भार, हार, वीवध અને गाह આ નામો ઉત્તરપદમાં હોય તો उदक નો उद આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ**- मन्थश्च ओदनश्च सक्तुश्च बिन्दुश्च वज्रश्च भारश्च हारश्च वीवधश्च गाहश्च एतेषां समाहारः-मन्थौदनसक्तुबिन्दुवज्रभारहारवीवधगाहम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ**- उदमन्थः, उदकमन्थः - उदक અને मन्थ નામનો कारकंकृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ વિકલ્પે થયો છે. मन्थ નામ घञ् પ્રત્યયાન્ત હોવાથી કૃદન્ત છે તેથી ૩-૧-૪૯ થી પણ સમાસ થઈ શકે છે.

- उदौदनः, उदकौदनः - उदसक्तुः, उदकसक्तुः - उदक અને ओदन, सक्तु નામનો मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સૂત્રથી उदक નો उद આદેશ વિકલ્પે થયો છે. मिश्र અને सिक्त નામનો मयूर.. ૩-૧-૧૧૬ થી લોપ થયો છે.

- उदबिन्दुः, उदकबिन्दुः - उदवज्रः, उदकवज्रः - उदभारः, उदकभारः -उदहारः, उदकहारः - उदवीवधः, उदकवीवधः - उदक નામનો बिन्दु, वज्र, भार, हार અને वीवध નામની સાથે षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ વિકલ્પે થયો છે. उदवज्रः, उदकवज्रः નો सप्तमी... ૩-૧-૮૮ થી પણ તત્પુરૂષ સમાસ થઈ શકે છે.

- उदगाहः, उदकगाहः - उदक અને गाह નામનો सप्तमी.... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી उदक નો उद આદેશ વિકલ્પે થયો છે.

बिभर्ति इति भारः, हरति इति हारः એ બે શબ્દો घञ् પ્રત્યયાન્ત છે તેથી ङस्युक्तं... ૩-૧-૪૯ થી પણ સમાસ થઈ શકે.

ઉપરના ૩-૨-૧૦૫ માં પૂર્યમાણવાચક નામ ઉત્તરપદમાં હોય તો उदक નો उद વિકલ્પે થતો હતો અને मन्थादि શબ્દોમાં તે પૂર્યમાણ અર્થનો અભાવ હોવાથી સ્પષ્ટ જ સમજાય છે કે તે સૂત્રથી उदक નાં उद આદેશની પ્રાપ્તિ નથી જ પણ આવા સમાસો કરવા છે તે માટે આ સૂત્રનો આરમ્ભ છે.

## नाम्न्युत्तरपदस्य च । ३-२-१०७.

**અર્થ:-** સંજ્ઞાના વિષયમાં પૂર્વપદ કે ઉત્તરપદમાં રહેલા उदक નામનો उद આદેશ થાય છે.

**सूत्र समासः-** उत्तरम् च तद् पदम् च - उत्तरपदम्, तस्य. (કર્મ.)

**વિવેચન:-** उदमेघः - उदक અને मेघ નામનો मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સમાસનો અર્થ "મેઘ" થાય છે તેથી સંજ્ઞાનો વિષય હોવાથી પૂર્વપદમાં રહેલા उदक નો उद આદેશ આ સૂત્રથી થયો છે. युक्त નામનો मयूर... ૩-૧-૧૧૬ થી લોપ થયો છે.

- उदवाहः, - उदक અને वाह નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. वहति इति वाहः, कर्मणोऽण् ૫-૩-૧૪ થી अण् પ્રત્યય લાગવાથી પૂર્વસ્વરની વૃદ્ધિ થઈ છે. આ સમાસનો અર્થ

પણ "મેઘ" થાય છે. તેથી સંજ્ઞાનો વિષય હોવાથી પૂર્વપદમાં રહેલાં उदक નામનો उद આદેશ આ સૂત્રથી થયો છે.

- उदपानम्, - उदक અને पान નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સમાસનો અર્થ "પાણીની પરબ" થાય છે. તેથી સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી પૂર્વપદમાં રહેલાં उदक નામનો उद આદેશ થયો છે.

- उदधिः - उदक અને धि નામનો कृति.... ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. આ સમાસનો અર્થ "સમુદ્ર" થાય છે. તેથી સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી પૂર્વપદમાં રહેલા उदक નામનો उद આદેશ થયો છે.

- लवणोदः, कालोदः - लवण અને काल નામનો उदक નામની સાથે एकार्थं.... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. આ સમાસોના અર્થ પણ તે તે નામના સમુદ્ર થાય છે તેથી સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી ઉત્તરપદમાં રહેલા उदक નામનો उद આદેશ થયો છે.

ઉપરના સૂત્રો વડે આ સમાસોમાં પૂર્વપદમાં રહેલા उदक નામનો उद આદેશ સિદ્ધ જ હતો. પણ અસંજ્ઞાના વિષયમાં उद આદેશ થતો હતો જ્યારે આ સૂત્રથી સંજ્ઞાના વિષયમાં હોય તો જ અને પૂર્વપદ કે ઉત્તરપદ ગમે ત્યાં उदक શબ્દ હોય તો તેનો उद આદેશ થાય છે.

## ते लुग्वा । ३-२-१०८.

**અર્થઃ**- સંજ્ઞાના વિષયમાં પૂર્વપદ કે ઉત્તરપદનો વિકલ્પે લોપ થાય છે.

**વિવેચનઃ**- देवदत्तः, देवः, दत्तः - देव અને दत्त નામનો कारकं कृता ૩-૧-૬૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. દેવદત્ત નામ વ્યક્તિવિશેષ છે તેથી સંજ્ઞાના વિષયમાં આ સૂત્રથી देव અને दत्त નામનો વિકલ્પે લોપ થાય છે. એટલે કે એકવાર देव નો લોપ થાય ત્યારે दत्त નામ રહે અને એકવાર दत्त નો લોપ થાય ત્યારે देव નામ રહે. અને બન્નેના વિકલ્પપક્ષમાં देव કે दत्त એકપણ નામનો લોપ ન થાય ત્યારે देवदत्त રહે. એજ પ્રમાણે सत्या, भामा, सत्यभामा-सागरः,

**ऋचं इति किम् ?** पादशः श्लोकं वक्ति = શ્લોકનો દરેક પાદ કહે છે. पादं पादं (श्लोकस्य) वक्ति એ અર્થમાં દ્વિતીયાન્ત पाद નામને संख्यै... ૭-૨-૧૫૧ થી शस् પ્રત્યય થવાથી पादशः થયું. અહીં ઋચા ના ચરણવાચક पाद શબ્દ નથી પણ શ્લોકનો ચોથો ભાગ पाद છે તેથી આ સૂત્રથી पद् આદેશ થયો નથી.

द्विः शपाठात् स्यादि शसि न स्यात् - આ સૂત્રમાં श्शसि એ પ્રમાણે દ્વિ શકાર પાઠ હોવાથી શકારાદિ शस् પ્રત્યય પર છતાં જ पाद નો पद् આદેશ થાય તેથી **ऋचः** पादान् पश्य = ઋચાના ચરણોને સમજ. અહીં पाद નામને शस् પ્રત્યય લાગ્યો છે પણ સ્યાદિનો शस् (अस्) પ્રત્યય છે તે શકારાદિ નથી પણ સ્વરાદિ છે તેથી આ સૂત્રથી पाद નો पद् આદેશ થયો નથી.

## शब्द-निष्क-घोष-मिश्रे वा । ३-२-९८.

**અર્થ:-** शब्द, निष्क, घोष અને मिश्र નામ ઉત્તરપદમાં હોય તો पाद નો पद् આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** शब्दश्च निष्कश्च घोषश्च मिश्रश्च एतेषां समाहारः- शब्दनिष्कघोषमिश्रम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન:-** पच्छब्दः, पादशब्दः-पन्निष्कः, पादनिष्कः- पद्घोषः, पादघोषः- पन्मिश्रः, पादमिश्रः અહીં पाद નામનો शब्द, निष्क અને घोष નામની સાથે षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. તથા पाद અને मिश्र નામનો तृतीया... ૩-૧-૬૫ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી વિકલ્પે पाद નો पद् આદેશ થયો છે. पच्छब्दः માં अघोषे... ૧-૩-૫૦ થી द् નો त् થયો તેથી पत्शब्दः થયું. तवर्गस्य... ૧-૩-૬૦ થી श् ના યોગમાં त् નો च् થવાથી पच्शब्दः થયું. અને प्रथमाद... ૧-૩-૪ થી श् નો छ् થવાથી पच्छब्दः થયું છે.

पन्निष्कः અને पन्मिश्रः માં तृतीयस्य... ૧-૩-૧ થી द् નો न् થવાથી આ પ્રમાણે સમાસો સિદ્ધ થયા છે.

## नस् नासिकायास्तःक्षुद्रे । ३-२-९९.

**અર્થ:-** नासिका નામનો तस् પ્રત્યય પરમાં હોય કે क्षुद्र શબ્દ ઉત્તરપદમાં હોય તો नस् આદેશ થાય છે.

**વિવેચનઃ-** नस्तः = નાકથી. नासिका નામને नसः પંચમીના અર્થમાં अहीय... ૭-૨-૮૮ થી तस् પ્રત્યય થવાથી नासिका+तस्. આ સૂત્રથી तस् પ્રત્યય પર છતાં नासिका નો नस् આદેશ થવાથી नस्तः થયું છે.

- नःक्षुद्रः-नासिका અને क्षुद्र નામનો सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી क्षुद्र નામ ઉત્તરપદમાં હોવાથી नासिका નો नस् આદેશ થયો છે. नस् માં રહેલા स् નો सोरुः ૨-૧-૭૨ થી र् થયો અને रः पदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ થયો છે.

  नासिकायाः પંચમીના અર્થમાં अहीय... ૭-૨-૮૮ થી तस् પ્રત્યય થયો છે અને नासिकायां સપ્તમીના અર્થમાં भवत्वा... ૭-૨-૯૧ થી પણ तस् પ્રત્યય થઈ શકે.

## येऽवर्णे । ३-२-१००.

**અર્થ:-** नासिका નામનો य પ્રત્યય પર છતાં વર્ણ અર્થને વર્જીને અન્ય અર્થમાં नस् આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** न वर्णः-अवर्णः, तस्मिन्. (નञ्.તત્પુ.)

**વિવેચનઃ-** नस्यम् = નાક માટે હિતકર. नासिकायै हितम् આ અર્થમાં नासिका નામને प्राण्यङ्... ૭-૧-૩૭ થી य પ્રત્યય થવાથી नासिका+य. અથવા ભવ અર્થમાં दिगादि... ૬-૩-૧૨૪ થી य પ્રત્યય થાય. આ સૂત્રથી य પ્રત્યય પર છતાં नासिका નો नस् આદેશ થયો છે.

**य इति किम् ?** नासिक्यं पुरम् = નાસિકાથી દૂર નહિ એવું નગર. नासिकायाः अदूरभवम् આ અર્થમાં नासिका નામને सुपन्थ्या... ૬-૨-૮૪ થી ञ्य(य) પ્રત્યય થવાથી नासिका+य. अवर्णे... ૭-૪-૬૮ થી नासिका ના आ નો લોપ થવાથી नासिक्यं થાય. निरनुबन्धग्रहणे न सानुबन्धस्य એ ન્યાયથી અનુબંધ વિનાના य પ્રત્યયનું સૂત્રમાં ગ્રહણ

હોવાથી અનુબન્ધ સહિત ञ्य પ્રત્યયનું ગ્રહણ થતું નથી. તેથી આ સૂત્રથી नासिका નો नस् આદેશ થયો નથી.

**अवर्ण इति किम् ?** नासिक्यः वर्णः = નાકમાં ઉત્પન્ન થયેલ વર્ણ. नासिकायां जातः આ અર્થમાં नासिका નામને जाते ૬-૩-૯૮ થી य પ્રત્યય થયો. अवर्णे... ૭-૪-૬૮ થી नासिका ના आ નો લોપ થવાથી नासिक्य થયું. અહીં વર્ણ અર્થ ગમ્યમાન હોવાથી नासिका નો नस् આદેશ આ સૂત્રથી થતો નથી.

## शिरसः शीर्षन् । ३-२-१०१.

અર્થ:- शिरस् નામનો य પ્રત્યય પર છતાં शीर्षन् આદેશ થાય છે.

વિવેચન:- शीर्षण्यः स्वरः = મસ્તકમાં ઉત્પન્ન થતો અવાજ. शिरसि भवः આ અર્થમાં शिरस् નામને दिगादि.... ૬-૩-૧૨૪ થી य પ્રત્યય થવાથી शिरस्+य. આ સૂત્રથી शिरस् નો शीर्षन् આદેશ થવાથી शीर्षन्य. रषृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી शीर्षण्यः થયું છે.

- शीर्षण्यं तैलम् = મસ્તક માટે હિતકર તેલ. शिरसे हितम् આ અર્થમાં शिरस् નામને प्राण्यङ्.. ૭-૧-૩૭ થી य પ્રત્યય થવાથી शिरस्+य. આ સૂત્રથી शिरस् નો शीर्षन् આદેશ થવાથી शीर्षन्य થયું. रषृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી शीर्षण्यं થયું છે.

**य इत्येव** - शिरस्तः = મસ્તકથી. शिरसः પંચમીના અર્થમાં अहीयरुहो... ૭-૨-૮૮ થી तस् પ્રત્યય થયો છે. तस् પ્રત્યય તે य થી ભિન્ન છે તેથી આ સૂત્રથી शीर्षन् આદેશ થયો નથી.

- शिरस्यति = મસ્તકને ઇચ્છે છે. शिरसं इच्छति આ અર્થમાં अमाव्यया... ૩-૪-૨૩ થી क्यन् (य) પ્રત્યય થયો છે. અહીં क्यन् માં य પ્રત્યય છે પણ તે અનુબંધ સહિત છે તેથી આ સૂત્રથી शीर्षन् આદેશ થયો નથી. ૩-૨-૧૦૦ માં કહ્યા પ્રમાણે અનુબંધ વગરનો જ य પ્રત્યય અહીં ગ્રહણ થશે.

शीर्षण्य માં नोऽपदस्य... ૭-૪-૬૧ થી તદ્ધિતનો य પ્રત્યય પર છતાં अन् ના લોપની પ્રાપ્તિ હતી પણ अनोऽट्ये ये ૭-૪-૫૧ થી य પ્રત્યય પર છતાં अन् ના લોપનો નિષેધ થયો છે.

## केशे वा । ३-२-१०२.

**અર્થઃ-** કેશ અર્થના વિષયમાં य પ્રત્યય પર છતાં शिरस् નો शीर्षन् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચનઃ-** शीर्षण्याः, शिरस्याः केशाः = મસ્તકમાં ઉત્પન્ન થયેલ વાળ. शिरसि भवः આ અર્થમાં शिरस् નામને दिगादि... ૬-૩-૧૨૪ થી य પ્રત્યય થવાથી शिरस्+य. આ સૂત્રથી शीर्षन् વિકલ્પે થવાથી शीर्षन्+य, शिरस्+य-शिरस्याः થયું. शीर्षन्य માં रषृव... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી शीर्षण्याः થયું છે.

## शीर्षः स्वरे तद्धिते । ३-२-१०३.

**અર્થઃ-** સ્વરાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં शिरस् નો शीर्ष આદેશ થાય છે.

**વિવેચનઃ-** हास्तिशीर्षिः = હસ્તિશિરસ્‌નું અપત્ય. हस्तिशिरः इव शिरः यस्य सः-हस्तिशिरः उष्ट्र... ૩-૧-૨૩ થી બહુવ્રીહિ સમાસ થયો છે. हस्तिशिरसः अपत्यं આ અર્થમાં हस्तिशिरस् નામને बाह्वादि... ૬-૧-૩૨ થી इञ् પ્રત્યય થવાથી हस्तिशिरस्+इञ्. वृद्धिः... ૭-૪-૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થવાથી हास्तिशिरस्+इञ्. સ્વરાદિ તદ્ધિત इञ् પ્રત્યય પર છતાં આ સૂત્રથી शिरस् નો शीर्ष આદેશ થવાથી हास्तिशीर्षिः થયું છે.

- शीर्षिकः = મસ્તકથી તરનાર. शिरसा तरति આ અર્થમાં नौ - द्विस्वरा... ૬-૪-૧૦ થી शिरस् નામને इक प्रत्यय થવાથી शिरस्+इक. આ સૂત્રથી शिरस् નું शिर्ष થવાથી शीर्षिकः થયું છે. અહીં પણ તદ્ધિતનો સ્વરાદિ પ્રત્યય છે.

બંનેમાં अवर्णे... ૭-૪-૬૮ થી शीर्ष ના अ નો લોપ થયો છે.

## उदकस्योदः पेषं-धि-वास-वाहने । ३-२-१०४.

**અર્થઃ-** पेषं, धि, वास અને वाहन નામ ઉત્તરપદમાં હોય તો उदक નામનો उद આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** पेषं च धिश्च वासश्च वाहनश्च एतेषां समाहारः-पेषंधिवासवाहनम्,

चन्द्रः, सागरचन्द्रः, એવી રીતે ત્રણ સમાસો થશે.

## द्व्यन्तरनवर्णोपसर्गादप ईप् । ३-२-१०९.

અર્થ:- द्वि, अन्तर् અને અવર્ણાન્ત ઉપસર્ગને વર્જીને અન્ય ઉપસર્ગોથી પર રહેલા ઉત્તરપદના अप् નામનો ईप् આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- न अवर्णः - अनवर्णः (નઞ્. તત્પુ.)

अनवर्णश्चासौ उपसर्गश्च-अनवर्णोपसर्गः (કર્મ.)

द्विश्च अन्तश्च अनवर्णोपसर्गश्च एतेषां समाहारः-द्व्यन्तरनवर्णोपसर्गम्, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચન**:- द्वीपम्, अन्तरीपम्, नीपम्, समीपम् - द्वि, अन्तर्, नि અને सम् નામનો अप् નામની સાથે एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે અને આ સૂત્રથી ઉત્તરપદમાં રહેલા अप् નો ईप् આદેશ થયો છે. ऋक्पूः... ૭-૩-૭૬ થી अत् સમાસાન્ત થયો છે.

**उपसर्गादिति किम् ?** स्वापः - शोभना (सु) અને अप् નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. પણ सु પૂજાર્થક હોવાથી તેને धातोः... ૩-૧-૧થી ઉપસર્ગસંજ્ઞા થતી નથી તેથી ઉપસર્ગ નહીં હોવાથી આ સૂત્રથી अप् નો ईप् આદેશ થયો નથી. शोभना आपः - स्वापः = સારું પાણી. सु પૂજાર્થક હોવાથી सुः पूजायाम् ૩-૧-૪૪ થી તત્પુરૂષ સમાસ પણ થઈ શકે છે. એજ રીતે अत्यापः માં પણ થશે. पूजास्वतेः... ૭-૩-૭૨ થી પૂજાર્થમાં વર્તતા सु અને अति નામને સમાસાન્ત अत् પ્રત્યયનો નિષેધ થાય છે.

**अनवर्णेति किम् ?** प्रापम्, परापम् - प्र અને परा નામનો अप् નામની સાથે एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અવર્ણાન્ત ઉપસર્ગ હોવાથી ઉત્તરપદમાં રહેલા अप् નો ईप् આ સૂત્રથી થયો નથી. પણ ऋक्पूः.... ૭-૩-૭૬ થી अत् સમાસાન્ત થયો છે.

अनवर्ण એ પ્રમાણે હોવાથી પર્યુદાસનઞ્ થી અવર્ણાન્ત ઉપસર્ગનું વર્જન એટલે અકાર નું જ વર્જન. આકારનું નહીં એવો અર્થ ન

કરતાં અકાર, આકાર બંનેનું વર્જન કરવું. संश्लिष्टा आगता आपः यस्मिन् - समापः = દેવસ્થાન. અહીં अप् નો ईप् આદેશ થયો નથી જો અકારનું જ વર્જન હોત તો અહીં આકાર હોવાથી ईप् આદેશ થઈ જાત તેના વારણ માટે अ અને आ બંનેનું ગ્રહણ છે.

## अनोर्देशे उप् । ३-२-११०.

**અર્થ:-** સમાસનો અર્થ દેશ જણાતો હોય તો अनु શબ્દથી પર રહેલા ઉત્તરપદના अप् નામનો उप् આદેશ થાય છે.

**વિવેચન:-** अनूपः देशः - अनु અને अप् નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે અને આ સૂત્રથી ઉત્તરપદમાં રહેલા अप् નો उप् આદેશ થયો છે. ऋक्पूः... ૭-૩-૭૬ થી अत् સમાસાન્ત થયો છે.

**देश इति किम् ?** अन्वीपं वनम् - अनु અને अप् નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. પણ દેશ અર્થ ગમ્યમાન નથી. વન અર્થ છે તેથી આ સૂત્રથી अप् નો उप् ન થતાં द्व्यन्तर... ૩-૨-૧૦૯ થી ईप् આદેશ થયો છે. ऋक्पूः... ૭-૩-૭૬ થી अत् સમાસાન્ત થયો છે.

कूपः, सूपः, यूपः માં ईषत् आपः यत्र सः-कूपः, सूपेया आपः यत्र सः - सूपः, यूतः आपः यस्मिन् सः-यूपः આ વિગ્રહમાં તેઓની સિદ્ધિમાં उप् આદેશ કેવી રીતે થઈ શકે ? पृषोदरादित्वात् ૩-૨-૧૫૫ થી સિદ્ધ થયેલા નિપાતન છે. જો કે पृषोदरादि ગણપાઠમાં આવા શબ્દો મળતાં નથી છતાં પણ पृषोदरादयः એ સૂત્ર બહુવચનમાં હોવાથી આકૃતિગણથી આ શબ્દોનો સંગ્રહ જાણવો.

## खित्यनव्ययाऽरुषो मोऽन्तो ह्रस्वश्च । ३-२-१११.

**અર્થ:-** खित् પ્રત્યયાન્ત નામ ઉત્તરપદમાં હોય તો अरुष् નામના અન્તે તેમજ અવ્યય વર્જીને સ્વરાન્ત નામનાં અન્તે म् નો આગમ થાય છે. અને યથાસંભવ પૂર્વપદના અન્ત્યસ્વરનો હ્રસ્વ આદેશ થાય છે.

**सूत्र समासः**:- ख् इत् (अनुबन्धः) यस्य सः-खित्, तस्मिन्. (બહુ.)

न रुष्-अरुष् (નञ्.તત્પુ.) न अव्ययम्-अनव्ययम् (નञ्.તત્પુ.)

अनव्ययम् च अरुष् च एतयोः समाहारः-अनव्ययारुष्, तस्य. (સમા.દ્વ.)

**વિવેચન**:- ज्ञंमन्यः - ज्ञ અને मन्य નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. ज्ञ એ અવ્યય સિવાયનું સ્વરાન્ત નામ છે. અને मन्य એ खश् પ્રત્યયાન્ત નામ છે તેથી આ સૂત્રથી ज्ञ ને અન્તે म् નો આગમ થયો છે. मन् ધાતુને कर्तुः... ૫-૧-૧૧૭ થી खश् (अ) પ્રત્યય થવાથી मन्+अ. खश् પ્રત્યય शित् હોવાથી दिवादेः... ૩-૪-૭૨ થી य પ્રત્યય થવાથી मन्+य+अ. लुगस्या... ૨-૧-૧૧૩ થી य માં રહેલા अ નો લોપ થવાથી मन्य કૃદન્ત બન્યું છે.

- कालिमन्या - काली અને मन्या નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. काली નામ અવ્યય સિવાયનું સ્વરાન્ત નામ છે. અને मन्या એ खश् પ્રત્યયાન્ત નામ છે તેથી આ સૂત્રથી काली નામને અન્તે म् નો આગમ અને काली નો ઈ હ્રસ્વ થવાથી कालि થયું છે. ઉપરપ્રમાણે मन्य કૃદન્ત થયા પછી आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય સ્ત્રીલિંગમાં લાગ્યો છે.

- अरुन्तुदः - अरुष् અને तुद् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. अरुः तुदति એ અર્થમાં बहुविध्व... ૫-૧-૧૨૪ થી तुद् ધાતુને खश् પ્રત્યય થયો છે. તે शित् પ્રત્યય હોવાથી तुदादेः शः ૩-૪-૮૧ થી खश् ની પૂર્વે श (अ) થવાથી अरुष्तुद्+अ+अ. लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વના अ નો લોપ થવાથી अरुष्तुद्+अ. આ સૂત્રથી अरुष् નામના અન્તે म् નો આગમ થવાથી अरुष् म्+तुद्+अ. संयोग... ૨-૧-૮૮ થી સંયોગની આદિમાં રહેલા ष् નો લોપ થવાથી अरुम्तुद थયું. तुद् નો त પરમાં આવતાં પૂર્વે રહેલાં म् નો म्नां... ૧-૩-૩૯ થી न् થવાથી अरुन्तुदः થયું છે.

**खितीति किम् ?** ज्ञमानी - ज्ञ અને मानी નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં मन् ધાતુને मन्याण्णिन् ૫-૧-૧૧૬ થી णिन् પ્રત્યય લાગવાથી मन्+इन्. ञ्णिति ૪-૩-૫૦ થી

मन् ના अ ની वृद्धि થવાથી मानिन् કૃદન્ત બન્યું છે. અહીં खित् પ્રત્યયાન્ત मन् ધાતુ નથી તેથી આ સૂત્રથી ज्ञ ને અન્તે म् નો આગમ થયો નથી.

**अनव्ययस्येति किम् ?** दोषामन्यं अहः - दोषा અને मन्य નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં खश् પ્રત્યયાન્ત मन् ધાતુ હોવા છતાં दोषा એ અવ્યય નામ હોવાથી આ સૂત્રથી दोषा નામથી પરમાં म् નો આગમ થતો નથી.

अनव्यय એ પ્રમાણે સૂત્રમાં હોવાથી તેમાં પર્યુદાસ નञ् નું ગ્રહણ કરાય છે. તે નञ् तत्सदृश નામનો ગ્રાહક છે. તથા अरुष् એ અવ્યય નથી વ્યંજનાન્ત નામ છે તેનું સૂત્રમાં પૃથક્ ગ્રહણ કરેલું છે તેથી અવ્યય સિવાયના સ્વરાન્ત નામોનું જ ગ્રહણ થાય છે. अरुष् શબ્દનું ગ્રહણ છે તેથી અવ્યય સિવાયના વ્યંજનાન્ત નામથી પરમાં પણ म् નો આગમ આ સૂત્રથી નહીં થાય જેમ કે गीर्मन्यः.

## सत्याऽगदाऽस्तोः कारे । ३-२-११२.

**અર્થ:-** कार નામ ઉત્તરપદમાં હોય તો सत्य, अगद અને अस्तु નામને અન્તે म् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસ:-** सत्यश्च अगदश्च अस्तुश्च एतेषां समाहारः-सत्यागदास्तु, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચન:-** सत्यङ्कारः, अगदङ्कार, अस्तुङ्कारः - सत्य, अगद અને अस्तु નામનો कार નામની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી પૂર્વપદને અંતે म् નો આગમ થવાથી सत्यम्कारः, अगदम्कारः, अस्तुम्कारः થયું. **वृत्यन्तो...** ૧-૧-૨૫ થી વૃત્તિનો અંતભાગ પદસંજ્ઞક ન થાય પણ પૂર્વભાગ પદસંજ્ઞક થાય તેથી तौमुमौ... ૧-૩-૧૪ થી પદાન્તે રહેલા म् ના क પર છતાં क ના વર્ગનો જ અન્ત્યવર્ણ ङ् થવાથી सत्यङ्कारः, अगदङ्कारः, अस्तुङ्कारः થયું.

कृ ધાતુને कर्मणोऽण् ૫-૧-૭૨ થી अण् પ્રત્યય થવાથી कृ+अण्. नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर् થવાથી कार કૃદન્ત થયું.

## लोकम्पृण-मध्यन्दिना-ऽनभ्याशमित्यम् । ३-२-११३.

**અર્થ:-** પૂર્વપદમાં કરાએલા म् આગમવાળા આ સમાસો નિપાતન છે.

**સૂત્ર સમાસ:-** लोकम्पृणश्च मध्यन्दिनम् च अनभ्याशमित्यश्च एतेषां समाहार:- लोकम्पृणमध्यन्दिनानभ्याशमित्यम्. (સમા.દ્વ.)

**વિવેચન:-** लोकम्पृण: - लोक અને पृण નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. लोकस्य पृण: એ પ્રમાણે कृति ૩-૧-૭૭થી પણ તત્પુરૂષ સમાસ થઈ શકે છે. लोक નામને અન્તે म् નો આગમ આ સૂત્રથી નિપાતન થયેલો છે. पृ ધાતુ સાતમાં ગણનો હોવાથી न (श्न) વિકરણ પ્રત્યય લાગીને पृन्, रषृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી पृण् થયું અને कर्मणोऽण् ૫-૨-૭૨ થી अण् પ્રત્યય થવાથી पृण કૃદન્ત થયું છે. પણ તે खित् પ્રત્યયાન્ત નામ નથી. अण् પ્રત્યયાન્ત નામ હોવાથી म् અન્તે થતો ન હતો. તેથી આ સૂત્રથી નિપાતન કર્યું છે.

- मध्यन्दिनम् - मध्य અને दिन નામનો सायाह्न.... ૩-૧-૫૩ થી તત્પુરૂષ સમાસ થયો છે. मध्य નામને म् નો આગમ આ સૂત્રથી થયો છે. ૩-૧-૭૬ માં ષષ્ઠ્યન્ત નામ પ્રથમોક્ત છે તેથી प्रथमोक्तं... ૩-૧-૧૪૮ થી दिन નામનો પૂર્વપ્રયોગ થાત પણ નિપાતનને કારણે આ સૂત્રથી मध्य નામ પૂર્વપદમાં આવ્યું. मध्य નામને म् નો આગમ થઈ શકત નહિં કારણકે પરમાં खित् પ્રત્યયાન્ત નામ નથી. પણ નિપાતનને કારણે म् નો આગમ આ સૂત્રથી થયો છે.

- अनभ्याशमित्य: - अनभ्याश અને इत्य નામનો एकार्थं.... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહિં પણ खित् પ્રત્યયાન્ત નામ પરમાં નથી તેથી अनभ्याश નામને म् નો આગમ થતો ન હતો પણ નિપાતનનાં કારણે આ સૂત્રથી म् નો આગમ થયો છે.

अभ्यास = ભણવું, अभ्याश = નજીક, अनभ्याश = દૂર. અર્થ થાય.

## भ्राष्ट्रा-ऽग्नेरिन्धे । ३-२-११४.

**અર્થ:-** इन्ध નામ ઉત્તરપદમાં હોય તો भ्राष्ट्र અને अग्नि નામને અન્તે म्

નો આગમ થાય છે.

**સૂત્ર સમાસઃ-** भ्राष्ट्रश्च अग्निश्च एतयोः समाहारः-भ्राष्ट्राग्नि, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** भ्राष्ट्रमिन्धः, अग्निमिन्धः - भ्राष्ट्र અને अग्नि નામનો इन्ध નામની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. इन्ध ઉત્તરપદમાં હોવાથી भ्राष्ट्र અને अग्नि નામને અન્તે म् નો આગમ થયો છે. इन्ध् ધાતુને कर्मणोऽण् ૫-૧-૭૨ થી अण् પ્રત્યય થવાથી इन्ध्+अ = इन्ध નામ થયું છે.

## अगिलाद् गिल-गिलगिलयोः । ३-२-११५.

**અર્થઃ-** गिल અન્તવાળા નામને વર્જીને અન્ય નામના અન્તે गिल અને गिलगिल શબ્દ ઉત્તરપદમાં હોય તો म् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસઃ-** न गिलः-अगिलः, तस्मात्. (નઞ્.તત્પુ.)

गिलश्च गिलगिलश्च - गिलगिलगिलौ, तयोः (ઇ.દ્વ.)

**વિવેચનઃ-** तिमिङ्गिलः, तिमिङ्गिलगिलः - तिमि નામનો गिल અને गिलगिल નામની સાથે ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. गिल અને गिलगिल નામ ઉત્તરપદમાં આવતાં પૂર્વના तिमि નામને અન્તે म् નો આગમ આ સૂત્રથી થયો છે. એ પ્રમાણે मत्स्यंगिलः, बालंगिलः (રાક્ષસ) થશે.

गिल् કોઈ સ્વતંત્ર ધાતુ નથી પણ गॄ ધાતુને છઠ્ઠાગણનો સ્વરાદિ अ (श) પ્રત્યય લાગવાથી गॄ+अ. नाम्यु... ૫-૧-૫૪ થી क (अ) પ્રત્યય લાગવાથી गॄ+अ+अ. ॠतां... ૪-૪-૧૧૬ થી क् ઇત્ પ્રત્યય પરમાં હોવાથી ॠ નો इर् થવાથી गिर्+अ+अ. लुगस्या... ૨-૧-૧૧૩ થી अ નો લોપ થવાથી गिर्+अ. नवा स्वरे ૨-૩-૧૦૨ થી र् નો ल् થવાથી गिल् ધાતુ બન્યો છે. અને क નો अ ભળવાથી गिल કૃદન્ત થયું છે.

तिमीनां गिलः એ પ્રમાણે कृति ૩-૧-૭૭ થી પણ તત્પુરુષ સમાસ થઈ શકે.

**अगिलादिति किम् ?** तिमिङ्गिलगिलः - तिमिङ्गिल અને गिल

નામ્નો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. પૂર્વપદ गिल અન્તવાળુ નામ હોવાથી गिल નામ ઉત્તરપદમાં હોવા છતાં આ સૂત્રથી म् નો આગમ થતો નથી.

અહીં गिल અન્તવાળા સિવાય નામોનું ગ્રહણ હોવાથી गिलान्त નામ સ્વરાન્ત છે તેથી પર્યુદાસ નञ્થી गिलान्त સિવાયના બીજા સ્વરાન્ત નામો જ ગ્રહણ થઈ શકશે. પણ વ્યંજનાન્ત નામોનું ગ્રહણ નહીં થાય દા.ત. धूर्गिलः.

## भद्रोष्णात् करणे । ३-२-११६.

**અર્થ:-** करण નામ ઉત્તરપદમાં હોય તો भद्र અને उष्ण નામને અન્તે म् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસ:-** भद्रश्च उष्णश्च एतयोः समाहारः-भद्रोष्णम्, तस्मात्. (સમા.દ્વ.)

**વિવેચન:-** भद्रंकरणम्, उष्णंकरणम् - भद्र અને उष्ण નામનો करण નામની સાથે कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. करण નામ ઉત્તરપદમાં હોવાથી भद्र અને उष्ण નામને અન્તે આ સૂત્રથી म् નો આગમ થયો છે. तौ मुमौ... ૧-૩-૧૪ થી પૂર્વના વર્ણ ઉપર म् નો અનુસ્વાર થયો છે.

कृ ધાતુને अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય થવાથી कृ+अन. नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर् થવાથી करण થયું છે. કૃદન્તના કર્મને ષષ્ઠી વિભક્તિ થાય છે. તેથી भद्र અને उष्ण નામને ષષ્ઠી વિભક્તિ થઈ છે.

## नवाऽखित्कृदन्ते रात्रेः । ३-२-११७.

**અર્થ:-** खित् વર્જીને કૃદન્ત ઉત્તરપદમાં હોય તો रात्रि નામને અન્તે म् નો આગમ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** न खित् - अखित्. (નञ્. તત્પુ.) अखित् चासौ कृद्च - अखित्कृद् (કર્મ.)

अखित्कृद् अन्ते यस्य सः-अखित्कृदन्तः, तस्मिन्. (બહુ.)

**વિવેચનઃ-** रात्रिञ्चरः, रात्रिचरः - रात्रि અને चर નામનો ङस्युक्तं...૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં चर् ધાતુને चरेष्टः ૫-૧-૧૩૮ થી ट પ્રત્યય લાગીને કૃદન્ત બન્યું છે તે खित् પ્રત્યયાન્ત નથી તેથી रात्रि નામને અન્તે આ સૂત્રથી म् નો આગમ વિકલ્પે થયો છે. तौ मुमौ ૧-૩-૧૪ થી च् પર છતાં म् નો ञ् થયો છે.

**खिद्वर्जनं किम् ?** रात्रिंमन्यम् अहः - आत्मानं रात्रिं मन्यते = પોતાને રાત્રિ માનનાર (દિવસ). रात्रि અને मन्य નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. मन्य એ खित् પ્રત્યયાન્ત કૃદન્ત હોવાથી આ સૂત્રથી અન્તે म् નો આગમ વિકલ્પે ન થતાં रात्रि નામ અવ્યય સિવાયનું સ્વરાન્ત હોવાથી खित्य... ૩-૨-૧૧૧ થી रात्रि નામને અન્તે નિત્ય म् નો આગમ થયો છે.

**कृदन्त इति किम् ?** रात्रिसुखम् - रात्रि અને सुख નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં सुख કૃદન્ત નથી તેથી रात्रि નામને અન્તે આ સૂત્રથી વિકલ્પે म् નો આગમ થયો નથી.

**अन्तग्रहणं किम् ?** रात्रयिता - रात्रिं इव आचरति = રાત્રિના જેવું આચરણ કરનાર. આ અર્થમાં रात्रि નામને कर्तुः क्विप्... ૩-૪-૨૫ થી क्विप् પ્રત્યય લાગ્યો. रात्रि ધાતુ બન્યો તેથી णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય લાગવાથી रात्रि+तृ. स्ताद्य... ૪-૪-૩૨ થી इट् લાગવાથી रात्रि+इ+तृ. नामिनो... ૪-૩-૧ થી ગુણ થવાથી रात्रे+इ+तृ. एदैतो... ૧-૨-૨૩ થી अय् થવાથી रात्रयितृ અને सि વગેરે કાર્ય થવાથી (सि નો डा થવાથી) रात्रयिता થયું.

**પ્રશ્નઃ-** સૂત્રમાં अन्त પદનો નિર્દેશ ન કર્યો હોત તો માત્ર कृति પદના નિર્દેશથી प्रत्यय... ૭-૪-૧૧૫ આ પરિભાષા થી કૃત્પ્રત્યયાન્તનું જ ગ્રહણ થઈ શકત તો પછી अन्त નું ગ્રહણ સૂત્રમાં શા માટે કર્યું ?

**જવાબઃ-** संज्ञोत्तरपदाधिकारे प्रत्ययग्रहणे प्रत्ययमात्रस्य न तदन्तस्य આ ન્યાયથી ઉત્તરપદને નિમિત્ત માનીને કોઈપણ કાર્ય કરાય ત્યાં પ્રત્યયના ગ્રહણથી પ્રત્યયાન્તનું ગ્રહણ થતું નથી. તેથી अन्त ગ્રહણ બરાબર જ છે. જો अन्त નું ગ્રહણ ન કરીએ અને આ ન્યાય પણ

અહીં ન લઈએ તો कालात्तन... ૩-૨-૨૪ સૂત્રમાં तनादि પ્રત્યયાન્ત નામના ગ્રહણનો પ્રસંગ આવશે તેથી તેના નિવારણ માટે આ ન્યાયનો આશ્રય લેવો જ જોઈએ એ જણાવવા માટે સૂત્રમાં अन्त નું ગ્રહણ સાર્થક છે.

## धेनोर्भव्यायाम् । ३-२-११८.

**અર્થ:-** भव्या નામ ઉત્તરપદમાં હોય તો धेनु નામના અન્તે म् નો આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન:-** धेनुम्भव्या, धेनुभव्या - धेनु અને भव्या નામનો विशेषणं... ૩-૧-૯૬ થી તત્પુ. કર્મ. સમાસ થયો છે. भव्या નામ भव्य-गेय.. ૫-૧-૭ થી નિપાતન થયેલું છે. भव्या ઉત્તરપદમાં હોવાથી धेनु નામને અન્તે म् નો આગમ આ સૂત્રથી વિકલ્પે થયો છે.

भव्या એ વિશેષણ છે. विशेषणं... થી भव्या નામ પ્રથમોક્ત હોવાથી प्रथमोक्तं.:. ૩-૧-૧૪૮ થી પૂર્વપદમાં આવે પણ આ સૂત્રથી भव्या ઉત્તરપદમાં હોય તો धेनु નામથી પરમાં म् અન્તે થાય તેથી भव्या વિશેષણવાચક નામ હોવા છતાં પૂર્વપ્રયોગ નહીં થાય.

## अषष्ठीतृतीयादन्याद् दोऽर्थे । ३-२-११९.

**અર્થ:-** अर्थ નામ ઉત્તરપદમાં હોય તો ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્તને વર્જીને અન્ય વિભક્ત્યન્ત अन्य નામને અન્તે द् નો આગમ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** षष्ठी च तृतीया च एतयोः समाहारः—षष्ठीतृतीयम् (સમા.દ્વ.)

न षष्ठीतृतीयम् -अषष्ठीतृतीयम्, तस्मात्. (નઞ્.તત્પુ.)

**વિવેચન:-** अन्यदर्थः, अन्यार्थः - अन्य અને अर्थ નામનો अन्यश्चासौ अर्थश्च માં विशेषणं... ૩-૧-૯૬ થી, अन्यः अर्थः अस्य सः- માં एकार्थं... ૩-૧-૨૨ થી અને अन्यस्मिन् अर्थः માં सप्तमी... ૩-૧-૮૮ થી સમાસો થઈ શકે. અર્થ પણ તે તે પ્રમાણે થશે. અહીં ષષ્ઠી અને તૃતીયા વિભક્તિ સિવાયની વિભક્તિ अन्य નામને લાગેલી છે તેથી આ સૂત્રથી अन्य નામને અન્તે द् નો આગમ વિકલ્પે થયો છે.

**षष्ठ्यादिवर्जनं किम् ?** अन्यार्थः - अन्य અને अर्थ નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે. અને ऊनार्थ... ૩-૧-૬૭ થી તૃતીયા તત્પુરૂષ સમાસ થયો છે. ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્તનું વર્જન હોવાથી આ સૂત્રથી अन्य નામને અન્તે द् નો આગમ થયો નથી.

## आशीराशा-ऽऽस्थिताऽऽस्थोत्सुकोति-रागे । ३-२-१२०.

**અર્થ:-** आशिष्, आशा, आस्थित, आस्था, उत्सुक, ऊति અને राग શબ્દો ઉત્તરપદમાં હોય તો ષષ્ઠ્યન્ત અને તૃતીયાન્ત વિભક્ત્યન્ત નામને વર્જીને અન્ય વિભક્ત્યન્ત अन्य નામને અન્તે द् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસ:-** आशीश्च आशा च आस्थितश्च आस्था च उत्सुकश्च ऊतिश्च रागश्च एतेषां समाहारः-आशीराशास्थितास्थोत्सुकोतिरागम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** अन्यदाशीः, अन्यदाशा, अन्यदास्थितः अन्यदास्था, अन्यदुत्सुकः, अन्यदूतिः અને अन्यद्रागः - અહીં अन्य નામનો आशिष् વગેરે નામોની સાથે सप्तमी... ૩-૧-૮૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ષષ્ઠી અને તૃતીયા વિભક્તિથી અન્ય સપ્તમી વિભક્તિવાળું अन्य નામ હોવાથી આ સૂત્રથી अन्य નામને અન્તે द् નો આગમ થયો છે. અહીં કર્મધારય, બહુવ્રીહિ, ચતુર્થી તત્પુ., પંચમી તત્પુ., સપ્તમી તત્પુ. વગેરે બધા જ સમાસો થઈ શકે.

**अषष्ठीतृतीयादित्येव** - अन्याशीः - अन्य અને आशीः નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી ષષ્ઠી તત્પુરૂષ સમાસ થયો છે. અને ऊनार्थ... ૩-૧-૬૭ થી તૃતીયા તત્પુરૂષ સમાસ થયો છે. ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્ત अन्य નામનો નિષેધ હોવાથી આ સૂત્રથી अन्य નામને અન્તે द् નો આગમ થતો નથી. आशीः શબ્દની જેમ બધા જ શબ્દો પર છતાં ષષ્ઠી અને તૃતીયા વિભક્તિની સાથે સમાસ હોય તો द् નો આગમ ન થાય.

अषष्ठी... ૩-૨-૧૧૯ થી આ સમાસો સિદ્ધ જ હતાં છતાં આ સૂત્રની રચના પુનઃ કરી તેથી આ સૂત્રથી अन्य નામને द् નો આગમ વિકલ્પે ન થતાં નિત્ય થયો છે.

## ईय-कारके । ३-२-१२१.

**અર્થ:-** ईय પ્રત્યય પર છતાં અને कारक નામ ઉત્તરપદમાં હોતે છતે अन्य નામને અન્તે द् નો આગમ થાય છે.

**સૂત્ર સમાસ:-** ईयश्च कारकश्च एतयोः समाहारः-ईयकारकम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** अन्यदीयः = બીજાનું આ. अन्यस्य अयम् આ અર્થમાં अन्य નામને गहादिभ्यः ૬-૩-૬૩ થી ईय પ્રત્યય થવાથી अन्य+ईय. ईय પ્રત્યય પર છતાં अन्य નામને અન્તે આ સૂત્રથી द् નો આગમ થવાથી अन्यद्+ईय - अन्यदीयः થયું.

- अन्यत्कारकः - अन्य અને कारक નામનો षष्ठ्य.... ૩-૧-૭૬ થી તત્પુરૂષ સમાસ થયો છે. (कृति ૩-૧-૭૭ થી પણ ષષ્ઠી તત્પુ. સમાસ થઈ શકે.) અને આ સૂત્રથી कारक નામ ઉત્તરપદમાં હોવાથી अन्य નામને અન્તે द् નો આગમ થયો છે. अघोषे... ૧-૩-૫૦ થી क् પર છતાં द् નો त् થયો છે.

ઉપરના ૩-૨-૧૨૦માં આનો સમાવેશ ન કરતાં પૃથગ્ સૂત્ર બનાવ્યું તેથી ષષ્ઠી અને તૃતીયા વિભક્ત્યન્ત अन्य નામનો નિષેધ હતો તેની નિવૃત્તિ થઈ.

"नामग्रहणे लिङ्गविशिष्टस्यापि ग्रहणम्" એ ન્યાયથી સૂત્રમાં પુંલિંગ कारक નામનાં ગ્રહણથી સ્ત્રીલિંગ कारिका નામનું પણ ગ્રહણ થઈ શકે તેથી अन्यत्कारिका સમાસમાં પણ આ સૂત્રથી अन्य નામને અન્તે द् નો આગમ થાય છે.

## सर्वादि-विष्वग्-देवाड्डद्रिः क्व्यञ्चौ । ३-२-१२२.

**અર્થ:-** ક્વિબન્ત अञ्च् ધાતુ ઉત્તરપદમાં હોય તો સર્વાદિ ગણપાઠમાંના सर्व, विश्व વગેરે નામો તેમજ विष्वग् અને देव નામને અન્તે डद्रि (अद्रि) આગમ થાય છે.

**સૂત્ર સમાસ:-** सर्वः आदिः यस्य सः-सर्वादिः (બહુ.)

सर्वादिश्च विष्वक्च देवश्च एतेषां समाहारः-सर्वादिविष्वग्देवम्, तस्मात्.

(સમા.દ્વ.) क्विबन्तश्चासौ अञ्चिश्च-क्व्यञ्चिः, तस्मिन्. (કર્મ.)

**વિવેચનઃ-** सर्वद्रीचः - सर्व અને अञ्च् નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી सर्व નામને અન્તે डद्रि નો આગમ થયો છે.

सर्व+अद्रि+अञ्च् डित्य... ૨-૧-૧૧૪ થી सर्व નાં अ નો લોપ.

सर्वद्रि+अञ्च् अञ्चो... ૪-૨-૪૬ થી अञ्च् ના न् નો લોપ.

सर्वद्रि+अच् शस् (अस्) પ્રત્યય દ્વિ.બ.વ. નો લાગ્યો.

सर्वद्रि+अच्+अस् अच्च्... ૨-૧-૧૦૪ થી अच् નો च् અને अद्रि નો इ દીર્ઘ થવાથી सर्वद्रीचस्, सोरुः, रःपदान्ते... થી सर्वद्रीचः થયું.

- द्रद्र्यङ् - द्वि અને अञ्च् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી द्वि નામને અન્તે डद्रि નો આગમ થયો છે.

द्वि+अद्रि+अञ्च् डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી इ નો લોપ.

द्वद्रि+अञ्च् अञ्चो... ૪-૨-૪૬ થી अञ्च् ના न् નો લોપ.

द्वद्रि+अच्+सि सि પ્રત્યય લાગ્યો તેનો दीर्घ...૧-૪-૪૫ થી લોપ.

द्वद्रि+अच् अचः ૧-૪-૬૯ થી च् ની પૂર્વે न् નો આગમ.

द्वद्रि+अन्च् पदस्य ૨-૧-૮૯ થી च् નો લોપ.

द्वद्रि+अन् इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

द्वद्र्यन् युजञ्च.... ૨-૧-૭૧ થી न् નો ङ्

द्वद्र्यङ् થયું છે.

- कद्र्यङ् - किम् અને अञ्च् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી किम् નામને અન્તે डद्रि નો આગમ થયો છે.

किम्+अद्रि+अञ्च् डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી इम् નો લોપ.

क्+अद्रि+अञ्च् अञ्चो... ૪-૨-૪૬ થી अञ्च् ના न् નો લોપ.

कद्रि+अच्+सि सि પ્રત્યય લાગ્યો તેનો दीर्घ...૧-૪-૪૫ થી લોપ.

कद्रि+अच् अचः ૧-૪-૬૯ થી च् ની પૂર્વે न् નો આગમ.

कद्रि+अन्च् पदस्य ૨-૧-૮૯ થી च् નો લોપ.

कद्रि+अन् इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

कद्र्यन् युजञ्च.... ૨-૧-૭૧ થી न् નો ङ्

कद्र्यङ् થયું છે.

- विष्वद्र्यङ् - विष्वग् અને अञ्च् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી विष्वग् નામને અન્તે डद्रि નો આગમ થયો છે.

विष्वग्+अद्रि+अञ्च् डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી अग् નો લોપ.

विष्वद्रि+अञ्च् अञ्चो... ૪-૨-૪૬ થી न् નો લોપ.

विष्वद्रि+अच्+सि सि પ્રત્યય લાગ્યો તેનો दीर्घ...૧-૪-૪૫ થી લોપ.

विष्वद्रि+अच् अचः ૧-૪-૬૯ થી च् ની પૂર્વે न् નો આગમ.

विष्वद्रि+अन्च् पदस्य ૨-૧-૮૯ થી च् નો લોપ.

विष्वद्रि+अन् इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

विष्वद्र्यन् युजञ्च.... ૨-૧-૭૧ થી न् નો ङ्

विष्वद्र्यङ् થયું છે.

- देवद्र्यङ् - देव અને अञ्च् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च्. ઉત્તરપદમાં હોવાથી देव નામને અન્તે डद्रि નો આગમ થયો છે.

देव+अद्रि+अञ्च् डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી अ ના લોપ.

देवद्रि+अञ्च्+सि सि પ્રત્યય લાગ્યો તેનો दीर्घ...૧-૪-૪૫ થી લોપ.

देवद्रि+अञ्च् पदस्य ૨-૧-૮૯ થી च् નો લોપ.

देवद्रि+अन्      इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

देवद्र्यन्      युजञ्च.... ૨-૧-૭૧ થી न् નો ङ्

देवद्र्यङ् થયું છે. અહીં પૂજાર્થક अञ्च् ધાતુ હોવાથી अञ्चो... ૪-૨-૪૬ થી न् નો લોપ થતો નથી તેથી अचः ૧-૪-૬૯ થી च् ની પૂર્વે न् નો આગમ પણ થતો નથી. અને पदस्य ૨-૧-૮૯ થી च् નો લોપ થયા પછી જે ञ् રહ્યો તે च् ના યોગમાં न् ના સ્થાને થયેલો હતો. તેથી च् નો લોપ થવાથી ञ् પણ ન રહેતાં न् જ રહે છે.

**क्वीति किम् ?** विष्वगञ्चनम् - विष्वग् અને अञ्चन નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં નથી પણ अनट् પ્રત્યયાન્ત अञ्च् ઉત્તરપદમાં છે તેથી આ સૂત્રથી विष्वग् નામને અન્તે डद्रि નો આગમ થયો નથી. अञ्च् ધાતુને अनट् ૫-૧-૧૨૪ થી अनट् પ્રત્યય થયો છે.

સૂત્રમાં પંચમીનું વિધાન કર્યું છે. તેથી डद्रि નો આગમ શબ્દોથી પરમાં થશે.

धातुग्रहणे तत्प्रत्यये कार्यविज्ञानम् । એ ન્યાયથી જ્યાં જ્યાં ધાતુનું ગ્રહણ હોય ત્યાં ત્યાં તે પ્રત્યયાન્તવાળા ધાતુનું જ ગ્રહણ થાય તેથી क्वि પ્રત્યયનું ગ્રહણ સૂત્રમાં નિરર્થક છે એમ ન જાણવું કેમ કે क्वि નું ગ્રહણ કરવાથી હવે अञ्च् ધાતુને અન્તે બધા પ્રત્યયનું ગ્રહણ નહીં થાય. પણ ક્વિબન્તનું જ ગ્રહણ થશે. તેથી डद्रि પ્રત્યય થાય તો ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોય તો જ થાય. તેથી विष्वगञ्चनम् માં अनट् પ્રત્યયાન્ત अञ्च् હોવાથી डद्रि નો આગમ ન થયો.

## सह-समः सध्रि-समि । ३-२-१२३.

**અર્થ:-** ક્વિબન્ત अञ्च् ધાતુ ઉત્તરપદમાં હોય તો सह અને सम નામનો सध्रि અને समि આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** सहश्च समश्च एतयोः समाहारः-सहसमम्, तस्य. (સમા.દ્વ.)

(सहसमस्य થવું જોઈએ પણ ષષ્ઠીનો સૂત્રત્વાત્ લોપ થયેલો છે. તેથી **सहसमः** થયું. અથવા બૃહન્યાસમાં सह् વ્યંજનાન્ત ગણ્યો છે.

તેથી सहसमः ષષ્ઠી વિભક્ત્યન્ત થઈ શકે. )

सध्रिश्च समिश्च एतयोः समाहारः-सध्रि-समि. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** सध्र्यङ् - सह અને अञ्च् નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી सह નો सध्रि આદેશ આ સૂત્રથી થયો છે. सध्र्यङ् ની સાધનિકા ઉપરના ૩-૨-૧૨૨માં આપેલા द्रद्र्यङ् વત્ થશે. પણ अद्रि નો આગમ નહિં થાય.

- सम्यङ् - सम् અને अञ्च् નામનો ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં હોવાથી सम् નો समि આદેશ થયો છે. सम्यङ् ની સાધનિકા द्रद्र्यङ् વત્ થશે પણ अद्रि નો આગમ નહિં થાય.

**क्व्यञ्चावित्येव** - सहाञ्चनम् - सह અને अञ्चन નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં ક્વિબન્ત अञ्च् ઉત્તરપદમાં નથી પણ अनट् પ્રત્યયાન્ત अञ्च् ઉત્તરપદમાં છે તેથી આ સૂત્રથી सह નો सध्रि આદેશ થયો નથી.

## तिरसस्तिर्यति । ३-२-१२४.

**અર્થઃ-** क्विप् પ્રત્યયાન્ત અકારાદિ अञ्च् ઉત્તરપદમાં હોય તો तिरस् નો तिरि આદેશ થાય છે.

**વિવેચનઃ-** तिर्यङ् - तिरस् અને अञ्च् નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં क्विप् પ્રત્યયાન્ત अञ्च् અકારાદિ હોવાથી આ સૂત્રથી तिरस् નો तिरि આદેશ થયો છે. तिर्यङ् ની સાધનિકા ૩-૨-૧૨૨ સૂત્રમાં આવતાં द्रद्र्यङ् પ્રમાણે થશે પણ डद्रि આદેશ થશે નહિં.

**अतीति किम् ?** तिरश्चः - तिरस् અને अञ्च् નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અહીં क्विप् પ્રત્યયાન્ત अञ्च् હોવાથી અકારાદિ છે પણ દ્વિ.બ.વ નો शस् પ્રત્યય લાગતાં अच्च्... ૨-૧-૧૦૪ થી अच् નો च् આદેશ થઈ જવાથી હવે અકારાદિ નથી. પણ ચકારાદિ अञ्च् છે તેથી આ સૂત્રથી तिरस् નો तिरि

આદેશ થયો નથી. સાધનિકા सर्वद्रीचःवत् થશે. ड्रि નો આગમ નહીં થાય. ૨-૧-૧૦૪ થી अच् નો च् થયો પણ સ્વરનો અભાવ હોવાથી દીર્ઘ થયો નથી.

## नञत् । ३-२-१२५.

**અર્થ:-** ઉત્તરપદ પરમાં હોતે છતે नञ् નો अ આદેશ થાય છે.

**વિવેચન:-** अचौरः पन्थाः - न અને चौर નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને चौर ઉત્તરપદમાં હોવાથી न નો આ સૂત્રથી अ થયો છે. અહીં નઞ્. તત્પુ. સમાસ કરવો હોય તો થઈ શકે પણ અન્યપદ તરીકે पन्थाः એમ લખેલું હોવાથી બહુવ્રીહિ સમાસ કર્યો છે.

**उत्तरपद इत्येव** - न भुङ्क्ते - અહીં भुङ्क्ते ક્રિયાપદ છે. સમાસમાં ઉત્તરપદ પરમાં હોય તો જ न નો अ આદેશ થાય. અહીં સમાસ નથી તેથી न નો अ આદેશ આ સૂત્રથી થયો નથી.

## त्यादौ क्षेपे । ३-२-१२६.

**અર્થ:-** નિન્દા અર્થ ગમ્યમાન હોય તો, ત્યાદ્યન્ત (તિવાદિ પ્રત્યયાન્ત) પદ પરમાં હોય તો नञ् નો अ આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** तिः आदिः यस्य सः-त्यादिः, तस्मिन्. (બહુ.)

**વિવેચન:-** अपचसि त्वं जाल्म ! = નીચ ! તું ખરાબ રાંધે છે. અહીં નિન્દા અર્થ ગમ્યમાન છે. તિવાદિનો सिव् પ્રત્યયાન્ત पचसि પદ પરમાં છે તેથી આ સૂત્રથી પૂર્વપદમાં રહેલા न નો अ આદેશ થયો છે.

**क्षेप इति किम् ?** न पचति चैत्रः = ચૈત્ર રાંધતો નથી. અહીં તિવાદિનો तिव् પ્રત્યયાન્ત पचति પદ પરમાં છે. પણ નિન્દા અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી પૂર્વપદમાં રહેલા न નો अ આદેશ થયો નથી.

तिवादि પ્રત્યયાન્ત પરમાં હોય તો नञत् ૩-૨-૧૨૫ સૂત્રથી न નો अ આદેશ ન થાત. તેથી તેની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો પ્રારંભ છે.

## नगोऽप्राणिनि वा । ३-२-१२७.

**અર્થ**:- પ્રાણી સિવાયનો અર્થ હોય તો નग સમાસ વિકલ્પે નિપાતન થાય છે.

**સૂત્ર સમાસ**:- न प्राणी - अप्राणी, तस्मिन्. (નञ्. તત્પુ.)

**વિવેચન**:- नगः, अगः गिरिः - न અને (गच्छति) ग નામનો नञ् ૩-૧-૫૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. સમાસનો અર્થ 'પર્વત' થતો હોવાથી પ્રાણી સિવાયનો અર્થ છે તેથી આ સૂત્રથી વિકલ્પે न નો अ થયો છે. गम् ધાતુને नाम्नो... ૫-૧-૧૩૧ થી ड (अ) પ્રત્યય થયો છે.

**अप्राणिनीति किम् ?** अगः अयम् शीतेन - અહીં न અને ग નો नञ् ૩-૧-૫૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. પ્રાણી અર્થ હોવાથી આ સૂત્રથી नग નિપાતન ન થતાં नञत् ૩-૨-૧૨૫ થી न નો अ થયો છે.

પૂર્વના नञत् ૩-૨-૧૨૫ થી न ના अ ની નિત્ય પ્રાપ્તિ હતી. તેની વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે આ સૂત્ર જુદુ બનાવ્યું.

## नखादयः । ३-२-१२८.

**અર્થ**:- नखादि સમાસો નહીં કરાએલા અકારાદિ આદેશવાળા નિપાતન છે.

**સૂત્ર સમાસ**:- नखः आदिः येषां ते- नखादयः (બહુ.)

**વિવેચન**:- नखः, नासत्यः - न અને ख નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને न અને असत्य નામનો नञ् ૩-૧-૫૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી नख માં न નાં अ નો અને नासत्यः માં न ના अन् નો નિષેધ થયો છે. खन् ધાતુને क्वचित् ૫-૧-૧૭૧ થી ड (अ) પ્રત્યય થયો છે. એજ પ્રમાણે नमुचिः, नक्षत्रम्, नकुलः, नपुंसकम्, नक्रम्, नाकः, नाराचः, नापितः વગેરે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે. દા.ત. नास्तिकः, नभः, नारंगः વગેરે.

અહીં न નો अ नञत् ૩-૨-૧૨૫ થી અને न નો अन् ૩-૨-૧૨૯ થી થવાનો હતો તેનો આ સૂત્રથી નિષેધ થયો.

## अन् स्वरे । ३-२-१२९.

**અર્થ:-** સ્વરાદિ ઉત્તરપદ હોય તો પૂર્વમાં રહેલાં न નો अन् આદેશ થાય છે.

**વિવેચન:-** अनन्तः - न અને अन्त નામનો नञ् ૩-૧-૫૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. અથવા एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને સ્વરાદિ ઉત્તરપદ હોવાથી આ સૂત્રથી પૂર્વપદમાં રહેલા न નો अन् થયો છે.

अनन्तः માં વૃત્તિ નો પૂર્વભાગ तदन्तं.... ૧-૧-૨૦ થી પદસંજ્ઞક થાય છે તેથી अन् ને પદસંજ્ઞા થઈ. તેમાં હ્રસ્વ સ્વરની પછી न् છે. અને તેના પછી अन्त નો अ છે તેથી ह्रस्वान्ङ.. ૧-૩-૨૭ થી न् ને દ્વિત્વ ની પ્રાપ્તિ હતી પરન્તુ સૂત્રમાં अन् એ પ્રમાણે લખ્યું છે તેના સામર્થ્યથી દ્વિત્વ નહીં થાય. જો દ્વિત્વ કરવું જ હોત તો अन्न् એ પ્રમાણે સૂત્રમાં જ દ્વિત્વ કરીને મૂકત. બીજું अन् આદેશનું વિધાન હોવાથી તેના સામર્થ્યથી સર્વત્ર नाम्नो... ૨-૧-૯૧ થી પદાન્તે न् નો લોપ થવાની પ્રાપ્તિ હતી તે હવે નહીં થાય.

## कोः कत्तत्पुरुषे । ३-२-१३०.

**અર્થ:-** સ્વરાદિ ઉત્તરપદ હોય તો તત્પુરૂષ સમાસમાં कु નો कद् આદેશ થાય છે.

**વિવેચન:-** **कदश्वः** - कु અને अश्व નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને સ્વરાદિ ઉત્તરપદ હોવાથી कु નામનો कद् આદેશ આ સૂત્રથી થયો છે. એજ પ્રમાણે कदुष्ट्रः, कदन्नम्, कदशनम् માં પણ कद् આદેશ થશે.

**तत्पुरुष इति किम् ?** कूष्ट्रो देशः - कु અને उष्ट्र નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. તત્પુરૂષ સમાસ નથી તેથી આ સૂત્રથી कु નો कद् આદેશ થયો નથી.

**स्वर इत्येव** - कुब्राह्मणः - कु અને ब्राह्मण નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. પણ ઉત્તરપદ સ્વરાદિ ન હોવાથી

આ સૂત્રથી कु નો कद् આદેશ થયો નથી.

## रथ-वदे । ३-२-१३१.

**અર્થ:-** रथ અને वद નામ ઉત્તરપદમાં હોય તો कु નો कद् આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** रथश्च वदश्च एतयोः समाहारः-रथवदम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** कद्रथः, कद्वदः - कु નામનો रथ અને वद નામની સાથે गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને रथ તથા वद ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી कु નામનો कद् આદેશ થયો છે. वद् ધાતુને अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય લાગ્યો છે.

ઉપરના ૩-૨-૧૩૦ થી સ્વરાદિ ઉત્તરપદ હોય તો જ कु નું कद् થતું હતું પણ रथ અને वद નામ વ્યંજનાદિ ઉત્તરપદ પરમાં હોય તો પણ कु નો कद् આદેશ કરવો છે તેથી સૂત્ર જુદુ બનાવ્યું.

## तृणे जातौ । ३-२-१३२.

**અર્થ:-** જાતિ અર્થમાં तृण નામ ઉત્તરપદમાં હોય તો (પૂર્વપદમાં રહેલાં) कु નામનો कद् આદેશ થાય છે.

**વિવેચન:-** कत्तृणा रौहिषाख्या तृणजातिः - कु અને तृण નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. तृण ઉત્તરપદમાં હોવાથી, જાતિ અર્થ જણાતો હોવાથી આ સૂત્રથી कु નામનો कद् આદેશ થયો છે. રૌહિષ = ખરાબ ઘાસની જાતિ.

અહીં વ્યંજનાદિ ઉત્તરપદ છે તેથી ૩-૨-૧૩૧માં ભેગું લીધું હોત તો ચાલત. પણ તૃણનો જાતિ અર્થ જણાતો હોય તો જ कु નામનો कद् આદેશ કરવો છે તેથી સૂત્ર જુદુ બનાવ્યું.

कत्तृणा સ્ત્રીલિંગ છે તેથી आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે.

## कत्त्रिः । ३-२-१३३.

**અર્થ:-** त्रि નામ ઉત્તરપદમાં હોય તો कु અને किम् નામનો कद् આદેશ થાય છે.

**વિવેચનઃ-** कत्रयः - कु અને त्रि નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને किम् અને त्रि નામનો किंक्षेपे ૩-૧-૧૧૦ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી कु અને क्रिम् નામનો कद् આદેશ થયો છે.

कत्त्रौ એ પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ પણ તે છોડીને कत्त्रिः એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેથી कु અને किम् બન્નેનું ગ્રહણ થાય છે.

કેટલાક किम् નો कद् થાય તેવું ઈચ્છતા નથી તેના મતે कित्रयः સમાસ થાય. कु નું પ્રકરણ ચાલતું હોવાથી માત્ર कु ને જ ઈચ્છે છે.

## काऽक्ष-पथोः । ३-२-१३४.

**અર્થઃ-** अक्ष અને पथिन् નામ ઉત્તરપદમાં હોય તો कु નામનો का આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** अक्षश्च पन्था च - अक्षपन्थानौ, तयोः. (ઇ. દ્વ.)

**વિવેચનઃ-** काऽक्षः - कु અને अक्ष નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી कु નો का આદેશ થયો છે.

- कापथम् - कु અને पथिन् નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી कु નો का આદેશ થયો છે. ऋक्पूः... ૭-૩-૭૬ થી पथिन् નામને अत् સમાસાન્ત થયો છે અને नोऽपदस्य... ૭-૪-૬૧ થી इन् નો લોપ થયો છે.

સૂત્રમાં અકારાન્ત अक्ष નામનું ગ્રહણ કરેલું હોવાથી अक्षि નામનું પણ ગ્રહણ થશે. अक्ष શબ્દ બે પ્રકારના મળે છે. એક તો અકારાન્ત અને બીજો सक्थ्य... ૭-૩-૧૨૬ થી ट સમાસાન્ત લાગવાથી અને अवर्णे... ૭-૪-૬૮ થી પૂર્વના इ નો લોપ થવાથી अक्ष શબ્દ બનેલો છે તે. તેથી कुत्सितः अक्षः-काक्षः = ખરાબ પાસો, कुत्सितम् अक्षम् - काक्षम् = ખરાબ ઈન્દ્રિય અને कुत्सितम् अक्षि यस्य - काक्षः = ખરાબ ઈન્દ્રિયવાળો. આ ત્રણેમાં આ સૂત્રથી कु નો का થઈ શક્યો.

સૂત્રમાં पथिन् શબ્દનો જે સ્વરાદિ પ્રત્યય પરછતાં न् નો લોપ થવાથી पथि શબ્દ બને છે તેનું ગ્રહણ હોવાથી पथ અકારાન્ત નામનું ગ્રહણ થતું નથી તેથી कुत्सितम् पथम् - कुपथम् અહીં અકારાન્ત पथ શબ્દ હોવાથી આ સૂત્રથી कु નામનો का આદેશ થતો નથી.

## पुरुषे वा । ३-२-१३५.

**અર્થ:-** पुरुष નામ ઉત્તરપદમાં હોય તો कु નામનો का આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન:-** कुपुरुषः, कापुरुषः - कु અને पुरुष નામનો गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી कु નામનો का આદેશ વિકલ્પે થયો છે.

ईषद् અર્થમાં अल्पे ૩-૨-૧૩૬ થી कु નો का નિત્ય થાય છે. તેથી આ સૂત્રમાં અનીષદ્-થોડું નહિં એવા અર્થમાં पुरुष નામ ઉત્તરપદમાં હોય તો વિકલ્પે कु નો का આદેશ થાય છે.

## अल्पे । ३-२-१३६.

**અર્થ:-** ईषद् અર્થમાં રહેલાં कु નામનો કોઈપણ નામ ઉત્તરપદમાં હોય તો का આદેશ થાય છે.

**વિવેચન:-** कामधुरम्, काऽच्छम् - कु નામનો मधुर અને अच्छ નામની સાથે गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી ईषद् અર્થમાં कु નો का થયો છે.

આ સૂત્ર પૃથગ્ બનાવ્યું તેથી હવે સ્વરાદિ ઉત્તરપદમાં હોય તો પણ ईषद् અર્થમાં कोः कत्... ૩-૨-૧૩૦ થી कु નો कद् ન થતાં આ સૂત્રથી कु નો का આદેશ જ થશે.

## का-कवौ वोष्णे । ३-२-१३७.

**અર્થ:-** उष्ण નામ ઉત્તરપદમાં હોય તો कु નામનો का અને कव આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** का च कवश्च - काकवौ (ઇ. દ્વ.)

**વિવેચનઃ**- कोष्णम्, कवोष्णम्, कदुष्णम् - कु અને उष्ण નામનો गतिक्क.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી कु નો का અને कव આદેશ વિકલ્પે થયો છે. તેથી તેના વિકલ્પપક્ષમાં कोः कत्... ૩-૨-૧૩૦ થી कद् આદેશ થયો છે.

બહુવ્રીહિ સમાસ હોય તો कोःकत्... ૩-૨-૧૩૦ થી कद् આદેશ થતો નથી પણ આ સૂત્રથી બે આદેશો થશે તેના વિકલ્પ પક્ષમાં कद् આદેશ થતો હતો તે નહીં થાય. જેમકે कुत्सितं (ईषद्) उष्णम् यस्मिन् सः - कोष्णः, कवोष्णः, कूष्णः (देशः) = થોડી ગરમી વાળો દેશ.

કોઈક વૈયાકરણ अग्नि ઉત્તરપદમાં હોય તોપણ આ સૂત્રથી का અને कव આદેશને ઈચ્છે છે તેથી તેના મતે काग्निः, कवाग्निः, कदग्निः પણ થાય.

## कृत्येऽवश्यमो लुक् । ३-२-१३८.

**અર્થ**:- कृत्य પ્રત્યયાન્ત નામ ઉત્તરપદમાં હોય તો अवश्यम् નામનાં અન્ત્ય म् નો લોપ થાય છે.

**વિવેચનઃ**- अवश्यकार्यम् - अवश्यम् અને कार्यम् નામનો अव्ययं... ૩-૧-૪૮ થી તત્પુરુષ સમાસ થયો છે. અથવા मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને कृत्य (घ्यण्) પ્રત્યયાન્ત कार्य નામ ઉત્તરપદમાં હોવાથી આ સૂત્રથી अवश्यम् ના म् નો લોપ થયો છે. ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય થયો છે.

क्यप् પ્રત્યયાન્ત - अवश्यस्तुत्यम् - दृ-वृग्... ૫-૧-૪૦ થી क्यप्.

य પ્રત્યયાન્ત - अवश्यदेयम् - य एच्चा... ૫-૧-૨૮ થી य.

तव्य પ્રત્યયાન્ત - अवश्यकर्त्तव्यम् - तव्या... ૫-૧-૨૭ થી तव्य.

अनीय પ્રત્યયાન્ત -अवश्यकरणीयम्-तव्या... ૫-૧-૨૭ થી अनीय.

અહીં બધા ઉદાહરણમાં कृत्य પ્રત્યયાન્ત ઉત્તરપદમાં છે તેથી આ સૂત્રથી अवश्यम् ના म् નો લોપ થયો છે.

**कृत्य इति किम् ?** अवश्यंलावकः - अवश्यम् અને लावक નામનો अव्ययं... ૩-૧-૪૮ અથવા मयूर.. ૩-૧-૧૧૬ થી તત્પુરુષ સમાસ થયો છે. लावक માં णकतृचौ ૫-૧-૪૮ થી णक પ્રત્યય લાગ્યો છે તે કૃત્ય પ્રત્યય નથી તેથી આ સૂત્રથી अवश्यम् ના म् નો લોપ થયો નથી.

## समस्तत-हिते वा । ३-२-१३९.

**અર્થ:-** तत અને हित નામ ઉત્તરપદમાં હોય તો सम् ના म् નો વિકલ્પે લોપ થાય છે.

**સૂત્ર સમાસ:-** ततश्च हितश्च एतयोः समाहारः-ततहितम्, तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન:-** सततम्, सन्ततम् - सहितम्, संहितम् - सम् નામનો तत અને हित નામની સાથે गतिक्व.. ૩-૧-૪૨ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી सम् ના म् નો લોપ વિકલ્પે થયો છે. सन्ततम् માં तौमुमौ.... ૧-૩-૧૪ થી म् નો त् પર છતાં અનુનાસિક न् થયો છે. संहितम् માં शिड्हे... ૧-૩-૪૦ થી ह પર છતાં म् નો અનુસ્વાર થયો છે.

सन्धीयतेस्म વિગ્રહ કરીને संहितम् સમાસ કરીએ તો તેમાં રહેલા धा નો તકારાદિ कित् પ્રત્યય પર છતાં धागः ૪-૪-૧૫ થી हि આદેશ થાય છે.

## तुमश्च मनः-कामे । ३-२-१४०.

**અર્થ:-** मनस् અને काम નામ ઉત્તરપદમાં હોય તો तुम् પ્રત્યયાન્ત નામના તેમજ सम् નામનાં म् નો લોપ થાય છે.

**સૂત્ર સમાસ:-** मनश्च कामश्च एतयोः समाहारः-मनःकामम् तस्मिन्. (સમા. દ્વ.)

**વિવેચન:-** भोक्तुमनाः, गन्तुकामः - भोक्तुम् અને मनस् નામનો તેમજ गन्तुम् અને काम નામનો एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી मनस् અને काम ઉત્તરપદમાં હોવાથી तुम् ના म् નો લોપ થયો છે. બહુવ્રીહિ સમાસ થવાથી અન્યપદ પ્રધાન

અન્ય કોઈ વ્યક્તિ બને છે. તે વ્યક્તિ પુંલિંગ હોવાથી मनस् નપું. હોવા છતાં તેના રૂપો પુંલિંગમાં चन्द्रमस् પ્રમાણે થશે. તેથી भोक्तुमनाः, समनाः રૂપ થયું છે.

- समनाः, सकामः - सम् નામનો मनस् અને काम નામની સાથે एकार्थं... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી मनस् અને काम ઉત્તરપદમાં હોવાથી सम् ના म् નો લોપ થયો છે.

  मनसा सह वर्तते - समनाः અને कामेन सह वर्तते - सकामः એ પ્રમાણે વિગ્રહ કરીને તત્પુરુષ સમાસ કરીએ તો सहस्य... ૩-૨-૧૪૩ થી सह નો स થઈને સમાસો સિદ્ધ જ હતાં તેથી અહીં सम् નું ગ્રહણ નિરર્થક થશે. ના, નહીં થાય. કારણ કે सह ની સાથે વિગ્રહ કરીએ તો જ આવા સમાસો થાય પણ सम् ની સાથે વિગ્રહ કરીએ તો આવા સમાસ થવાને બદલે सम्मनाः અને सङ्कामः આવા અનિષ્ટ સમાસો થાય. માટે અહીં ચકારથી सम् નું ગ્રહણ કર્યું છે તે યથાર્થ જ છે.

## मांसस्याऽनड्-घञि पचि नवा । ३-२-१४१.

**अर्थः-** अनट् અને घञ् પ્રત્યયાન્ત पच् ઉત્તરપદમાં હોય તો मांस નામના અન્ત્યવર્ણનો વિકલ્પે લોપ થાય છે.

**સૂત્ર સમાસઃ-** अनट् च घञ् च एतयोः समाहारः - अनड्घञ्, तस्मिन् (સમા. દ્વ.)

**વિવેચનઃ-** मांस्पचनम्, मांसपचनम् - मांस અને पचन નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરુષ સમાસ થયો છે. पच् ધાતુને अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય લાગેલો છે. તેથી આ સૂત્રથી मांस નામના અન્ત્યવર્ણ अ નો વિકલ્પે લોપ થયો છે.

- मांस्पाकः, मांसपाकः - मांस અને पाक નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરુષ સમાસ થયો છે. पच् ધાતુને भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી मांस નામનાં અન્ત્યવર્ણ अ નો વિકલ્પે લોપ થયો છે.

## दिक्शब्दात् तीरस्य तारः । ३-२-१४२.

**અર્થ**:- દિશાવાચક શબ્દથી પરમાં રહેલાં ઉત્તરપદ એવા तीर નામનો तार આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ**:- दिशि दृष्टः शब्दः-दिक्शब्दः, तस्मात्.

**વિવેચનઃ**- दक्षिणतारम्, दक्षिणतीरम् - दक्षिणा અને तार નામનો षष्ठ्य... ૩-૧-૭૬ થી તત્પુરુષ સમાસ થયો છે. અને આ સૂત્રથી तीर નામનો तार આદેશ વિકલ્પે થયો છે. सर्वादयो... ૩-૨-૬૧ થી दक्षिणा નામનો પુંવદ્ભાવ થયો છે.

## सहस्य सोऽन्यार्थे । ३-२-१४३.

**અર્થ**:- કોઈપણ ઉત્તરપદ પરમાં હોય તો બહુવ્રીહિ સમાસમાં सह નો स વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ**:- अन्यस्य अर्थः-अन्यार्थः, तस्मिन्. (ષ.તત્પુ.)

**વિવેચનઃ**- सपुत्रः, सहपुत्रः - सह અને पुत्र નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી सह નો स વિકલ્પે થયો છે.

**अन्यार्थ इति किम् ?** सहजः - सह અને ज નામનો ङस्युक्तं.. ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. जन् ધાતુને क्वचित् ૫-૧-૧૭૧ થી ड પ્રત્યય થયો છે. તત્પુરૂષ સમાસ છે. બહુવ્રીહિ સમાસ નથી તેથી આ સૂત્રથી सह નો स ન થયો.

## नाम्नि । ३-२-१४४.

**અર્થ**:- સંજ્ઞાના વિષયમાં કોઈપણ ઉત્તરપદ પરમાં હોય તો બહુવ્રીહિ સમાસમાં सह નો स આદેશ થાય છે.

**વિવેચનઃ**- साश्वत्थं वनम् - सह અને अश्वत्थ નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. સંજ્ઞાનો વિષય હોવાથી આ સૂત્રથી सह નો स આદેશ થયો છે.

**अन्यार्थ इत्येव** - सहदेवः कुरुः - सह અને देव નામનો अव्ययं..

૩-૧-૪૮ થી તત્પુરૂષ સમાસ થયો છે. બહુવ્રીહિ સમાસ ન હોવાથી સંજ્ઞાવાચક હોવા છતાં આ સૂત્રથી सह નો स આદેશ થયો નથી.

સંજ્ઞાના વિષયમાં सह નો स આદેશ નિત્ય કરવા માટે सहस्य... ૩-૧-૧૪૩ થી આ સૂત્ર જુદુ બનાવ્યું. સૂત્ર જુદુ બનાવવાથી જ नवा ની નિવૃત્તિ થઈ છે.

## अदृश्याऽधिके । ३-२-१४४.

**અર્થ:-** अदृश्य - પરોક્ષ - જોઈ શકાય નહિં તે.

अधिक - અધિરુઢ - ઉપર ચઢેલું.

અદશ્યાર્થક અને અધિકાર્થક નામ ઉત્તરપદમાં હોય તો બહુવ્રીહિ સમાસમાં सह નો स આદેશ થાય છે.

**સૂત્ર સમાસ:-** अदृश्यश्च अधिकश्च एतयोः समाहारः-अदृश्याधिकम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચન:-** साग्निः (कपोतः) - सह અને अग्नि નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. કબૂતરમાં અદશ્ય અગ્નિ છે તેવી પ્રસિદ્ધિ હોવાથી આ સૂત્રથી सह નો स આદેશ થયો છે. એજ પ્રમાણે.

- सपिशाचा वात्या - વાયુનો સમૂહ પિશાચ સહિત વર્તે છે એવી પ્રસિદ્ધિ હોવાથી પિશાચ અદશ્ય જ છે તેથી આ સૂત્રથી सह નો स આદેશ થયો છે.
- सराक्षसीका विद्युत् - વિદ્યુત રાક્ષસીથી અધિષ્ઠિત હોય છે એવી પ્રસિદ્ધિ હોવાથી રાક્ષસી અદશ્ય છે તેથી આ સૂત્રથી सह નો स આદેશ થયો છે.
- सद्रोणा खारी - सह અને द्रोण નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને द्रोण એ અધિકાર્થક છે કેમ કે એકમણ ઉપર એકખારી એમ મણથી અધિક કહેવું હોય ત્યારે વપરાય છે. તેથી આ સૂત્રથી सह નો स આદેશ થયો છે એજ

પ્રમાણે समाषः, सकाकणीकः વગેરે.

सहस्य... ૩-૨-૧૪૩ થી सह નો स આદેશ થતો જ હતો છતાં પણ આ સૂત્ર બનાવ્યું તેથી અદશ્યાર્થક અને અધિકાર્થક નામ ઉત્તરપદમાં હોય ત્યારે સહ નો स આદેશ નિત્ય કરવા માટે જ પૃથક્ આરંભ છે.

## अकालेऽव्ययीभावे । ३-२-१४६.

**અર્થ:-** કાલવાચક સિવાયના નામ ઉત્તરપદમાં હોય તો અવ્યયીભાવ સમાસમાં सह નો स આદેશ થાય છે.

**વિવેચન:-** सब्रह्म साधूनाम् - सह અને ब्रह्मन् નામનો विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. અને આ સૂત્રથી सम्पत् અર્થમાં થયેલા सह નામનો स આદેશ થયો છે. આ સમાસ ૩-૧-૩૯માં આપેલો છે.

**अकाल इति किम् ?** सहपूर्वाह्णं शेते - सह અને पूर्वाह्ण નામનો विभक्ति.. ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. सह અપરિત્યજ્ય અર્થમાં છે. અહીં ઉત્તરપદ કાલવાચક છે તેથી આ સૂત્રથી सह નો स આદેશ થયો નથી.

**अव्ययीभाव इति किम् ?** सहयुध्वा - सह અને युध् નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. युध् ને सह-राजभ्यां... ૫-૧-૧૬૭ થી क्वनिप् પ્રત્યય લાગ્યો છે તેથી युध्वन् શબ્દ બન્યો. અહીં અકાલવાચક ઉત્તરપદ હોવા છતાં અવ્યયીભાવ સમાસ ન હોવાથી આ સૂત્રથી सह નો स આદેશ થયો નથી. सहयुध्वन् થયા પછી अन् અન્તવાળુ હોવાથી राजन् પ્રમાણે રૂપો થશે.

सहयुध्वा નો સમાસ ङस्युक्तं... ૩-૧-૪૯ થી પણ થઈ શકે.

## ग्रन्थान्ते । ३-२-१४७.

**અર્થ:-** ગ્રન્થના અન્તવાચક નામ ઉત્તરપદમાં હોય તો અવ્યયીભાવ સમાસમાં सह નો स આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ**- ग्रन्थस्य अन्तः-ग्रन्थान्तः, तस्मिन्. (ષ.તત્પુ.)

**વિવેચનઃ**- सकलं ज्योतिषम् अधीते - सह અને कला નામનો विभक्ति... ૩-૧-૩૯ થી અવ્યયીભાવ સમાસ થયો છે. અને આ સૂત્રથી सह નો स આદેશ થયો છે. અવ્યયીભાવ સમાસ હોવાથી નપું.. માં જ વપરાય છે તેથી क्लीबे ૨-૪-૯૭ થી હ્રસ્વ થઈને कला નું कल થયું છે. એજ પ્રમાણે सकाष्ठम्, समुहूर्तम् થશે.

## नाऽऽशिष्यगो-वत्स हले । ३-२-१४८.

**અર્થઃ**- આશીર્વાદ અર્થ ગમ્યમાન હોય તો ગો-वत्स અને हल નામને વર્જીને કોઈપણ નામ ઉત્તરપદમાં હોય તો सह નો स આદેશ થતો નથી.

**સૂત્ર સમાસઃ**- गोश्च वत्सश्च हलश्च एतेषां समाहारः-गोवत्सहलम्. (સમા.દ્વ.)

ન गोवत्सहलम् - अगोवत्सहलम्, तस्मिन्. (નञ्. તત્પુ.)

**વિવેચનઃ**- स्वस्ति गुरवे सहशिष्याय - सह અને शिष्य નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. सहस्य... ૩-૨-૧૪૩ થી सह ના स ની પ્રાપ્તિ હતી તેનો આશીર્વાદ અર્થમાં આ સૂત્રથી નિષેધ થવાથી અહીં सह નો स આદેશ થયો નથી. शक्तार्थ... ૨-૨-૬૮ થી સ્વસ્તિના યોગમાં ગુરુ નામને ચતુર્થી વિભક્તિ થઈ છે.

**आशिषीति किम् ?** सपुत्रः - पुत्रेण सह आगतः અહીં सह અને पुत्र નામનો सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અહીં આશિષ્ અર્થ ગમ્યમાન ન હોવાથી અને ગો-वत्स - हल વર્જીત पुत्र નામ ઉત્તરપદમાં હોવાથી सह નો स આદેશ આ સૂત્રથી નિષેધ ન થતાં सहस्य... ૩-૨-૧૪૩ થી सह નો स આદેશ વિકલ્પે થયો છે. આ સમાસ ૩-૧-૨૪માં આપેલો જ છે.

**गवादिवर्जनं किम् ?** स्वस्ति तुभ्यं सगवे, सहगवे - सवत्साय, सहवत्साय - सहलाय, सहहलाय - सह નામનો ગો, वत्स અને हल નામની સાથે सहस्तेन ૩-૧-૨૪ થી બહુવ્રીહિ સમાસ થયો છે. આશીર્વાદ અર્થ ગમ્યમાન છે પણ આ શબ્દોનું આ સૂત્રમાં વર્જન

-હોવાથી આ સૂત્રથી सह નાં स આદેશનો નિષેધ ન થતાં सहस्य... ૩-૨-૧૪૩ થી सह નો स આદેશ વિકલ્પે થયો છે. આશીર્વાદ અર્થ હોવાથી तद्भद्रा... ૨-૨-૬૬ થી ચતુર્થી વિભક્તિ થઈ છે.

## समानस्य धर्माऽऽदिषु । ३-२-१४९.

**અર્થ**:- धर्मादि ગણપાઠમાંના धर्म, नामन् વગેરે નામો ઉત્તરપદમાં હોય તો समान નો स આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- धर्मः आदिः येषां ते - धर्मादयः, तेषु. (બહુ.)

**વિવેચન**:- सधर्मा, सनामा - समान નામનો धर्म અને नामन् નામની સાથે एकार्थं.... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને આ સૂત્રથી समान નો स આદેશ થયો છે. सधर्म સમાસને અન્તે द्विपदाद्... ૭-૩-૧૪૧ થી अन्. अवर्णे... ૭-૪-૬૮ થી अ નો લોપ થવાથી सधर्मन् થયું. અને राजन् પ્રમાણે રૂપો થશે.

समानः धर्मः - सधर्मः, समानं नाम - सनाम. એ પ્રમાણે विशेषणं... ૩-૧-૯૬ થી કર્મધારય સમાસ પણ થઈ શકે છે.

બહુવચન આકૃતિગણના ગ્રહણ માટે છે.

## सब्रह्मचारी । ३-२-१५०.

**અર્થ**:- सब्रह्मचारी સમાસ નિપાતન થાય છે.

**વિવેચન**:- सब्रह्मचारी - समाने ब्रह्मणि आगमे गुरुकुले वा व्रतं चरति આ અર્થમાં નિપાતનને કારણે समान અને ब्रह्मचारिन् નામનો ङस्युक्तं... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. समान ના स આદેશની પ્રાપ્તિ ન હોવા છતાં આવો અર્થ અને स નિપાતન થયો છે.

## दृक्-दृश-दृक्षे । ३-२-१५१.

**અર્થ**:- दृक्, दृश અને दृक्ष નામ ઉત્તરપદમાં હોય તો समान નો स આદેશ થાય છે.

**સૂત્ર સમાસ**:- दृक् च दृशश्च दृक्षश्च एतेषां समाहारः-दृक्दृशदृक्षम्, तस्मिन्. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** सदृक्, सदृशः सदृक्षः - समान નામનો दृक्, दृश અને दृक्ष નામની સાથે ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી આ શબ્દો ઉત્તરપદમાં હોવાથી समान નો स આદેશ થયો છે. दृश् ધાતુને त्यदाद्य.... ૫-૧-૧૫૨ થી क्विप्, टक् (अ) અને सक् (स) પ્રત્યય લાગ્યા છે. क्विप् લાગવાથી दृक्, टक् લાગવાથી दृश અને सक् લાગવાથી दृक्ष શબ્દો બન્યા છે. सदृक्षः માં दृश्+स. यज-सृज... ૨-૧-૮૭ થી श् નો ष् થવાથી दृष्+स. षढोः... ૨-૧-૬૨થી ष् નો क् થવાથી दृक्+स. रषृवर्णा... ૨-૩-૬૩ થી स् નો ष् થવાથી दृक्+ष. क्+ष = क्ष થવાથી दृक्ष બન્યું છે.

## अन्य-त्यदादेराः । ३-२-१५२.

**અર્થઃ-** दृक्, दृश અને दृक्ष નામ ઉત્તરપદમાં હોય તો अन्य નામના અન્ત્યવર્ણનો અને त्यदादि નામના અન્ત્યવર્ણનો आ આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** अन्यश्च त्यदादिश्च एतयोः समाहारः-अन्यत्यदादि, तस्य. (સમા.દ્વ.)

**વિવેચનઃ-** अन्यादृक्, अन्यादृशः, अन्यादृक्षः- त्यादृक्, त्यादृशः, त्यादृक्षः- अस्मादृक्, अस्मादृशः, अस्मादृक्षः- अन्य, त्यद् અને अस्मद् નામનો दृक्, दृश અને दृक्ष નામની સાથે ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી अन्य ના અન્ત્ય अ નો, त्यद् ના અન્ત્ય द् નો અને अस्मद् ના અન્ત્ય द् નો आ થયો છે. दृक्ष ની સાધનિકા ઉપરના ૩-૨-૧૫૧ સૂત્ર પ્રમાણે જાણવી. दृश् ધાતુને त्यदाद्य.... ૫-૧-૧૫૨ થી क्विप्, टक् અને सक् પ્રત્યય થાય છે.

## इदं-किमीत्-की । ३-२-१५३.

**અર્થઃ-** दृक्, दृश અને दृक्ष નામ ઉત્તરપદમાં હોય તો इदम् અને किम् નો અનુક્રમે ईत् અને की આદેશ થાય છે.

**સૂત્ર સમાસઃ-** इदम् च किम् च एतयोः समाहारः-इदंकिम् (સમા.દ્વ.).

ईत् च की च एतयोः समाहारः-ईत्की (સમા.દ્વ.)

**વિવેચનઃ-** ईदृक्, ईदृशः ईदृक्षः - कीदृक्, कीदृशः, कीदृक्षः - इदम् અને

किम् નામનો दृक्, दृश અને दृक्ष નામની સાથે ङस्युक्तं.... ૩-૧-૪૯ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી इदम् નો ई અને किम् નો की આદેશ થયો છે. ईत् આદેશમાં त् ઇત્ છે. त्यदाद्य.... ૫-૧-૧૫૨ થી दृश् ધાતુને क्विप्, टक् અને सक् પ્રત્યય લાગ્યા છે. दृक्ष ની સાધનિકા ઉપરના ૩-૨-૧૫૧ સૂત્ર પ્રમાણે જાણવી.

## अनञः क्त्वो-यप् । ३-२-१५४.

**અર્થ:-** नञ् અવ્યયને વર્જીને અન્ય અવ્યય એવા પૂર્વપદથી પરમાં જે ઉત્તરપદ છે તેના અવયવભૂત क्त्वा નો यप् થાય છે.

**સૂત્ર સમાસ:-** न नञ् - अनञ्, तस्मात्. (નઞ્. તત્પુ.)

**વિવેચન:-** प्रकृत्य - प्र અને कृत्वा નો गतिक्व.... ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. प्र વગેરે ઉપસર્ગોને ऊर्याद्यनु... ૩-૧-૨ થી ગતિસંજ્ઞા થવાથી गतिः ૧-૧-૩૬ થી અવ્યયસંજ્ઞા થાય છે. તેથી प्र એ અવ્યયથી પરમાં રહેલાં क्त्वा નો આ સૂત્રથી यप् આદેશ થયો છે. તેથી प्र+कृय. ह्रस्व... ૪-૪-૧૧૩ થી य ની પૂર્વે त् નો આગમ થવાથી प्रकृत्य થયું.

**अनञ इति किम् ?** अकृत्वा - न અને कृत्वा નામનો नञ् ૩-૧-૫૧ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને न નો अ नञत् ૩-૨-૧૨૫ થી થયો છે. અહીં न એ અવ્યય હોવા છતાં સૂત્રમાં નિષેધ હોવાથી આ સૂત્રથી क्त्वा નો यप् આદેશ થયો નથી.

परमकृत्वा - परम અને कृत्वा નામનો सन् महत्... ૩-૧-૧૦૭ થી કર્મધારય સમાસ થયો છે. પણ परम અવ્યય ન હોવાથી આ સૂત્રથી क्त्वा નો यप् આદેશ થયો નથી.

**उत्तरपदस्येत्येव** - अलं कृत्वा - અહીં સમાસ નથી તેથી कृत्वा ઉત્તરપદમાં ન હોવાથી આ સૂત્રથી क्त्वा નો यप् આદેશ થયો નથી. अलम् ને स्वरादयो... ૧-૧-૩૦ થી અવ્યયસંજ્ઞા થઈ છે. भूषादर... ૩-૧-૪ થી अलम् ગતિસંજ્ઞક ન થવાથી गतिक्व.. ૩-૧-૪૨ થી

સમાસ થયો નથી.

नोऽङ्गादेः ७-२-२९ થી मतु અર્થમાં न પ્રત્યય થાય છે તેનાથી જુદો પાડવા માટે અવ્યયના न ને नञ् કરીને ञ् ઈત્‌વાળો કર્યો છે.

## पृषोदरादयः । ३-२-१५५.

**અર્થ:-** पृषोदरादि ગણપાઠમાંના पृषोदर વગેરે સમાસો નિપાતન છે.

**સૂત્ર સમાસ:-** पृषोदरः आदिः येषां ते - पृषोदरादयः (બહુ.)

**વિવેચન:-** पृषोदरः - पृषत् અને उदर નામનો एकार्थं..... ૩-૧-૨૨ થી બહુવ્રીહિ સમાસ થયો છે. અને નિપાતનનાં કારણે त् નો લોપ અને ओ થયો છે.

- बलाहकः - वारिणः वाहकः-वारि અને वाहक નામનો कृति ૩-૧-૭૭ થી તત્પુરૂષ સમાસ થયો છે. નિપાતનનાં કારણે वारि નામનો ब આદેશ, वाहक નામના व् નો ल् આદેશ થયો છે.

  બ.વ. આકૃતિગણના ગ્રહણ માટે છે. જેમકે-

  मह्याम् रौति-मयूरः = પૃથ્વી પર રોવે, કલરવ કરે તે.

  मह्याम् शेते - महिषः = પૃથ્વી પર સુએ તે.,

  शबानाम् शयनम् - श्मशानम् = મડદાઓનું સુવું તે.

  बलं वर्धयति - बलीवर्दः = બળને વધારનાર.

  बिलं दारयति - बिडालः = બિલાડો. (બીલમાં જઈને ફાડી ખાનાર.)

  मृदम् आलीयते - मृणालः = કમળની નાળ. (માટીનો આશ્રય લે તે.)

  असृग् आलीयते - शृगालः = શિયાળ. (લોહીનો આશ્રય લે તે.)

  दिवि ओकः येषां ते - दिवौकसः = દેવ. (સ્વર્ગમાં ઘર છે જેનું તે.)

  उर्ध्वौ कर्णौ यस्यः सः - उलूकः = ઘૂવડ. (ઊંચા કાન છે જેના તે.)

  कौ जीर्यति - कुञ्जरः = હાથી. (જે પૃથ્વી પર જ ઘરડો થાય તે.)

  जीवनस्य (जलस्य) मूतः- जीमूतः = મેઘ. (પાણીનું પોટલું.)

## वांऽवाऽप्योस्तनिक्री-धाग्-नहोर्व-पी । ३-२-१५६.

**અર્થ:-** तन् અને क्री ધાતુ પરમાં હોય તો अव ઉપસર્ગનો व આદેશ તથા धाग् અને नह् ધાતુ પરમાં હોય તો अपि ઉપસર્ગનો पि આદેશ વિકલ્પે થાય છે.

**સૂત્ર સમાસ:-** अवश्च अपिश्च - अवापी, तयोः (ઈ.દ્વ.)

तनिश्च क्रीश्च एतयोः समाहारः-तनिक्री. (સમા.દ્વ.)

धाक् च नह् च एतयोः समाहारः-धाग्नह् (સમા.દ્વ.)

तनिक्री च धाग्नह्च - तनिक्रीधाग्नहौ, तयोः (ઈ.દ્વ.)

वश्च पिश्च - वपी (ઈ.દ્વ.)

**વિવેચન:-** वतंसः, अवतंसः - वक्रयः, अवक्रयः-पिहितम्, अपिहितम् - पिनद्धम्, अपिनद्धम्.- अव નામનો तंस અને क्रय નામની સાથે તેમજ अपि નામનો हित અને नद्ध નામની સાથે गतिक्व.... ૩-૧-૪૨ થી તત્પુરૂષ સમાસ થયો છે. અને આ સૂત્રથી अव નો व અને अपि નો पि આદેશ વિકલ્પે થયો છે.

तन् ધાતુને ઉણાદિનો स પ્રત્યય લાગવાથી तन्+स. स પર છતાં शिड्ढे... ૧-૩-૪૦થી तन् ના न् નો અનુસ્વાર થવાથી तंस નામ બન્યું છે.

क्री ધાતુને युवर्ण.... ૫-૩-૨૮ થી अल् પ્રત્યય થવાથી क्री+अ. नामिनो... ૪-૩-૧ થી ગુણ થવાથી क्रे+अ. एदैतो... ૧-૩-૨૩ થી ए નો अय् થવાથી क्रय નામ બન્યું છે.

धा ધાતુને क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય લાગવાથી धा+क्त. धागः ૪-૪-૧૫ થી धा નો हि થવાથી हित નામ બન્યું છે.

नह् ધાતુને क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય લાગવાથી नह्+त. नहाहो... ૨-૧-૮૫ થી ह् નો ध् થવાથી नध्+त, अधश्च... ૨-૧-૭૯ થી त् નો ध् થવાથી नध्+ध. तृतीय... ૧-૩-૪૯ થી ध् નો द् થવાથી नद्+ध – नद्ध બન્યું છે.

નિમિત્ત સપ્તમી એ.વ.માં હોય પણ સૂત્રમાં દ્વિ.વ. મૂક્યું છે તેથી

अव ની સાથે तन् અને क्री જ લેવા માટે અને अपि ની સાથે धा અને नह् લેવા માટે જ છે.

**इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञशब्दानुशासनलघुवृत्तौ तृतीयस्याध्यायस्य द्वितीयः पादः समाप्तः ॥३-२॥**

**श्रीमद्-वल्लभराजस्य, प्रतापः कोऽपि दुःसहः।**
**प्रसरन् वैरिभूपेषु, दीर्घनिद्रामकल्पयत् ॥**

શત્રુરાજાઓને વિષે પ્રસાર પામતાં શ્રીમાન્ વલ્લભરાજાના (સિદ્ધરાજના) અવર્ણનીય અતિતીવ્ર પ્રતાપે (શત્રુરાજાઓની) દીર્ઘ નિદ્રાને કરી. (મરણ પામ્યા.)

# સમાજ વિભાગ

## –: ત્રીજા અધ્યાયના પહેલા

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧. | द्विदशाः | બે વાર દશ (વીશ) | द्विः दश | સંખ્યા બહુ૦ |
| ૨. | द्वित्राः | બે કે ત્રણ | द्वौ वा त्रयो वा | સંખ્યા બહુ૦ |
| ૩. | आसन्नदशाः | જેની નજીકમાં દશ છે તે. | आसन्नाः दश येषां ते | સંખ્યા બહુ૦ |
| ૪. | अदूरदशाः | દૂર નથી દશ જેઓથી (૯/૧૧) | अदूराः दश येभ्यः ते | સંખ્યા બહુ૦ |
| ૫. | अधिकदशाः | અધિક છે દશ જેઓથી | अधिकाः दश येभ्यः ते | સંખ્યા બહુ૦ |
| ૬. | अध्यर्द्धविंशाः | અધિક છે અડધી. વીશી જેમાં તે | अध्यर्द्धाः विंशतिः येषु ते | સંખ્યા બહુ૦ |
| ૭. | अर्द्धपञ्चमविंशाः | અડધી પાંચમી વીશી છે જેમાં. | अर्द्धपञ्चमी विंशतिः येषु ते | સંખ્યા બહુ૦ |
| ૮. | उपदशाः | દશ છે નજીકમાં જેની તે. | समीपे दश येषाम् ते | સંખ્યા બહુ૦ |
| ૯. | आरूढवानरः (वृक्षः) | ચડ્યો છે વાનર જે ઉપર તે. | आरूढः वानरः यम् सः | સમાનાધિકરણ બહુ૦ |
| ૧૦. | सुसूक्ष्मजटकेशः | સારા અને સૂક્ષ્મ જટાની કેશ છે જેની. | शोभनाः सूक्ष्माः जटकेशाः यस्य सः | સમાનાધિકરણ બહુ૦ |
| ૧૧. | उच्चैर्मुखः | ઊંચુ છે મુખ જેનું તે. | उच्चैः मुखम् यस्य सः | સમાનાધિકરણ બહુ૦ |
| ૧૨. | उष्ट्रमुखः | ઊંટના મુખ જેવું મુખ છે જેનું તે. | उष्ट्रमुखम् इव मुखम् यस्य सः | વ્યધિકરણ બહુ૦ |
| ૧૩. | वृषस्कंधः | બળદના ખાંધ જેવી ખાંધ છે જેની. | वृषस्कंध इव स्कंधः यस्य सः | વ્યધિકરણ બહુ૦ |

# પાદમાં આવતા સમાસો :-

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૯ सुज्वार्थे... | सुच् લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | अन्- લોપ | ૨-૧-૧૧૪ डित्य... | ड | ૭-૩-૧૨૮ प्रमाणी... |
| ” | વિભ. લોપ | ” | અંત્યસ્વર લોપ | ” | ” | ” |
| ૩-૧-૨૦ ૩-૧-૧૪૮ | ” | ” | अन्- લોપ | ” | ” | ” |
| ” | ” | ” | ” | ” | ” | ” |
| ” | ” | ” | ” | ” | ” | ” |
| ” | પુંવદ્ ભાવ | ૩-૨-૪૯ परतः... | ति નો લોપ | ૭-૪-૬૭ विंशते... | ” | ” |
| ” | ” | ” | ” | ” | ” | ” |
| ૩-૧-૨૧ अव्ययम् | વિભ- લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | अन्- લોપ | ૨-૧-૧૧૪ डित्य... | ” | ” |
| ૩-૧-૨૨ एकार्थं... | ” | ” | વિભ- લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | स् નો र् | ૨-૧-૭૨ सोरुः | ” | ” | - | - |
| ૩-૧-૨૩ उष्ट्रमुखादयः | मुख નો લોપ | ૩-૧-૨૩ सूत्रत्वात् | ” | ” | - | - |
| ” | स्कंध નો લોપ | ” | ” | ” | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૪. | सपुत्रः (आगतः) | પુત્રની સાથે આવેલો | पुत्रेण सह (सह पुत्रेण आगतः सः) | સહ બહુ૦ |
| ૧૫. | सकर्मकः | કર્મની વિદ્યમાનતા વાળો | कर्मणा सह वर्तते | સહ બહુ૦ |
| ૧૬. | दक्षिणपूर्वा (दिक्) | દક્ષિણ અને પૂર્વ દિશાની વચ્ચેની વિદિશા (અગ્નિ) | दक्षिणस्याश्च पूर्वस्याश्च दिशोः यद् अन्तरालम् | દિગ્ બહુ૦ |
| ૧૭. | केशाकेशि | કેશમાં કેશમાં પરસ્પર પકડીને કરેલું યુદ્ધ | केशेषु च केशेषु च मिथः आदाय कृतं युद्धम् | અવ્યયીભાવ |
| ૧૮. | दण्डादण्डि | દંડવડે દંડવડે પરસ્પર પ્રહાર કરીને કરેલું યુદ્ધ | दण्डैश्च दण्डैश्च मिथः प्रहृत्य कृतं युद्धम् | ” |
| ૧૯. | उन्मत्तगङ्गम् | દેશનું નામ | उन्मत्ता गङ्गा यस्मिन् सः | ” |
| ૨૦. | तुष्णींगङ्गम् | ” | तुष्णीं गङ्गा यस्मिन् सः | ” |
| ૨૧. | शीघ्रगङ्गः | ઉતાવળી ગંગા નદીવાળો દેશ | शीघ्रा गङ्गा यस्मिन् सः | સમાનાધિકરણ બહુ૦ |
| ૨૨. | द्वियमुनम् | બે યમુનાનો સમુહ | द्वयोः यमुनयोः समाहारः | અવ્યયીભાવ |
| ૨૩. | पञ्चनदम् | પાંચ નદીનો સમુહ | पञ्चानां नदीनां समाहारः | ” |
| ૨૪. | एकनदी | એક નદી | एका चासौ नदी च | કર્મધારય |
| ૨૫. | एकमुनि (व्याकरणस्य) | વ્યાકરણના વંશ્ય તરીકે એક મુનિ છે. | एको मुनिः वंश्यः अस्य | અવ્યયીભાવ |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૨૪ सहस्तेन | सह नो स | ૩-૨-૧૪૩ सहस्य... | વિભ- લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो... | कच् | ૭-૩-૧૭૫ शेषाद् वा |
| ૩-૧-૨૫ दिशोरूढ्या... | પુંવદ્ ભાવ | ૩-૨-૪૯ परतः... | વિભ- લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૨૬ तत्रादाय... | आ થયો. | ૩-૨-૭૨ इच्यस्वरे.... | अ નો લોપ | ૭-૪-૬૮ अवर्णेवर्ण... | इच् | ૭-૩-૭૪ इज् युद्धे |
| " | " | " | " | " | " | " |
| ૩-૧-૨૭ नदीभिर्नाम्नि | પુંવદ્ ભાવ | ૩-૨-૪૯ परतः... | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| " | - | - | " | " | - | - |
| ૩-૧-૨૨ एकार्थं... | પુંવદ્ ભાવ | ૩-૨-૪૯ परतः... | " | ૨-૪-૯૬ गोश्चान्ते... | - | - |
| ૩-૧-૨૮ सङ्ख्या... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | " | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| " | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो नो... | इ નો લોપ | ૭-૪-૬૮ अवर्णेवर्ण... | अ | ૭-૩-૯૧ संख्याया... |
| ૩-૧-૯૭ पूर्वकालैक.. | પુંવદ્ ભાવ | ૩-૨-૬૧ सर्वादयो... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૨૯ वंश्येन... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૬. | सप्तकाशि (राज्यस्य) | જે કાશી રાજ્યના સાત રાજા વંશ્ય તરીકે છે. | सप्त काशयः वंश्यः अस्य (राज्यस्य) | અવ્યયીભાવ |
| ૨૭. | द्विमुनिकं | જે વ્યાકરણના વંશ્ય તરીકે બે મુનિ છે. | द्वौ मुनी वंश्यौ अस्य (व्याकरणस्य) | સમાનાધિકરણ બહુ૦ |
| ૨૮. | पारेगङ्गम् | ગંગાની પેલે પાર | गङ्गायाः पारम् | અવ્યયીભાવ |
| ૨૯. | मध्येगङ्गम् | ગંગાનો મધ્યભાગ | गङ्गायाः मध्यम् | અવ્યયીભાવ |
| ૩૦. | अग्रेवणम् | વનનો અગ્રભાગ | वनस्य अग्रम् | " |
| ૩૧. | अन्तर्गिरम् | પર્વતની અંદર | गिरेः अन्तः | " |
| ૩૨. | गङ्गापारम् | ગંગાની પેલે પાર | गङ्गायाः पारम् | ષષ્ઠી તત્પુ૦ |
| ૩૩. | गङ्गामध्यम् | ગંગાનો મધ્યભાગ | गङ्गायाः मध्यम् | " |
| ૩૪. | वनाग्रम् | વનનો અગ્રભાગ | वनस्य अग्रम् | " |
| ૩૫. | गिर्यन्तः | પર્વતની અંદરનો ભાગ | गिरेः अन्तः | " |
| ૩૬. | यावदमत्रं (भोजय) | જેટલા વાસણ હોય તેટલા (જમાડો) | यावन्ति अमत्राणि | અવ્યયીભાવ |
| ૩૭. | परित्रिगर्तम् | ત્રિગર્ત દેશને છોડીને | परि त्रिगर्तेभ्यः | " |
| ૩૮. | अपत्रिगर्तम् | " | अप त्रिगर्तेभ्यः | " |
| ૩૯. | आग्रामम् | ગામ સુધી | आ ग्रामात् | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરના સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૨૯ वंश्येन... | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो... | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| ૩-૧-૨૨ एकार्थं... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | कच् | ૭-૩-૧૭૫ शेषाद्वा |
| ૩-૧-૩૦ पारेमध्ये.. | पारे નિપાતન | ૩-૧-૩૦ पारेमध्ये... | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| " | मध्ये નિપાતન | " | " | " | - | - |
| " | अग्रे નિપાતન | " | न् નો ण् | ૨-૩-૬૬ निष्प्राग्रे... | - | - |
| " | - | - | इ નો લોપ | ૭-૪-૬૮ अवर्णे... | अत् | ૭-૩-૯૦ गिरिनदी... |
| ૩-૧-૭૬ षष्ठ्य... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | र् નો વિસર્ગ | ૧-૩-૫૩ रः पदान्ते... | - | - |
| ૩-૧-૩૧ यावदियत्त्वे | त् નો द् | ૨-૧-૭૬ धुटस्तृतीयः | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | - | - |
| ૩-૧-૩૨ पर्यपाङ्बहि | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૪૦. | बहिर्ग्रामम् | ગામની બહાર | बहिः ग्रामात् | અવ્યયીભાવ |
| ૪૧. | प्राग् ग्रामम् | ગામની પહેલા | प्राग् ग्रामात् | " |
| ૪૨. | अभ्यग्नि | અગ્નિની સામે | अभि अग्निम् | " |
| ૪૩. | प्रत्यग्नि | અગ્નિની સામે | प्रति अग्निम् | " |
| ૪૪. | अभ्यङ्का | ઓળખવા માટે ચિહ્ન છે જેનું તે | अभि अङ्कः यासां ताः | સમાનાધિકરણ બહુ૦ |
| ૪૫. | अनुगङ्गम् | ગંગા સુધી લંબાએલી (વારાણસી) | अनु गङ्गाम् दीर्घा | અવ્યયીભાવ |
| ૪૬. | अनुवनम् | વનની નજીકમાં | अनु वनस्य | " |
| ૪૭. | तिष्ठद्गु (कालः) | ગાયોને ઉભા રહેવાનો કાલ | तिष्ठन्ति गावः यस्मिन् काले यथा स्यात् तथा | " |
| ૪૮. | अधोनाभं (हतः) | નાભિની નીચેના ભાગમાં (હણાયેલો) | नाभेः अधः | " |
| ૪૯. | शाकप्रति | થોડું શાક | शाकस्य अल्पत्वं (अल्पं शाकं) | " |
| ૫૦. | एकपरि | એક (પાસા) વડે પહેલા જય થતો હતો તે રીતે વર્તાયું નહીં | एकेन न तथा वृत्तं यथा पूर्वं जये | " |
| ૫૧. | अक्षपरि | પાસા વડે પહેલા જય થતો હતો તે રીતે વર્તાયું નહીં. | अक्षेण न तथा वृत्तं यथा पूर्वं जये | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૩૨ पर्यपाङ्बहि | स् નો र् | ૨-૧-૭૨ सोरुः | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | - | - |
| " | च् નો क् क् નો ग् | ૨-૧-૮૬ ૨-૧-૭૬ | " | " | - | - |
| ૩-૧-૩૩ लक्षणेना... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૨૧ एकार्थंचा.. | " | " | " | " | - | - |
| ૩-૧-૩૪ दैर्घ्येऽनुः | " | " | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| ૩-૧-૩૫ समीपे | " | " | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | - | - |
| ૩-૧-૩૬ तिष्ठद्.... | त् નો द् | ૨-૧-૭૬ धुटस्तृतीयः | હ્રસ્વ ओ નો उ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| " | स् નો र् र् નો उ | ૨-૧-૭૨ ૧-૩-૨૧ | इ નો अ | ૩-૧-૩૬ तिष्ठद्... | - | - |
| ૩-૧-૩૭ नित्यं... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૩૮ संख्याक्ष.. | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૫૨. | शलाकापरि | સળી વડે પહેલા જય થતો હતો તેવી રીતે વર્તાયું નહીં | शलाकया न तथा वृत्तं यथा पूर्वं जये | અવ્યયીભાવ |
| ૫૩. | अधिस्त्रि | સ્ત્રીમાં | स्त्रियाम् | " |
| ૫૪. | उपकुम्भम् | ઘડાની પાસે | कुम्भस्य समीपम् | " |
| ૫૫. | सुमद्रम् | મદ્ર દેશની સમૃદ્ધિ | मद्राणाम् समृद्धिः | " |
| ૫૬. | दुर्यवनम् | યવનોની દરિદ્રતા | यवनानां व्यृद्धिः | " |
| ૫૭. | निर्मक्षिकम् | માખીઓનો અત્યંત અભાવ | मक्षिकाणां अभावः | " |
| ૫૮. | अतिवर्षम् | વર્ષાનું પૂર્ણ થવું | वर्षाणां अत्ययः (अतीतत्त्वम्) | " |
| ૫૯. | अतिकम्बलम् | કંબલનાં ઉપભોગનો અભાવ | कम्बल्याः असंप्रति | " |
| ૬૦. | अनुरथम् | રથની પાછળ | रथस्य पश्चात् | " |
| ૬૧. | अनुज्येष्ठम् | મોટાઓના ક્રમ | ज्येष्ठानां क्रमः | " |
| ૬૨. | इतिभद्रबाहुः | ભદ્રબાહુની ખ્યાતિ | भद्रबाहोः ख्यातिः | " |
| ૬૩. | सचक्रम् (धेहि) | બે ચક્રની સાથે | चक्रयोः युगपत् | " |
| ૬૪. | सव्रतम् | વ્રતની સમાન | व्रतस्य सदृशम् | " |
| ૬૫. | सब्रह्म (साधूनाम्) | બ્રહ્મજ્ઞાનની સંપત્તિ | ब्रह्मणः संपत्तिः | " |
| ૬૬. | सपिण्डैषणम् | પિણ્ડૈષણા સુધી | पिण्डैषणायाः अन्तः | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૩૮ संख्याक्ष... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૩૯ विभक्ति... | ” | ” | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| ” | ” | ” | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | સહ નો સ | ૩-૨-૧૪૬ अकाले... | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ન્ નો લોપ | ૨-૧-૯૧ नाम्नो... | - | - |
| ” | ” | ” | હ્રસ્વ | ૨-૪-૯૭ क्लीबे | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૬૭. | सतृणम् | તૃણને પણ છોડ્યા વિના (તૃણ સહિત) | तृणस्य साकल्यम् (तृणमपि अपरित्यज्य) | અવ્યયીભાવ |
| ૬૮. | अनुरुपम् | રૂપને યોગ્ય | रुपस्य योग्यता | " |
| ૬૯. | प्रत्यर्थम् | દરેક અર્થમાં | अर्थम् अर्थम् | " |
| ૭૦. | यथाशक्ति | શક્તિ પ્રમાણે | शक्तेः अनतिवृत्तित्वम् (शक्तिं अनतिक्रम्य) | " |
| ૭૧. | सशीलम् | શીલનું સમાનપણું | शीलस्य सादृश्यम् | " |
| ૭૨. | यथारुपम् | રૂપની યોગ્યતા | रुपस्य योग्यता | " |
| ૭૩. | यथावृद्धम् | વૃદ્ધના ક્રમથી | वृद्धस्य क्रमः | " |
| ૭૪. | यथासूत्रम् | સૂત્રને ઓળંગ્યા વિના | सूत्रस्यअनतिवृत्तित्वम् (सूत्रम् अनतिक्रम्य) | " |
| ૭૫. | उरीकृत्य | સ્વીકાર કરીને | उरी कृत्वा | તત્પુરુષ |
| ૭૬. | खाट् कृत्य | ખખડાટ કરીને | खाट् इति कृत्वा | " |
| ૭૭. | प्रकृत्य | સારી રીતે કરીને | प्र कृत्वा | " |
| ૭૮. | कारिकाकृत्य | મર્યાદા કરીને | कारिकां कृत्वा | " |
| ૭૯. | कुब्राह्मणः | ખરાબ બ્રાહ્મણ | कुत्सितः ब्राह्मणः | " |
| ૮૦. | कोष्णम् | કંઈક ગરમ | ईषद् उष्णम् | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૩૯ विभक्ति... | सह નો स | ૩-૨-૧૪૬ अकाले... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૪૦ योग्यतावी.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | सह નો स | ૩-૨-૧૪૬ अकाले... | " | " | - | - |
| ૩-૧-૪૧ यथाऽथा | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૪૨ गतिक्वन्य.. | " | " | त्वा નો यप्, त् નો આગમ | ૩-૨-૧૫૪ ૪-૪-૧૧૩ | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | कु નો का, का+उ=ओ | ૩-૨-૧૩૭ ૧-૨-૬ | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૮૧. | कुपुरुषकः | ખરાબ પુરુષ છે જેમાં | कुत्सिताः पुरुषाः यस्मिन् सः | સમાનાધિકરણ બહુ० |
| ૮૨. | दुष्पुरुषः | ખરાબ પુરુષ | दुष्टः पुरुषः | તત્પુરૂષ |
| ૮૩. | दुष्कृतम् | કષ્ટપૂર્વક કરાયેલું | कृच्छ्रेण कृतम् | " |
| ૮૪. | दुष्पुरुषकः | ખરાબ પુરુષો છે જેમાં | दुष्टाः पुरुषाः यस्मिन् सः | સમાનાધિકરણ બહુ० |
| ૮૫. | सुराजा | સારો રાજા | शोभनः राजा | તત્પુરૂષ |
| ૮૬. | सुमद्रम् | મદ્રદેશની સમૃદ્ધિ | मद्राणाम् समृद्धिः | અવ્યયીભાવ |
| ૮૭. | अतिस्तुत्य | વધારે પડતી સ્તુતિ કરીને | अतिक्रमेण स्तुत्वा | તત્પુરૂષ |
| ૮૮. | अतिराजा | સારો રાજા | शोभनः राजा | " |
| ૮૯. | आकडारः | કંઈક ભૂખરો રંગ | ईषत् कडारः | " |
| ૯૦. | प्राचार्यः | પ્રકૃષ્ટ (જ્ઞાની) આચાર્ય (સ્વ વિષયમાં પારગામી) | प्रगतः आचार्यः | પ્રાદિ તત્પુ० |
| ૯૧. | समर्थः | અર્થ સંગત (બરાબર) | संगतः अर्थः | " |
| ૯૨. | अतिखट्वः | ખાટલાને ઉલ્લંઘી ગયેલો | खट्वां अतिक्रान्तः | " |
| ૯૩. | उद्वेलः | વેલાને ઓળંગીગયેલ | उद्गतः वेलाम् | " |
| ૯૪. | अवकोकिलः | કોયલથી તિરસ્કૃત | अवकृष्ट कोकिलया | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૨૨ एकार्थंचा.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | कच् | ૭-૩-૧૭૫ शेषाद् वा |
| ૩-૧-૪૩ दुर्निन्दा... | स् નો र् र् નો ष् | ૨-૧-૭૨ ૨-૩-૯ | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૨૨ एकार्थंचा.. | " | " | " | " | कच् | ૭-૩-૧૭૫ शेषाद् वा |
| ૩-૧-૪૪ सुः पूजायाम् | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| ૩-૧-૩૯ विभक्ति... | " | " | " | " | - | - |
| ૩-૧-૪૫ अतिरति... | " | " | त्वा નો यप् त् નો આગમ | ૩-૨-૧૫૪ ૪-૪-૧૧૩ | - | - |
| " | " | " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૪૬ आङल्पे | " | " | " | " | - | - |
| ૩-૧-૪૭ प्रात्यव... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | હ્રસ્વ | ૨-૪-૯૬ गोश्चान्ते... | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૯૫. | परिवीरुत् | વેલડીઓથી વીંટાએલું | परिणद्धः वीरुद्भिः | પ્રાદિ તત્પુ૦ |
| ૯૬. | पर्यध्ययनः | અધ્યયનથી કંટાળેલો | परिग्लानः अध्ययनाय | ” |
| ૯૭. | उत्संग्रामः | સંગ્રામ માટે ઉદ્યુક્ત | उद्युक्तः संग्रामाय | ” |
| ૯૮. | निष्कौशाम्बिः | કૌશાંબીમાંથી નીકળી ગયેલો | निष्क्रान्तः कौशाम्ब्याः | ” |
| ૯૯. | अपशाखः | ડાળમાંથી છૂટો પડેલો | अपगतः शाखायाः | ” |
| ૧૦૦. | अन्तर्गार्ग्यः | ગાર્ગ્યની અંદર | अन्तः गार्ग्यस्य | ” |
| ૧૦૧. | प्राचार्यकः | સારા છે આચાર્ય જે દેશમાં | प्रकृष्टाः आचार्याः यस्मिन् सः | સમાનાધિકરણ બહુ૦ |
| ૧૦૨. | पुनः प्रवृद्धम् | ફરીથી વધી ગયેલું | पुनः प्रवृद्धम् | અવ્યય તત્પુ૦ |
| ૧૦૩. | अन्तर्भूतः | અંદર થયેલું (સમાયેલું) | अन्तः भूतः | ” |
| ૧૦૪. | कुम्भकारः | કુમ્ભને કરનાર (કુમ્ભાર) | कुम्भं करोति | કૃત્ તત્પુ૦ |
| ૧૦૫. | मूलकोपदंशम् | મૂળાને કરડીને (ખાય છે) | मूलकेन उपदंशम् | ” |
| ૧૦૬. | अगौः | ગાય નહીં (ગવય) | न गौः | નઞ્ તત્પુ૦ |
| ૧૦૭. | असूर्यंपश्या | સૂર્યને (પણ) નહીં જોનારી | न सूर्यं पश्यन्ति | ” |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૪૭ प्रात्यव... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ध् નો द् द् નો त् | ૨-૧-૭૬ ૧-૩-૫૧ | - | - |
| ” | ” | ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | स् નો र् र् નો ष् | ૨-૧-૭૨ ૨-૩-૯ | ” | ” | - | - |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | હ્રસ્વ | ૨-૪-૯૬ गोश्चान्ते... | - | - |
| ” | ” | ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૨૨ एकार्थंचा.. | ” | ” | ” | ” | कच् | ૭-૩-૧૭૫ शेषाद्वा |
| ૩-૧-૪૮ अव्ययं... | र् નો વિસર્ગ | ૧-૩-૫૩ रः पदान्ते.. | ” | ” | - | - |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | - | - |
| ૩-૧-૪૯ ङस्युक्तं... | ” | ” | ” | ” | - | - |
| ૩-૧-૫૦ तृतीयोक्तं.. | ” | ” | ” | ” | - | - |
| ૩-૧-૫૧ नञ् | न નો अ | ૩-૨-૧૨૫ नञत् | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૦૮. | पूर्वकाय: | કાયાનો પૂર્વભાગ | कायस्य पूर्व: | અંશિ તત્પુ. |
| ૧૦૯. | अपरकाय: | કાયાનો પાછલો ભાગ | कायस्य अपर: | " |
| ૧૧૦. | अधरकाय: | કાયાનો નીચેનો ભાગ | कायस्य अधर: | " |
| ૧૧૧. | उत्तरकाय: | કાયાનો ઉપરનો ભાગ | कायस्य उत्तर: | " |
| ૧૧૨. | सायाह्न: | દિવસનો સાંજનો ભાગ (સાંજ) | सायम् अह्न: | " |
| ૧૧૩. | मध्यन्दिनम् | દિવસનો મધ્યભાગ (બપોર) | दिनस्य मध्यम् | " |
| ૧૧૪. | अर्द्धपिप्पली | પીપરનો અડધોભાગ | पिप्पल्या: अर्द्धम् | " |
| ૧૧૫. | पिप्पल्यर्द्धं | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૧૬. | ग्रामार्द्धं | ગામનો અર્ધ ભાગ | ग्रामस्य अर्द्धं | " |
| ૧૧૭. | अर्द्धजरती | અડધી ઘરડી | जरत्या: अर्द्धम् | અંશિ તત્પુ. |
| ૧૧૮. | जरत्यर्द्ध: | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૧૯. | अर्द्धोक्तम् | અડધું કહેલું | उक्तस्य अर्द्धम् | અંશિ તત્પુ. |
| ૧૨૦. | उक्तार्द्धं | " " | " " | ષષ્ઠી તત્પુ. |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૫૨ पूर्वापरा... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૫૩ सायाह्ना... | અનુસ્વારનો લોપ. | ૩-૧-૫૩ (નિપાતન) | अहन् નું अह्न | ૭-૩-૧૧૮ सर्वांश... | अट् | ૭-૩-૧૧૮ सर्वांश... |
| " | અંતે न् થયો | ૩-૧-૫૩ (નિપાતન) | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૫૪ समेंऽशे... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૫૫ जरत्या... | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૫ जरत्या... | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૨૧. | द्वितीयभिक्षा | ભિક્ષાનો બીજો ભાગ | भिक्षायाः द्वितीयम् | અંશિ તત્પુ. |
| ૧૨૨. | भिक्षाद्वितीयम् | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૨૩. | तृतीयभिक्षा | ભિક્ષાનો ત્રીજો ભાગ | भिक्षायाः तृतीयम् | અંશિ તત્પુ. |
| ૧૨૪. | भिक्षातृतीयम् | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૨૫. | तुर्यभिक्षा | ભિક્ષાનો ચોથો ભાગ | भिक्षायाः तुर्यम् | અંશિ તત્પુ. |
| ૧૨૬. | भिक्षातुर्यम् | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૨૭. | अग्रहस्तः | હાથનો અગ્ર ભાગ | हस्तस्य अग्रम् | અંશિ તત્પુ. |
| ૧૨૮. | हस्ताग्रम् | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૨૯. | तलपादः | પગનું તળિયું | पादस्य तलम् | અંશિ તત્પુ. |
| ૧૩૦. | पादतलम् | " " | " " | ષષ્ઠી તત્પુ. |
| ૧૩૧. | मासजातः | જેને ઉત્પન્ન થયાને માસ થયો છે. | मासो जातस्य | તત્પુ. |
| ૧૩૨. | एकमासजातः | જેને ઉત્પન્ન થયાને એક મહિનો થયો છે. | एको मासो जातस्य | " |
| ૧૩૩. | द्व्यहसुप्तः | જેને સુતેલાને બે દિવસ થયા છે | द्वे अह्नी सुप्तस्य | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૫૬ द्वित्रिचतु.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૬ द्वित्रिचतु.. | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૬ द्वित्रिचतु.. | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૬ द्वित्रिचतु.. | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૬ द्वित्रिचतु.. | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्य... | " | " | " | " | - | - |
| ૩-૧-૫૭ कालो... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | द्व्यह्न द्विगु સમાસ છે अहन् નું अह्न અને अट् સમાસાન્ત પ્ર. | | " | " | अट् પૂર્વપદમાં | ૭-૩-૧૧૮ सर्वांश... |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૩૪. | स्वयंधौतम् | પોતાની મેળે ધોવાઈ ગયેલું. | स्वयं धौतम् | તત્પુ૰ |
| ૧૩૫. | सामिकृतम् | અડધું કરાયેલું | सामि कृतम् | " |
| ૧૩૬. | खट्वारुढः (जाल्म) | લુચ્ચો માણસ | खट्वां आरुढः | દ્વિતીયા તત્પુ૰ |
| ૧૩૭. | रात्र्यारूढाः | રાત્રે આરૂઢ થયેલા | रात्रिं आरुढाः | " |
| ૧૩૮. | अहरतिसृताः | દિવસને ઓળંગી ગયેલા | अहः अतिसृताः | " |
| ૧૩૯. | मुहूर्तसुखम् | મુહૂર્ત સુધી સુખ | यावत् मुहूर्तं तावत् सुखम् | " |
| ૧૪૦. | क्षणपाठः | જ્યાં સુધી ક્ષણ ત્યાં સુધી પાઠ | यावत् क्षणं तावत् पाठः | " |
| ૧૪૧. | दिनगुडः | જ્યાં સુધી દિવસ ત્યાં સુધી ગોળ | यावत् दिनं तावत् गुडः | " |
| ૧૪૨. | धर्मश्रितः | ધર્મના આશ્રયે રહેલો | धर्मं श्रितः | " |
| ૧૪૩. | शिवगतः | મોક્ષને પામેલો. | शिवं गतः | " |
| ૧૪૪. | प्राप्तजीविका | આજીવિકાને પામેલી | जीविकां प्राप्ता | " |
| ૧૪૫. | आपन्नजीविका | આજીવિકાને પામેલી | जीविकां आपन्ना | " |
| ૧૪૬. | ईषत्पिङ्गलः | થોડું પીળું | ईषत् पिङ्गलः | " |
| ૧૪૭. | ईषद्रक्तः | થોડું લાલ | ईषद् रक्तः | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૫૮ स्वयं सामी.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૫૯ द्वितीया... | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૦ काल: | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૦ काल: | न् નો रु | ૨-૧-૭૪ अह्न: | ” | ” | – | – |
| ૩-૧-૬૧ व्याप्तौ | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૨ श्रितादिभि: | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૩ प्राप्तापन्नौ.. | आ નો अ | ૩-૧-૬૩ प्राप्तापन्नौ.. | ” | ” | – | – |
| ” | आ નો अ | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૪ ईषद्गुण.. | त् નો द् द् નો त् | ૨-૧-૭૬ ૧-૩-૫૦ | ” | ” | – | – |
| ” | त् નો द् | ૨-૧-૭૬ धुटस्तृ... | ” | ” | – | – |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૪૮. | शङ्कुलाखण्डः | છરી વડે કરાયેલો ટુકડો | शङ्कुलया(कृतः) खण्डः | તૃતીયા તત્પુ૦ |
| ૧૪૯. | मदपटुः | મદવડે હોંશીયાર | मदेन (कृतः) पटुः | " |
| ૧૫૦. | अर्द्धचतस्रः | અડધી માત્રા વડે કરાયેલી ચાર માત્રા | अर्द्धेन (कृता) चतस्रः | " |
| ૧૫૧. | माषोनम् | એક માષાથી ન્યૂન | माषेन ऊनम् | " |
| ૧૫૨. | माषविकलम् | " | माषेन विकलम् | " |
| ૧૫૩. | मासपूर्वः | એક માસ પહેલા (મોટો) | मासेन पूर्वः | " |
| ૧૫૪. | मासावरः | એક માસ પાછળ (નાનો) | मासेन अवरः | " |
| ૧૫૫. | आत्मकृतम् | પોતાના વડે કરાયેલું | आत्मना कृतम् | " |
| ૧૫૬. | नखनिर्भिन्नः | નખવડે ભેદાયેલું | नखैः निर्भिन्नः | " |
| ૧૫૭. | काकपेया (नदी) | કાગડાવડે પીવા યોગ્ય નદી | काकेन पेया | " |
| ૧૫૮. | बाष्पछेद्यानि | બાફવડે છેદવા યોગ્ય | बाष्पैः छेद्यानि | " |
| ૧૫૯. | एकान्नविंशतिः एकादूनविंशतिः | એકવડે વીશ પૂરા નહીં | एकेन न विंशतिः | " |
| ૧૬૦. | एकान्नत्रिंशत् एकादूनत्रिंशत् | એકવડે ત્રીશ પૂરા નહીં | एकेन न त्रिंशत् | " |
| ૧૬૧. | यूपदारु | ખીલા માટેનું લાકડું | यूपाय दारु | ચતુર્થી તત્પુ૦ |
| ૧૬૨. | गोहितम् | ગાયને હિતકારક | गवे हितम् | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૬૫ तृतीयातत्कृतैः | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૬ चतस्रार्द्धम् | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૭ ऊनार्थ... | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૮ कारकं कृता | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नोनो... | ” | ” | – | – |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૬૯ न विंशत्याव | अद् નો આગમ द् नो न् | ૩-૧-૬૯ ૧-૩-૧ | ” | ” | – | – |
| ” | ” | ” | ” | ” | – | – |
| ૩-૧-૭૦ चतुर्थी प्रकृत्या | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | – | – |
| ૩-૧-૭૧ हितादिभिः | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | – | – |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૬૩. | गोसुखम् | ગાયને હિતકારક | गवे सुखम् | ચતુર્થી તત્પુ૦ |
| ૧૬૪. | पित्रर्थम् (पयः) | પિતા માટે | पित्रे (इदम्) | " |
| ૧૬૫. | आतुरार्था (यवागूः) | માંદા માટે (રાબડી) | आतुराय (इयम्) | " |
| ૧૬૬. | वृकभयम् | વરૂથી ભય | वृकात् भयम् | પંચમી તત્પુ૦ |
| ૧૬૭. | वृकभीरुः | વરૂથી ભય પામનાર | वृकात् भीरुः | " |
| ૧૬૮. | स्तोकान्मुक्तः | થોડાથી મુકાયેલ | स्तोकात् मुक्तः | " |
| ૧૬૯. | अल्पान्मुक्तः | " | अल्पात् मुक्तः | " |
| ૧૭૦. | परः शताः | સોથી વધારે | शतात् परे | " |
| ૧૭૧. | परः सहस्राः | હજારથી વધારે | सहस्रात् परे | " |
| ૧૭૨. | राजपुरुषः | રાજાનો પુરૂષ | राज्ञः पुरुषः | ષષ્ઠી તત્પુ૦ |
| ૧૭૩. | सर्पिर्ज्ञानम् | ઘીનું જ્ઞાન | सर्पिषः ज्ञानम् | " |
| ૧૭૪. | गणधरोक्तिः | ગણધરનું વચન | गणधरस्य उक्तिः | " |
| ૧૭૫. | ब्राह्मणयाजकः | બ્રાહ્મણોનો પૂજક | ब्राह्मणानां याजकः | " |
| ૧૭૬. | गुरुपूजकः | ગુરૂઓનો પૂજનાર | गुरुणां पूजकः | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૭૧ हितादिभिः | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૭૨ तदर्थार्थेन | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૭૩ पञ्चमी भयाद्यैः | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૭૪ क्तेनासत्त्वे | વિભ.નોઅલુપ ત્ નો દ્ દ્ નો ન્ | ૩-૨-૧૦ ૨-૧-૭૬ ૧-૩-૧ | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૭૫ परः शतादि | પરનો પૂર્વ નિપાત स् નો આગમ | ૩-૧-૭૫ | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्ययत्ना° | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो... | " | " | - | - |
| ૩-૧-૭૭ कृति | ष् નો र् | ૨-૧-૭૨ सोरुः | " | " | - | - |
| " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| ૩-૧-૭૮ याजकादिभिः | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૭૭. | पत्तिगणकः | પાયદળને ગણનાર | पत्तिनां गणकः | ષષ્ઠી તત્પુ૦ |
| ૧૭૮. | रथगणकः | રથને ગણનાર | रथानां गणकः | ” |
| ૧૭૯. | सर्वपश्चात् | બધાની પાછળ | सर्वेषां पश्चात् | ” |
| ૧૮૦. | सर्वचिरम् | બધાથી લાંબો કાળ (જીવનાર) | सर्वेषां चिरम् | ” |
| ૧૮૧. | उद्दालकपुष्प-भञ्जिका | ઉદ્દાલક પુષ્પનું ભાંગવું (ક્રીડા છે.) | उद्दालक पुष्पाणां भञ्जिका | ” |
| ૧૮૨. | नखलेखकः | નખવડે લખનાર (આજીવિકા છે) | नखानां लेखकः | ” |
| ૧૮૩. | इक्षुभक्षिका | શેલડીનું ખાણું | इक्षुणां भक्षिका | ” |
| ૧૮૪. | शब्दानुशासनम् | શબ્દોનું પ્રતિપાદન (વ્યાકરણ શાસ્ત્ર) | शब्दानां अनुशासनम् | ” |
| ૧૮૫. | घटवर्णः | ઘડાનો વર્ણ (રંગ) | घटस्य वर्णः | ” |
| ૧૮૬. | चन्दनगन्धः | ચંદનની ગંધ | चन्दनस्य गन्धः | ” |
| ૧૮૭. | पानशौण्डः | પીવામાં હોંશીયાર (મદ્યપાન કરનાર) | पाने शौण्डः | સપ્તમી તત્પુ૦ |
| ૧૮૮. | अक्षधूर्तः | પાસા રમવામાં લુચ્ચાઈ કરનાર | अक्षेषु धूर्तः | ” |
| ૧૮૯. | समरसिंहः | યુદ્ધમાં સિંહ સમાન | समरे सिंहः इव | ” |
| ૧૯૦. | भूमिवासवः | પૃથ્વી ઉપર ઈન્દ્ર સમાન (ચક્રવર્તી) | भूमौ वासवः इव | ” |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૭૯ पत्तिरथौ... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૮૦ सर्वपश्चा... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૮૧ अकेन... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૭૭ कृति... | " | " | " | " | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्यय... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | ऐकार्थ्ये | " | " | - | - |
| ૩-૧-૮૮ सप्तमीशौ... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૮૯ सिंहाद्यैः... | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૧૯૧. | तीर्थकाकः | તીર્થમાં કાગડા જેવો | तीर्थे काकः इव | સપ્તમી તત્પુ૦ |
| ૧૯૨. | तीर्थश्वा | તીર્થમાં કૂતરા જેવો | तीर्थे श्वा इव | " |
| ૧૯૩. | पात्रेसमिताः | ખાવા જ ભેગા થનારા | पात्रे एव समिताः | " |
| ૧૯૪. | गेहेशूरः | ઘરમાં જ શૂરવીર | गेहे एव शूरः | " |
| ૧૯૫. | भस्मनिहुतम् | રાખમાં હોમ્યા જેવું (નિષ્ફળ) | भस्मनि हुतं इव | " |
| ૧૯૬. | अवतप्तेनकुल-स्थितम् | તાપમાં નોળીયાનું ઉભા રહેવા જેવું (અસ્થિરતા) | अवतप्ते नकुल-स्थितम् इव | " |
| ૧૯૭. | तत्रकृतम् | ત્યાં કરાયેલું | तत्र कृतम् | " |
| ૧૯૮. | पूर्वाह्णकृतम् | દિવસના પૂર્વભાગમાં કરાયેલું | पूर्वाह्णे कृतम् | " |
| ૧૯૯. | पूर्वरात्रकृतम् | રાત્રિના પૂર્વભાગમાં કરેલું | पूर्वरात्रे कृतम् | " |
| ૨૦૦. | अरण्येतिलकाः | એક દેશનું નામ | अरण्ये तिलकाः | " |
| ૨૦૧. | अरण्येमाषकाः | " " | अरण्ये माषकाः | " |
| ૨૦૨. | मासदेयम् | માસમાં અવશ્ય આપવા યોગ્ય | मासे (अवश्यं) देयम् | " |
| ૨૦૩. | नीलोत्पलम् | નીલું (એવું) કમળ | नीलं च तद् उत्पलंच | તત્પુ. કર્મ. |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૯૦ काकाद्यैः | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૯૧ पात्रेसमिते | पात्र નું पात्रे | ૩-૧-૯૧ पात्रेसमि... | " | " | - | - |
| " | गेह નું गेहे | " | " | " | - | - |
| ૩-૧-૯૨ क्तेन | વિભ-નોઅલુપ | ૩-૨-૨૦ तत्पुरुषे... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૯૩ तत्राहोरा... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૯૪ नाम्नि | વિભ.નો અલુપ | ૩-૨-૧૮ अद्व्यं... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૯૫ कृद्येनाव.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | " | " | - | - |
| ૩-૧-૯૬ विशेषणं.. | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૦૪. | खञ्जकुण्टः | લંગડો એવો ઠૂંઠો | खञ्जश्चासौ कुण्टश्च | તત્પુ. કર્મ૦ |
| ૨૦૫. | कुण्टखञ्जः | ઠૂંઠો એવો લંગડો | कुण्टश्चासौ खञ्जश्च | ” |
| ૨૦૬. | वृद्धोक्षा | ઘરડાનો બળદ | वृद्धस्य उक्षा | ષષ્ઠી તત્પુ૦ |
| ૨૦૭. | स्नातानुलिप्तः | પહેલાં નાહેલો અને પછી વિલેપન કરેલો. | पूर्वंस्नातः पश्चात् अनुलिप्तः | તત્પુ૦ કર્મ૦ |
| ૨૦૮. | एकशाटी | એક સાડી | एका चासौ शाटी च | ” |
| ૨૦૯. | सर्वान्नम् | સઘળું અન્ન | सर्वं च तद् अन्नं च | ” |
| ૨૧૦. | जरद्गवः | ઘરડો બળદ | जरन् चासौ गौश्च | ” |
| ૨૧૧. | पुराणकविः | જૂના કવિ | पुराणश्चासौ कविश्च | ” |
| ૨૧૨. | नवोक्तिः | નવું વચન | नवा चासौ उक्तिश्च | ” |
| ૨૧૩. | केवलज्ञानम् | કેવળજ્ઞાન | केवलं च तद् ज्ञानं च | ” |
| ૨૧૪. | दक्षिणकोशलाः | તે નામનો દેશ (અયોધ્યા) | दक्षिणाश्चते कोशलाश्च | ” |
| ૨૧૫. | पूर्वेषुकामशमी | તે નામનું ગામ | पूर्वाश्चासौ इषुकामशमीच | ” |
| ૨૧૬. | दाक्षिणशालः | દક્ષિણ શાલામાં થયેલો. | दक्षिणस्यां शालायां भव | ” |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૯૬ विशेषणं.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ૩-૧-૭૬ षष्ठ्यय... | ” | ” | ” | ” | - | - |
| ૩-૧-૯૭ पूर्वकालैक... | ” | ” | ” | ” | - | - |
| ” | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत्कर्म... | ” | ” | - | - |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | ” | ” | - | - |
| ” | त् નો द् | ૨-૧-૭૬ धुटस्तृतीयः | गो નું गव् | ૧-૨-૨૪ ओदौतो... | अट् | ૭-૩-૧૦૫ गोस्तत्पु... |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत् कर्म.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ” | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | ” | ” | - | - |
| ૩-૧-૯૮ दिगधिकं.. | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत् कर्म.. | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | પુંવદ્‌ભાવ આદિસ્વરની વૃદ્ધિ | ૩-૨-૫૭ ૭-૪-૧ | આ નો લોપ | ૭-૪-૬૮ अवर्णे... | તદ્ધિતનો પ્ર૦ ण | ૬-૩-૨૩ दिक्पूर्वा... |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૧૭. | अधिकषाष्टिकः | અધિક એવા સાઈઠથી ખરીદાયેલો | अधिकया षष्ठ्या क्रीतः | તત્પુ. કર્મ૦ |
| ૨૧૮. | उत्तरगवधनः | ઉત્તરની ગાય છે ધન જેનું | उत्तरा गौः धनम् अस्य | " |
| ૨૧૯. | अधिकगवप्रियः | ઘણી ગાયો પ્રિય છે જેને | अधिका गावः प्रियाः अस्य | " |
| ૨૨૦. | पञ्चाम्राः | પાંચ આંબાવાળું વન (આશ્રમં) | पञ्च च ते आम्राश्च | " |
| ૨૨૧. | सप्तर्षयः | સપ્તર્ષિ નામના તારા (નક્ષત્ર) | सप्त च ते ऋषयश्च | " |
| ૨૨૨. | द्वैमातुरः | બે માતાનો પુત્ર | द्वयोः मात्रोः अपत्यम् | દ્વિગુ |
| ૨૨૩. | अध्यर्द्धकंसः | દોઢ કાંસાથી ખરીદાયેલ. | अध्यर्द्धेन कंसेन क्रीत | " |
| ૨૨૪. | पञ्चगवधनः | પાંચ ગાયો છે ધન જેનું. | पञ्च गावः धनम् अस्य | " |
| ૨૨૫. | पञ्चनावप्रियः | પાંચ નાવડીઓ છે પ્રિય જેને | पञ्च नावः प्रिया अस्य | " |
| ૨૨૬. | पञ्चराजी | પાંચ રાજાઓનો સમુદાય | पञ्चानाम् राज्ञां समाहारः | સમા૦ દ્વિગુ |
| ૨૨૭. | पाञ्चर्षम् | પાંચ ઋષિઓનું આ (સંજ્ઞાવાચક છે) | पञ्चानाम् ऋषिणाम् इदम् | તત્પુ૦ કર્મ૦ |
| ૨૨૮. | वैयाकरणखसूची | આકાશ સામે જોતો વૈયાકરણ | वैयाकरणश्चासौ खसूची च | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૯૮ दिगधिकं. | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत् कर्म... | इ નો લોપ | ૭-૪-૬૮ अवर्णे... | तद्धित प्र० इकण् | ૬-૪-૧૫૦ मूल्यैः..... |
| " | " | " | ओ નો अव् | ૧-૨-૨૪ ओदौतो... | अट् | ૭-૩-૧૦૫ गोस्तत्पु... |
| " | " | " | " | " | " | " |
| ૩-૧-૯૯ संख्या समाहारे | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो नो... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | - | - |
| " | " | " | " | " | - | - |
| " | વૃદ્ધિ | ૭-૪-૧ वृद्धिःस्वरे... | मातृ નું मातुर् | ૬-૧-૬૬ संख्यासं... | तद्धित प्र० अण् | ૬-૧-૬૬ संख्यासं... |
| " | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो... | ओ નો अव् | ૧-૨-૨૪ ओदौतो... | अट् | ૭-૩-૧૦૫ गोस्तत्पु... |
| " | " | " | औ નો आव् | " | " | ૭-૩-૧૦૪ नावः |
| " | " | " | अन् નો લોપ अ નો લોપ | ૭-૪-૬૧ ૨-૪-૮૬ | " | ૭-૩-૧૦૬ राजन्... |
| " | न् નો લોપ આદિ સ્વર ની વૃદ્ધિ | ૨-૧-૯૧ ૭-૪-૧ | इ નો લોપ | ૭-૪-૬૮ अवर्णे... | तद्धित प्र० अण् | ૬-૩-૧૬૦ तस्येदम् |
| ૩-૧-૧૦૦ निन्द्यं कुत्सनै. | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ- નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
| --- | --- | --- | --- | --- |
| ૨૨૯. | मीमांसकदुर्दुरूढः | દૂબળો વિચારક (નાસ્તિક મીમાંસક) | मीमांसकश्चासौ दुर्दुरूढश्च | તત્પુ. કર્મ૦ |
| ૨૩૦. | पापवैयाकरणः | પાપી વૈયાકરણ | पापश्चासौ वैयाकरणश्च | ” |
| ૨૩૧. | हतविधिः | હણાયેલું નસીબ (કમનસીબ) | हतश्चासौ विधिश्च | ” |
| ૨૩૨. | शस्त्रीश्यामा | છરી જેવી કાળી | शस्त्री इव श्यामा | ઉપમાન તત્પુ. કર્મ. |
| ૨૩૩. | मृगचपला: | મૃગી જેવી ચપળ | मृगी इव मृगी मृगी चासौ चपलाच | ” |
| ૨૩૪. | पुरुषव्याघ्रः | વાઘ જેવો પુરુષ | व्याघ्रः इव व्याघ्रः पुरुषश्चासौ व्याघ्रश्च | ઉપમેય તત્પુ. કર્મ. |
| ૨૩૫. | श्वसिंही | સિંહણ જેવી કૂતરી | शुनी सिंही इव | ” |
| ૨૩૬. | पूर्वपुरुषः | પૂર્વપુરુષ | पूर्वश्चासौ पुरुषश्च | તત્પુ. કર્મ. |
| ૨૩૭. | अपरपुरुषः | પાછલો પુરુષ | अपरश्चासौ पुरुषश्च | ” |
| ૨૩૮. | प्रथमपुरुषः | પહેલો પુરુષ | प्रथमश्चासौ पुरुषश्च | ” |
| ૨૩૯. | चरमपुरुषः | છેલ્લો પુરુષ | चरमश्चासौ पुरुषश्च | ” |
| ૨૪૦. | जघन्यपुरुषः | સામાન્ય પુરુષ | जघन्यश्चासौ पुरुषश्च | ” |
| ૨૪૧. | समानपुरुषः | સમાન પુરુષ | समानश्चासौ पुरुषश्च | ” |
| ૨૪૨. | मध्यपुरुषः | મધ્ય પુરુષ | मध्यश्चासौ पुरुषश्च | ” |
| ૨૪૩. | मध्यमपुरुषः | મધ્યમ પુરુષ | मध्यमश्चासौ पुरुषश्च | ” |
| ૨૪૪. | वीरपुरुषः | વીર પુરુષ | वीरश्चासौ पुरुषश्च | ” |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૦૦ निन्द्यं कुत्सनै. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૯૬ विशेषणं... | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ૩-૧-૧૦૧ उपमानं... | ” | ” | ” | ” | - | - |
| ” | પુંવદ્ભાવ | ૩-૨-૫૭ पुंवत्कर्म... | ” | ” | - | - |
| ૩-૧-૧૦૨ उपमेयं... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | ” | ” | - | - |
| ” | પુંવદ્ભાવ | ૩-૨-૫૭ | ” | ” | - | - |
| ૩-૧-૧૦૩ पूर्वापर... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |
| ” | ” | ” | ” | ” | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૪૫. | श्रेणिकृताः | હારબંધ ન હતા તેને હારબંધ કર્યા | अश्रेणयः श्रेणयः कृताः | તત્પુ. કર્મ० |
| ૨૪૬. | ऊकंकृताः | ઢગલો ન હતો તેને ઢગલારુપે કર્યા | अनूकाः ऊकाः कृताः | " |
| ૨૪૭. | कृताकृतम् | કરાયેલું નહીં કર્યા જેવું | कृतं च तद् अकृतं च | " |
| ૨૪૮. | पीतावपीतम् | પીધેલું નહીં પીધા જેવું | पीतं च तद् अवपीतं च | " |
| ૨૪૯. | अशितानशितम् | ખાધેલું નહીં ખાધા જેવું | अशितं च तद् अनशितंच | " |
| ૨૫૦. | सत्पुरुषः | સજ્જન પુરુષ | सन् चासौ पुरुषश्च | " |
| ૨૫૧. | महापुरुषः | મહાન પુરુષ | महांश्चासौ पुरुषश्च | " |
| ૨૫૨. | परमपुरुषः | શ્રેષ્ઠ પુરુષ | परमश्चासौ पुरुषश्च | " |
| ૨૫૩. | उत्तमपुरुषः | ઉત્તમ પુરુષ | उत्तमश्चासौ पुरुषश्च | " |
| ૨૫૪. | उत्कृष्ट पुरुषः | ઉત્કૃષ્ટ પુરુષ | उत्कृष्टश्चासौ पुरुषश्च | " |
| ૨૫૫. | गोवृन्दारकः | ઉત્તમ ગાય (હાથણી જેવી ગાય) | गौश्चासौ वृन्दारकश्च | " |
| ૨૫૬. | गोनागः | " " | गौश्चासौ नागश्च | " |
| ૨૫૭. | गोकुञ्जरः | " " | गौश्चासौ कुञ्जरश्च | " |
| ૨૫૮. | कतरकठः | તમારા બેમાં કોણ કઠ છે? | कतरश्चासौ कठश्च | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૦૪ श्रेण्यादि... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૦૫ क्तंनञादि.. | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૦૭ सन्महत्... | डा प्रत्य. अत् नो લોપ | ૩-૨-૭૦ ૨-૧-૧૧૪ | " | " | - | - |
| " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૦૮ वृन्दारक.. | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૦૯ कतर-कतमौ... | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૫૯. | कतमगार्ग्यः | તમારામાં કોણ ગાર્ગ્ય છે? | कतमश्चासौ गार्ग्यश्च | તત્પુ. કર્મ૦ |
| ૨૬૦. | किं राजा (यो न रक्षति) | (આ) શું રાજા છે? (જે રક્ષણ કરતો નથી) | कुत्सितः राजा | " |
| ૨૬૧. | किंगौः (यो न वहति) | (આ) શું બળદ છે? (જે ભારને વહન કરતો નથી) | कुत्सितः गौः | " |
| ૨૬૨. | इभ्यपोटा | પુરુષવેશ ધારી સ્ત્રી | इभ्या चासौ पोटा च | " |
| ૨૬૩. | नागयुवतिः | યુવાન હાથણી | नागी चासौ युवति च | " |
| ૨૬૪. | अग्नि स्तोकम् | થોડો અગ્નિ | अग्निश्चासौ स्तोकंच | " |
| ૨૬૫. | दधिकतिपयम् | થો[illegible] દહીં | दधि च तत् कति-पयं च | " |
| ૨૬૬. | गोगृष्टिः | એકવાર વીંયાએલી ગાય | गौश्चासौ गृष्टिश्च | " |
| ૨૬૭. | गोधेनुः | તાજી વીંયાએલી ગાય | गौश्चासौ धेनुश्च | " |
| ૨૬૮. | गोवशा | વાંઝણી ગાય | गौश्चासौ वशाच | " |
| ૨૬૯. | गोवेहत् | ગર્ભનો ઘાત કરનારી ગાય | गौश्चासौ वेहत् च | " |
| ૨૭૦. | गोबष्कयणी | મોટા વાછરડા સાથે પણ દૂધ આપતી ગાય | गौश्चासौ बष्कयणीच | " |
| ૨૭૧. | कठप्रवक्ता | સારું બોલનારો કઠ | कठश्चासौ प्रवक्ता च | " |
| ૨૭૨. | कठश्रोत्रियः | વેદ જાણનાર વૈદક કઠ | कठश्चासौ श्रौत्रियश्च | " |
| ૨૭૩. | कठाध्यायकः | ભણનારો કઠ | कठश्चासौ अध्यायकश्च | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૦૯ कतर-कतमौ... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| ૩-૧-૧૧૦ किं क्षेपे | म् નો અનુસ્વાર | ૧-૩-૧૪ तौ मुमो... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૧૧ पोटायुवति. | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत्... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૭૪. | मृगधूर्तः | લુચ્ચું હરણ | मृगश्चासौ धूर्तश्च | તત્પુ. કર્મ૦ |
| ૨૭૫. | गोमतल्लिका | સારી (ઉત્તમ) ગાય | गौश्चासौ मतल्लिकाच | " |
| ૨૭૬. | गोप्रकाण्डम् | " " | गौश्चासौ प्रकाण्डश्च | " |
| ૨૭૭. | गोगर्भिणी | ગર્ભવતી ગાય | गौश्चासौ गर्भिणीच | " |
| ૨૭૮. | महिषगर्भिणी | ગર્ભવતી ભેંસ | महिषी चासौ गर्भिणी च | " |
| ૨૭૯. | युवखलतिः | ટાલવાળો યુવાન | युवा चासौ खलतिश्च | " |
| ૨૮૦. | युवपलितः | ધોળાવાળવાળો યુવાન | युवा चासौ पलितश्च | " |
| ૨૮૧. | युवजरन् | ઘરડો (દેખાતો) યુવાન | युवा चासौ जरन् च | " |
| ૨૮૨. | युववलिनः | ચામડીની કરચલી-વાળો યુવાન | युवा चासौ वलिनश्च | " |
| ૨૮૩. | युववलिना | ચામડીની કરચલી-વાળી સ્ત્રી | युवतिश्चासौ वलिनाच | " |
| ૨૮૪. | भोज्योष्णम् | ગરમ ભોજન | भोज्यं च तद् उष्णंच | " |
| ૨૮૫. | स्तुत्यपटुः | હોંશિયાર હોઇને સ્તુતિ કરવા યોગ્ય | स्तुत्यश्चासौपटुश्च | " |
| ૨૮૬. | तुल्यसन् | સમાન એવો સજ્જન | तुल्यश्चासौ सन् च | " |
| ૨૮૭. | सदृशमहान् | સરખો એવો મહાન | सदृशश्चासौ महांश्च | " |
| ૨૮૮. | कुमारश्रमणा | કુમારી સાધ્વી | कुमारी चासौ श्रमणाच | " |
| ૨૮૯. | कुमार प्रव्रजिता | કુમારી દીક્ષિત થયેલી | कुमारीचासौ प्रव्रजिताच | " |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૧૧ पोटायुवति. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૧૨ चतुष्पाद्.. | " | " | " | " | - | - |
| " | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत्... | " | " | - | - |
| ૩-૧-૧૧૩ युवाख... | न् નો લોપ | ૨-૧-૯૧ नाम्नो.... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | પુંવદ્ ભાવ न् નો લોપ | ૩-૨-૫૭ ૨-૧-૯૧ | " | " | - | - |
| ૩-૧-૧૧૪ कृततुल्या.. | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | " | " | - | - |
| ૩-૧-૧૧૫ कुमारः... | પુંવદ્ ભાવ | ૩-૨-૫૭ पुंवत्... | " | " | - | - |
| " | " | " | " | " | - | - |

| નંબર | સમાસ | અર્થ | વિગ્રહ | સમાસનું નામ |
|---|---|---|---|---|
| ૨૯૦. | मयूरव्यंसकः | લુચ્ચો મોર | व्यंसकश्चासौ मयूरश्च | તત્પુ. કર્મ૦ |
| ૨૯૧. | कम्बोजमुण्डः | ગુંડો | मुण्डश्चासौ कम्बोजश्च | " |
| ૨૯૨. | एहिडं (कर्म) | "હે ઈડે અહીં આવ" આવું જેમાં બોલાય તે કાલ કે ક્રિયા | एहिईडे इति जल्प यस्मिन् कर्मणि, काले वा. | " |
| ૨૯૩. | अश्नीतपिबता | નિરંતર ખાઓ અને પીઓ એવું જેમાં બોલાય તે ક્રિયા. | अश्नीत, पिबत इति सातत्येन उच्यते यस्यां सा | " |
| ૨૯૪. | कुरुकटः | 'કટ ને કર' એવું બોલવાનું છે જેનું તે | कटं कुरु एवं जल्पः यस्य सः | " |
| ૨૯૫. | गतप्रत्यागतम् | ગયું ને પાછું આવ્યું | गतं च तत् प्रत्यागतंच | " |
| ૨૯૬. | क्रयाक्रयिका | વધુ ખરીદવું થોડું ખરીદવું. | क्रयश्चासौ क्रयिका च | " |
| ૨૯૭. | शाकपार्थिवः | શાક છે પ્રિય જેને તે રાજા | शाकप्रियश्चासौ पार्थिवश्च | " |
| ૨૯૮. | त्रिभागः | ત્રીજો ભાગ | तृतीयश्चासौ भागश्च | " |
| ૨૯૯. | सर्वश्वेतः | બધામાં અધિક ધોળું | सर्वेषां श्वेततरः | " |
| ૩૦૦. | प्लक्षन्यग्रोधौ | પીપળો અને વડ | प्लक्षश्च न्यग्रोधश्च | ઇતરે૦ દ્વન્દ્વ |
| ૩૦૧. | वाक्त्वचम् | વાણી અને ચામડી | वाक् च त्वक् च एतयोः समाहारः | સમાહાર દ્વન્દ્વ |

| સમાસ કરનાર સૂ૦ | પૂર્વપદ વિધિ | પૂર્વપદ વિધિ કરનાર સૂ૦ | ઉત્તરપદ વિધિ | ઉત્તરપદ વિધિ કરનાર સૂ૦ | સમાસાન્ત પ્રત્યય | સમાસાન્ત પ્ર૦ કરનાર સૂ૦ |
|---|---|---|---|---|---|---|
| ૩-૧-૧૧૬ मयूरव्यं... | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये | - | - |
| " | " | " | " | " | - | - |
| " | " | " | आ નો अ | ૨-૪-૯૭ क्लीबे | - | - |
| " | " | " | आप् થયો | ૨-૪-૧૮ आत् | - | - |
| " | " | " | વિભ-નો લોપ | ૩-૨-૮ ऐकार्थ्ये... | - | - |
| " | " | " | " | " | - | - |
| " | અંતે अ થયો | ૩-૧-૧૧૬ નિપાતન | " | " | - | - |
| " | प्रिय નો લોપ | " | " | " | - | - |
| " | तीय નો લોપ | " | " | " | - | - |
